Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમદ્ બુદ્ધિસાગર ગ્રન્થમાળા નં. ૫૨.

# भारत सहकार शिक्षण.

## पद्य–काव्य.

રચયિતા–યોગનિષ્ઠશાસ્ત્રવિશારદ

જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસુરિ.

પાટણના શેઠ ચુનિલાલ ખુબચંદભાઇ મહેતાએ પોતાનાં ધર્મપત્નિ મેનાબાઇના સ્મણાર્થે-કરેલી સહાયથી

પ્રકટકર્તા

अध्यात्मज्ञानप्रसारक मंडळ.

હા. લલ્લુભાઈ કરમચંદ દલાલ.

ચંપાગલી, મુંબાઇ.

વડોદરા–શિયાપુરામાં, શ્રી લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસમાં વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કરે પ્રગટકર્તા માટે તા. ૧૦–૧૧–૧૯૧૮ ના રોજ છાપી પ્રસિદ્ધ કર્યું.

વીર સં. ૨૪૫૩. ( ૨૪૪૩ ) વિ. ૧૯૭૫.

મૂલ્ય ૦–૧૦–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**श्री. अ. ज्ञा. प्रसारक मंडळ मुंबाई.**

સર્વે દર્શનોને પ્રીય અને પથ્ય થઇ પડે તેવાં પુસ્તકો શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિશ્વરની કલમથી લખાયેલા આ મંડળે પ્રગટ કર્યા છે અને સૌથી ઓછી કીંમતે તે વેચાણ કરે છે–ગ્રન્થ નં. ૫૨ થઇ ચુકયા છે. વીગત માટે ટાઇટલના પાછલા પેજ વાંચો. અને ગ્રન્થો મંગાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समर्पण.

**શ્રીમંત સરકાર મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ શમશેર બહાદૂર, વડોદરા રાજ્ય.**

વિદ્યાસત્તા રાજ્યશક્તિ વિભૂષિત-સર્વદેશ પ્રસિદ્ધ, સાર્વજનિકપ્રગતિમય પ્રવૃત્તિપ્રસારક શ્રીમાન્ વડોદરા રાજ્યના નરેશ શ્રી. સયાજીરાવ મહારાજને આ સહકાર શિક્ષણનું પુસ્તક સમર્પણ કરવામાં આવે છે. વડોદરા રાજ્યનો વિજાપુર તાલુકો છે તથા વડોદરા રાજ્યની સરકારી શાળામાં વ્યાવહારિક શિક્ષણ પ્રથમ બાલ્યાવસ્થામાં મેળવી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરી પરીક્ષા પસાર કરી હતી તેથી તથા શ્રીમાન્ના નૃપતિ તરીકેના અનેક ગુણો જે સહકાર શિક્ષણ કાવ્યમાં તથા વિજાપુરવૃત્તાંતમાં વર્ણવ્યા છે તે ગુણોથી આકર્ષાઈને આ પુસ્તકનો વડોદરા રાજ્યમાં સર્વત્ર પ્રચાર થાય એ હેતુથી તેઓશ્રીને સમર્પણ કરવામાં આવે છે.

ૐ अर्हं शान्तिः

લે. જૈનાચાર્ય બુદ્ધિસાગરસૂરિ.

સં. ૧૯૭૪ આશ્વિન સુદિ દ્વિતીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રન્થમાળાના બાવનમા મણકા તરીકે ભારત સહકાર શિક્ષણ નામનું પદ્યકાવ્ય બહાર પડે છે. તેની અંદર ગુણ શિક્ષણના સિત્તોત્તર વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. સહકારના રૂપક તરીકે અનેક રૂપે મનુષ્યોને બોધ આપવામાં આવ્યો છે. સર્વ ધર્મી મનુષ્યોને સાર્વજનિક દૃષ્ટિએ લાભ મળે એ રીતે વિષયોને રસિક કરવામાં આવ્યા છે. વાંચકોનું આ ગ્રન્થ માટે લખાયેલી પીઠીકા તરફ ખાસ ધ્યાન ખેંચતાં અત્રે ટુંકમાં જણાવીએ છીએ કે, વાચકો જો સંપૂર્ણ પુસ્તક વાંચશે તો તેમને ગ્રન્થકર્તાના ઉદાર પ્રગતિમય આશયો સમજાશે. આવાં પુસ્તકો છપાવવાથી સર્વ જનોને એક સરખી રીતે લાભ મળે છે. માટે બંધુઓએ અને બ્હેનોએ પુસ્તક છપાવવા ઉદાર હાથ લંબાવવો. પુસ્તકની સાથે પુસ્તક છપાવવામાં સહાય કરનારાઓનાં નામ સુવર્ણાક્ષરે સદા અમર રહેશે અને તેઓનું અન્ય ઉદાર ગૃહસ્થો અનુકરણ કરશે. પાટણમાં ચોમાસું રહેલ વક્તા પન્યાસ અજિતસાગર ગણિના ઉપદેશથી પાટણના શેઠ ચુનિલાલ ખુબચંદ-ભાઇ મેહેતાએ પોતાનાં મર્હૂમ સૌભાગ્યવંતાં ધર્મપત્નિ મેનાબાઇના સ્મર્ણાર્થે રૂ. ૧૭૫) પોણાબસો આપેલા છે. તેથી તેમને અ. જ્ઞા. પ્ર. મંડળ તરફથી ધન્યવાદ આપવામાં આવે છે.

મુંબઇ, ચંપાગલી<br>
વીર સં. (૨૪૪૩)<br>
વિક્રમ સં. ૧૯૭૪<br>
આસો સુદિ ૧૫.

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " वक्तव्य. "

સં. ૧૯૭૪ ની સાલમાં ગુજરાત વગેરે દેશોમાં પ્લેગનો ઉત્પાત થયો; તે પ્રસંગે વિજાપુરમાં પોશ, માઘ, ફાગણમાં વિજાપુર સ્ટેશનની પશ્ચિમ દિશાએ છાપરાંમાં–તંબુમાં મુકામ થયો. તે પ્રસંગે સહકારના નીચે વાસ કરતાં સંકલ્પ પ્રગટતાં સહકાર શિક્ષણ કાવ્યની રચના કરવામાં આવી છે. ઇત્યાદિ કાવ્યમાં દર્શાવ્યું છે. તંબુમાં વિજાપુરના જૈન સંઘની ભક્તિથી આત્મ સમાધિમાં કોઇ જાતનો પ્રત્યવાય નડયો નહોતો. વિજાપુર જૈનસંઘે સેવાભક્તિ કરવામાં બાકી રાખી નથી. ચૈત્ર સુદિ સાતમના રોજ વિહાર કરી લોદ્રામાં પ્રવેશ કર્યો હતો. ચૈત્ર વદમાં મેસાણે પ્રવેશ કર્યો, તે પ્રસંગે –કડીપ્રાંતના સુબા સાહેબ શ્રી. સંપતરાવ ગાયકવાડ સાહેબનું અમારી પાસે દર્શનાર્થે આવાગમન થયું. તેમની સાથે ગુજરાત ગુરૂકુળ, સાધુ ગુરૂકુળની અવશ્યકતા વગેરે બાબતોની ચર્ચા ચાલી. તેમણે અમારી પાસે પડેલું ભારત સહકાર શિક્ષણ કાવ્ય વાંચ્યું અને તેની તારીફ કરી તથા છપાવવા માટે આગ્રહ કર્યો, તેથી ભારત સહકાર શિક્ષણને જલદી છપાવવામાં આવ્યું. ભારત સહકાર શિક્ષણ કાવ્યમાંથી સજ્જનો હંસ દૃષ્ટિ ધારણ કરી સાર ભાગ ગ્રહણ કરો. સર્વ મનુષ્યોને એક સરખા વિચારો પસંદ આવતા નથી. જેને જે વિચારો પસંદ આવે તે ગ્રહણ કરો. મનુષ્ય નિષ્કામપણે કર્તવ્ય કર્મો કરવાની ફર્જ અદા કરે તો તે બસ છે, એવા ભાવે જે કંઇ કાવ્યરચના થઇ છે તે ફર્જ, આનંદ વિના વિશેષ કંઇ નથી. જે જે સજ્જન મહાશય પુરૂષોએ સ્વકીય શુભ અભિપ્રાયો દર્શાવ્યા છે અને દર્શાવશે તેઓની ગુણરાગ દૃષ્ટિની વૃદ્ધિ થાઓ, અને તેમને ધર્મલાભાશીઃ પ્રાપ્ત થાઓ. પુસ્તક છપાવવામાં જે જે મનુષ્યોએ સાક્ષાત્ તથા પરંપરાએ સહાય કરી છે, તેમને ધર્મ લાભ પૂર્વક ધન્યવાદ આપવામાં આવે છે.

સં. ૧૯૭૪ આશ્વિન શુકલ પક્ષ દ્વિતીયા.

લે. બુદ્ધિસાગરસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભારત સહકાર શિક્ષણ કાવ્યનું અશુદ્ધિ શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
|---|---|---|---|
| ૧૦ | ૧ | આખે | આંખે |
| ૧૧ | ૧૭ | નવન વ | નવ નવ |
| ૧૫ | ૨૯ | જયે | જયે |
| ૧૬ | ૬ | સુકા | સૂકા |
| ,, | ૭ | મંગલીક | મંગલિક |
| ,, | ૯ | દયા | દયા |
| ,, | ૧૦ | મંગલીક | મંગલિક |
| ,, | ૨૨ | ત્ય | દાતા |
| ૨૧ | ૨૧ | સંપતિ | સંપત્તિ |
| ,, | ૨૫ | રાષ્ટ | રાષ્ટ્ર |
| ૨૩ | ૨૨ | ઉડે | ઉંડે |
| ૩૧ | ૬ | ધરે | ધારે |
| ૩૧ | ૧૫ | સૃષ્ટં | સૃષ્ટિ |
| ,, | ૧૬ | સુક્ષા | સુરક્ષા |
| ૩૪ | ૧૩ | વિધા | વિદ્યા |
| ૪૬ | ૧૬ | શમ | શર્મ |
| ૪૭ | ૬ | કરા | કરે |
| ,, | ૧૭ | પ્રકેશે | પ્રકાશે |
| ,, | ૨૫ | સૂજે | સૂઝે |
| ૫૩ | ૯ | કિંમત્ | કિંમત |
| ૫૬ | ૨૫ | શુદ્ધત્મારસ | શુદ્ધાત્મરસ |
| ૬૪ | ૧ | ગુમાવ઼ | ગુમાવે |
| ૬૫ | ૧૧ | મરે | પરે |
| ૭૨ | ૨૬ | ભલ્યા | ભલા |
| ૯૫ | ૨૧ | હીન | હીના |
| ૮૮ | ૮ | જુજવા | જુંજવા |
| ૯૩ | ૧ | હશે | હસે |
| ,, | ૧૧ | કમે | કર્મે |
| ૯૫ | ૧૮ | પરખાય | રખાય |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૯૭ | ૮ | નીત | નીતિ |
| ૧૧૭ | ૨૪ | બહુત્રસો | ગુણભર્યો |
| ૧૧૮ | ૩૦ | પ્રગતિતણા | પ્રગતિતણાં |
| ૧૧૯ | ૮ | પ્રભુ | વિભુ |
| ” | ૧૭ | થોભતો | શોભતો |
| ૧૨૬ | ૨૬ | પ્રગતિ પ્રદ | પ્રગતિપ્રદ |
| ૧૨૭ | ૨ | તેહ | જેહ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ अर्हम्.

# ભારત સહકાર શિક્ષણ કાવ્ય.

## પીઠિકા.

ગુર્જરાત આદિ દેશોમાં પ્રસિદ્ધ યોગનિષ્ટ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ સંવત્ ૧૯૭૪ ના માગશર, પોષ, મહા, ફાલ્ગુન, ચૈત્ર માસમાં વિજાપુરમાં માસ કલ્પ કર્યા. પોષ માસમાં વિજાપુરમાં પ્લેગનું જોર વધ્યું. આખા ગુજરાતમાં પ્લેગ સર્વત્ર વ્યાપ્યો. ન્હાંનાં ગામડાઓ પણ પ્લેગથી દૂષિત થયાં. ગુરૂ મહારાજે વિજાપુરની પ્રજાને ગામની બહાર જવા સૂચના કરી. વિજાપુરના જૈનોએ ગામની બહાર શુદ્ધ હવામાં છાપરાં બાંધ્યાં. વિજાપુર સ્ટેશનથી પશ્ચિમ દિશાએ બે ત્રણ ખેતર દૂર કાજુમિમાંના ક્ષેત્રમાં તંબુમાં ગુરૂમહારાજ રહ્યા. ગામના સર્વ લોકો પ્લેગમાંથી બચે એવા ઉપાયોનો ઉપદેશ દેવા લાગ્યા. જૈન મહાજન વર્ગને ઉપદેશ આપી ગરીબ વગેરે સર્વ લોકોને પ્લેગની દવાઓ વગેરે મળે એવો બંદોબસ્ત કર્યો. કાજુમિયાંના શેલડિયા ક્ષેત્રમાં આંબા નીચે જૈનાચાર્ય ગુરૂશ્રીનો વાસ હતો. ગુરૂકુળની કેળવણીનું જૈન બાળકોને જ્ઞાન આપવામાં આવતું હતું. જૈનોની શારીરિક શક્તિ વધે એવાં શિક્ષણો દર્શાવવામાં આવતાં હતાં, ગુરૂમહારાજે સંસારીપણામાં તે આંબા નીચે બેસીને ભવિષ્યની ઉન્નતિનો માર્ગ લેવાનો નિર્ધાર કર્યો હતો. તેમ જ આંબા ઉપર આરોહણ વડે બાલ્યક્રીડાઓ કરી હતી. આંબાની ઉચ્ચતા દેખીને બાલ્યાવસ્થામાં ઉચ્ચ થવા સંકલ્પ કર્યો હતો, તેથી તેમણે તે આંબાનું ગુરૂ આંબો એવું નામ પાડયું છે. સહકારના દ્રષ્ટાંતથી ભવ્યજનોને શિક્ષણ આપવા માટે તેમણે સહકાર શિક્ષણકાવ્ય રચવા સંકલ્પ કર્યો અને સંઘની આગળ સ્વસંકલ્પ જાહેર કર્યો. તે પ્રમાણે તેમણે ભારત સહકાર શિક્ષણ કાવ્ય રચ્યું. ભારત સહકાર શિક્ષણમાં નીચે પ્રમાણે શિક્ષણો આપવામાં આવેલાં છે.


१ મંગલ પૃ. १

२ ગુર્જર માની. સ્તુતિ વિજાપુર વર્ણન. २

३ આમ્રબીજ રૂપ ગોટલો. તેમાં આંબો. २


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૪ થાણામાં ગોટલી પર માટી. ૩
૫ સંયોગથી ઉત્પત્તિ. ૪
૬ આંબાનું વાડોલિયું. તે ઉપરથી શિખામણ. ૫
૭ ઘટાદિવડે આમ્ર પાણી સિંચન. ૬
૮ પ્રકાશવડે વૃદ્ધિ. ૮
૯ હવાવડે જીવનશક્તિની વૃદ્ધિ. ૯
૧૦ ઉંડા મૂળની વૃદ્ધિ મજબૂતી સાથે આંબાની વૃદ્ધિ. ૧૦
૧૧ પ્રાણપુષ્ટિ. ૧૧
૧૨ આમ્રવૃક્ષનાં સ્કંધો ડાળાં ડાળીઓ પરથી ગ્રહાતું શિક્ષણ. ૧૨
૧૩ લીલું રહી લીલું કરનાર. ૧૫
૧૪ ઉચ્ચતા. ૧૭
૧૫ કાઠિન્યતા તથા કોમલતા. ૧૮
૧૬ સ્વાત્મરક્ષણ શક્તિ. ૨૦
૧૭ સહનતા. ૨૧
૧૮ મંજરી–મોર. ૨૨
૧૯ આશા-ઇચ્છાયોગ. ૨૩
૨૦ મોરે કેરીઓનું ઉપજવું. તે પરથી શિક્ષણ. ૨૬
૨૧ શત્રુ સામે ટક્કર ઝીલવી. ૨૯
૨૨ કેરીમાં ગોટલીનું બાઝવું તે પરથી બોધ. ૨૯
૨૩ વીર્યરૂપ બીજધારણ રક્ષા વિષે. ૩૦
૨૪ આંબાની પાછળ ગોટલીથી સ્વાસ્તિત્વ. ૩૨
૨૫ આમ્રવૃક્ષ પર સાખ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ. ૩૫
૨૬ સદ્‌ગુણોથી પાકો. ૩૬
૨૭ આમ્રરસ ભોગથી જનોની પુષ્ટિ. ૩૭
૨૮ ફળોથી નીચે નમવું. ૩૭
૨૯ અમૃતફલનો સદુપયોગ. ૩૮
૩૦ કાચામાં કાઠિન્ય અને પાકામાં નરમાશ. ૪૦
૩૧ આમ્રધર્મ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ. ૪૩
૩૨ ધર્મભેદ. ૪૪
૩૩ સ્વાભાવિક ધર્મ ૪૫
૩૪ અધ્યાત્મ બળ. ૪૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૩૫ જીર્ણપત્રોનો ત્યાગ અને નવીનપર્ણોનું ગ્રહણ, જીર્ણત્યાગ, નવીન ગ્રહણ. ૫૦

૩૬ અપકારપર ઉપકાર. ૫૧

૩૭ દેશપરદેશમાં અમૃત ફલોનો ઉપયોગ. ૫૨

૩૮ આશ્રયદાતાર. ૫૪

૩૯ અમૃતરસ. ૫૫

૪૦ આમ્રપર્ણનાં મંગલ તોરણો. ૫૭

૪૧ દેવોપર અને બાલકો બાલિકાઓના શીર્ષ પર મંજરીનું શોભવું. ૫૮

૪૨ આમ્ર વૃક્ષ પેઠે તે જન્મ્યા ભલા. ૫૯

૪૩ રાજાઓ. ૬૦

૪૪ રાજ્યના અધિકારીઓ. ૬૨

૪૫ ક્ષત્રિય વર્ગ. ૬૩

૪૬ બ્રાહ્મણ વર્ગ. ૬૬

૪૭ વૈશ્ય વર્ગ. ૬૭

૪૮ શૂદ્ર વર્ગ.

૪૯ ધર્મગુરૂઓ. ૭૩

૫૦ આંબા પેઠે સાધુઓ સન્યાસીઓ, ફકીરો, જન્મ્યા ભલા. ૭૪

૫૧ સ્ત્રી વર્ગ. સાધ્વીધર્મ. ૭૭

૫૨ વક્તાઓ અને લેખકો. ૭૭

૫૩ એક ઠેકાણે આંબાનું રહેવું, તે પરથી શિક્ષણ. ૭૯

૫૪ ન્હાના ગોટલારૂપ બીજમાંથી આંબાનું મોટું થવું. ૮૧

૫૫ બાલ્યાવસ્થામાં આમ્ર વૃક્ષ વાળ્યું હોય તેવું વળે છે અને કેળવ્યું હોય તેવું થાય છે. ૮૫

૫૬ આમ્રમાં વિવિધતા-અનેકતા.

૫૭ વિવિધતા અનેકતાથી આમ્ર વૃક્ષાંગો જેમ પરસ્પર યુદ્ધ કરતાં નથી તેમ મનુષ્યોએ પણ ધર્માંગોમાં પરસ્પર વર્તવું જોઇએ. ૯૦

૫૮ કુમલાં પાનનું હસવું અને ખરતાં પાનની શિખામણ. ૯૨

૫૯ આંબાને કાપનારાઓ પ્રતિ આંબાની ઉક્તિ. ૯૪

૬૦ આંબા પર સાકરીયો આવવો. ૯૫

૬૧ સબળા સપક્ષવાળા આંબાનું ઉભા રહેવુ અને નિર્બળ પક્ષનું પડવું. ૯૬-


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬૨ શુદ્ધ હવા લેવાની અને અશુદ્ધ હવા કાઢીને જીવવાની આંબાની કળા શક્તિ. ૯૮
૬૩ આંબાની પેઠે નવીન શક્તિયો ગ્રહવી. ૧૦૦
૬૪ આંબાની ત્રણ અવસ્થા પરથી શિક્ષણ. ૧૦૧
૬૫ વૃદ્ધાવસ્થા–મૃત્યુ. ૧૦૪
૬૬ સંગતથી આરામ. ૧૦૫
૬૭ આમ્રવૃક્ષની પાછળ સંતતિ. ૧૦૬
૬૮ એકના નાશમાંથી અનેકની ઉત્પત્તિ. ૧૦૭
૬૯ સજ્જનનું સર્વ સારા ઉપયોગમાં આવે છે. ૧૦૮
૭૦ અમર નામ–નામના. ૧૧૦
૭૧ આમ્રવૃક્ષ જન્મભૂમિના રાજા પ્રજા વગેરેને આશીર્વાદ. ૧૧૩
૭૨ આમ્રવૃક્ષ પ્રતિ સ્વાત્મોદ્‌ગાર ૧૧૪
૭૩ ભારતરૂપ સહકાર. ૧૨૦
૭૪ આદર્શયોગી ૧૨૧
૭૫ નયદૃષ્ટિ–ગુણદૃષ્ટિ. ૧૨૨
૭૬ આમ્રવૃક્ષાદિની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના. ૧૨૨
૭૭ અંતિમ નિવેદન. ૧૨૫
૭૮ આશીર્વાદ. ૧૨૭

ઉપર પ્રમાણે સહકાર શિક્ષણ કાવ્યમાં વિષયોની અનુક્રમણિકા છે. દરેક વિષયને સારી રીતે સંક્ષેપથી ગુંથવામાં આવ્યો છે. મંગલાચરણમાં અરિહંત અર્હન્ પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ દેવનાં અનેક નામો દર્શાવ્યાં છે. પશ્ચાત્ ગુર્જર ભૂમિની મહત્તા વર્ણવવામાં આવી છે. ભજન સંગ્રહ આઠમો ભાગ પત્ર ૨૮૭ **जन्मभूमि गुर्जरदेश** નામની કવિતામાં ગુજરાતમાં ઉત્પન્ન થતી વનસ્પતિઓનું વર્ણન કરી ગુજરાતની મનોહર કુદ્રત લીલાનું ચિત્ર આલેખ્યું છે. પદ્યસંગ્રહ આઠમાં પત્ર ૭૦૮ માં " ગુજરાત પ્યારો પ્રાણ છે " એ કવિતામાં ગુજરાતનું સારી રીતે વર્ણન કરવામાં આવ્યું છે અને તે કવિતાના વાચનથી ગુજરાતીઓને સ્વદેશરાગાભિમાન પ્રગટયા વિના રહી શકેજ નહીં. સ્વજન્મભૂમિપ્રેમ, સ્વદેશરાગનો જુસ્સો મનુષ્યોમાં પ્રગટે અને તેથી મનુષ્યો વ્યાવહારિક પ્રગતિ કરી શકે એ પૂજ્યગુરૂનો ઉદ્દેશ છે ? તે એમણે કાવ્યદ્વારા વ્યક્ત કર્યો છે કે જેથી મનુષ્યો દેશસેવા, સમાજ સેવામાં પ્રવૃત્ત થાય. ગુજરાતનું વર્ણન કર્યા બાદ પ્રથમ આંબાના બીજરૂપ ગોટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાથી શિક્ષણ શરૂ કર્યું છે. ૩૨-૩૩ અને ચોત્રીશમાં કવનમાં અધુરી ગાથાઓ છે તે પૂજ્યગુરૂના સૂચવ્યા પ્રમાણે નીચે પ્રમાણે વાંચવી.

આંબા તણો જે ગોટલો આંબો સમાઇ ત્યાં રહ્યો,
અવ્યક્તમાં જેમ વ્યક્ત છે બ્રહ્માંડ દૃષ્ટાંતે લહો;
અવ્યક્તમાંથી વ્યક્તનું પ્રાકટ્ય સહુમાંહિ દિસે,
એ વેદ ને વેદાન્તની સ્યાદ્વાદ શ્રુતતા ઉલ્લસસે. ૩૨

કાલાદિ સંયોગો લહી અવ્યક્ત વ્યક્તજ થાય છે,
તેમ ગોટનો થાણાવિષે અંકૂરથી પ્રકટાય છે;
અવ્યક્ત તિરોભાવ સત્પર્યાય રૂપ ગણાય છે,
અદૃશ્ય સત્પર્યાય છે તે વ્યક્ત દૃસ્ય કથાય છે. ૩૩

એ આમ્ર ગોટલીમાં સમાયુ વૃક્ષ જગ થાતું છતું,
જલ વાયુ તાપ પ્રસંગથી થાતું છતું જે નહિ છતું;
આત્મા વિષે સદસત્ રહ્યા સહુ ધર્મપર્યાયો છતા,
તે પિંડમાં બ્રહ્માંડમાં વ્યષ્ટિ સમષ્ટિમાં મતા. ૩૪

૩૨, ૩૩ અને ૩૪ મી ગાથામાં સત્, અસત્ કે જેને અસ્તિ, નાસ્તિ, વ્યક્ત, અવ્યક્ત, દૃસ્ય, અદૃસ્ય, સત્પ્રર્યાય, સામર્થ્યપર્યાય વગેરે અનેક રૂપકોથી પ્રબોધવામાં આવે છે, તેનો સાપેક્ષ અધ્યાત્મિક દૃષ્ટિએ ગંભીર માર્મિક અર્થ સમજાવવામાં આવ્યો છે. તેમાં વેદાન્ત ભગવદ્ ગીતા જૈનાગમોમાં દર્શાવેલ સદ્-અસત્, વ્યક્ત-અવ્ક્તનો સમાવેશ કર્યો છે તેને જ્ઞાનિઓ જાણી શકે તેમ છે.

" થાણામાં ગોટલી પર માટી " એ વિષયમાં દરેક કાર્ય પ્રથમ ઉપજતી વેળા ગુપ્ત રાખવામાં આવે છે, તો તેથી કાર્યની સિદ્ધિ થાય છે. દરેક કાર્ય વસ્તુ, ગર્ભકાલમાં ગુપ્ત રહે છે. રાજકીય ધાર્મિક આદિ સર્વ બાબતો ગુપ્તકરણ રહસ્યનો બોધ થાય છે. તે સંબંધી જ્ઞાનીના મુખથી અર્થ અવબોધવાની જરૂર છે.

" સંયોગથી ઉત્પત્તિ " એ વિષય સર્વ પર્યાયિક વસ્તુઓને લાગુ પડે છે. જેવા સંયોગો તેવું કાર્ય, જેવા સંયોગો તેવો મનુષ્ય, કારણકાર્યના સંયોગનુંજ્ઞાન પ્રાપ્ત થાય છે તો આ વિશ્વમાં અનેક શુભ કાર્યો કરી શકાય છે. દેશ, કોમ, સમાજ, ધર્માદિનો શુભ સંયોગોથી ઉદય થાય છે. કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધિ સંયોગોને પ્રાપ્ત કરવા જોઇએ. "આંબાનું વાડોલિયું" એમાં અનુપમ શિક્ષણ દર્શાવ્યું છે. એ વિષયનો મર્મ સમજીને જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓ વિશ્વમાં ઉન્નતિ ક્રમમાં સદા આગળ વધે છે. "ઘટાદિ વડે પાણી સિંચન" એ વિષયમાં પાણીની મહત્તા-ઉપયોગિતા અત્યંત દર્શાવી છે. પાણી વિના કોઇની જરા માત્ર કિંમત નથી. "જેણે ખોયું પાણી તેનું સહુ ધૂળધાણી" ઇત્યાદિ બોધ આપવામાં આવ્યો છે. "પ્રકાશ વડે વૃદ્ધિ" એ વિષયમાં પ્રકાશની ઉપયોગિતા જણાવી છે. જ્ઞાનાદિ સર્વ જાતના પ્રકાશો વિના કોઇનો ઉદય થતો નથી અજ્ઞાનાદિ અંધકારથી ભારતાદિ દેશોનો, સમાજોનો વા ધર્મીઓનો ઉદય થયો નથી, થવાનો નથી અને થશે નહીં. માટે સર્વ જાતના પ્રકાશોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. "હવા વડે જીવન શક્તિની વૃદ્ધિ" એમાં હવાની ઉપયોગિતા જણાવી છે. દુનિયાની હવાની ઉપયોગિતા જાણવી જોઇએ.

"ઉંડા મૂળની વૃદ્ધિ સાથે આંબાની વૃદ્ધિ" એમાં રાજ્યે, સમાજે, ધર્મે, પ્રત્યેક મનુષ્યે પોતાની ઉન્નતિનાં આંબાની પેઠે ઉંડાં મૂળ નાંખવાં જોઇએ. ઇત્યાદિ બોધ આપવામાં આવ્યો છે.

"પ્રાણપુષ્ટિ" એમાં પ્રાણોની પુષ્ટિ કરવાની આંબાના પેઠે આવશ્યક્તા દર્શાવી છે. જે જે ઉન્નતિ પ્રગતિના પ્રાણો હોય તેનું રહસ્ય જાણવું જોઇએ. દેશ, રાજ્ય, સમાજ, ધર્મ આદિના પ્રાણો કયા કયા છે, અને તેની પુષ્ટિ કેવી રીતે કરવી જોઇએ તેની સર્વ કલાઓ જાણવી જોઇએ. તે જાણ્યા વિના મનુષ્ય મૃતક સમાન છે.

"આમ્રવૃક્ષાંગો પરથી ગ્રહાતું શિક્ષણ" એમાં દરેક મનુષ્યે સ્વાંગોને વધારવાં જોઇએ. વ્યષ્ટિ સમષ્ટિની શાખા પ્રશાખાની વૃદ્ધિ કરવી જોઇએ. ઇત્યાદિ બોધ આપવામાં આવ્યા છે.

"લીલો રહી લીલું કરનાર" આંબાની પેઠે મનુષ્યોએ સર્વ જીવ માત્રનું અને પોતાનું લીલું કરવું જોઇએ. લીલા કોણ છે અને સૂકા કોણ છે તેનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે.

"ઉચ્ચતા" એમાં આંબાની પેઠે ગુણો વડે, શક્તિયો વડે સર્વ મનુષ્યોને ઉચ્ચ થવાનુ સાનમાં સમજાવ્યું છે.

"કાઠિન્ય તથા કોમલતા" એમાં આંબાની પેઠે અમુકાંગે કાઠા તથા અમુકાંગે કોમળ થવાનો બોધ આપવામાં આવ્યો છે. કોમલપણું રાખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન છે અને કાઠિન્ય એ કૃષ્ણ સમાન છે. કોમલપણું માતા અને કાઠિન્ય પિતા છે. ઇત્યાદિ સમજાવીને મનુષ્યોએ બે ગુણને ધારવા જોઇએ. ઇત્યાદિ બોધ આપ્યો છે.

" સ્વાત્મ રક્ષણ શક્તિ " આંબાની પેઠે પ્રત્યેક મનુષ્યે મેળવવી જોઇએ. દરેક મનુષ્યે વિદ્યાથી બ્રાહ્મણ, તથા શસ્ત્રાદિ બળથી, ક્ષત્રિય, તથા વ્યાપારાદિ કલાથી વૈશ્ય તથા સેવાથી શૂદ્ર બનવું જોઇએ.

" સહનતા " એમાં દુઃખો, કષ્ટો, વિપત્તિયો વગેરેને સહન કરી પ્રગતિ કરવીજ જોઇએ ઇત્યાદિનો સારી રીતે કાવ્યમાં ચિતાર આપ્યો છે.

" મંજરી " એમાં આંબાની મંજરીની પેઠે પ્રત્યેક મનુષ્યે મંજરી લાવવી જોઇએ ઇત્યાદિ બોધ આપ્યો છે.

" આશા–ઇચ્છાયોગ " એમાં આશા–ઇચ્છા યોગનું બારીકાઇથી વર્ણન કર્યું છે. આશા ઇચ્છા તેજ મનુષ્યોનાં ફળોની મંજરીઓ છે. આશા ઇચ્છા વિનાનું જીવન મરી જાય છે, ઇત્યાદિનું અનુભવપૂર્વક સ્પષ્ટ શિક્ષણ દર્શાવ્યું છે.

" મોરે કેરીઓનું ઉપજવું વિણસવું " એમાં અપૂર્વ બોધ આપવામાં આવ્યો છે. કુદરતના નિયમનું એમાં બારિકાઇથી વર્ણન આપ્યું છે.

" શત્રુ સામે ટક્કર ઝીલવી " એ શીર્ષકના વિષયમાં શત્રુઓ સાથે ટક્કર ઝીલ્યા વિના કોઇ જીવતું નથી તથા વૃદ્ધિ પામતું નથી. જે ઉપજે છે, જન્મે છે તેને શત્રુ પણ તેની સાથે હોય છે. દેશ, રાજ્ય, સમાજ, કોમ, સંઘ, ગચ્છાદિને શત્રુઓ સાથે ટક્કર ઝીલ્યા વિના જીવી શકાતું નથી. ઇશ્વરાવતાર પ્રભુને, સૂર્યને, ચંદ્રાદિ સર્વને શત્રુઓ સામે ટક્કર ઝીલવી જોઇએ. જેઓ ટક્કર ઝીલી શકતા નથી તેઓ મડદાં સમાન છે. તેઓનું વિશ્વમાં અસ્તિત્વ રહેતું નથી.

" કેરીમાં ગોટલીનું બાઝવું તે પરથી બોધ " એ શીર્ષકવાળા વિષયમાં તત્ત્વજ્ઞાન દૃષ્ટિએ બોધ આપવામાં આવ્યો છે.

" વીર્યરૂપ બીજ ધારણ રક્ષા વિષે " એમાં બ્રહ્મચર્ય ધારણ કરવા માટે અપૂર્વ જ્ઞાનનો ઉલ્લેખ કર્યો છે. બ્રહ્મચર્યાશ્રમની ઉપયોગિતા કેટલી છે તે એ ઉપરથી સિદ્ધ થાય છે. વીર્યરક્ષાથી અનેક જાતની શક્તિઓ પ્રગટે છે તથા વીર્યનું કેટલું મહત્વ છે, તે એમાં બહુ સારી રીતે વર્ણન કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" આંબાની પાછળ ગોટલીથી સ્વાસ્તિત્વ " એમાં પોતાની પાછળ પોતાનું અસ્તિત્વ રહે એવા ઉપાયો દર્શાવ્યા છે. કવ્વાલિ રાગમાં સ્વાસ્તિત્વ માટે અપૂર્વ કવન કરવામાં આવ્યું છે. ભારતમાં સ્વાસ્તિત્વ માટે પાશ્ચાત્ય દેશીય મનુષ્યો જેટલા પ્રગતિમય વિચારો હાલ પ્રગટ્યા નથી. તેવા પ્રસંગે સ્વાસ્તિત્વ કવનોમાંથી મનુષ્યો સ્વાસ્તિત્વ માટે શિક્ષણ ગ્રહે એવી આશા રહે છે.

" આમ્ર વૃક્ષ પર સાખ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ " એ શીર્ષકવાળા કાવ્યમાં સાખની પેઠે મનુષ્યે એ પાકવું જોઇએ અને મનુષ્યોની સાખ પડે એવા મનુષ્યોએ થવું જોઇએ, તે માટે અપૂર્વ બોધ આપવામાં આવ્યો છે. " સદ્‌ગુણોથી પાકો " એ કવનો હૃદયના ઉભરા-ઝરા છે. " આમ્રરસભોગથી જનોની પુષ્ટિ " એમાં આમ્રરસના ગુણો વર્ણવ્યા છે.

" ફળોથી નીચે નમવું " એ શીર્ષકવાળા કાવ્યમાં નમ્રતા, લઘુતાનું શિક્ષણ લેવા માટે આમ્રવૃક્ષના નમનનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. ફળોવાળા ઉચ્ચ મનુષ્યો નમ્ર બને છે, ઇત્યાદિથી રસિક બોધ દર્શાવ્યો છે. " અમૃતફલનો સદુપયોગ " એમાં અન્યો માટે સ્વજીવન જેનું ઉપયોગમાં આવે છે તે સત્ય કર્મયોગી છે, ઇત્યાદિ આશયોને સચોટ અસરકારક કવનોમાં દર્શાવ્યા છે.

" કાચામાં કાઠિન્ય અને પાકામાં નરમાશ " એ શીર્ષકવાળા કાવ્યમાં કાચા મનુષ્યો અને પાકા મનુષ્યો કોણ ગણાય તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. " આમ્ર ધર્મ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ " એ શીર્ષકવાળા કાવ્યોમાં રાજ્યધર્મ, પ્રજાધર્મ, દેશધર્મ, સમાજધર્મ, સંઘધર્મ, રાજાનો ધર્મ, ક્ષત્રિયનો ધર્મ, બ્રાહ્મણધર્મ, વૈશ્યધર્મ, શૂદ્રધર્મ, આપદ્‌ધર્મ, દેશધર્મ, યુદ્ધધર્મ આદિ અનેક ધર્મોનો ઉલ્લેખ કર્યો છે જૈનધર્મ, બૌદ્ધ ધર્મ, વેદાન્તધર્મ, શૈવધર્મ, વૈષ્ણવધર્મ આદિ ધર્મોના વિષે સામાન્યતઃ વિચારો દર્શાવ્યા છે. કર્તવ્ય જે જે કરવાં તે કર્તવ્યધર્મને ફરજ કહેવામાં આવે છે તેનું દિગ્દર્શન કર્યું છે. જૈનધર્મનાં લક્ષણો દર્શાવ્યાં છે. ભિન્ન ભિન્ન ધર્મ ભેદે પરસ્પર ધર્મક્લેશ ન કરવા જોઇએ તથા મત ધર્મ ભેદ સહિષ્ણુતા ધારણ કરવી જોઇએ; એમ સ્વાત્મોદ્‌ગારોનાં કવનોથી બોધ આપ્યો છે. દાન, શીયલ, તપ અને ભાવ એ ચાર ધર્મનું વર્ણન કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું છે. તત્ત્વરૂપ સ્વાભાવિક ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રવૃત્તિધર્મ, નિવૃત્તિધર્મ, લૌકિકધર્મ, લોકોત્તરધર્મ, ગૃહસ્થધર્મ, સન્યાસધર્મ, આત્મધર્મ, મનોધર્મ, કાયધર્મ આદિધર્મો સંબંધી સ્વોદ્ગારો પ્રકટ કરવામાં આવ્યા છે.

આમ્રવૃક્ષના આધ્યાત્મિક બળના શિક્ષણ પરથી " અધ્યાત્મ બળ " પ્રગટાવવા સંબંધી અનુભવ કવનોથી બોધ કરવામાં આવ્યો છે. જૈન સંઘમાંથી અધ્યાત્મ બળ વિણસ્યું ત્યારથી જૈનોની પડતી થઈ એમ દૃષ્ટાંત પૂર્વક બોધ આપવામાં આવ્યો છે. વ્યાવહારિક સર્વ શક્તિવાળા મનુષ્યોએ પરસ્પર એક બીજાની સાથે સંપીને જીવવું અને તે માટે ઐક્ય ધારણ કરવું તેને અધ્યાત્મ બળ કહેવામાં આવે છે. પરસ્પરના આત્માઓનું એકઠું બળ કરીને જીવનના સર્વ ઉપાયોવડે પ્રતિપક્ષીઓને ટક્કર મારી સ્પર્ધા થકી જીવવું એને અધ્યાત્મબળ કહેવામાં આવે છે, જેને અધ્યાત્મ બળ માટે કાળજી નથી તે મૃતક છે. યુરોપ, અમેરિકા, જાપાન વગેરેમાં અધ્યાત્મ બળ ખીલ્યું છે, તે દેશો કોમો જીવે છે. આર્યાવર્તમાં હવે અધ્યાત્મ બળ પ્રગટવા લાગ્યું છે. તેનો નાશ અન્યોથી ન થાય એવા અધ્યાત્મ બળના ઉપાયોમાં સજ્જડ રહેવાની જરૂર છે.

" જીર્ણત્યાગ નવીન ગ્રહણ " એ શીર્ષકવાળા કાવ્યોમાં સુધારા માટે અને હાનિકારક રીવાજોના ત્યાગ માટે આનુભવિક ઉપદેશ દેવામાં આવ્યો છે.

" અપકાર પર ઉપકાર " એ કાવ્યમાં આંબાની પેઠે અપકાર પર ઉપકાર કરવાનો સદ્બોધ આપ્યો છે. " દેશ પરદેશમાં અમૃત ફ્લોનો ઉપયોગ " એમાં સુરસ ફળોનો પરદેશમાં ઉપયોગ થાય છે તેનો બોધ આપ્યો છે. ઉપયોગીનું સવત્ર માન થાય છે. ઉપયોગીની સર્વત્ર દેશ પરદેશમાં મહત્તા છે. ઇત્યાદિનું સુરસકવન કર્યું છે.

" આશ્રયદાતાર " આંબો આશ્રિતોને આશ્રય આપે છે તેની પેઠે મનુષ્યોએ આશ્રયદાતાર બનવું તે સંબંધી હૃદયને વિદ્યુતની પેઠે અસર કરનાર ઉપદેશ આપવામાં આવ્યો છે–" અમૃતરસ " એ કાવ્યમાં આમ્રફલરસને અમૃતરસ તરીકે વર્ણવ્યો છે.

" આમ્રપર્ણનાં મંગલ તોરણો " એ કાવ્યમાં આંબાનાં પર્ણોનાં મંગલ તોરણો કયા કારણે રચવામાં આવે છે તેના હેતુઓ દર્શાવ્યા છે. સહકાર કર્મયોગી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"દરેક સ્ત્રી પુરૂષે કર્મયોગી બનવું જોઇએ એવા સંકેત માટે આમ્રપર્ણોનાં તોરણો રચવામાં આવે છે. ઇત્યાદિ બોધ આપવામાં આવ્યો છે.

"દેવો પર અને બાલકો તથા બાલિકાઓના શીર્ષ પર મંજરીનું શોભવું" એ શીર્ષ કાવ્યમાં મંજરી પોતાની શોભા કવે છે તે મનન કરવા યોગ્ય છે, તે નીચે પ્રમાણેઃ—

જેનાં ફળો આ વિશ્વમાં મીઠાં સકલને લાગતાં,
જેનાં ફળો આ વિશ્વમાં ભક્ષ્યાથકી ભૂખ ભાગતાં;
તેનુંજ પૂર્વે રૂપ હું શોભું ખરેખર મંજરી,
મુજ દેખતાં આશા થતી જગલોકને ફલની ભલી. ૫૬૯
ઇત્યાદિઃ—

"આમ્રવૃક્ષ પેઠે તે જન્મ્યા ભલા" એ કાવ્યમાં એ જીવો જન્મ્યા ભલાનું વિવેચન કરવામાં આવ્યું છે. કેવા રાજાઓ જન્મ્યા ભલા એ બાબતનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. રાજ્યના અધિકારીઓ કેવા હોવા જોઇએ એ વિષયનું સમ્યક્ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. ક્ષત્રિયવર્ગના ગુણકર્મો કેવા હોવા જોઇએ ? તેનું સમ્યક્ વિવેચન કરવામાં આવ્યું છે. બ્રાહ્મણવર્ગ કેવો હોવો જોઇએ તેનું સમ્યક્ વિવેચન કરવામાં આવ્યું છે. ગુણકર્મોથી વૈશ્યવર્ગ કેવો હોવો જોઇએ તેનું સમ્યક્ વિવેચન કરવામાં આવ્યું છે. શૂદ્રવર્ગ કેવો હોવો જોઇએ ? તેનું સમ્યક્ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ધર્મગુરૂઓ કેવા હોવા જોઇએ તેનું અસામાન્ય જુસ્સાવાળું વર્ણન કર્યું છે.

"આંબા પેઠે સાધુઓ, સન્ન્યાસીઓ,ફકીરો જન્મ્યા ભલા" એ શીર્ષક કાવ્યમાં સાધુઓ સન્ન્યાસીઓના ગુણોની દશાનું વર્ણન કરવામાં આવ્યું છે. તે ખાસ પ્રત્યેક મનુષ્યે વાંચવું જોઇએ એમ ભલામણ કરવામાં આવે છે "સ્ત્રી વર્ગ સાધ્વીધર્મ" એ શીર્ષક કાવ્યમાં સ્ત્રીવર્ગની તથા સાધ્વીવર્ગની પ્રગતિની દિશા સૂચવવામાં આવી છે.

"વક્તાઓ અને લેખકો" એ શીર્ષક કાવ્યમાં કર્મયોગી વક્તાઓ અને લેખકોનું સ્વરૂપ દર્શાવ્યું છે. વક્તાઓ અને લેખકો વિશ્વમાં શુભશક્તિયો પ્રકટાવવા પ્રયત્ન કરે છે, તેઓ શક્તિને ખીલવવા જાહેર ઉપદેશ કરવામાં આવે છે તે નીચે મુજબ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિ પ્રભુનો કાયદો શક્તિ મઝાનો દેવતા,
શક્તિ મઝાનો ધર્મ છે તેનેજ સમ્યો સેવતા;
શક્તિ વિનાનાં રાજ્ય તેનાં નામ ઇતિહાસે રહ્યાં,
સહુ શક્તિયોના ઐક્યથી મહારાજ્ય શોભાને લહ્યાં. ૭૧૫

ઇત્યાદિ અનેક સુવિચારોથી ભરપૂર ઉપદેશ આપવામાં આવ્યો છે.

"એક ઠેકાણે આંબાનું રહેવું તે પરથી શિક્ષણ" એ કાવ્યમાં પ્રારબ્ધ કર્મની સુખદુઃખ ભોગવવામાં કારણતા દર્શાવી છે તેમજ પોતાનામાં ગુણો હોય છે તો અર્થીઓ પાસે આવે છે. ગુણીના ગુણો સર્વત્ર ફેલાય છે માટે ગુણવાન્ બનવાની જરૂર છે. પોતાની શુભ શક્તિયો પ્રકટાવો તેના પ્રત્યર્થીયો પોતાની પાસે આવશેજ, ઇત્યાદિ બોધ આપ્યો છે.

"ન્હાના ગોટલારૂપ બીજમાંથી આંબાનું મોટું થવું" એ શીર્ષક કવનોમાં સર્વે પ્રથમ ન્હાના હોય છે પશ્ચાત્ મોટા બને છે. **મનુષ્ય ઇચ્છે તેવો બની શકે છે.** શરીરરૂપ બ્રહ્માંડનો કર્તા આત્મા–ઇશ્વર યાને બ્રહ્મ છે. શરીરરૂપ બ્રહ્માંડો અનંત છે. એક બીજમાં શરીરરૂપ અનંત બ્રહ્માંડો છે એમ રૂપકથી અવબોધાવ્યું છે. આત્માઓ ઉપાધિભેદે અનંત છે તેથી શરીર બ્રહ્માંડો અનંત કહેવાય છે. આત્મા ઉન્નતિ ક્રમે વિકાસતો વિકાસતો પરમાત્મા બને છે, તો અન્ય જાતની સર્વ મોટાઇઓ પ્રાપ્ત કરી શકેછે જ, ઇત્યાદિ બોધ આપવામાં આવ્યો છે.

"બાલ્યાવસ્થામાં આમ્રવૃક્ષ વાળ્યું હોય તેવું વળે છે" એ ઉપરથી કેળવણીનો સિદ્ધાંત પ્રરૂપવામાં આવ્યો છે. બાલ્યાવસ્થામાં જેવી કેળવણીની અસર થાય છે તેવી મોટી ઉમર થતાં કેળવણીની અસર થતી નથી.

બાળક જેવાં કેળવો, તેવાં તે થઇ જાય;
કઠોરાઇ આવ્યા પછી, વાન વળે નહિ ભાય; ૭૭૦

સદ્‌ગુણ પન્થે વાળવાં, પહેલાંથી નરનાર;
કઠોરાઇ આવ્યા પછી, વાન વળે નહિ ભાય. ૭૭૧

મોટી ઉમર થાવતાં, વાળે તૂટી જાય;
સંસ્કારો બદલાય નહિ, સમજો મનમાં ન્યાય. ૭૭૫

તન મન ધનની શક્તિથી, કેળવશો જનમાત્ર;
પશુ પંખી પણ કેળવો, બનશે ધર્મી ગાત્ર. ૭૭૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ કેળવણી સંબંધી પ્રગતિમય કવનો લખવામાં આવ્યાં છે, કે જે વાંચવાથી મનુષ્યોને કેળવણી તરફ અભિરૂચિ થયા વિના રહે નહીં.

" આમ્રમાં વિવિધતા અનેકતા " એ શીર્ષક વિષયમાં આંબાની વિવિધતા અને અનેકતાનું શિક્ષણ કુદ્રત નિયમાનુસારે મનુષ્યોમાં સ્વભાવતઃ છે. વસ્તુ માત્રમાં વિવિધતા અને અનેકતા છે. વસ્તુ માત્ર પર્યાયરૂપે છે તેથી તેમાં વિવિધતા અને અનેકતા હોય છે. આચારોમાં, વિચારોમાં, ભાષાઓમાં, મનુષ્યોમાં ઇત્યાદિ સર્વમાં વિવિધતા અનેકતા છે.

ભિન્ન ભિન્ન જે છે મતો, વિવિધતા ત્યાં દેખ;
ભિન્ન ભિન્ન દર્શન વિષે, વિવિધતાને પેખ. ૮૦૮

અનેકતાને વિવિધતા, વિણસે રહે ન કાંઇ;
વિવિધતા સહુ દૃષ્ટિએ, નય સાપેક્ષે કથાઇ. ૮૦૯

ઇશ્વર, ગુરૂ, ધર્મસંબંધી, સમાજ સંબંધી, રાજ્ય સંબંધી વિશ્વમાં સર્વ મનુષ્યોના ભિન્નભિન્ન વિચારો છે. તેથી મત સહિષ્ણુતા ધારણ કરવાની જરૂર છે. ભિન્નતા અને વિવિધતાનો અંત આવતાં જગતનો અંત આવે એમાં શંકા નથી. ઇત્યાદિ બોધનાં કવનો રસથી છલકાઇ જતાં અવલોકવામાં આવે છે.

" કુમળાં પાનનું હસવું અને ખરતાં પાનની શિખામણ " મનન કરવા યોગ્ય છે. **પીપળ પાન ખરંત હસતી કુંપળીયાં, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપલીયાં.** એમાં કહેવામાં આવ્યું છે કે—

સહુનો વારો આવતો, મત્સ્ય ગલાગલ ન્યાય;
આનન્દ વા શી ? દિલ્ગીરી, કરવી મનમાં ભાય. ૮૫૭

ત્રણ્ય અવસ્થા સર્વની, કોઇ ન કરશો ગર્વ.
પડતાંને હસશો નહીં, લહે અવસ્થા સર્વ. ૮૫૬

" આંબાને કાપનારાઓ વગેરે પ્રતિ આંબાની ઉક્તિ " એ વિષયમાં આંબાએ પોતાને કાપનારાઓ વગેરે પ્રતિ જે જે બોધવચનો કહ્યાં છે તે ખરેખર વિચારણીય છે.

" આંબા પર સાકરીઓ આવવો " એ વિષયના કવનોમાં આત્મવીર્ય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહવીર્ય. મનોવીર્યની રક્ષા કરવા માટે અપૂર્વ બોધ કરેલો અવબોધાય છે. વીર્યાદિમાં જે જે વિકારો થાય છે તેને સાકરીયા પેઠે વર્ણવીને મનુષ્યો સાકરીયાથી બચે એવા ઉપાયો જણાવ્યા છે. જેમકે—

બાલ લગ્નથી દેહ વીર્યમાં, અનેક દોષો ઝટ પ્રકટાય;
ફળ બેસે એવા જે હેતુ, બાલમૈથુને વિણસી જાય. ૮૯૮

સાકરીયો પ્રકટયાથી જેવી, આમ્રફળોની આશ રખાય;
તેવી સંતાનોમાં જાણો, વંશ તંતુઓ વિણસી જાય. ૮૯૯

બ્રહ્મચર્ય ગુરૂકુળને સ્થાપો, ઉર્ધ્વ રેત બ્રહ્મચારી બેશ;
પ્રકટાવો આબાદી માટે, જેથી નાસે સઘળા કલેશ. ૯૦૦

ઇત્યાદિ ઉપયોગી અસરકારક કવનોની રચના દેખવામાં આવે છે માટે સુજ્ઞ વાચકોએ તે વિષય અવશ્ય વાંચવો જોઇએ.

" સબળા સપક્ષવાળા આંબાનું ઉભું રહેવું અને નિર્બલ પક્ષનું પડવું " એ વિષયમાં સબળા સપક્ષવાળાઓ વિશ્વમાં જીવી શકે છે અને નબળા પક્ષવાળા મરણ શરણ થાય છે. ' જે મનુષ્યો સબળા છે તે વિજય મેળવે છે. ઋગ્વેદમાં આર્યોના યુદ્ધનું વર્ણન આવે છે. રૂશિયા માંગોલિયા તરફના તે ઋષિયો, આર્યો સબળા હતા તેથી તેઓએ હિંદુસ્થાનના રાજાઓને સ્વારીઓ કરી જીતી લીધા અને પોતે ભારતના માલીક થયા—ભારતવાસી ક્ષત્રિઓ પર હુણ સિથિયન વગેરે ઉત્તર દેશની જાતિયો ચઢી આવી. તે બળવાન હતી તેથી તેણે ક્ષત્રિયોને હરાવી જીતી લીધા—પશ્ચાત્ રજપુતો ઉપર મુસલમાનોએ સ્વારીઓ કરી અને રજપુતોને તાબેદાર બનાવ્યા. મુસલમાનોને બ્રિટીશ પ્રજાએ જીતી લીધા. ધર્મોમાં પણ સબળો ધર્મ છે તે નિર્બલ ધર્મ પર વિજય મેળવે છે. માટે સર્વ પ્રકારની શકિતયોવાળા બનવું જોઇએ એવો ઉપદેશ દેવામાં આવ્યો છે. જેમ કે,

સબળા રહેવું સર્વ વાતમાં, ધર્મ મઝાનો એ છે સાચ;
આગળ પાછળ સબળા પક્ષી, કદિ ન આવે ઉની આંચ. ૯૦૯

સબળા સબળા પક્ષોવાળા, કરતા તે ન્યાયજ કહેવાય;
શત્રુ મધ્યમાં સબળા જીવે, નબળાને સબળા ખૈ જાય. ૯૧૨

શકિત એજ છે સત્ય કાયદો, નિર્બળતાજ અધર્મ વિચાર;
શુષ્ક જ્ઞાનીઓ જડ લોકોને, પડે નહિ સમજણ કંઇ સાર. ૯૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકિતમંતનાં રાજ્યાદિક છે, સબળા પક્ષે થાતી જીત;
નિર્બલ નિર્બલ પક્ષોવાળા, સબળાથી પામે છે ભીત. ૯૧૭

સબળાને સૂજે છે સર્વે, સર્વ શકિતયો પામે ભાઇ;
બુદ્ધિસાગર શકત જનોની, જગમાં સર્વે કરે સગાઇ. ૯૨૨

વ્યાવહારિક, આધ્યાત્મિક શકિતયો એજ શકિતજીવન છે. વ્યાવહારિક ધાર્મિક જીવનશકિતયોની વૃદ્ધિ અને તેની રક્ષા એજ ધર્મ છે. એ ધર્મથી જેઓ વિમુખ થાય છે. તેઓ અશકત, ગુલામ, દાસ થાય છે, માટે શક્તિયોનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

" શુદ્ધ હવા લેવાની અને અશુદ્ધ હવા કાઢીને જીવવાની આંબાની કળાશક્તિ " એ વિષયમાં જીવનશક્તિયોને ગ્રહવાનો તથા મરણ વિચારોને દૂર કરવાનો ઉપદેશ દેવામાં આવ્યો છે. જેમકે—

જીવનના સુધારા જે જે, જીવન હેતુઓ તાજા જેહ;
ગ્રહો તેહને બીજા ત્યાગો, સર્વોન્નતિ શિક્ષા ગુણગેહ. ૯૨૯

દેહજીવન ને મનોજીવનના, હેતુઓ ગ્રહવા જયકાર;
દેશ કોમ ને રાજ્ય ઉદયના, જીવનના હેતુ લ્યો સાર. ૯૩૨

ધર્મ્ય વિચારો ને આચારો, ગ્રહવા યુક્તિ પ્રયુક્ત્યા સર્વ;
ઝેરી હવા સમ વ્યસનો દુર્ગુણ, તથા ત્યાગવો જૂઠો ગર્વ. ૯૩૩

શક્તિ વિનાના જેહ રીવાજો, જૂના પણ કરવા ઝટ દૂર;
શક્તિ સહિત જે નવા રીવાજો, ગ્રહો સ્વોન્નતિ બનો હજૂર. ૯૩૪

" આંબાની પેઠે નવીન શક્તિયો ગ્રહવી " એ વિષયમાં શક્તિ ગ્રહણ માટે અપૂર્વ વિચારોનો પ્રવાહ વહેતો અનુભવાય છે. બાલક અને બાલિકાઓને ઉપયુક્ત બાબતનું ખાસ શિક્ષણ આપવાની જરૂર છે. તેમાં સૂક્તો અપૂર્વ છે. જેવાં કે—

બાયલા સુસ્ત નહીં રહો, બોલે બોર વેચાય;
અન્યોતણી સ્પર્ધા વિષે, શક્તિવણ ન જીવાય. ૯૫૬

યુક્તિ કળાઓ કેળવી, આત્મબળ ધરો બેશ;
જીવીએ ને જીવાડીએ, દેશ કોમ હમેશ. ૯૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાતંત્ર્યાદિક શક્તિયો, ધર્મરૂપ ગણાય;
તેના વિના જ અધર્મ છે, ગ્રહવો ધર્મ સદાય. ૯૫૯

સર્વ પ્રકારના જીવનની, શક્તિયોના ઉપાય;
બાહ્યાંતર તે ધર્મ છે, ધરજો તે ચિત્તમાંહ્ય. ૯૬૧

ઇત્યાદિ.

" આંબાની ત્રણ અવસ્થા પરથી શિક્ષણ " એ કવનોમાં ત્રણ્ય અવસ્થાનું રસિક આનુભવિક વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં યૌવનવયની અત્યંત ઉપયોગિતા જણાવી છે. યુવક વયનું રસીલું વર્ણન ખાસ વાંચવા જેવું છે. " વૃદ્ધાવસ્થા મૃત્યુ " એમાં વૃદ્ધાવસ્થાનું કરૂણા રસમય વર્ણન અવલોકાય છે. " સંગતથી આરામ " એ કવનોમાં વૃદ્ધાવસ્થાની ઉપયોગિતા કઇ દિશાએ છે તેનું સ્વરૂપ દર્શાવ્યું છે.

" આમ્રવૃક્ષની પાછળ સંતતિ " એ શીર્ષક કવનોમાં સ્વાત્મ પાછળ સ્વસમાન મનુષ્યોને પ્રગટાવવાની શિક્ષા દર્શાવી છે. જેમકે—

સદ્વિચારો પ્રવૃત્તિયો, પરંપરા વહનાર;
બીજો પાછળ રાખીએ, ફર્જ એજ નિજધાર. ૧૦૨૦

પાછળ સંતતિ હેતુઓ, વહે તેવા ઉપાય;
ધારણ કરવા ઉદ્યમે, કુદરતનો એ ન્યાય. ૧૦૨૩

નિજ પાછળ નિજ ધર્મનાં, સંતતિ બીજો જેહ;
કોટિ ઉપાયે રક્ષવાં, શિક્ષા સદ્ગુણ ગેહ. ૧૦૨૪

લોકાનુગ્રહ કારણે, નિષ્કામી જે સંત;
તે પણ એ વ્યવહારને, આદરતા ગુણવંત. ૧૦૨૬

ઇત્યાદિ બોધને આચારમાં મૂકનારાઓ સત્ય ધર્મીઓ છે, ઇત્યાદિ અવબોધાય છે.

" એકના નાશમાંથી અનેકની ઉત્પત્તિ " એકના નાશમાંથી અનેકની ઉત્પત્તિ પોતાની પાછળ થાય એવી શુભ પ્રવૃત્તિયો સેવવા માટે સમ્યક્ કવનો લખવામાં આવ્યાં છે. જેવાંકે—

નિજની પાછળ થાય અનેક, ધારો એવો ટેક વિવેક;
ધર્મ્ય વિચારાચારે એમ, વંશ પરંપર કારકક્ષેમ. ૧૦૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભમાં એક વિષેથી અનેક, પ્રગટે એવો જાણુ વિવેક;
સર્વ મનુષ્યો એવું ચ્હાય, ગુપ્ત રહસ્યો વિરલા પાય. ૧૦૩૬

પોતાની પાછળ ધર્મ્ય શક્તિમય સર્વ વિચારો અને પ્રવૃત્તિયો વહે એવા એકમાંથી અનેક પ્રગટે એવી દૈવી શક્તિયોવાળા પ્રગટાવવા માટે ખાસ હાર્દિક કવનો છે.

" સજ્જનનું સર્વે, સારા ઉપયોગમાં આવે છે " એ વિષયમાં સજ્જનવત્ આત્મભોગી થવાની આવશ્યકતા દર્શાવી છે. તેમાંનાં પદ્યો મનન કરવા લાયક જેવાં છે. જેવાંકે—

આંબા જેવો આત્મભોગી થૈ, જગમાં જીવન કર પ્રચાર;
સ્વાર્થે પરમાર્થો કરવા સહુ, જીવ્યાનો તુજને અધિકાર. ૧૦૪૬

સ્વાંગો સર્વે ખપમાં આવે, એવો થાજે પૂર્ણ ઉદાર;
લક્ષ્મી સત્તા વિદ્યાદિકનો, શુભોપયોગી થા નિર્ધાર. ૧૦૫૪

ધર્માર્થે વાપરજે સર્વે, પાછળ પણ એવો ઉપયોગ;
કરજે માનવ-શુદ્ધ ભાવથી, નિરાસક્તિએ કરવો ભોગ. ૧૦૫૫

નિરાસક્તિથી બંધ નહીં છે, આસક્તિથી થાતો બંધ;
નિરાસક્તિ પ્રગટે છે જ્ઞાને, અજ્ઞાને માનવ છે અંધ. ૧૦૫૭

નિરાસક્તિપણે જે આત્મભોગી બને છે તે સર્વોત્કૃષ્ટ કર્મયોગી છે. આસક્તિ વિના સર્વ કર્તવ્ય કર્મો કરતાં બંધ થતો નથી, ઇત્યાદિનાં સરસ કવનો વાંચવા જેવાં છે.

" અમર નામના " જેઓ પરમાર્થી બને છે તે અમર નામ કરે છે એમ પ્રબોધ્યું છે. જેમકે—

બની ભકત શૂરા કરી નામનાઓ, બની દાની ત્યાગી તજી કામનાઓ;
ભલામાં સદા ભાગ લેતા વિવેકે, કરે કામ સારાં સદા ટેક નેકે ૧૦૬૬

કરી સ્વાર્પણો જે મર્યા ભાગ્યવંતા, કરી નામના તેજ જીવ્યા મહંતા;
બની કર્મયોગી કર્યાં કામ સારાં, વિવેકી બની કાજ ત્યાગ્યાં નઠારાં. ૧૦૬૫

સ્વાર્પણ કરતાં રહેતાં નામ, બનતાં યોગી મન નિષ્કામ;
સુખો માનવ જગમાં નામ, સ્વાધિકારે કરતાં કામ. ૧૦૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાર્થ જીવન જેઓ ગાળે છે તેઓ પ્રભુ જીવનમય બની અમર નામનાઓ કરે છે.

"આમ્રવૃક્ષ ભૂમિના રાજા પ્રજાને આશીર્વાદ" એ શીર્ષકકવનોમાં ગુરૂશ્રીએ રાજા પ્રજાને આશીર્વાદ આપ્યો છે તે વાચવા લાયક છે.

શ્રીમત્ સયાજીરાવ છે, નૃપતિ વિવેકી ગુણભર્યા,
દેશાભિમાની રવિસમા, નિજ તેજથી જ અલંકર્યા
વિદ્યા પ્રચારક ભુભુજોમાં, સર્વથી જે અગ્રણી,
સ્વાતંત્ર્યને પ્રસરાવવા, જેની પ્રવૃત્તિ શુભ ગણી. ૧૦૯૭
વર્ણું અઢારો નીતિથી, ચાલે જ રાજ્યપ્રતાપથી,
ન્યાયાલયોમાં ન્યાયને, આપે સુનીતિ છાપથી;
નિજ જન્મભૂમિ દેશના, રાજા વિષે છે ગુણ ઘણા,
રાજા સયાજીરાવમાં, ગુણગણતણી ના કંઇ મણા. ૧૦૯૮
વર્ણું અઢારો પ્રગતિના, પન્થે વહે છે શક્તિથી,
સર્વે મનુષ્યો શાંતિમાં, રહેતા પ્રભુની ભકિતથી;
શ્રીમત્ સયાજીરાવ પર, પ્રેમે ભરેલી છે પ્રજા,
જેની કરૂણા દષ્ટિથી, અપરાધીની ટળતી સજા. ૧૦૯૯

સંવત્ ૧૯૬૪ ના ચૈત્ર સુદિ ચોથના દિવસે જૈનાચાર્યશ્રી બુદ્ધિસાગરજીસૂરિ વડોદરામાં વિરાજતા હતા. તત્સમયે શ્રીમત્ સયાજીરાવ ગાયકવાડ સરકારનું વ્યાખ્યાન માટે આમંત્રણ થવાથી આચાર્યશ્રીજીએ ગાયકવાડ સરકારના લક્ષ્મી વિલાસ રાજ્ય મહેલમાં હજારો સત્તાધિકારિયો, વિદ્વાનોની સમક્ષ "આત્મોન્નતિ" એ વિષય પર પોણાબે કલાક પર્યંત વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાનને પાદરાના વકીલ ત્રીભોવનદાસ દલપતે ઈંગ્લીશ ભાષામાં પુસ્તકાકારે છપાવ્યું છે. ગાયકવાડી રાજ્યના સુબાઓ, સરસુબાઓ, વહીવટદારો, મુન્સફ વર્ગ, ડેપ્યુટીઓ વગેરેને આચાર્ય શ્રી અનેક વિષયનો બોધ આપે છે, અને અદ્યાપિ પર્યંત આચાર્યશ્રીનો ગાયકવાડી રાજ્યમાં વિશેષતઃ વિહાર થયો છે, અને તેમણે ગાયકવાડી રાજ્યના તાલુકાઓમાં, ગામડાઓમાં ધાર્મિક, સામાજીક, નૈતિક અને કેળવણી વગેરે સંબંધી સેંકડો–હજારો વ્યાખ્યાનો આપ્યાં છે. શ્રીમત્ સયાજીરાવ ગાયકવાડના અનેક ગુણોનો સાક્ષાત્ તથા પરંપરાએ પરિચય થએલો હોવાથી તથા પોતાની જન્મભૂમિના રાજા હોવાથી વિજાપુર વૃત્તાંત નામના પુસ્તકમાં પણ તેમણે શ્રીમત્ સયાજીરાવના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોની, કાર્યોની સ્તુતિ કરી છે. નિષ્કામ પ્રેમથી તેમની કરેલી સ્તુતિમાં પ્રેમ વગેરેનો ઝળકાટ સમ્યક્ દેખાય છે. પૂજ્ય આચાર્ય ગુરૂશ્રીએ પ્રજાને નીચે પ્રમાણે આશીર્વાદ આપ્યો છે.

અમ જન્મભૂમિ સાધુઓ યોગી ફકીરો ત્યાગીઓ,
નિજ આત્મશુદ્ધિ ઝટ કરો શાંતિ લહો વૈરાગીઓ;
બાલો યુવાનો વૃદ્ધ સહુ શાંતિ મઝાની પામશો,
ચઢતી કળાથી સહુ જનો પ્રગતિશિરે સ્થિર ઝામશો. ૧૧૦૩

અમ જન્મભૂમિ દેશમાં પશુઓ બધી શાંતિ લહો,
પંખી લહો શાંતિ ઘણી વનરાજીમાં શાંતિ રહો;
શુભ જ્ઞાનીઓ પ્રકટો ઘણા સાધુ મહન્તો યોગીઓ,
શુભ દાનીઓ પ્રગટો ઘણા શ્રી કર્ણ જેવા ભોગીઓ. ૧૧૦૪

કવિયો વડે શોભી રહો અમ જન્મભૂમિ જયકરી,
વિદ્વાન પ્રકટો ક્ષત્રીઓ, વૈશ્ય પ્રજાઓ સુખ કરી;
નન્દન સમો શોભી રહો અમ દેશ ધર્મ્ય સમૃદ્ધિથી,
શુભ શક્તિયો પ્રકટયા કરો, દૈવી જનોની વૃદ્ધિથી. ૧૧૦૫

× × × ×
× × × ×

અમ જન્મભૂમિ દેશ તું સહુ દેશ શિરપર ગાજજે,
અમ જન્મ ભૂમિ માત !!! તું લીલા ભરી બહુ વાધજે. ૧૧૦૬

પૂજ્ય આચાર્યશ્રીએ જન્મભૂમિ ગુજરાત દેશ માટે હૃદયના જે ઉદ્ગારો કાઢયા છે. તે શુભાશીર્વાદ રસથી છલકાઈ જાય છે, જન્મ ભૂમિપ્રેમ, દેશપ્રેમ. જન્મભૂમિ દેશની પ્રગતિની અભિલાષાઓ કેટલી બધી છે? ભાવનાઓની સાથે તેમણે સ્વદેશના સર્વ લોકોની ઉન્નતિ માટે હજારો વ્યાખ્યાનો આપ્યાં છે. જૈન હિંદુ મુસલમાન વગેરે સર્વ લોકોને તેમણે કેળવણીના વ્યાખ્યાનો વગેરેથી ચેતાવ્યા છે.

રાજા પ્રજાના ઐકય માટે તેમના નીચે પ્રમાણે ઉદ્ગારો છે.

રાજા પ્રજાના ઐકયમાં પરમાત્મશક્તિ ગર્જતી,
રાજા પ્રજાના ઐકયથી શક્તિ પ્રભુતા સર્જતી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા પ્રજામાં ઐક્ય હો નહિ ભિન્નભાવ રહો કદા,
એવી પ્રભુને પ્રાર્થના સામ્રાજ્ય માટે સર્વદા. ૧૧૦૧

ધર્માચાર્યોમાં ધાર્મિક ભાવનાની સાથે આવી રાજા પ્રજાના ઐકયની અને તેની સાથે સમાજ દેશ સંઘની સમષ્ટિ પ્રગતિ વડે સર્વ વિશ્વની પ્રગતિ કરવાની ભાવનાઓ પ્રગટે એ ખરેખર અભિનંદનીય છે. રાજા પ્રજાના ઐકય વિના રૂશિઆના બુરા હાલ થયા એ કોણ જાણતું નથી. રાજા પ્રજાના ઐકયથી બ્રિટીશ રાજ્યમાં પરમાત્મ શક્તિઓ ગાજે છે. સર્વત્ર સર્વ દેશોમાં રાજા પ્રજાના ઐકય માટે ગુરૂશ્રીએ પરમાત્માને પ્રાર્થના કરી છે. ધર્મગુરૂઓનું કર્તવ્ય છે કે રાજા પ્રજામાં ઐકય રહે એવો ઉપદેશ દેવો અને તેની સાથે સર્વ શુભ ધર્મોની રક્ષા કરવી. ગુરૂશ્રીએ આ કાવ્યમાં તે બાબતની સર્વ દિશાઓ જણાવી છે.

" આમ્રવૃક્ષ પ્રતિ સ્વાત્મોદ્દગાર " એ વિષયમાં ગુરૂશ્રીએ પોતાનું હૃદય રેડયું છે. તેનું વિવેચન કરતાં એક ગ્રંથ થઇ જાય તેમ છે. માટે અત્ર તત્સંબંધી વિશેષ લખી શકાય તેમ નથી, તો પણ તેની દિશા દર્શાવવામાં આવે છે.

ગુરૂશ્રીએ બે પ્રકારના સહકાર બોધ્યા છે ૧ **द्रव्य सहकार**. ૨ **भाव सहकार**. દ્રવ્ય સહકારો પોતાના આત્માની ઉન્નતિમાં જે જે હેતુઓ છે તે સર્વે જણાવ્યા છે. આત્માને ભાવ સહકાર કહ્યો છે. જ્ઞાનાદિ શકિતમય આત્મા બ્રહ્મસ્વરૂપ છે, તેને સહકારનું રૂપક આપ્યું છે. આત્માથી ભિન્ન ભિન્નપણે સહકાર છે. બ્રહ્મ જ્ઞાનીઓ બ્રહ્મને સહકાર માને છે. બાહ્ય સહકાર જે વૃક્ષરૂપ છે તે પણ જીવરૂપ છે. બ્રહ્મરૂપ છે. તેથી સહકારના અનેક અર્થો થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

ગુરૂશ્રીનું જન્મસ્થાન વિજાપુર છે. અમદાવાદની ભાગોળે કણબીઓનો માઢ છે તેમાં શિવ પિતા અને અંબામાતાથી તેમનો જન્મ થયો હતો. કૂર્મક્ષત્રિય જાતના તેઓના વંશજો હતા. ગૃહસ્થ દશામાં તેમનું કુટુંબ સુખી હતું. હાલ પણ સુખી છે. તેમને સંસારીપણામાં બે ભાઇ અને બે બેનો હતી. તેમના પિતા ખેતીનો ધંધો કરતા હતા. ગુરૂશ્રીનું સંસારીપણામાં બહેચરદાસ નામ પાડવામાં આવ્યું હતું. સાત આઠ વર્ષની ઉમરે તેમને શ્રીમાલીવાડામાં ધનેશ્વર મહેતાની નિશાળમાં ભણવા બેસાડયા હતા. આંક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીખ્યા બાદ સરકારી ગુજરાતી શાળામાં દાખલ થયા હતા. તેમણે છઠ્ઠા ધોરણ પર્યંત અભ્યાસ કર્યો હતો. છઠ્ઠા ધોરણમાં બીજા નંબરે પાસ થયા હતા. દરેક ધોરણમાં પહેલા અગર બીજા નંબરે પાસ થયા હતા. છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓમાં તેઓ આગેવાન હતા. તેમના મિત્રોને ભણવા ગણવામાં સહાય કરતા હતા. ગુજરાતી ત્રીજા ધોરણમાં જ્યારે તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે તેઓએ જૈન વિદ્યાશાળામાં રવિદત્ત શાસ્ત્રી પાસે જૈનધર્મ સૂત્રોનો અભ્યાસ શરૂ કર્યો હતો. ધાર્મિક શ્રદ્ધા ભક્તિના ગુણોથી આકર્ષાઈ ને દોશી-નથુભાઇ મંછાચંદે તેમને પોતાને ઘેર જમવા વગેરેની ગોઠવણ કરી. બાલ્યાવસ્થાથી તેમના મનમાં ઉન્નતિના વિચારો પ્રગટયા કરતા હતા. ખંત, ઉદ્યમ ચીવટથી તેઓ શાળામાં પાસ થયા, ત્યારબાદ રીખવદાસ અમુલખ વકીલની દુકાને રહી કેટલોક તે દિશાનો અનુભવ મેળવ્યો. ઇશ્વરલાલ દુર્લભરામ દેશાઇ પાસે તેમણે સંસ્કૃત પહેલી બુકનો પૂર્ણ અભ્યાસ કર્યો. બાલ્યાવસ્થામાં તેઓ દરરોજ કસરત કરતા હતા, અને છઠ્ઠા ધોરણમાં કસરતમાં તેમણે ઇનામ મેળવ્યું હતું. પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, સિંદુર પ્રકરણ, જીવ વિચાર, નવ તત્ત્વાદિક શોભન સ્તુતિ વગેરેનો છઠ્ઠા ધોરણના અભ્યાસની સાથે અભ્યાસ કર્યો. તેઓ પ્રાતઃકાળમાં વહેલા ઉઠતા હતા. કાળજીથી અભ્યાસ કરતા હતા. કૃષિકર્મને લગતું શિક્ષણ મેળવ્યું હતું. પારેખની દુકાને બેસી સરાફીનામા વગેરેનો અનુભવ મેળવ્યો હતો. તેમના પિતા જે ખાડીયું ખેતર વાવતા હતા-તે પાસેના ખેતરમાં ગુરૂ આંબો હતો. તેમના બાળમિત્રો સાથે તેના પર ચઢીને-અનેક રમતો રમતા હતા. છઠ્ઠા ધોરણનો અભ્યાસ છોડયા બાદ ભવિષ્યમાં કઇ લાઇન-કઇ વૃત્તિ લેવી તે સંબંધીના તેમના મનમાં અનેક વિચારો આવતા હતા. તેનો નિવેડો તેમણે તે આંબા નીચે બેસી કર્યો હતો અને સંસ્કૃત ભાષામાં વિદ્વાન્ થવા નિશ્ચય કરી, તેમણે દોશી નથુભાઇ મંછાચંદને પોતાનો દૃઢ સંકલ્પ જણાવ્યો. દોશી નથુભાઇએ તેમને તેમના વિચારોમાં સાહાય્ય કરી. સં. ૧૯૫૨ ની સાલમાં તેઓ આજોલ ગામમાં જતિશ્રી ગણપત સાગરજીના શિષ્ય બાપુલાલને ત્યાંના સંઘના આગ્રહથી ભણાવવા ગયા. ત્યાં તેમણે યતિજી-ગોરજીના અનેક મંત્રો વગેરેના ગ્રન્થો જોયા. તેમણે ધાર્મિક અભ્યાસ આગળ વધાર્યો. ત્યાં આવતા અનેક યતિયો, સાધુઓનો સમાગમ કરી વિનયથી અનેક વિદ્યાઓ આમ્નાઓ પ્રાપ્ત કરી. વિજાપુરના યતિશ્રી અમૃત વિજયજીએ તેમને કેટલાક અનુભવો આપ્યા. સં. ૧૯૫૪ ની સાલમાં મુનિરાજશ્રી કર્પૂરવિજયજી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ મેસાણામાં રાજારામ શાસ્ત્રી પાસે ન્યાયનો અભ્યાસ કરવા ગયા. ગુરૂમહારાજશ્રી રવિસાગરજીની સહાયથી તેમણે તર્કસંગ્રહાદિ ગ્રન્થોનો અભ્યાસ કર્યો. હૈમલઘુ પ્રક્રિયા, હૈમલઘુ વૃત્તિ વગેરેનો અભ્યાસ કર્યો. ગુરૂશ્રી રવિસાગરજી મહારાજનો પ્રેમ સંપાદન કરી તેમણે તેમની પાસેથી અનેક અનુભવો પ્રાપ્ત કર્યા. તેમની વચન સિદ્ધિનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો. મેસાણામાં આવનાર અનેક સાધુઓનાં ચરિત્રો અવલોકયાં તથા તેમના વિચારોને અનુભવ્યા. પશ્ચાત્ સં. ૧૯૫૬ ની સાલમાં તેઓ પોતાના મિત્ર મોહનલાલ દોલતરામની તબિયત સુધારવા માટે પાલીતાણે ગયા, ત્યાં ચાર માસ લગભગ રહ્યા. તે પ્રસંગે તેમણે તીર્થ અને તીર્થયાત્રીઓ વગેરે સંબંધી અનેક અનુભવો મેળવ્યા. પશ્ચાત્ તેમણે સં. ૧૯૫૭ ના મૃગશીર્ષ ત્રીજના રોજ પાલનપુરમાં ગુરૂશ્રી સુખસાગરજીને વાંદવા ગયા. સં. ૧૯૫૬ માં પોતાનાં માતા અંબા અને પિતા શિવ મરણ પામ્યાં. ત્યારથી તેઓ વૈરાગી બન્યા હતા. પરણવાનો તો તેમણે સં. ૧૯૫૪ ની સાલથી ત્યાગ કર્યો હતો. પાલનપુરમાં શ્રીહીરવિજયસૂરિના ઉપાશ્રયમાં તેમણે દીક્ષા લેવાનો માગસર સુદિ પાંચમની રાત્રે દૃઢ નિશ્ચય કર્યો અને માગસર સુદિ છઠ્ઠના રોજ મહામહોત્સવ પૂર્વક ગુરૂશ્રી સુખસાગરજી પાસે ત્યાગની દીક્ષા લીધી. દીક્ષા લેવાની સાથે ચાણોદના જગન્નાથ શાસ્ત્રી પાસે મુકતાવળી તથા કાવ્યનો અભ્યાસ શરૂ કર્યો. પહેલું ચોમાસું તેમણે સં. ૧૯૫૭ ની સાલમાં સુરત કર્યું, સં. ૧૯૫૮ ની સાલનું પાદરામાં ચોમાસું કર્યું. સં. ૧૯૫૯ નું માણસામાં ચોમાસું કર્યું. સં. ૧૯૬૦ નું મેસાણામાં ચોમાસું કર્યું. ૧૯૬૧ નું વિજાપુરમાં ચોમાસું કર્યું. સં. ૧૯૬૨ નું અમદાવાદમાં ચોમાસું કર્યું. સં. ૧૯૬૩ નું સાણંદમાં ચોમાસું કર્યું. સં. ૧૯૬૪ નું તેમણે માણસામાં ચોમાસું કર્યું. સં. ૧૯૬૫ નું ચોમાસું તેમણે અમદાવાદમાં કર્યું સં. ૧૯૬૬ નું ચોમાસું સુરતમાં કર્યું. સં. ૧૯૬૭ નું ચોમાસું તેમણે મુંબાઈ શહેરમાં કર્યું. સં. ૧૯૬૮ નું ચોમાસું તથા સં. ૧૯૬૯ ની સાલનું ચોમાસું અમદાવાદ શહેરમાં કર્યું. તે સાલમાં અષાડ વદિ બીજના રોજ મહાગુરૂ શ્રી સુખસાગરજીએ કાલ કર્યો. સંવત્ ઓગણીસ સિત્તેરમાં તેઓ શ્રી પેથાપુર પધાર્યા. પેથાપુરના સંઘના આગ્રહથી તેમજ અન્ય શહેરો ગામોના સંઘના આગ્રહથી સં. ૧૯૭૧ ના માગશર સુદિ ૧૫ ના રોજ તેમને તેમના ગુરૂની પાટપર આચાર્ય પદવીથી વિરાજમાન કર્યા. સં. ૧૯૭૦ નું ચોમાસું તેમણે માણસામાં કર્યું. સં. ૧૯૭૧ ની સાલનું ચોમાસું તેમણે પેથાપુરમાં કર્યું. સં. ૧૯૭૨ ની સાલનું ચોમાસું તેમણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજાપુરમાં કર્યું. સં. ૧૯૭૩ ની સાલનું ચોમાસું પેથાપુરમાં કર્યું. સં. ૧૯૭૧ ની સાલથી કર્મયોગ પુસ્તક લખવાના અતિ પરિશ્રમથી તેમને જીર્ણ જ્વર લાગુ પડયો હતો. સં. ૧૯૭૩ ની સાલમાં તે દૂર થયો ઇત્યાદિ કારણોથી તેમનાં ચોમાસાં આ સાલોનાં આ ભૂમિનાં ભાગ્યે થયાં છે. દરેક ચોમાસામાં તેમની સાથે સાધુઓ હતા. જે જે શહેરોમાં ચોમાસાં કર્યાં ત્યાં તેમણે ઉપદેશ આપી અનેક સુધારા કરાવ્યા છે, સુરતમાં સાધુ સંમેલનમાં તેમણે ભાગ લીધો હતો. મુંબાઇના ચોમાસામાં મુંબઇના સંઘનું ઐક્ય તુટવાના પ્રસંગે તેમણે સમય સૂચકતાથી કામ લઇ જૈન સંઘનું ઐક્ય જાળવ્યું હતું. વિહારમાં અગર ચોમાસામાં બે કલાક ઉપદેશ, ત્રણ ચાર કલાક પુસ્તક વાચન, જાહેર ભાષણ, પુસ્તક લેખન, કર્મક્રિયા પ્રવૃત્તિ, ધ્યાન પ્રવૃત્તિ વગેરે આત્મ જીવનનો પરમાર્થે ઉપયોગ કરવામાં ગુરૂજી અપ્રમત્તપણે વર્તે છે. તેમના ત્યાગી સાધુ શિષ્ય ઘણા થાય છે, ગચ્છના સાધ્વીઓ ગામોગામ ફરી ચોમાસું કરી ઉપદેશ આપે છે. આજ સુધીમાં તેમણે પચાસના આશરે ગ્રન્થો લખ્યા છે. માણસાના ઠાકોર, વરસોડાના ઠાકોર વગેરે ઠાકોરો, રાજાઓ તેમનો ઉપદેશ શ્રવણ કરી, તેમને સારૂં સન્માન આપી પૂજે છે. તેમના પ્રતિપક્ષીઓ વચ્ચે તેઓ નિર્ભયપણે ઉભા રહી કાર્ય કરે છે. તેમના વિચારો તથા તેમના આચારોના તથા આત્માના અનેક રાગી ભક્ત શ્રાવિકાઓ છે. ગુજરાત દેશમાં તેઓ જૈન હિંદુ વગેરેમાં કોમમાં ઘણા પ્રસિદ્ધ છે. તેઓ ભેદભાવ રાખ્યા વિના સર્વ જાતના મનુષ્યોને આત્મ સમાન ગણી ઉપદેશ આપે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને ઢેડ ભંગી કોમમાં પણ તેમના ભક્ત શિષ્યો ઘણા છે. જૈનધર્મી વિના અન્ય ધર્મી બ્રાહ્મણ વગેરે લોકો તેમને ગુરૂ જેવી બુદ્ધિથી માને-પૂજે છે. વિજાપુરના તથા તેની આસપાસના સર્વ ગામોના સર્વ જાતના લોકો પૂજ્ય આચાર્યશ્રીને મહાત્મા તરીકે પૂજે છે. પ્રસંગોપાત્ત સંબંધ મેળવવા ઉપરની હકીકત જણાવી હવે પ્રસ્તુત વિષય સંબંધી લખવામાં આવે છે.

સંવત્ ૧૯૭૪ ના કારતક માસમાં તેઓ પેથાપુરથી, વિજાપુર સંઘના આગ્રહથી વિહાર કરી વિજાપુર આવ્યા. વિજાપુર અને તેની આસપાસના ગામોમાં પ્લેગ ઘણો ફેલાવાથી નિરૂપાયે સંઘની સાથે છાપરામાં તંબુમાં ગુરૂ આંબા નીચે રહ્યા. તે પ્રસંગે પોતાની ગુરૂતામાં, આંબાની ગુરૂતાની સહાયતા હોવાથી ગુરૂએ આંબાનું કાવ્ય કરી સ્વાત્મોદ્ગારો પ્રકટાવ્યા છે. **जननीजन्मभूमिश्चस्वर्गादपिगरीयसी** એ પ્રમાણે ગુરૂઆંબા પર શુદ્ધ પ્રેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારણ કરી તેમણે પોતાના ઉદ્‌ગારો પ્રકટ કર્યા છે. તે નીચે મુજબ છે.
ગુરૂ સહકાર પ્રતિ ઉદ્‌ગાર.

શુભ બાલ્યવયમાં નિરખિયો વિદ્યાપુરે સહકારને,
શોભા ભલી બહુ જાતની લાગેજ પ્યારી બાળને;
ઉપયોગ મન માન્યો કર્યો ત્હારો અવસ્થા ભેદથી,
ત્હો પણુ અરે તવ ચિત્તમાં નિજ ફર્જ વણુ બીજું નથી. ૧૧૧૦

ક્રીડા કરી તવ પર બહુ મનમાનતી પૂર્વે અહો,
શાંતિ લહો સહકાર તું ઉપકારમય જીવન વહો.
ગુણુ શિક્ષણો ત્હારાં સફળ જગમાં પ્રસરશો ઝળકતાં,
માનવજનો તેથી થશો ગુણુગણુવડે શુભ ચળકતાં. ૧૧૧૧

પુણ્યે બનો તવ ઉન્નતિ અવતાર સારા તવ થશો,
કૃતકર્મ નિર્જરણા થશો મિથ્યાત્વ દુર્ગુણુતા જશો;
પરમાર્થમય તવ જીંદગી સહુને ઘણા ગુણુ આપશો,
તવ શિક્ષણો જગલોકમાં વાયુપરે બહુ વ્યાપશો. ૧૧૧૨

ત્રણુ માસ તવ હેઠળ વસી સાચી સમાધિ દિલ વરી,
શુભ યોગ શિક્ષણુ શીખવ્યાં ગુરૂકુલ શોભા પદ વરી;
વ્યાખ્યાન આપ્યા નવનવાં પૂજા ભણાવી સુખકરી,
પ્લેગ પ્રસંગે લોકને સંતોષિયા મન ભયહરી. ૧૧૧૩

અમ સાધુએ તવ છાંયમાં અભ્યાસ સૂત્રોનો કર્યો,
શુભ યોગ ગ્રન્થો વાંચીને ઉત્સાહ મનમાંહી ધર્યો;
રાત્રે કર્યું તવ હેઠળે પરમાત્મ ચિંતન પ્રેમથી,
નિમિત્ત આશ્રય તું બન્યો ગુણુસંસના શુભ નેમથી. ૧૧૧૪

ગુરૂઆંબા નીચે ગુરૂ મહારાજે પોસ, માઘ, ફાગણુ માસ સુધી વાસ કર્યો હતો. આંબા નીચે વ્યાખ્યાન આપતા હતા, અને સકળ સંઘ વ્યાખ્યાન સુણીને ધર્મમાં તત્પર થતો હતો. તેમના સાધુ શિષ્યો વૃદ્ધિસાગરજી, દેવેન્દ્રસાગરજી, કીર્તિસાગરજી, જયસાગરજી, ઋદ્ધિસાગરજી, તિલકસાગરજી, પન્યાસ અજીતસાગરજી, મહેન્દ્રસાગરજી, હેમેન્દ્રસાગરજી વગેરે પ્રાણાયામ, નેતિ, ધોતિ, નૌલિ, બસ્તિકર્મ, વજ્રોલી વગેરે યોગની ક્રિયાઓ કરતા હતા. રાત્રે ભજન ગવાતાં હતા. બપોરે જૈનો ધર્મશાસ્ત્રાભ્યાસ, સામયિક, પ્રતિક્રમણુ વગેરે ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્તિ કરતા હતા. કેટલાક જૈનો ત્યાં અખાડો કરી કુસ્તી કરતા. કેટલાક જૈનો વૃક્ષારોહણ કલા પોતાની મેળે શીખતા હતા, રાત્રે દશ વાગ્યા સુધી જૈનો ગુરૂ પાસે બેસી જ્ઞાનગોષ્ઠી કરતા હતા. આંબાની નીચે ધાર્મિક પ્રવૃત્તિયો એ પ્રમાણે થતી હતી. તેથી જૈનોમાં ગુરૂકુળની ઉપયોગિતાનો ખ્યાલ સારી રીતે આવ્યો હતો. ગુરૂરાજે આંબાનો ઉત્તરોત્તર અવતારની ઉન્નતિને આશીર્વાદ આપ્યો છે. સહકાર વૃક્ષ નીચે યોગધ્યાન જ્ઞાન સમાધિથી આત્મ સુખનો ગુરૂએ અનુભવ કર્યો હતો. અને તેથી નિમિત્ત આશ્રયભૂત સહકાર પર શુદ્ધ પ્રેમ ધારણ કરી ઉન્નતિ ઇચ્છી છે; તે સર્વથા પ્રશંસનીય અને અનુકરણીય છે. જે જે અંશે જે જે જીવો ગુણે પોતાના પર ઉપકાર થાય છે તે તે જીવોની તેને અંશે ગુણાનુરાગે પ્રસંશા કરવી તે સંતોનો સ્વભાવ છે. **परगुणपरमाणु पर्वतीकृत्यनित्यं निजहृदि विकसन्तः संतिसन्तः कियन्तः** એ સૂક્ત પ્રમાણે મહાત્માઓ ધૂળમાંથી પણ ગુણ શિક્ષણો ગ્રહી તેને સ્તવે છે. આત્મજ્ઞાનીઓ ગમે ત્યાંથી જનોને ગુણ શિક્ષણો લેતાં કાવ્યો કરી શીખવે છે. જુઓ સહકારની નીચે પ્રમાણે સ્તુતિ કરવામાં આવી છે.

વાહ વાહ આંબા બળવડે વધતો રહે આશ્ચર્ય નહીં,
કુદરત્ તણો એ કાયદો નિજ શક્તિથી વધવું સહી;
જીવો જીવે છે વિશ્વમાં કોટિ કળાઓ આદરી,
મડદાલ જીવે નહિ કદિ જાતા ઘણા ઝૂરો મરી. ૧૧૨૬

સાત્વિક લાયક ભૂમિમાં ઉગે ન ખારી મહીવિષે,
મીઠી મઝાની ભૂમિમાં અવતાર જ્યાં ત્યાં તવ દિસે;
સાત્વિક લાયક જન્મભૂમિ દેશ વ્હાલો શોભતો,
સાબરમતીનો કાંઠડો ગંગા સમો જગ ઓપતો. ૧૧૨૭

લીલાં રૂપાળાં પાંદડાં તવ હરત છે દાનેશ્વરી,
આમંત્રતા જગલોકને હાલી થઇ નીચા જરી,
આવો અમારા આત્મ સમ સર્વે જીવો રૂચ્યું ગ્રહો,
વાહવાહ તારી સભ્યતા વિનયીપણું કેવું અહો. ૧૧૨૮

અમ ભૂમિનાં છે ભાગ્ય ત્હારો જન્મ ઉપકારી થયો,
દાતાર કવિ વિદ્વાન્ શૂરા ભોગી દેશે અવતર્યો;
વાહ વાહ આંબા તાહરી પ્રભુતા અને ગંભીરતા,
ક્ષત્રી સમી છે શૂરતા દુઃખો પ્રસંગે ધીરતા. ૧૧૨૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલિકાલમાં અમૃત ફ્લોને આપતો દીઠો ખરો,
કુદ્રતતણા શુભ બાગમાં મંગળ મઝાનાં ગુણ ભર્યો;
સરકાર રાજા શેઠિયા ઠાકોર તવ રક્ષા કરો,
આંબા ન કાપો કોઇ જગ એવી પ્રતિજ્ઞાઓ ધરો. ૧૧૩૦

એ પ્રમાણે આંબાની સ્તુતિ કર્યા બાદ આત્મારૂપ આમ્રવૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે, પશ્ચાત્ અધ્યાત્મ આમ્રનું વર્ણન કરવામાં આવ્યું છે. પશ્ચાત્ બાહ્યાંતર આમ્ર દર્શનનું વર્ણન કરવામાં આવ્યું છે. પશ્ચાત્ ભારત દેશને સહકારનું રૂપક આપી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. ગુજરાત આદિ સર્વ દેશોનો ભારતદેશ–આર્યદેશ હિન્દુસ્થાનમાં સમાવેશ થાય છે. તે ભારતદેશની ઉન્નતિ માટે ગુરૂશ્રીના હૃદયમાં જે લાગણી છે અને તે માટે તે સત્યદેશ ભક્ત છે; તે તેમનાં નીચે આપેલા કવનોથી વાચકોને સહેજે સમજાય તેમ છે.

ભારત મહા સહકારના સેવક રસીલા જન બની.
ભારતતણી પ્રગતિતણાં સહુ ગાયનો પ્રેમે ભણી;
સહકાર ભારત ભવ્યતા પ્રગતિ વિષે સ્વાર્પણ કરો,
એ ધર્મ સાચો જાણવો સહુ ભારતીઓ મન ધરો. ૧૧૩૯

સહુને ચહો સહુને મળો દેખો અરસપરમાં પ્રભુ,
આપો પરસ્પર સ્હાયને એ રહેણીથી થાશો વિભુ;
ભારત મહા સહકારનાં મીઠાં ફ્લોને ચાખશો,
શક્તિ સકલ પ્રગટાવીને નિજ નામ જગમાં રાખશો ૧૧૪૧

આ દેહનાં જે પંચભૂતો તત્ત્વ ત્હારાં જાણવાં,
ત્હારાંજ ત્હારી ભક્તિથી તુજમાંહિ તેહ સમાવવાં;
ત્હારાં હૃદયને દેહને વાચા વગેરે શક્તિઓ,
સ્વાર્પણ સકલ તુજને કરી જે જે જ પ્રગટી વ્યક્તિયો. ૧૧૪૨

નવ નવ રસોના જોરથી સહકાર ભારત જગજયો,
સહુ દેશમાં શિરોમણિ અધ્યાત્મ ગુરૂપદને લહ્યો;
બહુ બ્રહ્મજ્ઞાની યોગીઓ તીર્થંકરોથી શોભતો,
સહકાર ભારત સાત્વિકી શક્તિવડે જગ થોભતો ૧૧૪૩

હસ્તો પરસ્પર મેળવી હૃદયો પરસ્પર મેળવી,
વિદ્યાદિ શક્તિ મેળવી અનુભવ પરસ્પર ભેળવી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી ઐકય ભારતવાસીઓ સહકાર ભારત ઉઝવો,
પ્રગતિ તણાં કાર્યો કરી કયારે ન કાને દૂહવો. ૧૧૪૪

ભારત મહા સહકારને પ્રતિપક્ષીઓથી રક્ષવો,
છેદો નહીં ભેદો નહીં કયારે ન તેહ ઉપેક્ષવો;
અંગો ઉપાંગો ખીલવવા કોટિ ઉપાયો કેળવો,
સહુ જાતનાં બળ એકઠાં કરીનેજ તેમાં ભેળવો. ૧૧૪૭

જેના તળે આશ્રય ગ્રહી જીવો વિલાસો બહુ કરી,
ક્રીડા કરો બહુ જાતની જેના કહાવો છો વળી;
દ્રોહી બનો ના તેહના સ્વાર્પણ તદર્થે સહુ કરો.
નિજ ધર્મ એવો જાણીને તેને ન કયારે પરિહરો. ૧૧૪૮

જેના રહીને આશ્રયે જીવન ગુજારો સુખ વિષે,
તેનાં ન મૂળ ઉખેડશો એવું પ્રબોધો મહીવિષે;
સહુ ક્ષુદ્ર ભેદો ભૂલીને એકકો કરી સ્વાર્પણ કરી,
સહકાર મહાભારતતણી સેવા કરો ફર્જે ધરી. ૧૧૪૯

સહકાર ભારત સ્કંધને પાડો ન જૂદા મત કરી,
શુભ ઐકય રસ વહેતો રહે સર્વાંગ શકિતયો ભરી;
અંગો ઉપાંગો એહવાં ત્યાં શકિતયો સહુ ઉલ્લસે,
સહુ દેશ ધર્મ શિરોમણિ સહકાર ભારત જગ દિસે. ૧૧૫૦

ભારત મહા સહકારનો ઉચ્છેદ થાતો જે થકી,
તે ધર્મ વા ધર્મી નહીં સિદ્ધાંત એ જાણો વકી;
સહકાર ભારત સર્વના માટે અને તે સર્વનો,
અભિમાની એવા જે બન્યા નહિ દોષ તેને ગર્વનો. ૧૧૫૧

સહકાર ભારત પ્રેમમાં સહુ ધર્મનાં રક્ષણ રહ્યાં,
સહકાર ભારત પ્રેમ વણ મહદાસમાં માનવ કહ્યાં;
ભારત મહા સહકારના પોષક બનો નરનારીઓ,
તત્પ્રેમવણ સમજો અરે નિજ જન્મ મિથ્યા હારીયો. ૧૧૫૩

પોષો હૃદયના પ્રેમથી સહકાર ભારતને સદા,
વિદ્યા ધનાદિ શક્તિથી શોભાવશો તેને મુદા;
તત્પ્રેમ સ્વાર્પણ ભાવ વણ નહિ જીવતા નિજને ગણો,
બ્રિટીશ મહા સામ્રાજ્યની ભક્તિતણાં ગાનો ભણો. ૧૧૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંગે ઉપાંગો રોમરોમે શકિત નવલી વાધતી,
એ શકિતઓ સહુ લોકનાં પરમાર્થ કાર્યો સાધતી;
ભારત સ્વરૂપી આમ્ર પર શુભ ધર્મ કોયલ ટહુકતી,
આનન્દ ક્રીડા દાખવી આનન્દ મોઝે ઝૂકતી. ૧૧૫૭

ભારતરૂપ સહકારની રક્ષા-પ્રગતિ સંબંધી ઉપર્યુકત કવનોમાં કંઇ બાકી રાખવામાં આવ્યું નથી. કોન્ગ્રેસ વગેરેમાં મતભેદ પડે છે. પરંતુ તે ન પડવા જોઇએ. હિન્દુ, મુસલમાન, ખ્રીસ્તિ વગેરે સર્વ ભારતવાસી જનોએ હિન્દુસ્થાનના ભલામાં પોતાનું ભલું માનવું જોઇએ. ભારત દેશના દ્રોહીઓ જે બને છે તે મહા પાપી છે. ભારત દેશના દ્રોહીઓ ન બનવા માટે ખાસ શિખામણ આપી છે. એકંદર સાત્વિક ભારતદેશની ભૂમિ છે. ભારતદેશરૂપી સહકારનું અનેક રીતે પોષણ કરતાં તેના પર અમૃત ફલો પ્રગટશે ને તેના મધુરરસનું ભારતવાસીઓ આસ્વાદન કરશે. ભારતદેશમાં પ્રભાત પ્રગટયું છે. હવે પ્રગતિ સૂર્યોદય પ્રગટવાની તૈયારી છે. કોન્ફરન્સ, કોન્ગ્રેસ, હોમરૂલ લીગ વગેરે પ્રભાતનાં ચિન્હો છે. ભારતદેશીઓના ગુરૂ હાલ બ્રિટીશો છે. તેઓની પાસેથી ઘણું શિખવાનું છે, ભારતવાસીયો શિષ્યો છે અને તેઓ બ્રિટીશ ગુરૂઓની સેવા કરી તેમની સર્વ કલાઓ ગ્રહણ કરી, પુનઃ તેઓના જેવા બની ભારતની સ્વતંત્રતા પ્રગટાવશે, સુવર્ણની પેઠે ભારત વાસીઓને કષ, છેદ, તાડન તાપ વગેરે કસોટીઓમાંથી પસાર થવાના પ્રસંગો હજી ઘણા અનુભવવા પડશે. પશ્ચાત્ તેઓની શિષ્યપણાની શુદ્ધતા થશે અને ગુરૂપદને લાયક થઇ ભારતનું ગૌરવ વધારશે. જૈનાચાર્ય ગુરૂ શ્રી જેમ જૈનધર્મના પ્રવર્તક છે, તેમ ભારતના ભકત છે અને તે દેશ ધર્મ સંબંધી સ્વફરજ ઉપદેશથી અદા કરે છે.

ગુરૂશ્રીએ ભારત સહકારને આદર્શ યોગી તરીકે સ્તવ્યો છે. જેમ સહકાર આદર્શ યોગી છે તેમ ભારતરૂપ સહકાર આદર્શ યોગી છે. યોગી કર્તવ્ય કર્મો કરે છે પણ તેમાં આસક્તિ ધારણ કરતો નથી તેમ સહકાર તથા ભારત સહકારની યોગી દશા જણાવી છે. ભારત સહકારમાં હિન્દુ, જૈન, મુસલમાન, પારસી, ખ્રીસ્તિ આદિ સર્વ પ્રજાઓ તથા તેના ધર્મોનો સમાવેશ થાય છે, તેથી તેને આદર્શ યોગીનું રૂપક આપવામાં આવ્યું છે. ભારત સહકાર શિક્ષણમાં અનેક ગુણોનું વર્ણન કર્યું છે, ગુરૂજીએ ગુણ દૃષ્ટિએ કાવ્ય બનાવ્યું છે, અને ગુણ દૃષ્ટિએ તેમાંથી ગુણ શિક્ષણો લેવાં જોઇએ એમ જણાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિશ્વમાં ગુણુ દૃષ્ટિએ ગુણુ શિક્ષણો લેવા વિષે,
સ્તવના સકલની સંઘટે પ્રભુતા ગુણોની જ્યાં દિસે;
ગુણુ ગ્રહણુ કરવા કારણે ઉપયોગ સારો ધૂળનો,
ગુણુ શિક્ષણે ઉપયોગ છે ઝેરી દ્રુમોના મૂળનો. ૧૧૬૦

સહકાર શિક્ષણુ કાવ્યનો ઉપદેશ લાયક જન પ્રતિ,
ગુણુ રાગીઓના હેત છે સવળું ગ્રહે જેની મતિ;
સહકાર શિક્ષણુ કાવ્યને વાંચે સુણે ગુણદૃષ્ટિએ,
સહુ જાતની પ્રગતિ કરી મ્હાલે પ્રભુની સૃષ્ટિએ. ૧૧૬૫

સજ્જનને સહુ ગુણુ દેખાય, દુર્જનને દોષો પેખાય;
જ્યાં ત્યાં સદ્‌ગુણુ દેખો ભવ્ય, કરવાં કર્મો સહુ કર્તવ્ય. ૧૧૮૭

આમ્રવૃક્ષનો પ્રતિ ઉપકાર, વાળ્યો કાવ્ય કરીને સાર;
પ્રતિ ઉપકારો કીધા વિના, જગમાં સજ્જન નહીં છે જના. ૧૨૧૭

ઉપર પ્રમાણે સહકાર શિક્ષણુ કાવ્યને ગુણુ દૃષ્ટિએ રચ્યું એમ જણાવવામાં આવ્યું છે. કાવ્ય કરીને આમ્રવૃક્ષનો પ્રતિ ઉપકાર વાળ્યો એમ ગુરૂજી કવનમાં જણાવે છે. ગુરૂ મહારાજે “ આમ્રવૃક્ષાદિની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી છે. પ્રભુ પ્રાર્થનામાં પરમાત્માની અનેક સાપેક્ષભાવે સ્તુતિ કરી છે. માયા–અર્થાત્ લક્ષ્મી, ભાવલક્ષ્મી શક્તિના પતિ તરીકે પરમાત્માને માયાપતિ વર્ણવ્યા છે. છેવટે પરમાત્માને સ્વકર્મયોગનું સ્વાર્પણુ કર્યું છે. ”

“ અંતિમ નિવેદન ” માં આચાર્યશ્રીએ જ્ઞાનયોગ અને કર્મયોગ વડે મનુષ્યે પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે તેનો નિશ્ચય જણાવ્યો છે. જ્ઞાનપૂર્વક અનાસક્તિથી સર્વ કર્તવ્ય કર્મો કરવા માટે ખાસ ઉપદેશ આપવામાં આવ્યો છે. અંતિમ નિવેદનમાં ગુણુશિક્ષણુકર્તવ્ય કર્મોની પ્રવૃત્તિયોનો બોધ આપવામાં આવ્યો છે. છેવટે “ આશીર્વાદ ” એ શીર્ષક વિષયમાં જન્મભૂમિ દેશજનોને આશીર્વાદ આપ્યો છે. ઓગણીસે ચુમોતેર સં. ૧૯૭૪ ચૈત્ર સુદિ પાંચમે કાવ્ય સમાપ્ત કરવામાં આવ્યું છે, એમ છેવટે જણાવવામાં આવ્યું છે. ગુરૂ મહારાજે ચૈત્ર સુદિ સાતમે છાપરે–તંબુમાંથી લોદ્રા તરફ વિહાર કર્યો હતો. મહેસાણે માસ કલ્પ ઉપરાંત રહી વિજાપૂરના જૈનસંઘની ઘણી વિનંતિથી સં. ૧૯૭૪ ની સાલનું ચોમાસું વિજાપુરમાં તેમણે કર્યું છે. વિજાપૂરના જૈનસંઘને જ્ઞાનમંદિર ( જ્ઞાનભંડાર ) કરવાનો તેમણે ઉપદેશ આપ્યો છે. વિજાપુરમાં કેળવણી, સામાજિક પ્રગતિ, ધર્મ પ્રગતિ સંબંધી તેમણે હૃદયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુસ્સાથી ઉપદેશ આપ્યો છે. કડી પ્રાંતના સુબાસાહેબ શ્રી. સંપતરાવ ગાયકવાડને તથા વહીવટદાર મુન્સફ વગેરે સત્તાધિકારીઓને તેમણે જેઠ માસમાં રાજ્ય પ્રજાની ઉન્નતિ સંબંધી જાહેરમાં અસરકારક ઉપદેશ આપ્યો હતો. મે. સુબાસાહેબ શ્રી. સંપતરાવ ગાયકવાડે ભારત સહકાર શિક્ષણ વાંચ્યું છે. ગુરૂશ્રીએ તેનો ભાવાર્થ સમજાવ્યાથી તેમણે સર્વત્ર પુસ્તકના પ્રચારની આવશ્યકતા જણાવી હતી. ધર્માચાર્યોના હાથથી લખાયલું આવું સાર્વજનિક પુસ્તક સર્વત્ર પ્રસરાવવાની જરૂર છે કે જેના વાચનથી ગુજરાતવાસીઓની ઉન્નતિ થાય. ગુજરાતી ભાષામાં લખેલું સાર્વજનિક, નૈતિક, દૈશિક, પ્રગતિમય વિચારોથી ભરપૂર પુસ્તક ખરેખર સર્વત્ર પ્રચાર પામે એવા ઉપાયો જો વિદ્વાનો-સત્તાધિકારિયો લેશે તો તેઓની ઉન્નતિ થશે એ નિઃસંશય છે. કર્મયોગ, સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય અને ભારત સહકાર શિક્ષણકાવ્ય એ ત્રણ પુસ્તકો સાર્વજનિક સર્વજાતીય પ્રગતિ સહાય ભૂત છે, એમ વિદ્વાનો વાંચીને એકી અવાજે બોલી ઉઠે છે.

સાબરમતી ગુણ શિક્ષણ કાવ્યમાં દર્શાવેલાં ગુણ શિક્ષણોથી સહકાર ગુણ શિક્ષણો જુદાં છે. પરંતુ સર્વ પ્રકારની ઉન્નતિયોમાં એક સરખાં બન્ને ઉપયોગી છે. ભારત સહકાર કાવ્યનો બોધાત્મક, શિક્ષણાત્મક શાંત રસમાં સમાવેશ થાય છે. આ કાવ્યમાં ઉપમા તથા શબ્દ લાલિત્ય કરતાં; ભાવરસ પ્રધાનતા છે. અને તે એકંદર સાર્વજનિક ઉન્નતિ કરવામાં ઉપયોગી છે, તેથી તેનો સાર્વજનિક દૃષ્ટિએ પ્રચાર થવાની જરૂર છે. ગુરૂ મહારાજ શ્રી પ્લેગના પ્રસંગમાં છાપરે રહ્યા હતા ત્યારે તે તરફ લોકોની શાંતિ સારી રહી હતી-હિંદુ અને મુસલમાન કોમ બન્નેનો આચાર્ય મહારાજ તરપ્ એક સરખો પ્રેમ છે. ભારત સહકાર શિક્ષણમાં આચાર્ય શ્રીએ બન્ને કોમ તરફ એક સરખી પ્રેમ દૃષ્ટિ દર્શાવી છે. વિજાપુરના ભંગી ઢેડો વગેરે પણ ગુરૂઆચાર્યશ્રીની પાસે દર્શનાર્થે આવી ઉપદેશ સાંભળે છે. સર્વ કોમોનું શ્રેયઃ કરવા માટે ગુરૂ મહારાજની એક સરખી શુભ લાગણી તથા પ્રવૃત્તિ થયા કરે છે. ગુણાનુરાગી જનો સારી રીતે લાભ લે એમ ઇચ્છવામાં આવે છે.

૧ લે. શા. મોહનલાલ જેસીંગભાઇ.
૨ શેઠ પોપટલાલ કચરાદાસ.
૩ વખારિયા નાથાલાલ મગનલાલ.
૪ દેશાઇ ચુનીલાલ દુર્લભદાસ.

વિજાપુર જૈન મિત્રમંડળ.
મેમ્બરો.

સં. ૧૯૭૪-ભાદરવા વદિ ૧૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભિપ્રાયો.

## ભારત સહકાર શિક્ષણ કાવ્ય.

ભારત સહકાર શિક્ષણ કાવ્યના કર્ત્તા જૈનાચાર્ય યોગનિષ્ઠ શાસ્ત્રવિશારદ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિ ગુજરાત કાઠીયાવાડ વગેરે દેશોમાં આબાલ પ્રસિદ્ધ છે. વડોદરા રાજ્યમાં વિજાપુર તેમની જન્મભૂમિ છે. તેથી વડોદરા રાજ્યમાં વિશેષ પ્રસિદ્ધ છે. તેમની પાસે બે ત્રણ વખત દર્શનાર્થે જવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી દેશોન્નતિ, રાજ્યોન્નતિ, સમાજોન્નતિ, ધર્મોન્નતિ વગેરે સંબંધી પ્રશસ્ય અસરકારક ઉપદેશો સાંભળવામાં આવ્યા. ગુરૂકુળ, સાધુ પાઠશાળા સંબંધી તેમણે ઉત્તમ વિચારો જણાવ્યા હતા. ગુજરાતમાં તેઓશ્રી શહેરો, ગામોમાં કેળવણી, પ્રજોન્નતિ તથા ધાર્મિક વિષયનાં સત્તર વર્ષથી વ્યાખ્યાનો–ભાષણો આપે છે. જૈનોમાં તેઓ પ્રગતિકારક સુધારક, પ્રતિષ્ઠિત મહાપુરૂષ છે. સતત ઉદ્યમ, હૃદયની લાગણી, ખંત, ઉત્સાહ અને બુદ્ધિબળથી તેમણે પચાશ ઉપરાંત પુસ્તકો લખ્યાં છે. કર્મયોગ, સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય અને હાલમાં લખાએલું સહકાર શિક્ષણ કાવ્ય સાર્વજનિક પુસ્તકો તરીકે પ્રસિદ્ધિને પામ્યાં છે. ભારત સહકાર શિક્ષણ કાવ્યમાં રાજાઓના ધર્મનું સારી રીતે વર્ણન કર્યું છે. દેશની ઉન્નતિમાં રાજાઓનો મુખ્ય આધાર છે. પ્રજાઓના રાજા બનીને જેઓ વ્યસની બને છે, તેઓ પ્રજાની–દેશની સમાજની હાનિ કરનાર છે, ઇત્યાદિ શિક્ષણો આપવામાં તેમણે ન્યૂનતા રાખી નથી. જેમ કેઃ—

રાજા તણો જે ધર્મ તેને જે સદા જગ અનુસરે,
જીવે પ્રજા હિત કારણે પ્રગતિ તણાં અંગો ધરે;
ગુણ કર્મથી રક્ષા કરે આંબાપરે સદ્ગુણ ધરે,
રાજા ભલા એ અવતર્યા કાર્યો પ્રજા હિતનાં કરે.

રાજ્યના અધિકારીઓ સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

અધિકારીયો સદ્ગુણ ભર્યા લાંચો ન લેતા જે કદા,
નિજ રાજ્યના ને દેશના પ્રેમી બન્યા જે સર્વદા;
પીડે પ્રજાને નહીં કદા ને પક્ષપાતો નહીં કરે,
અધિકારીઓ જગ અવતર્યા શોભે સદા આંબાપરે.

ક્ષત્રિઓ સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ક્ષત્રિયો અન્યાય ના સાંખી રહે યુધ્ધે ચઢે,
પ્રાણોતણી દરકાર ના દુષ્ટોતણા સામા ચઢે;
જે જન્મભૂમિ પ્રેમથી સ્વાર્પણ કરે જે જે મળ્યું,
પાછા હઠે ના યુદ્ધથી ને નીતિમય જીવન ભર્યું.
જે ટેક નેકે એક છે ને દેશ દાઝે જે રહ્યા,
તે ક્ષત્રિયો જગમાં ભલા છે અવતર્યા ઉત્તમ કહ્યા.

બ્રાહ્મણો સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

ભાષા સકલ જાણે અને ભાષા શીખવતા સર્વને,
મોહાય ના દ્રવ્યાદિમાં જૂઠો ધરેના ગર્વને;
ગુણ કર્મથી બ્રાહ્મણ બની પરમાર્થમાં રાચી રહે,
જે બ્રહ્મ જાણે તે ખરા વધતાજ બ્રાહ્મણ પદ લહે.

વૈશ્ય વર્ગ સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

હુન્નરકળા વ્યાપારથી આજીવિકા કરતા રહે,
કૃષિ કર્મ ખેડુત જીંદગી વિશ્વોપયોગી જે વહે;
પશુઓતણું પાલન કરે પરમાર્થ જીવન આચરે,
વૈશ્યો ભલા તે અવતર્યા સહકાર સદ્ગુણ તે ધરે.

શૂદ્ર વર્ગ સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

સત્યાગ્રહે પ્રેમે રહે સેવા કરે સહુ વર્ણની,
પરભવ વિષે મોટા બને પૂજાય ધૂલી ચર્ણની;
અપમાન થાતું શૂદ્રનું તે દેશની પડતી થતી,
હક સર્વના જ્યાં સારીખા તે દેશની છે ઉન્નતિ.

ધર્મગુરૂ સંબંધી નીચે પ્રમાણે જણાવે છેઃ—

જ્ઞાની પ્રમાણિક યોગીઓ છે ધર્મગુરૂઓ જાગતા,
તે દેશમાં તે કોમમાં પ્રગાત નગારાં વાગતાં;
જે સત્યને મ્હારૂં સદા માની પ્રરૂપે સત્યને,
તે ધર્મના ગુરૂઓ ભલા ધન્ય ધન્ય તેના કૃત્યને.

જે જે વિશ્વમાં રાજા પ્રજાના ઉપયોગી ધર્મો છે, ફરજો છે, તેને હૃદયની ભાવનાપૂર્વક વર્ણવી છે, ધમ ગુરૂઓની ફરજ છે કે દેશની ઉન્નતિ થાય, પ્રજાની ઉન્નતિ થાય અને દેશમાં અનેક સુધારા થાય અને પૂર્વકાલીન સદાચારોનો નાશ ન થાય એવા ઉપદેશો આપે અને એવા કાવ્યાદિ ગ્રંથો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવીને દેશીઓનું-સ્વધર્મીઓનું એયઃક્ષેમ સાધે. જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિએ આ ભારત સહકાર શિક્ષણ કાવ્યમાં અનેક ધર્મોનું શિક્ષણ વર્ણન કર્યું છે. સરકારી શાળાઓમાં ઉછરતા બાળકોને તત્સંબંધી શિક્ષણ આપવામાં આવે તો ભાવી પ્રજાની તથા દેશની ઉન્નતિ થાય, જૈનધર્મના સાધુઓમાં હાલમાં કોઇએ આવું પ્રગતિની દિશાનું કાવ્ય કર્યું હોય તો શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિ પહેલા છે. હિંદુ બ્રાહ્મણ ધર્મ ગુરૂઓ પણ આવી દિશા તરફ પ્રયત્ન કરશે તો તેઓ ગુરૂ પદને શોભાવશે. ભા. સ. શિ. કાવ્યના એકેક વિષય સંબંધી ઉહાપોહ કરતાં વિસ્તાર થાય તેથી અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે કે તેમણે રચેલા કાવ્યના વિચારો પ્રશંસનીય છે. તદુપરાંત તેવાં પ્રગતિનાં કાર્યો કરાવવામાં તેમના અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ પણ કરે છે. સં. ૧૯૭૪ ના જેઠ માસમાં મહેસાણા મુકામે મહેસાણામાં હાઇસ્કુલ બંધાવવા સંબંધી ટીપ ભરાવવામાં તેમણે જૈન આગેવાનોને સારી રીતે પ્રેરણા કરી હતી. ભારતમાં આવા ધર્માચાર્યો વિશેષ પ્રમાણમાં પ્રગટ થવાની જરૂર છે. બોર્ડીંગો સ્થાપવામાં, જ્ઞાનમંદિરો સ્થાપવામાં, તેમની ઘણી કાળજી છે. પ્રાચીન અને અર્વાચીન શિક્ષણના વિવેકી છે. તેમના ભારત સહકાર શિક્ષણ કાવ્યમાં પાકા અનુભવો છે. દેશ, કોમ, રાજ્ય, સમાજ, ધર્મનું અસ્તિત્વ રાખવા અને તેની પ્રગતિ કરવા તેમના હૃદયમાં પ્રગતિનો ઉત્સાહ અગ્નિની પેઠે ભભૂકે છે, ગમે તે ધર્મના આચાર્ય હોય પરંતુ આવી રીતે જેઓ પોતાની ફરજ અદા કરે છે તેઓ અમારા દેશના, રાજ્યના, ધર્મના એકસરખા પ્રગતિકારક આચાર્યો છે. કંચન કામિનીના ત્યાગી પરમાર્થી મહાત્માઓએ સર્વ પ્રકારની પ્રગતિ થાય એવા ગ્રંથો કાવ્યો રચવામાં પ્રવૃત્તિ કરવી જોઇએ. ભારત સહકાર શિક્ષણ કાવ્યને દરેક ગુજરાતી બંધુઓએ એકવાર વાંચી જવું કે જેથી કર્તાનો પ્રયત્ન સફલ થાય.

ૐ शांतिः ३

| | |
|---|---|
| મુ. મહેસાણા,<br>તા. ૫ માહે અકટોમ્બર<br>સન ૧૯૧૮. | श्रीमान् संपतराव गायकवाड महाराजा.<br>કડીપ્રાંતના સુબા. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વડોદરા,
તા. ૨૯-૯-૧૮

પૂજ્ય આચાર્ય,

**મહારાજ શ્રી બુદ્ધિસાગરજી,**

વડોદરેથી લી. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇના નમસ્કાર. વિશેષ લખવાનું કે આપના તરફથી પ્રસાદી તરીકે " સહકાર શિક્ષણ " નામના કાવ્યનું પુસ્તક મળ્યું, તે વાંચી ઘણો આનંદ થયો છે. ભાષા સાદી, સરળ અને રસમય છે. આંબાના વૃક્ષની શરૂઆતથી છેવટ સુધીમાં કેવો ઉમદો બોધ લેવાનો છે તે આપે ઘણી ખુબીથી વર્ણવ્યું છે. આ પુસ્તકના વાંચનથી જનસમાજને ઘણો લાભ થશે તેમ મને લાગે છે. તેની પ્રતો કોઇ ધનવાનની સહાયતાથી જુજ કિમ્મતે અગર મફત વહેંચાય તો ગરીબ લોકોને સારા વાંચનનો લાભ મળશે. પ્રજોન્નતિ ઇચ્છનાર સર્વ કોઇને આ પુસ્તકના પ્રસારમાં મદદ કરવાથી મોટું પુન્ય થશે એમ મારૂં માનવું છે.

આપની તબીયત સારી હશે. વીજાપુર મારૂં આવવું થશે ત્યારે દર્શનનો લાભ લઇશ. હાલ એજ વિનંતિ.

લી.
**ગોવિંદભાઈ હા. દેશાઇ.**
જોઇન્ટ સરસુબા—વડોદરા રાજ્ય.

---

" **भारत सहकार शिक्षण** " એ નામનું શ્રીયુત જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરજીનું પુસ્તક જોઇને હું રાજી થયો છું. સ્થળે સ્થળે તેમાં ઉચ્ચ નીતિનો ઉપદેશ સરળ દૃષ્ટાન્તો સહિત સરળ પદ્યમાં રજુ કરવામાં આવ્યો છે. હાલના સમયમાં ગુજરાતીમાં લખાતાં અનેક પ્રેમનાં કે નિર્બળ ભાવનાઓનાં કાવ્યોના કરતાં પદ્યમાં દર્શાવાયલાં આવાં લખાણો વાંચવાં એ સાહિત્યની વાડીમાં જાણે હવા ખાવા ગયા હોઇએ એટલો આનંદ આપે છે. અલબત ઉક્ત પુસ્તક ઉપદેશાત્મક હોવાથી એમાં કાવ્યત્વની ઝમકને માટે અવકાશ નથી. છતાં પુસ્તક મારા અભિપ્રાય મુજબ આકર્ષક છે.

"યૌવન ગયું તો સહુ ગયું બાકી રહ્યું ના જગ વિષે."

× × × × ×



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" તીર્થંકર ઋષિયો થવું, થવું વિશ્વ સુલતાન;
છે પોતાના આત્મમાં, સાધન સર્જે સુજાણ."

એવી અનુભવરસિક અને બલપોષક લીટીઓ કોને મોહક નહિ લાગે ? લાગશેજ.

એકંદર રીતે આ પુસ્તકના લેખકનો પ્રયાસ હું સ્તુત્ય ગણું છું.

વડોદરા, અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,
૧૬–૯–૧૯૧૮ પ્રોફેસર, વડોદરા કોલેજ.

---

શ્રી.

વડોદરા,
ભાદ્રપદ પૂર્ણિમા, સંવત ૧૯૭૪

શ્રીયુત બુદ્ધિસાગરજી,

આપના તરફથી પાંચેક વર્ષે નવું કાવ્ય ભેટ તરીકે આવ્યું તે સ્નેહ-ચિન્હ ગણી ઉપકારથી સ્વીકાર્યું છે. ભજનસંગ્રહ વાંચતાં જે આનંદ, શાંતિ તથા બોધ થાય છે તેના કરતાં કંઇક જુદા પ્રકારનો બોધ તથા આનંદ " ભારત સહકાર " નું કાવ્ય વાંચીને મળે છે. પારકાની સેવામાં આપણું જીવન કેવી રીતે અર્પણ કરવું તે બહુ રસમય રીતે આપે આ કાવ્યમાં બતાવ્યું છે. ધર્મ સમજીને સદ્વર્તનશાળી થવાની તો જરૂર છેજ, પરંતુ તે ઉપરાંત દેશ સેવામાં અને સમાજ સેવામાં પણ ઉત્સાહ લેવાની કેટલી બધી જરૂર છે તે કાવ્ય સારી રીતે સમજાવે છે. કવિતા સરળ અને મનને અસર કરે તેમ છે. જે સદ્ભાવથી આપે આ કાવ્ય લખ્યું છે તેજ સદ્ભાવથી લોકો જો તેનું અધ્યયન કરશે અને તેમાંથી ઉપલબ્ધ થતો બોધ વ્યહારમાં કામે લગાડશે તો જરૂર લાભ થયા વિના રહેશે નહીં.

આશા છે કે આપ કુશળ હશો, સ્નેહ છે તેવો રાખશો. આપની સુખરૂપતાના સમાચારથી આનંદ થશેજ. હું સુખરૂપ છું.

લી. સ્નેહાંકિત,
નન્દનાથ કેદારનાથ દીક્ષિતના
નમસ્કાર સ્વીકારશો.
સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનીંગ કોલેજના પ્રીન્સીપાલ–વડોદરા રાજ્ય.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રી વિશારદ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિએ રચેલું "ભારત સહકાર શિક્ષણ કાવ્ય" અથવા "આમ્ર કાવ્ય" ઉપલક વાંચીને મને ઘણો આનંદ થયો. ગાંઠીયા તાવના ઉપદ્રવને લીધે તેમને જે ખેતરમાં બે માસ નિવાસ કરવો પડયો હતો, ત્યાંના આંબાવાડિયા ઉપરથી આ કાવ્ય રચવાનો તેમને વિચાર થયો. આંબાને ઉત્પ્રેક્ષીને તેમણે વિવિધ પ્રકારનો ઉપદેશ કર્યો છે. ભાષા સરળ ને શુદ્ધ છે. કાવ્ય અનેક છંદ અને રાગમાં રચાયું છે. તેમની કાવ્ય શક્તિ પ્રશંસાને પાત્ર છે. તેમના ઘણા વિચાર વિસમીસદીને અનુસરતા હોઇ જાણે કોઇ સુધારક કવિની આ કૃતિ હોય એમ જણાઇ આવે છે. કાવ્ય ઘણું મોટું હોવાથી, અને તેમાં ઘણી ઘણી ઉપયોગી શિક્ષાઓ સમાયેલી હોવાથી, ઘણા ઉતારા અત્રે આપી શકાય એમ નથી. બીજરૂપ ગોટલો, સંયોગથી ઉત્પત્તિ, પાણીસિંચન, પ્રકાશ ને હવાવડે વૃદ્ધિ, ઉંડાં મૂળ, પ્રાણ પુષ્ટિ, સ્કંધ, ડાળ ડાળીયો, કાઠિન્ય ને કોમળતા, આત્મરક્ષણ શક્તિ, સહનતા, મંજરી મોર, કેરીનું ઉપજવું, પાકવું, સાખ થવી, વણસવું, આમ્રરસ વગેરે બાબતો લઇ તેમાંથી અનેક જાતના નૈતિક, ધાર્મિક, આર્થિક અને રાજ્યકીય ઉપદેશ પોતાની ભારે તર્ક શક્તિના બળે ખોળી કાઢયા છે. રાજાઓ, રાજ્યના અધિકારીઓ, ક્ષત્રિયો, બ્રાહ્મણો, વૈશ્યો, શૂદ્રો, ધર્મગુરૂઓ, સાધુઓ, સ્ત્રીઓ, વક્તાઓ અને લેખકોના સંબંધમાં જે જે કહેવાયું છે તે આકર્ષક ને મનન કરવા યોગ્ય છે.

સ્ત્રીધર્મ સંબંધે પોતે કહે છે કેઃ—

### ( હરિગીત ).

" જ્યાં દ્રૌપદી સીતા સખી, સતીયો પ્રગટતી ઘરઘરે,
તે દેશ સ્વર્ગાધિક કહ્યો, સ્વાતંત્ર્ય શક્તિ તે વરે;
સાધ્વી સમૂહો ભાષણો આપી સુધારા શુભ કરે,
કલ્યાણ કરવા સર્વનું નિજ ફર્જ પ્રેમે અનુસરે.
જન્મી જગતમાં તે ભલી તેજે શિયળના ઝળહળે,
ઉદ્ધાર કરતી દેશનો ને ધર્મનો જેઓ બળે;
સહુ જાતના શિક્ષણ બળે જે સાધ્વીઓ જગમાં ફરે,
ખોટા રિવાજો છેદવા ભાષણ મઝાનાં જે કરે;
કર્ત્તવ્ય કર્મો આચરે જે સ્વાધિકારે ધર્મથી,
ખોટા સુધારા નામથી વંઠેલ થાય ન કર્મથી. "

છેવટ આશીર્વાદ આપતાં કવિ કહે છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ચોપાઇ ).

" નાત જાત ધર્માદિક ભેદ, તેનો ટાળી સઘળો ખેદ,
કાવ્ય ભણીને ગુણને ગ્રહો, ધર્મકથ્યા સહુ ચિત્તમાં વહો;
સત્ય સુધારા સર્વે ભજો, દૃષ્ટિ સાંકડી જલદી તજો,
સર્વ વાતમાં ચિત્ત ઉદાર, કરી પ્રવર્તો નર ને નાર.

પોતે જૈનાચાર્ય છતાં આ કાવ્ય એવી રીતે રચ્યું છે કે તે સર્વ ધર્મવાળાઓ વાંચીને તેનો લાભ લઈ શકે.

વડોદરા.
તા. ૨૨–૯–૧૮

હરગોવિંદ દ્વારકાદાસ કાંટાવાળા.
માજી વિદ્યાધિકારી–વડોદરા રાજ્ય.

---

## ભારત સહકાર શિક્ષણ.

આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજકૃત આ ગ્રંથ મેં ધ્યાનપૂર્વક વાંચ્યો છે. જેમાં તેઓશ્રીના વિજાપુરના ચાતુર્માશ દરમિયાન પ્લેગના સબબે આંબા વનમાં સ્થિન્તા થતાં આમ્રવૃક્ષના ઉપરથી તેના ગુણવર્ણનને લગભગ સવાબારસો પદમાં ઉતારી તે ઉપરથી મનુષ્યને ખીલવવા અને બોધ મેળવવાને આદર્શ શિક્ષણીય બોધ પુરો પાડ્યો છે. આચાર્યશ્રીની જેમ લેખન કિત પ્રૌઢ, બોધક અને કસાયેલી છે તેમ કાવ્યશક્તિ પણ બહુ વિશાળ છે. તેમ તેઓશ્રીએ રચેલાં હજારો ભજન પદના બહાર આવેલા આઠ ભાગોથી જગજાહેર છે. પરંતુ તે કાવ્ય શકિતને બોધક દિશામાં એકાદ વસ્તુ ઉપરથી જગતવ્યાપી બનાવવી તે કાવ્યશકિત અને બુદ્ધિગમ્ય વિશાળતાનો અવધિજ છે. આ પ્રમાણે તેઓશ્રીએ સાબરમતી નદી ઉપરથી બોધક કાવ્ય બનાવવા પછીનો મારી દૃષ્ટિમાં આ બીજો પ્રસંગ છે અને તે સંપૂર્ણ અંશે સફળ અને ઉપયોગી નીવડ્યો છે. તેઓશ્રી વડે સમાજ સેવાના અનેક વ્યવસાય વચ્ચે હમેશાં નવું અને નવું સાહિત્ય–શોધન અને ગુંથન થતું રહે છે. તે જેમ પ્રજા ઉપરજ નહિ પણ જગત ઉપરજ મોટો ઉપકાર છે, અને તેવો લાભ યાવત મેળવવાને સર્વે ભાગ્યશાળી રહીએ તેમ ઇચ્છું છું. તેમના આજકાલ બહાર પડતા અનેક વિવિધ જ્ઞાનદર્શન ગ્રંથોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોકડા જોવા પછી એટલું કહેવા વિના રહી શકતો નથી કે જો તેમના આ ગુંથનમાં સ્હાયક ગણુનો યોગ હતે તો તે કેટલી વિશાળ સેવા અને વારસો મુકી જતે તે કલ્પના કરવી મુશ્કેલ છે.

લી૦ સેવક.
દેવચંદ દામજી શેઠ.
જૈનપત્રના અધિપતિ, ભાવનગર.

---

પરમપુજ્ય મહાત્મા શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિ. એઓશ્રી સં. ૧૯૭૪ ના પોષ માસમાં વિજાપુર પધાર્યા. પ્લેગનો સમય હોવાથી શેલડીઆ નામના ક્ષેત્રમાં આમ્રવૃક્ષ નીચે તેઓશ્રીનું સ્થાન થયું. આમ્રવૃક્ષનાં પંચાંગની ઉત્પત્તિ, ઉપયોગ અને ગુણના સંબંધમાં તેઓશ્રીએ કાવ્ય રચ્યું. તે કાવ્ય તેઓશ્રીના અનુગ્રહ વડે મને જોવા મળ્યું. અવલોકતાં આમ્રવૃક્ષના સંબંધમાં ચોસઠ વિષય ચર્ચેલા છે તે દરેક વિષય પરથી જુદા જુદા પ્રકારનો બોધ લેવાય તેમ છે. વિષયો જેમ કે ગ્રહસ્થાશ્રમ, પિંડબ્રહ્માંડની રચના, સૂક્ષ્મમાંથી સ્થૂલની ઉત્પત્તિ અને સ્થૂલનો સૂક્ષ્મમાં ઉપસંહાર, અધ્યાત્મબળ, ધીરજ, દઢતા, ઉપકાર, આત્મીય ઓળખ, શરીરની ત્રણ અવસ્થાઓ, રાજા, પ્રજા, ચાર વર્ણના પરસ્પર ધર્મો, સમદષ્ટિ, પ્રવૃત્તિમાર્ગ, નિવૃતિમાર્ગ, પરસ્પરપ્રેમ, સંપ, નિરભિમાનપણું, સ્ત્રીકર્તવ્ય, પુરૂષકર્તવ્ય, રજ, વીર્યરક્ષણ, સંતાનોત્પત્તિ, બાળશિક્ષણ, અન્ય પ્રાણીઓ પ્રતે પોતાનો ધર્મ, સત્શૌચ, નિગ્રહ, ક્ષમા, દમ, તપ, સ્વાધ્યાય, આદિશાસ્ત્રીય સંપૂર્ણજ્ઞાન, આમ્રવૃક્ષમાં દરેક ગુણોનું સ્થાપન કરી. આમ્રવૃક્ષના ગુણોનું દૃષ્ટાંત અને શાસ્ત્રીય સિદ્ધાંતમાં પ્રમાણ દ્વારા દરેક વિષય અનુભવવામાં આવે, તેવી રીતે સરળ ભાષામાં પદ્યબદ્ધ રચવામાં આવેલું છે, અને તે મુમુક્ષુ જનોને અસાધારણ ઉપદેશક તરીકે ગુરૂરૂપ થઇ પડે તેવું છે. માટે તે સર્વેને ઉપયોગી છે. સર્વે ભાઇઓએ તેનો સાદર સત્કાર કરવો એવી મારી ખાસ ભલામણ છે અને તેથી ભવિષ્યમાં વૃત્તિમાં જ્ઞાનાંકુર સ્ફુરી, વિલક્ષણ ફેરફાર થઇ, ધર્મ પ્રત્યે રાગ વધશે. ૐ. શાંતિઃ

લી. આપનો કૃપાકાંક્ષી.
વૈદ્ય કાળીદાસ રણછોડ
વિજાપુર—ભાદ્રપદ કૃષ્ણપક્ષ નવમી.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ભારત સહકાર શિક્ષણ કાવ્ય ઉપર અભિપ્રાય

૧

જન્મભૂમિ પ્રેમધરી મનહર કાવ્ય કરી,
વિજાપુરવાસી સહુ લોકને ઉજાળ્યાં છે.
સહકાર શિક્ષણથી ગુણગણ મથી મથી,
પ્રગતિના પંથે નરનારીઓને વાળ્યાં છે.
ભારતની ભવ્યતામાં પ્રગતિની નવ્યતાથી,
શિક્ષણ મજાનાં આપી કર્તવ્યોને પાળ્યાં છે.
ઉપદેશ દેશોદેશ શહેર ગામ આપ્યો ભલો,
દોલત કવિએ બુદ્ધિસાગરજી ભાળ્યા છે.

૨

## હરિગીત છંદ.

સહકાર ભારત શિક્ષણો વાંચ્યાં વિવેકે ગુણ ભર્યાં,
વિશ્વોન્નતિ કરવા ખરે ગુરૂના હૃદયથી અવતર્યાં;
શ્રી બુદ્ધિસાગર સૂરિએ પ્રગતિતણા હેતુ કહ્યા,
સૌ જાતની શુભ ઉન્નતિ કરવા જ ઉત્સાહે વહ્યા. ૧

રાજા પ્રજાની ઉન્નતિ સહકાર શિક્ષણ કાવ્યથી,
થાશે સકળ દેશો વિષે શંકા જરા તેમાં નથી;
સહકાર શિક્ષણ કાવ્ય રૂપી બાગની લીલા ભલી,
ખાતાં હવા તેમાં હૃદયની ભાવના શુભ ઉછળી. ૨

ઉત્સાહ શક્તિ બહુ વધી અંગો વિષે સ્ફુર્તી વધી,
શિક્ષણ સ્વરૂપી વલ્લીઓ દેખી મહેચ્છાઓ સધી;
સૌ ભારતીઓ કાવ્યના આ બાગમાં પેસી જુઓ,
નવ નવલી શક્તિ સાંપડે નામર્દ થઇ શાને રૂઓ. ૩

માનસ સરોવર સમ અહો સહકાર શિક્ષણ કાવ્ય છે,
આનંદ આપે નવનવો સૌ સજ્જનોને શ્રાવ્ય છે.
સહકાર શિક્ષણ સરવરે પેસી અનુભવ દિલ ધર્યો,
વાંચો સકળ નરનારીઓ એમાં અનુભવ બહુ ભર્યો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમત્ સયાજીરાવને આશીર્વાદો આપિયા,
નિજ જન્મભૂમિ નૃપતિના ઉત્તમ ગુણોને છાપિયા;
આચાર્યવત્ નિજ જન્મભૂમિ નરપતિને સંસ્તવું,
કવિઓતણી એ ફર્જ શુભ એમાં ન કાંઇ છે નવું. ૫

ગુજરાતમાં નરનારીઓ કરૂણા દયા ગુણમય દિસે,
આનંદભૂમિ નિર્મળી સાત્વિક શક્તિ ઉલ્લસે;
શ્રીમત્ સયાજીરાવ ગાયકવાડ નૃપતિ જય કરો,
લક્ષ્મિ મહત્તા શક્તિથી ચઢતી કળા ઇશ્વર કરો. ૬

ઉત્તમ ગુણોથી શોભતા નિજ દેશની ચઢતી કરે,
અન્યાયી દુષ્ટો દંડીને દુઃખો પ્રજાનાં સહુ હરે;
સર્વે પ્રકારે ઉન્નતિ સર્વ પ્રજાની આચરો,
શ્રીમત્ સયાજીરાવની ચઢતી કળા ઇશ્વર કરો. ૭

વિદ્યાવિનોદી ને સુધારક ભાષણો આપે સદા,
જુઠી ખુશામદ ના ચહે જુઠું ન બોલે જે કદા;
સાદાઇથી શોભે સદા ન્યાયેજ પૂર્ણ અલંકર્યો,
શ્રીમત્ સયાજીરાવની ચઢતી કળા ઇશ્વર કરો. ૮

યુરોપ આદિ દેશમાં ફરીને ઘણા અનુભવ કર્યા,
ભારત તણી પ્રગતિ વિષે ઉદ્દગાર જેના ગુણ ભર્યા;
નિજ રાજ્યના સહુ લોકની શુભ દાઝ નિજ દિલમાં ધરો,
શ્રીમત્ સયાજીરાવની ચઢતી કળા ઇશ્વર કરો. ૯

જે ધર્મ ગુરૂઓને નમે ઉપદેશ સાચો અનુસરે;
સાચુ ગ્રહે મિથ્યા તજે દુઃખી પ્રજાનાં દુઃખ હરે,
બહુમત પ્રજાઓના ગ્રહી શુભ રાજ્ય શાસન આચરો,
શ્રીમત્ સયાજીરાવની ચઢતી કળા ઇશ્વર કરો. ૧૦

જાતિ થકી બ્રહ્મભટ્ટ દોલતરામ કવિ વિદ્યાપુરે,
સાચા કવિઓ સદ્દગુણોની કીર્તિને પ્રેમે કરે;
સહકાર શિક્ષણ કાવ્યનો ફેલાવ નિજ રાજ્યે કરો,
શ્રીમત્ સયાજીરાવની ચઢતી કળા ઇશ્વર કરો. ૧૧

લી૦ દોલતરામ મંગળજી રાજકવિ
વિજાપુરવાસી—દેશી રાજ્યોમાં પ્રસિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अर्हम्

ॐ ह्रीं श्रीँअसिआउसानमः ॐ ह्रीं श्रीसुखसागरगुरुभ्योनमः

# भारत सहकार शिक्षण.

( મંગલ-દુહા. )

ॐ અર્હં પરમ પ્રભુ, પરમેશ્વર ગુણ ધામ;
અનેક નામે જગજયો, પ્રેમે કરૂં પ્રણામ. ૧

ભિન્ન ભિન્ન ભાષાવિષે, અનેક નામે એક;
શુદ્ધ બ્રહ્મ જિનવર પ્રભુ, વ્યક્ત્યા સ્વત્વ અનેક. ૨

ચિદાનન્દ સોઽહં પ્રભુ, તત્ત્વમસિ જગનાથ;
વ્યાપક દૃષ્ટયા સર્વમાં, તત્ત્વમસિ મુજ આથ. ૩

ઉત્પત્તિ વ્યય ધ્રૌવ્યમય, અલખ અકલ જગદેવ;
આત્માથી નહિ ભિન્ન તું, હોવ જ્ઞાનમય સેવ. ૪

મનવાણી કાયાવડે, આપોઆપ સ્તવાય;
ષટ્કારકમય તું પ્રભુ, જય જિનદેવ સદાય. ૫

સર્વમયી વ્યાપક ગુરૂ, પરબ્રહ્મ અવતાર;
પ્રેમે પ્રણમું પાદ બે, દ્વિધાભાવ હરનાર. ૬

શુદ્ધ બ્રહ્મ સાકારને, નિરાકાર ગુરૂદેવ,
સર્વસ્વરૂપી તું મહા, સદા હોવ તુજ સેવ. ૭

સર્વે મંગલ તુજવિષે, મુજથી સદા અભિન્ન;
જય જય ગુરૂ ગુણવંત તું, હું તુજ ચરણે લીન. ૮

ગુરૂ બ્રહ્મ મુજ સર્વમય, પુરૂષોત્તમ ભગવાન્;
સર્વ સમર્પણ તુજ સદા, એ મુજ સેવા તાન. ૧૦

ઓગણીશ ચુમોત્તર વિષે, પ્લેગ થયો ગુજરાત;
[1]વિદ્યાપુરમાં પોષમાં, પ્લેગ તણો ઉત્પાત. ૧૧

---

૧ વિજાપુરમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્લેગ હવા દૂરે કરી, વિદ્યાપૂરનો સંઘ;
સ્ટેશનથી પશ્ચિમ દિશા, રહ્યા છાપરે ચંગ. ૧૨

રહ્યા સાધુએ તંબુમાં, [1]શેલડીયાની માંહી;
શેલડીયામાં આમ્રવૃક્ષ, શીતલ જેની છાંય. ૧૩

તેની નીચે બેસીને, કીધું ચેતન ધ્યાન;
આનંદ રસ તરબોળ થઇ, કીધું બ્રહ્મનું ગાન. ૧૩

સકળ સંઘની સાક્ષીએ, ગુરૂ આંબો એ નામ;
પાડયું ગુરૂના સંગથી, ઉપકારી ગુણધામ. ૧૪

આમ્રકાવ્ય કરવા હૃદય, પ્રગટયો અતિ ઉલ્લાસ;
ગુરૂકૃપાએ તે ફળો, પ્રગટી શુભ અભિલાષ. ૧૫

આંબાની સંગત કરી, દેખ્યા ગુણ જે બેશ;
તેનું વર્ણન કાવ્યથી, કરીશ ભાવે લેશ. ૧૬

સરસ્વતીની સાહ્યથી, કાવ્યો મધુરાં થાય;
નરનારી સ્વાદે ભલાં, ગુણવંતાં સોહાય. ૧૮

## ( ચોપાઈ. )

ગુર્જર દેશ સમો નહિ દેશ, જેને દીઠાં નાસે કલેશ;
સ્વર્ગ સમી ભૂમિ રળીયાત, જન્મભૂમિ રૂડી ગુજરાત. ૧૮

નન્દનવન હેઠું ઉતર્યું, અનેક જાતિ શોભા ભર્યું;
વનસ્પતિ ઉગે સહુ જાત, જય જય ભારતમાં ગુજરાત. ૧૯

અનેક વૃક્ષો શોભી રહ્યાં, ફળફુલ પત્ર શોભા લહ્યાં;
ક્ષેત્રો સુંદર ધાન્યે ભર્યાં, દેખંતાં જેણે મન હર્યાં. ૨૦

સાબર મહી તાપી નર્મદા, નિર્મલ નીરે શોભે સદા;
સેઢી ખારી શત્રુંજયી, ઇત્યાદિ નદીયો જ્યાં રહી. ૨૧

કૂવા વાપી તણો નહીં પાર, ગામેગામ સરોવર સાર;
નહેરો કાંસને લીલાં ક્ષેત્ર, દેખંતાં ઠરતાં જન નેત્ર. ૨૨

ત્રણ્ય ઋતુના પાકો થાય, દુષ્કાળો પણ નહીં જણાય;
દયા દાન ને દમનો વાસ, જૈન મંદિરો શોભે ખાસ. ૨૩

---

૧ કાનૂમિયાંના ક્ષેત્રનું નામ શેલડીયું પાડવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સસલાં હરણાં નિર્ભય રમે, હિંસક મનમાં રહેમ જ ગમે;
આનર્તાદિક જેનાં નામ, સરસ્વતી પાટણનું ધામ. ૨૪

વડોદરા સુરત શુભ શહેર, જ્યાં લક્ષ્મીની વર્તે લ્હેર;
અમદાવાદ નગર છે બેશ, ગરીબને પણ જ્યાં નહિ કલેશ. ૨૫

શહેરો ગામો જ્યાં છે ઘણાં, સોહામણાં જેમાં ના મણા;
બ્રિટીશ ગાયકવાડી રાજ્ય, સંસ્થાનોનું બહુ સામ્રાજ્ય. ૨૬

ઉત્તરમાં આબુનો પહાડ, પશ્ચિમ અરબી જલધિ ખાડ;
પૂર્વ સામળા ચાંપાનેર, દક્ષિણ કોકણ મુંબઇ શહેર. ૨૭

ગુર્જર અમદાવાદ પ્રદેશ, સાબરકાંઠો ઉત્તમ દેશ;
તેમાં પણ વિદ્યાપૂર ભાગ, દેખંતાં પ્રગટે મન રાગ. ૨૮

સ્વર્ગથકી નન્દનવન અહીં, આવ્યું એવી શોભે મહી;
આમ્રાદિક વન શોભે સાર, જેની શોભા અપરંપાર. ૨૯

તંબુ પાસે આંબા ઘણા, કુદ્રત્ શોભામાં નહિ મણા;
ગુરૂ આંબો છે સહુમાં શ્રેષ્ઠ, તેની આગળ બીજા હેઠ. ૩૦

અર્થેતિ વર્ણન તેનું કરૂં, બ્રહ્માંડે પિંડે તે વરૂં.
સર્વ શિક્ષણો આવી જાય, જેના વર્ણનમાં સમુદાય. ૩૧

## આમ્ર બીજ રૂપ ગોટલો–તેમાં આંબો.

### હરિગીત.

આંબા તણો જે ગોટલો, આંબો સમાઇ ત્યાં રહ્યો;
અવ્યક્તમાં જેમ વ્યક્ત છે, બ્રહ્માંડ દૃષ્ટાંતે લહ્યો. ૩૨

કાલાદિ સંયોગો લહી, અવ્યક્ત વ્યક્ત જ થાય છે;
તેમ ગોટલો થાણા વિષે, અંકૂરથી પ્રગટાય છે. ૩૩

એ આમ્ર ગોટલીમાં સમાયું, વૃક્ષ જગ થાતું છતું;
જલ વાયુ તાપ પ્રસંગથી, થાતું છતું જે નહિ હતું. ૩૪

## થાણામાં ગોટલી પર માટી.

થાણું કરીને ગોટલી ઘાલી જ મૃત્તિકાવિષે,
ઢાંકી જ માટીમાં અહો તે વ્યક્ત કરવાના મિષે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્ભો સદા ઢાંકયા રહે પ્રકટે ઉઘાડા થાય છે,
ઉત્પત્તિ પૂર્વે ઢાંકવું સહુ કાર્ય ગુપ્ત રખાય છે. ૩૫

ઢાંકે મહત્તા બહુ વધે રક્ષણ મઝાનું થાય છે,
કુદ્રત્ થકી ઢાંકણુ ભલું ગર્ભાદિથી સમજાય છે;
પ્રગતિતણાં ઉત્પત્તિ સ્થાનો ઢાંકીને કાર્યો કરો,
પહેલાં ઉઘાડાં ના કરો એવી શિખામણ દિલ ધરો. ૩૬

બહુ ગુપ્ત રાખો કાર્યને ઉત્પત્તિ પૂર્વે યુક્તિથી,
ઉત્પત્તિ ઠાણાં ઢાંકવાં શિખવે મઝાનું જૂક્તિથી
જલ વાયુના સંયોગથી ઉત્પત્તિ આંબાની થતી,
સંયોગ વણ ઉત્પત્તિ નહિ એવી જ ધારો સન્મતિ. ૩૭

## સંયોગથી ઉત્પત્તિ.

સંયોગ સર્વે કાર્યમાં મળતાં જ કાર્યો થાય છે,
પૃથિવ્યાદિ પાંચે ભૂતનો સંયોગ જગ કહેવાય છે;
સંયોગ મન માન્યા મળે તો કાર્ય સિદ્ધિ ઝટ થતી,
સંયોગને જે મેળવે તેની જ જગ ઉંચી ગતિ. ૩૮

ચેતન અને જડ તત્ત્વના સંયોગથી જગ છે છતું,
સંયોગ પહેલા મેળવો ઉત્પત્તિના એવું મતું;
સંયોગવણ નરનારી પશુ પક્ષીજ આદિ કંઇ નથી,
સંયોગ સાચા મેળવો કુદ્રત્તણા નિયમો મથી. ૪૦

સંયોગ વણ જે એકલો તે બહુ થતો કયારે નહીં,
પાછળ સદા અસ્તિત્વમાં સંયોગ સાચા છે સહી;
કાર્યોતણી ઉત્પત્તિમાં સંયોગ સારા મેળવો,
અનુભવ કરીને યુક્તિથી સંયોગ કાળે કેળવો. ૪૧

સંયોગને નિજમય કરી આંબો પ્રગટતો જોરથી,
શુભ કર્મને પ્રગટાવવાં કાલાદિ હેતુ શોરથી;
સાચી શિખામણ આમ્રના સંયોગથી લેતા રહો,
સન્તો મહન્તો દૃશ્યમાંથી સદ્ગુણો લેતા અહો. ૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આંબાનું વાડોલિયું. તે ઉપરથી શિખામણ.

રક્ષક કરે વાડોલિયું વાવેલ આંબો રક્ષવા,
ઉંટો મહીષી આદિને દેતો નહીં તે ભક્ષવા;
કાંટાતણાં વાડોલિયાં લઘુ વૃક્ષની રક્ષા કરે,
તેથી શિખામણ શુભ ઘટે નરનારીને જગમાં ખરે. ૪૩

વાડોલિયાં સમ જે બને તેથી જ રક્ષા નિજતણી,
શુભ ક્ષત્રિયો, વાડોલિયાં રાજ્યાદિના રક્ષણ ભણી;
કંટક સમાં શુભ શસ્ત્રને જે ક્ષત્રિયો તે ધારતા,
રાજ્યાદિની રક્ષા કરે ભક્ષક જનોને વારતા. ૪૪

આમ્રાદિને વાડોલિયું નહીં કેર બાવળને કદા,
શુભ વૃક્ષ સંતતિ રક્ષવા વાડોલિયું જગ સર્વદા;
વાડોલિયા વણ ઢોરથી આંબો નહીં રક્ષાય છે,
રક્ષક જનો વાડોલિયાં જેવા સદા વખણાય છે. ૪૫

જેને નહીં વાડોલિયું તેનુંજ જીવન ભય ભર્યું,
માટે કરો વાડોલિયું રક્ષણવિષે જે સુખ કરૂં;
ગુરૂઓ બની વાડોલિયાં સહુ ધર્મની રક્ષા કરે,
ધર્મો સકળ શુભ રક્ષતા જ્ઞાનાદિ શસ્ત્રોના બળે. ૪૫

સમ્યકત્વ રક્ષક હેતુઓ વાડોલિયા સમ જાણવા,
નિજ બાલ્યજીવનકાલમાં ઉપયોગમાં તે આણવા;
વાડોલિયાની સાથ જીવનવૃક્ષની વૃદ્ધિ થતી,
ગુણવૃક્ષરાજિહેત તે ધારો જનો એ સન્મતિ. ૪૭

આ વિશ્વમાં વાડોલિયાં બહુ જાતનાં બહુ ગુણ વિષે,
વાડોલિયા વણ કો નહીં મોટો થયો જગમાં દિસે;
માટે કરો વાડોલિયાં નર નારીઓ નિજ ગુણ તણાં,
નિજ શક્તિયોને રક્ષવા વાડોલિયાં રક્ષક ઘણાં. ૪૮

જે જાત કાંટાના સમી તેને નહીં વાડોલિયું,
રક્ષક સ્વયં તે જાણવા કંટક સમું જ્યાં ખોળીયું;
વાડોલિયાની યોગ્યતા તાવત્ ધરો વાડોલિયું,
પ્રારબ્ધ જીવન રક્ષવા પ્રારબ્ધથી જે મ્હોરિયું. ૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાડોલિયાં મજબૂત ના ત્યાં ઢોર પેસી જાય છે,
પ્રાણો હરે છે વૃક્ષના જ્યાં ત્યાં જુવો દેખાય છે;
ભારત તણાં સંતાનને વાડોલિયાંથી રક્ષવાં,
ભારત જનોનું કૃત્ય છે રાખો જ એવું લક્ષ્યમાં. ૫૧

માનવ જીવન આંબા સમું વાડોલિયે રક્ષણ કરો,
ગુરૂગમ વિના ભોળા જનો બનીને હરાયા ક્યાં ફરો;
રણુ રોઝ સમ જે નર બને તેને ન શીખામણ ઘટે,
નિજ સદ્ગુરૂ શ્રદ્ધા વિના ક્યારે ન નિજ જડતા મટે. ૫૧

## ઘટાદિ વડે આમ્રને પાણી સિંચન.

ઉષ્ણર્તુમાં ઘટ જલ ભરી આંબાતણું સિંચન કરે,
આંબો વધે તેથી ઘણો પલ્લવ વડે તે ફલફલે;
પાણી જ પાતાં આમ્રની વૃદ્ધિ થતી એ ન્યાય છે,
નરનારીને એથી ઘણું આ વિશ્વમાં સમજાય છે. ૫૨

સિંચન કરો નિજ જીવનને પાણી વડે પ્રેમે તમે,
પાણી વિના જીવન નથી પ્રગતિ ન પાણી વણ કયમે;
નિજ જીવન વૃદ્ધિ કારણે પાણી પીવો બલ આપતું,
નાણી જુવો પાણી પ્રથમ શક્તિ પ્રવૃત્તિ છાપતું. ૫૩

પાણી વડે સિંચન કરો સહુ લોકનાં જીવન સદા,
જેવું જ પાણી તેહવા થાશો તમે જગ સર્વદા;
પાણી વિના કોઇ પ્રાણીનું જીવન નથી જગ જીવતું,
પાણી વિના જીવન બને છે વિશ્વમાંહી [૧]રીવતું. ૫૪

આંબો વધે છે પાણીથી સૂકાય તે પાણી વિના,
પાણી વિના તો ટળવળે પલમાં મરે છે જો [૨]મીના;
પાણી પચે છે જેહને તેનુંજ જીવન જોર છે,
પાણી થકી ઘોડા અને મૈક્તિક જીવન તોર છે. ૫૫

નિયમ પ્રમાણે પાણીને પાયા થકી આંબો વધે,
નિયમ પ્રમાણે પાણીને પીવા થકી જીવન સધે;

---

૧ દુઃખથી કકળતું-દુઃખથી રીબાતા શબ્દવાળું. ૨ પાણી વિના માછલાં મરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં નિયમ ના સચવાય ત્યાં પાણી ન બળ આપે કદા,
કુદ્રતતણા એ નિયમને ભૂલો ન ભવ્યો સર્વદા. ૫૬

આ વિશ્વના સહુ કાયદાના કાયદા જાણો સહી,
કુદ્રત્ તણા શુભ નિયમને ઉલ્લંઘશો કયારે નહીં;
પાણી વધે છે પાણીથી પાણી ગયું તો સહુ ગયું,
પાણી રહે છે પાણીથી પાણી રહ્યું તો સહુ રહ્યું. ૫૭

માટે જ પોષો પાણીથી જન ! બાહ્ય જીવન સર્વનાં,
પાણી પ્રપોષી અન્યને બોલો ન વચનો ગર્વનાં;
નિજ શક્તિની બાહેર પાણી નહિ પીવે વૃક્ષો કદા,
વૃક્ષોતણા એ નિયમને અંગીકરો માનવ સદા. ૫૮

નિજ આત્મ ઘટમાં પાણીને ભરીને જ પાવો સર્વને,
તેમાં જ શિક્ષા ધારજો વહેશો નહીં ઘટ ગર્વને;
અનુભવતણા કૂવા ઘણા પાણી ભર્યા જગ જાણવા,
તેમાંથકી ઘટમાં ભરો નિજ શક્તિ પાણી આણવા. ૫૯

સદ્ગુણતણાં વૃક્ષો ભલાં પાણીવડે સિંચો તમે,
દાતાર થઇને સિંચતાં કાર્પણ્ય ધારો ના કયમે;
આંબા સમો આત્મા કહ્યો પાણીવડે પોષો ખરે,
પાણી વિના ભારત બની નિર્જીવ જગને કરગરે. ૬૦

ભારતજનો સઘળા બને પાણી વડે તેવું કરો,
શુભ શક્તિયો જે નવનવી તેનો જ પ્રગટાવો ઝરો;
મડદા સમા માણસ બન્યા પાણી વિનાના બાયલા,
તે સમજતા નહિ બોધને કર્મો કરે નહીં ટાયલા. ૬૧

સર્વે જનોનાં હૃદયને પાણી વડે સિંચન કરો,
પાણી વિનાના માનવો !!! દાસત્વથી અંતે મરો;
નિજ દેશ સંધાદિતણી વૃદ્ધિ થતી પાણીવડે,
શાસ્ત્રોતણા સહુ સારને સમજાવું સ્ફુરણાના બળે, ૬૨

સહુ ટાયલાં દૂરે કરી પાણીવડે પોષો જનો,
તેથી અહો લોકો તમે શક્તિતણા સ્વામી બનો;
સહુ જીવના ઘટઘટતણા પાણી વડે જગ પોષવું,
તેથી જગતની ઉન્નતિ કયારે બને નહિ શોષવું. ૬૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ જાતનાં પાણી વડે પોષી હૃદય મોટા થવું,
સહુ જાત પાણી દાનથી જીવન બને છે અભિનવું;
વીર્યાદિની રક્ષા વડે પ્રાણી સકળ રક્ષાય છે,
[૧]ભક્તિ ઉપાસન જ્ઞાનયોગ જ સાર મન સમજાય છે. ૬૪

સહુ બાલ બાલિકા વિષે પાણી નવું પ્રકટાવવું,
સ્વાતંત્ર્ય સર્વે જાતનું ખેંચી પ્રકટ દર્શાવવું;
સંઘાદિની પ્રગતિવિષે પાણી નવું સિંચન કરો,
સ્વાત્માભિમાની સ્વાશ્રયી બનીને હૃદય શિક્ષા ધરો. ૬૫

ઘટઘટ વિષે પાણી ભરી વિશ્વોન્નતિ સિંચો ખરે,
ગુરૂગમ ગ્રહી સહુમાં સદા ભૂલો ન શિખામણ અરે;
સંકટ વિપત્તિ સમયમાં સહુને જ પાણી આપવું,
શુભ શક્તિના [૨]વિષ્ણુ બની [૩]જિનમાં હૃદયને સ્થાપવું. ૬૬

પુરૂષાર્થને ઉત્સાહથી પાણીતણા સાગર બનો,
[૪]ભવિતવ્યતાના નાદથી દૂરે રહો સમજુ જનો;
નિર્બલપણું પ્રકટાય ત્યાં પાણીતણું સિંચન નથી,
સમજાવ્યું એ એક વાક્યમાં શાસ્ત્રો સકલ વાંચી મથી. ૬૭

પાણીતણા સિંચન થકી આંબો વધી કલકલ કરે,
ભાનુતણા કિરણો વડે વૃદ્ધિ મઝાની છે ખરે;
મળતા પ્રકાશો નવનવા ત્યાં આમ્રવૃદ્ધિ થાય છે,
અનુભવ ગ્રહીને યોગીઓ પ્રગતિ જ પંથે [૫]ધાય છે. ૬૮

## પ્રકાશવડે વૃદ્ધિ.

ભાનુ પ્રકાશે આમ્ર વૃદ્ધિ થાય છે સાચું [૬]કવું,
જ્ઞાનપ્રકાશે વિશ્વ જીવોની જ વૃદ્ધિ છે સ્તવું;
અવકાશ છે જ્યાં જ્ઞાનનાં કિરણો પડે જીવોવિષે,
ત્યાં સર્વ જાતિ ઉન્નતિ થાતી અહો નજરે દિસે. ૬૯

---

૧ ભક્તિ, ઉપાસના, જ્ઞાન અને કર્મ એ ચાર યોગથી સર્વ જાતિની પ્રગતિ થાય છે. ૨ વ્યાપક. ૩ દોષ રહિત આત્મામાં. ૪ થવાનું હોય છે થાય છે, ઉદ્યમની જરૂર નથી એવા વાદનો નાદ. ૫ ગમન કરે છે. ૬ કહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે તાપને પામે નહીં તે ઉન્નતિ ના નિજ કરે,
તાપ જ ગ્રહાવે પાણીને સન્તો અનુભવ એ ધરે;
જે વૃક્ષ પર તાપો પડે નહિ વૃદ્ધિ તેની નહિ થતી,
તાપો સહી પાણી ગ્રહો એવી જ સન્તોની ગતિ. ૭૦

## હવાવડે જીવન શક્તિની વૃદ્ધિ.

અવકાશ તાપ જ ને હવા આંબાતણી વૃદ્ધિ કરે,
જે શુદ્ધ વાયુને ગ્રહે તે વૃદ્ધિને પામે ખરે;
વાયુ વિના નહિ જીવન છે માટે હવાને ધારવી,
ચોખ્ખી હવા જીવન કહ્યું આવી ન પાછી વાળવી. ૭૧

ચોખ્ખી હવા જેઓ ગ્રહે તે પ્રાણની પુષ્ટિ કરે,
સ્વાસ્તિત્વની રક્ષા કરે આયુ વધારે તે ખરે;
ચોખ્ખી હવાની તુલના રત્નો કરોડો નહિ કરે,
કોટીશ્વરો ચોકખી હવા પામ્યા વિના અંતે મરે. ૭૨

શું રાજ્ય પામ્યાથી થયું ચોખી હવા જો ના મળી,
ચોખ્ખી હવા વણુ હૃદયની પ્રસન્નતા ના પળ ઘડી;
ચોખ્ખી હવાની આગળે કોટિ દવા શા કામની,
ચોખ્ખી હવા વણુ શક્તિની વાતો કરો તે નામની. ૭૩

ચોખ્ખી હવાને પામવા વન બાગમાં સંતો રહે,
ચોખ્ખી હવા સમ ધન નહીં સન્તો મહન્તો એ કહે;
ચોખ્ખી હવાની આગળે વારી જઉં ધન આદિને,
ચોખ્ખી હવાની આગળે વારી જઉં મહા ગાદિને. ૭૪

ચોખ્ખી હવાને પ્રાણીઓ લેઇ જીવે છે જાણવું,
સાંજે સવારે સ્વચ્છ વાયુ ગ્રહણમાં મન આણવું;
ચોખ્ખી હવા જો ના મળે નબળાઇ તો વધતી રહે,
ચોખ્ખી હવા વણુ મરણ છે એવું સદા સન્તો કહે. ૭૫

ચોખ્ખી હવા વૃક્ષોની વૃદ્ધિથી રહે છે જાણશો,
જ્યાં વૃક્ષવૃદ્ધિ, વૃષ્ટિ ત્યાં સાચું હૃદયમાં આણશો;
ચોખ્ખી હવા વૃક્ષોતણી રોગો હરે બહુ જાતના,
ચોખ્ખી હવા આરોગ્ય છે લાભો કરે બહુ જાતના. ૭૬

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આઓ હવાને મેળવો ને કેળવો નિજ કાયને,
ચોખ્ખી હવા સહુને મળે આપો પરસ્પર સાહ્યને;
ચોખ્ખી હવા જેઓ ગ્રહે તે બળ વધારે છે ઘણું,
દ્રષ્ટાંત આંબા વૃક્ષનું નિજ જીવનમાં લેશો ભણું. ૭૭

ગંદી અને ઝેરી હવા પ્લેગાદિનાં બીજો ખરે,
ચોખ્ખા વિચારો થાય છે ચોખ્ખી હવા તનમાં ધરે;
શિક્ષણ મઝાનું મન ધરો ને આદરો આચારથી,
તેથી થતી સહુ જાંતની પ્રગતિ ખરા વ્યવહારથી. ૭૮

## ઉંડાં મૂળની વૃદ્ધિ મજબુતી સાથે આંબાની વૃદ્ધિ.

આંબો વધે છે મૂળની વૃદ્ધિ તથા મજબૂતિથી,
જ્યાં મૂળની મજબૂતિ ત્યાં સ્વાસ્તિત્વ વૃદ્ધિ નીતિથી;
મૂળોતણાં ઉંડાણથી આંબો ન વા વાયે પડે,
મૂળો અરે ઢીલાં રહે તો વાયુ જોરે લડથડે. ૭૯

મૂળો નિહાળી આમ્રનાં નિજ મૂળની પુષ્ટિ કરો,
જ્યાં મૂળ મજબૂત ના અરે ત્યાં મૃત્યુભય માથે ખરો;
મૂળો ન ઉંડાં જેહનાં લાંબુ ન આયુ તેહનું,
ઉંડાં ધરે છે મૂળ આયુ દીર્ઘ જીવન એહનું. ૮૦

નિજ જીવનનાં જે મૂળ તે ઉંડાં કરો લાંબાં કરો,
દૃઢતા સુગ્રન્થિમય કરો સ્વાસ્તિત્વની વૃદ્ધિ કરો;
મહા સંઘને નિજ કોમની ચિરંજીવિતા આચરો,
પ્રગતિતણાં સહુ મૂળને ઉંડાં કરો ઉંડાં કરો. ૮૧

મૂળો નહીં મજબૂત તેવી કોમ જીવતી ના રહી,
રાષ્ટ્રો ઘણાં વિણસી ગયાં ઇતિહાસમાં સાક્ષી સહી;
મૂળો નહીં મજબૂત તેવા ધર્મ પણ ચાલ્યા ગયા,
મૂળો ઉઘાડાં થાવતાં શુભ જીવનના સંશય થયા. ૮૨

મૂળોવિષે જે પાણી તે હા પહોંચતું સહુ અંગને,
મૂળોવિષે પાણી ધરો રાખો સદા નિજ રંગને;
જ્યાં મૂળમાં નિર્બલપણું ત્યાં ટોચમાં નિર્બલપણું,
એ વાક્યને મનમાં ધરી ચિંતન કરો મનમાં ઘણું. ૮૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કોમમાં કે રાજ્યમાં મજબૂત મૂળો ના થતાં.
તે કોમ કે તે રાજ્યની પડતી થતી જોતાં છતાં;
સહુ શક્તિનાં મજબૂત ઉંડાં મૂળને ધારો સહી,
સહુ ધર્મમાં એ ધર્મ છે મોટો પ્રથમ બોધે વહી. ૮૦

નિજ ધર્મને ફેલાવવા કોટિ ઉપાયો આદરી,
ઉંડાં કરો નિજ મૂળને ઉત્સાહ સંપ જ દિલધરી;
પહેલાં વધારી મૂળને બાહિર વધો કુદ્રત્ બળે,
એ કાયદો ભૂલો નહીં સર્વત્ર શક્તિ પરવડે. ૮૫

જ્યાં મૂળ મજબૂત હોય છે ત્યાં શત્રુનું ચાલે નહીં,
પ્રતિપક્ષીના બહુ દાવથી હાલે નહીં નિર્ભય રહી;
મજબૂત મૂળોને કરો કોટિ ઉપાયો આદરી,
સાત્વિક બુદ્ધિ મૂળની ઉંડાઇ ધારો જયકરી. ૮૬

## પ્રાણપુષ્ટિ.

મૂળો અને પત્રાદિથી પ્રાણોની પુષ્ટિ આદરે,
સહુ અંગમાં પ્રાણાદિના સંચારથી જીવન ધરે;
ડાળાં અને પર્ણો વિષે બહુ રસવડે શોભે ખરે,
નવન વરસે પ્રતિદિન વધે ચૈતન્ય પ્રાણે કલકલે. ૮૭

આહારથી છે પ્રાણની પુષ્ટિ ખરે સહુ પ્રાણીમાં,
જ્યાં પ્રાણની પુષ્ટિ અહો ત્યાં બલ વધે છે વાણીમાં;
શ્રી આમ્ર પેઠે પ્રાણની પુષ્ટિ વધે તે અનુસરો,
કુદ્રત્તણા જે કાયદા તેને હૃદયમાં સંસ્મરો. ૮૮

પરમાર્થને સ્વાર્થાદિ હેતે પ્રાણરસ પુષ્ટિ ધરો,
જ્યાં વીર્યરસ વધતો રહે ત્યાં વૃદ્ધિ મોટાઇ સ્મરો;
પ્રાણો વિના પ્રાણી નથી પ્રાણો વિના જીવન નથી,
પ્રાણો વડે જીવો સહુ જોશો સકલ શાસ્ત્રો મથી. ૮૯

નિજ જીવનના જે યોગ્ય તે આહાર આદિ વાપરો,
પ્રાણોતણા બલપોષથી આયુષ્યની વૃદ્ધિ કરો;
પ્રાણોતણી ઉપયોગિતા સહુ કાર્યમાં સંસારમાં,
પ્રાણાદિ રસ પુષ્ટિ કરો આ વિશ્વના વ્યવહારમાં. ૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પ્રાણુપુષ્ટિ આદરે સ્વાતંત્ર્ય આદિ કારણે,
પ્રભુને ધરે નિજ ચિત્તમાં તેના જ જાઉં વારણે;
પરમાર્થ માટે પ્રાણ છે આમ્રાદિ પેઠે જેહના,
અવતાર તેનો સફલ છે જગવંદ્ય છે પદ તેહના. ૯૧

જ્યાં પ્રાણ છે ત્યાં જીવ છે જગ પ્રાણની લીલા ખરી,
પ્રાણોજ ઘો પ્રાણો ગ્રહી પરમાર્થ માટે અવતરી;
પરમાર્થ માટે જીવનમાં નિજ પ્રાણપુષ્ટિ હિતકરી,
તીર્થંકરો ઋષિયોતણાં દ્રષ્ટાંતથી જાણો ખરી. ૯૨

પ્રાણોતણી પુષ્ટિવડે શોભા મજાની લાગતી,
દીપે મઝાનાં અંગને લાલી મઝાની જાગતી;
સહુ અંગમાં બળપૂરથી ઉત્સાહ તેજી મન બને,
સહુ ઇન્દ્રિયો મદમસ્ત થઇ અશ્વો પરે તે હણુહણે. ૯૩

યૌવન વધે ક્ષણુ ક્ષણુ વિષે પ્રાણુ પ્રવાહે રગરગે,
આછાં રસીલાં ગાત્ર તેથી તેજ યોગે ઝગઝગે;
પ્રાણો ઉછળતા જોરથી સાગરવિષે ભરતી યથા,
મન્દા પડે પ્રાણો તદા છે ઓટ સાગરમાં તથા. ૯૪

પ્રાણોતણી પુષ્ટિ કરો [1]દંડાદિ પ્રાણાયામથી,
દંડાદિ પ્રાણાયામ વણ પ્રાણાદિની પુષ્ટિ નથી;
મડદાલ થઇ જે શ્વાસથી જીવ્યા ન તે જગ જાણવા,
શૂરા બને પ્રાણાર્પણે જીવ્યા જ તે મન આણવા. ૯૫

પ્રાણાદિની પુષ્ટિ કરો નિર્વીર્યતા દૂરે કરો,
સહુ પ્રાણની પુષ્ટિ કરો આદર્શ જીવન આચરો;
આંબા પરે પ્રતિદિન વધો ફલફલ કરો પર્ણોવડે,
કાયાદિ પ્રાણાયામથી જગમાંહિ જીવ્યું પરવડે. ૯૬

## આમ્રવૃક્ષનાં સ્કંધો, ડાળાં અને ડાળીઓ પરથી ગ્રહાતું શિક્ષણ.

સ્કંધો થયા મોટા જ પાંચે ડાળ ડાળી પરિવર્યા,
ચઉદિશ પ્રસર્યા પુષ્ટિને ધારણ કરી ગુણગણ ભર્યા;

---

૧ દંડ પીલવા, પ્રાણાયામ કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવક અવસ્થા પામીને આકાશથી વાતો કરે,
આકર્ષતો જગ લોકને ફલ આપવા પ્રેમે બળે. ૯૭

સ્કંધો ઘણા પ્રકટે તદા શોભા મહત્તા બહુ વધે,
ડાળાં વધે મનમાનતાં બહુ ડાળીનું સાધન સધે;
સ્કંધો ઘણા ધારણ કરી જગને શિખામણ આપતો,
ભૂમિ ઘણી ઘેરી છવાઇ લોક મનમાં વ્યાપતો. ૯૮

વાડોલિયાથી બહુ વધી સ્વાશ્રય બળે વધતો જતો,
ધારણ કરી સ્કંધો અને ડાળાંવડે બહુ શોભતો;
કાઠિન્યતા ધારણ કરી ગંભીરતાથી ગાજતો,
આશ્રયબળે પાણી ગ્રહે પરંતત્રતાને ત્યાજતો. ૯૯

વાહવાહ આંબા તાહરી શોભા જ સ્કંધોથી વધી,
મકલાય તેથી તું ઘણો ડાળાંવડે ડોલે અતિ;
લીલો બન્યો પર્ણોવડે મંગલ તનુમય શોભતો,
કલ્પદ્રુ રૂડા નામથી સહુ વૃક્ષ શોભા થોભતો. ૧૦૦

તેથી શિખામણ લોકને લેવી ઘટે ગુણરાગથી,
શાખા પ્રશાખા ધારવી એકલપણાના ત્યાગથી;
શાખા પ્રશાખા આદિથી નિજ વ્યક્તિની શોભા વધે,
પ્રતિપક્ષીના આઘાતને સહેવાય શોભા સહુ સધે. ૧૦૧

શાખા પ્રશાખા નાશથી ઠુંઠા સમા શોભે જનો,
માટે જનો શાખા પ્રશાખા ધારીને સબળા બનો;
શાખા પ્રશાખાથી વધે ગંભીરતા નિજ દૃષ્ટિની,
ગંભીરતા મોટાઇ ચિરંજીવતા જ સમષ્ટિની. ૧૦૨

શાખા પ્રશાખા બહુ હતી શ્રી જૈનધર્મીતણી અહો,
વ્યાપકપણું તેથી થયું શ્રી જૈનધર્મતણું લહો;
શાખા પ્રશાખા બહુ ટળી તેથી જ વ્યાપકતા ટળી,
બે એકડે અગિયાર શાખા વૃદ્ધિ શિક્ષા જગ મળી. ૧૦૩

શાખા વિનાનો ધર્મ કોઇ જ વિશ્વમાં નહિ વ્યાપતો,
શાખા પ્રશાખા વણ અહો કોઇ ન કષ્ટો કાપતો;
તીર્થંકરોએ ગણધરો સ્થાપી ઘણી શાખા કરી,
તેથી રહ્યો છે જીવતો શ્રી જૈનધર્મ જ જયકરી. ૧૦૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાખા પ્રશાખાથી વધે શોભા અહો બહુ જાતિની,
બહુ ભિન્ન રૂચિ લોકની દૃષ્ટિ રહે બહુ ભાતની;
સહુ જાતના અસ્તિત્વમાં શાખા પ્રશાખા થાય છે,
શાખા પ્રશાખા જો ટળે તો વ્યક્તિ નાશ ગણાય છે. ૧૦૫

પ્રસરાવવું શુભ શક્તિઓથી સર્વને સહેજે ઘટે,
એકલપણું નહિ ધારવું ફેલાવવું શિરને સટે;
ફેલાય ના જે શક્તિયોથી તે ન ઉભો જગ રહે,
તીર્થંકરો મહાયોગીઓ ઉપદેશથી એવું કહે. ૧૦૬

સ્વાસ્તિત્વ શુભફલ ધારવા શાખા પ્રસારે જે નહીં,
ઉભો ન તે જગમાં રહે શુભ મર્મને જાણો સહી;
શાખા વધે નહિ બળ વિના પરભોગને લીધા વિના,
જ્યાં ત્યાં જ એહ જણાય છે જ્ઞાની કરે ના ત્યાં મના. ૧૦૭

જે રાષ્ટ્રની કે સંઘની કે કોમની શાખા નહીં,
જીવે ન જગમાં તે ઘણું બહુધા થયા વણુ જગ સહી;
શાખા પ્રશાખાએ વધો બળ યુક્તિ કોટિ વાપરી,
નરનારીને શિક્ષા ભલી બહુ પ્રાણુ બલ અંતર્ ધરી. ૧૦૮

શાખા પ્રશાખામાં વહે ચૈતન્ય જીવન રસ ઝરો,
ડાળાં અને પર્ણોવિષે પહોંચે જીવાડે તે ખરો;
શાખા પ્રશાખા બળવડે સર્વાંગ સુન્દરતા રહે,
શાખા પ્રશાખા વૃદ્ધિથી સર્વાંગ જીવન રસ વહે. ૧૦૯

ચૂકો ચતુરો નહિ કદિ શાખા પ્રશાખા વૃદ્ધિને,
શાખા પ્રશાખા વૃદ્ધિથી પ્રસરાવો નિજ સમૃદ્ધિને;
ભારત યુરોપાદિકવિષે વૃદ્ધિ જ તેથી સર્વમાં,
સમજ્યા વિના ભોળાજનો ઘહેલા ન થાઓ ગર્વમાં. ૧૧૦

જે ધર્મમાં વા સંઘમાં વા રાજ્યમાં સ્તંભો સમા,
આદર્શ પુરૂષો હોય છે ત્યાં અન્યની ના કંઇ તમા;
સ્તંભો વિના પ્રાસાદ નહીં ને ઘર નહીં અનુભવ કરો,
સ્તંભો રહે કાયમ સદા એવા ઉપાયો અનુસરો. ૧૧૧

આચાર્ય આદિ ધર્મના સ્તંભો સદા જગ જાગતા,
પોષણુ કરો તેનું સદા તે પર ધરી બહુ રાગતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પગ વિના ના ચલન છે ઉડાય પાંખો વણુ નહીં,
સહુ કાર્યમાં સહુ જાતના સ્તંભો વિના એવું સહી. ૧૧૨

શોભે જ સ્તંભારાવડે આંબો યથા તેવા જનો,
શોભી રહો સ્કંધો વડે શાખા પ્રશાખાયુત બનો;
ઉદ્યમવડે સર્વે બને શાખા પ્રશાખાદિક અહો,
ચૈતન્ય રસના પૂરને પાછળ વહાવી જય લહો. ૧૧૩

સર્વે સજીવન રસતણાં જે દ્વાર તે ઝટ ખોલવાં,
સ્કંધાદિને પ્રગટાવવા અધ્યાત્મજીવન ઘોળવાં;
સ્કંધાદિથી સહુ અંગની શોભા ધરો ગંભીરતા,
જીવો સજીવન રસ બળે અન્તર્ ધરીને ધીરતા. ૧૧૪

## લીલું રહી લીલું કરનાર.

લીલાં ત્હારાં પાંદડાં, લીલો વર્ણ સુહાય;
લીલું રહી લીલું કરે, કલ્પ વૃક્ષ સુખદાય. ૧૧૫

લીલું રહી લીલું કરે, મીઠી શીતલ છાય;
ધન્ય ધન્ય આંબા ત્હને, ધરતો રૂડી કાય. ૧૧૬

લીલો છમ શોભે સદા, પરમાર્થીમાં શ્રેષ્ઠ;
સહુ વૃક્ષોમાં તું વડો, અન્યો ત્હારી હેઠ. ૧૧૭

લીલાઇ ધરી વિશ્વને, દેતો શુભોપદેશ;
સહુ જીવો લીલાઇને, ધારો અંતર એસ. ૧૧૮

પર દુઃખે દુઃખી બને, પરાર્થ ધરતા પ્રાણ;
તેનાં તનુ લીલાં કહ્યાં, જીવનનાં લે લ્હાણ. ૧૨૦

અન્ય જીવો નિરખી સુખી, સુખિયો મનમાં થાય;
પરાર્થ સ્વાર્થો જે કરે, સુખિયો તે કહેવાય. ૧૨૧

આપે શીતલ છાંયડી, અન્ય જીવોને બેશ;
લીલો તે કહેવાય છે, ટાળે પરના ક્લેશ. ૧૨૨

તાપ સહે તાઢ જ સહે, સહતો શસ્ત્રો ઘાવ;
તો પણ બહુ ગંભીર થૈ, ધરતો રૂડા ભાવ. ૧૨૩

જીવન રસ વહે ત્યાં લગી, લીલાઇ ધરનાર;
આમ્ર વૃક્ષ જગમાં જયો, સહુ મંગળ કરનાર. ૧૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું ન લીધું જગમાં કોનું, ફોગટ તેના છે અવતાર;
બાવળીયાથી પણ તે ભૂંડા, ધિક્ક ધિક્ક તે નરને નાર. ૧૨૫

પરનાં સુખ દેખીને બળતા, ઇર્ષ્યાએ સૂકા થઇ જાય;
છતી શક્તિએ સ્હાય કરે ના, સૂકા તે જગમાં કહેવાય. ૧૨૬

વિત્તાદિકનો સંચય કરતા, સ્વાર્થથકી હરતા પર પ્રાણ;
નિર્દયતા અંગો અંગે તે, સૂકા જન કહેવાતા જાણ. ૧૨૭

આંબાનું સહુ ખપમાં આવે, મંગલીક દર્શન કહેવાય;
જેનું કાંઇ ન ખપમાં આવે, તે ક્યાં તેની તુલના પાય. ૧૨૮

દયા ન લાવે દુઃખી જનની, અન્યાયી જીવન ધરનાર;
મંગલીક દર્શન ના ત્હેનું, સૂકા તેવા નરને નાર. ૧૨૯

લેવાનું શીખ્યા જે લોકો, દાનતણા નહી શિખ્યા પાઠ.
લીલા નામે ત્હો પણ સૂકા, જૂઠા તેના સઘળા ઠાઠ. ૧૩૦

ઠંડી આંખ ન મીઠું મુખડું, શીતળ જેની છે નહીં છાય,
લીલા હાથ નહીં છે જેના, સૂકા તે જગમાં કહેવાય. ૧૩૧

ધન્ય ધન્ય આંબા તવ જાતિ, પરને માટે ધરતો સર્વ;
આપીને કંઇ કહે ન કોને, મૌન ધરે નહિ ધરતો ગર્વ. ૧૩૨

લીલી ત્હારી કાયા સહેજે, આકર્ષે છે નરને નાર;
ત્હારા સમ જે થયા ન લીલા, ધિક્ક ધિક્ક તેના અવતાર. ૧૩૩

તાપ પડે પણ અકળાતો નહીં, લીલાઇ બમણી ધરનાર;
મોટા મનના માણસ મોટા, વિપત્તિમાં તજે ન પ્યાર. ૧૩૪

બાહ્ય તાપ પણ મનથી લીલા, જગમાંહિ સાચા દાતાર;
લાખે દાતા જન કો પાકે, આંબા સમ જીવન ધરનાર. ૧૩૫

લેવું સહુને વ્હાલું લાગે, દેવું મીઠું મન દાતાર,
આનદાનતા આંબા ત્હારી, સાચી જગમાંહી જયકાર. ૧૩૬

પર્ણાદિક લીલાઇ ધારી, ઉચ્ચ થયો કાયાએ બેશ;
કવિયો કીર્તન કરતાં ત્હારૂં, કરતો રહેતો દાન હમેશ. ૧૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઉચ્ચતા.

ઉચ્ચ ગુણોથી ઉંચો થાતો, કાયાથી આંબો નિર્ધાર;
તવ ટોંચો આકાશે પહોંચી, દાની ઉંચો જગજયકાર. ૧૩૮

અન્ય દ્રુમોથી સ્પર્ધા કરતો, તો પણ નમતો રહેતો છેક;
ઉચ્ચ જાતિયો સ્પર્ધામાંહિ, ધરે નમ્રતા ધરી વિવેક. ૧૩૯

જુઓ તાડ છે ઉંચું કેવું, નમે ન તેથી વિણસી જાય;
ઉચ્ચ જનો જગ ધરે નમ્રતા, અક્કડ ફક્કડ કદી ન થાય. ૧૪૦

આંબાની ઉચ્ચાઇ સોહે, સોહે ઉંચુ જરા ન તાડ;
નીચ જનો ઉંચા થાવે પણ, તાડ પરે શોભે નહીં સાર. ૧૪૧

અક્કડ ઉંચા તાડ પરે જે, કેરી ફળરસના ધરનાર;
કેરી સમ તે કદી ન થાવે, નીચજનો નહિ ઉચ્ચ થનાર. ૧૪૨

ઉચ્ચ જનો સહેજે છે ઉંચા, ખાડા ખૈયામાં રહેનાર;
ભલે ટેકરે તાડ ઉગે પણ, માન ન પામે જગમાં સાર. ૧૪૩

આંબા સાથે સ્પર્ધા કરતું, તાડ અરે પામે અપમાન;
સિંહ ચામડું રાસભ ઓઢે, ભૂંકે રાસભ જગ પહિચાન. ૧૪૪

સદ્ગુણ વણ જે માન ચાંદથી, ઉંચા થાવા કરતા કાજ;
પણ અક્કડ થઇ હેઠા પડતા, અહંકૃતિના ધારી સાજ. ૧૪૫

રવિ શશી બે ગુણથી ઉંચા, જગમાં કરતા સદા પ્રકાશ;
તેની પેઠે ઉંચો આંબો, ગુણથી શોભે છે ઉલ્લાસ. ૧૪૬

સ્વતઃ સિદ્ધ સ્વભાવજ જેનો, જન્મથકી જેનો નિર્ધાર;
બદલાતો તેનો નહિ કયારે, આમ્રવૃક્ષ દૃષ્ટાંત વિચાર. ૧૪૭

જન્મથકી ઉંચો થાવાનો, આમ્રવૃક્ષનો સ્વયંસ્વભાવ;
પૂર્વ જન્મના સંસ્કારો છે, ઉચ્ચ નીચ કર્માદિક દાવ. ૧૪૮

પુણ્યે આંબાની ઉચ્ચાઇ, દૃષ્ટાંતે સમજો નરનાર;
પુણ્યાદિકથી ઉંચા થાવો, સ્વર્ગાદિક પ્રાપ્તિ સુખકાર. ૧૪૯

ઉંચા થઇને બનો ન નીચા, માનવ ભવ પામીને લોક,
દશ દૃષ્ટાંતે દુર્લભ નરભવ, પામી કયાં હારો છો ફોક. ૧૫૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકેંદ્રિ આંબો કહેવાતો, પંચેન્દ્રિ છો નરને નાર;
આંબાથી અધિકા ગુણ જેના, સફલા તે જગમાં નરનાર. ૧૫૧

## હરિગીત.

આસક્તિ વણ ગુણ કર્મથી ઉંચા થતા યોગી જનો,
સાત્વિક જ્ઞાની યોગીઓ સમજુ જનો ! સહેજે બનો;
સાત્વિક તરૂ સહકારથી પણ માનવો ઉંચા થશો,
સાત્વિક જ્ઞાની યોગીઓ સ્વર્ગાદિ સ્થાનોમાં જશો. ૧૫૨

આંબા તળે વાસો વસી સદ્ગુણ નિરીક્ષ્યા જ્ઞાનથી,
પરમાર્થ આદિ સદ્ગુણો ઉંચો થયો નિજ તાનથી;
ગુણકર્મથી ઉચ્ચાઇ ત્હારી દેખી હર્ષ વધ્યો ગણો,
અનુભવ કહે મુજ હૃદયમાં લાગ્યો જ તું સોહામણો. ૧૫૩

## કાઠિન્ય તથા કોમળતા.

કાઠિન્ય ધરતો કાષ્ટમાં કોમલપણું પણું ધરે,
જે જે સ્થળે જે જે ઘટે તેને જ સહેજે અનુસરે;
કાઠિન્યપણ નિજ ધર્મ છે કોમલપણું નિજ ધર્મ છે,
જ્યાં જે ઘટે તે ધારવું એ ધર્મી જનનું કર્મ છે. ૧૫૪

કાઠિન્યસ્થાને ધારવું કોમલપણું તે દોષ છે,
કોમલપણાના સ્થાનમાં કાઠિન્ય દુર્ગુણ પોષ છે;
ગુણ કર્મથી જે જે ઘટે જે સ્થળવિષે તે આચરો,
કુદ્રત થકી જે ધર્મ તેને મૂકી ભૂલા કયાં ફરો. ૧૫૫

કાઠિન્ય રક્ષણ કારણે ધરવું ઘટે સહુને સદા,
કાઠિન્ય કિલ્લો જીવનનો છાંડો ન સંકટમાં કદા;
કાઠિન્ય ક્ષત્રી સમ કહ્યું અન્યાંગ રક્ષા કારણે,
સાત્વિક વૃક્ષો પણ ધરે કાઠિન્ય કુદ્રત્ ગુણપણે. ૧૫૬

જેની ઘણી ઉપયોગિતા રક્ષા જ અન્યો બહુ કરે,
કંટક ધરે ના તે કદિ બ્રહ્માદિવત્ જીવન ધરે;
તોપણ ધરે કાઠિન્યને જે સ્થાનમાં જેવું ઘટે,
કુદ્રત્ થકી જે પ્રકૃતિ તે ધર્મ કયારે ના મટે, ૧૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને જ જેવું યોગ્ય જે કાઠિન્ય તેને તે મળે,
તેમાંજ થાતાં વિકૃતિ તેનુંજ જીવન ઝટ ટળે;
કુદ્રત્ તણો જે કાયદો તે ધર્મ વસ્તુ સ્વભાવથી,
ટાળ્યો કદાપિ ના ટળે અનુભવ કરો શાસ્ત્રો મથી. ૧૫૮

આકર્ષણે શોભાપણે કોમલપણું જ્યાં જે ઘટે,
તેવું ધરો જગ માનવો રહીને સદા માનવ વટે;
કોમલપણું છે સર્વમાં તેનેજ યુક્ત્યા કેળવો,
તેથીજ નવજીવન ધરો અનુભવ ખરો એ મેળવો. ૧૫૯

સૌન્દર્ય કોમળતાવિષે નિજ જીવન રસ તેથી વહે,
તેને તજો ના માનવો સન્તો મહન્તો ઇમ કહે;
સર્વાંગ જીવન જ્યોતને પ્રગટાવતું કોમલપણું,
ગંભીર અન્તર્ મર્મને નિજ હૃદયમાં ધારો ઘણું. ૧૬૦

કાઠિન્ય રુદ્ગુણુ ધૈર્ય છે સ્વાત્માવલંબન શૂરતા,
કાઠિન્ય દુર્ગુણ શત્રુની નાશક પ્રવૃત્તિ ક્રૂરતા;
કાઠિન્ય બળ અધ્યાત્મ છે પુરૂષાર્થમાં નિશ્ચલપણું,
કાઠિન્ય ટેકી નેકી છે પર્યાય એના બહુ ભણું ૧૬૧

કાઠિન્ય આત્મા દેહનું ને સંઘનું, સામ્રાજ્યનું,
કાઠિન્ય સર્વ સમાજનું ને ધર્મરક્ષક રાજ્યનું;
કાઠિન્ય નરનું રૂપ છે ઉપસર્ગ સહેવામાં ખરૂં,
કોમલપણું સ્ત્રી રૂપ છે સાથે રહે બે જયકરૂં. ૧૬૨

કાઠિન્યથી જય વિજય છે કોમલપણાથી ભવ્યતા,
સહુ શક્તિની પ્રાપ્તિવિષે કોમલપણાથી નવ્યતા;
બહુ પ્રેમ રસનાં ઝરણમાં કોમલપણાની જ્યોત છે,
કોમલપણું જ્યાં પ્રકટ ત્યાં આત્મિક જીવનોદ્યોત છે. ૧૬૩

નર નારીમાં કોમલપણું કાઠિન્ય બેનો વાસ છે,
બેના વિના ચાલે નહીં એવો ખરો વિશ્વાસ છે;
કોમલપણું સમૃદ્ધિને કાઠિન્ય રક્ષક જાણવો.
બેને બરાબર ખીલવો અધ્યાત્મરસ મન આણવો. ૧૬૪

કોમલપણું રાધા અને કાઠિન્ય કૃષ્ણસમું કહ્યું,
બન્ને રહે છે એકમાં એ અનુભવીએ અનુભવ્યું;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમલપણું છે પ્રકૃતિ કાઠિન્ય આત્મા સમ સદા,
જૂદાં પડે ના એ કદિ છાંડો ન બંનેને કદા. ૧૬૫

કાઠિન્યને દૂરે કરી કોમલપણું જે ધારતા,
તેવા જનો નિજ રાજ્ય, વિદ્યા બલ, પ્રભુતા, હારતા;
કાઠિન્યને કોમલપણું હદ બહાર તો સારૂં નહીં,
સાપેક્ષતા સમજ્યા વિના ખાશો જ ખત્તા જગમહીં. ૧૬૬

કોમલપણું માતા સમું કાઠિન્ય બાપ સમું અહો,
કોમલપણું શશી, ભાનુ સમ કાઠિન્યને અંગે લહો;
કોમલપણું કાઠિન્ય એને ધારતો આંબો સદા,
ધારો તથા સહુ માનવો ઉલ્લાસને ખંતે મુદા. ૧૬૭

ગાજે ગગનમાં તાનથી આંબો જ લ્હેરો લે ઘણી,
નવ કુપલના કોમલપણે શોભાજ છે સોહામણી;
સહકારની શોભા ઘણી નરનારીઓના મનવસી,
માનવ જુવો પાસે વસી સોનું જુવો કસવટ કસી. ૧૬૮

બાહિર આન્તર દૃષ્ટિથી આંબો નિરીક્ષી ગુણ લહો,
આ વિશ્વમાં સદ્‌ગુણ વિના ક્ષણપલક બેસી ના રહો;
સહકારની શિક્ષા ભલી કાઠિન્ય કોમલતા તણી,
ધારે જનો જે ખંતથી તે શક્તિયો પામે ઘણી. ૧૬૯

## સ્વાત્મ રક્ષણ શક્તિ.

શતવાર તુજને ધન્ય છે સહતો વિપત્તિયો ઘણી,
દુઃખો વિના નહિ ઉન્નતિ ને પકવતા નહિ શત ગુણી;
જે સ્વાત્મશક્તિ ખીલવે તે સંકટો સામે લડે,
આંબો શિખવતો લોકને ચારિત્રના સદ્‌ગુણ વડે. ૧૭૦

આંઝી ઉખેડી નાખવા આવી તને બાઝી પડે,
સ્કંધો હલાવે તાહરા ડાંળાં હલાવી બહુ લડે;
વર્ષા ઝડીને વાયરો મૂળથી ઉખેડી નાખવા;
બાકી ન રાખે યત્નમાં પ્રતિપક્ષીઓ બીજા નવા. ૧૭૧

નિજ આત્મ રક્ષણ શક્તિથી સહકાર તું ઉભો રહે,
તુજ ક્ષત્રિવટને ધન્ય છે એવું જ તું જગને કહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિશ્વમાં રક્ષણ વિના રહેવાય નહિ એકે ઘડી,
માટે જ રક્ષક શક્તિને ખીલવો અરિ જનથી લડી. ૧૭૨

ગુણ કર્મથી ક્ષત્રી સમા બનીને જીવાડે સર્વને,
પ્રતિપક્ષીના સામા રહો મનમાં વહો ના ગર્વને;
જીવતા જીવોને દુશ્મનો છે જન્મ સાથે જગ ઘણા,
પ્રતિપક્ષીના ઘાવો સહી રાખો ન હિંમતમાં મણા. ૧૭૩

પ્રતિપક્ષીના જ્યાં વાયરા ત્યાં કાયરો જીવે નહીં,
પ્રતિપક્ષીના જ્યાં વાયરા ત્યાં શૂરજન જીવે સહી.
અધ્યાત્મ શક્તિ પ્રાપ્તિથી પ્રતિપક્ષીનું ચાલે નહીં,
નિજ આત્મશક્તિ મેળવો સહકાર પેઠે ગુણ વહી. ૧૭૪

## સહનતા.

અધ્યાત્મ શક્તિયો વડે ઉપસર્ગવૃન્દ સહાય છે,
ઉપસર્ગવૃન્દ સહ્યાથકી ચારિત્ર નિર્મળ થાય છે;
સહેતાં વિપત્તિયો અહો પાકો જ યોગ સુહાય છે,
સહેતો વિપત્તિયો નહીં તે યોગભ્રષ્ટ કહાય છે. ૧૭૫

સહેવું શિખવતો ત્યાગીને ઘરબારી ને પ્રગતિવિષે,
દુઃખો સહ્યા વણ સ્વોન્નતિ થાતી નહીં જગમાં દિસે;
દુઃખો સહી આગળ ચઢયા વનરાજ આદિ ભૂપતિ;
દુઃખો સહી જગમાં અમર બની છે અહો સીતા સતી. ૧૭૬

પ્રતિપક્ષીના સામા રહે દુઃખો સહી કોટિ ગમે,
તેવા જનો સુખ સંપતિ પામે અહો અન્તે સમે;
ઉત્સવ સમી આપત્તિયો સહેવા સ્વશક્તિ વાપરે,
જગમાં બને તે યોગિયો આસક્તિવણ સંપત્ વરે. ૧૭૭

જે નામને રૂપો વિષે મુંઝાય ના તેમાં રહ્યો,
નિર્ભય બની નિજ જીવનમાં સ્વાર્પણ મઝાનું જે લહ્યો;
સાચી સહનતા તે ધરે નિજ જીવન મૃત્યુ કાલમાં,
સાચા બને તે યોગીઓ નિજ જીવનના વ્યવહારમાં. ૧૭૮

આસક્તિ વણ સર્વાંગના રક્ષણ ભણી બળ કેળવો,
શુભ રાષ્ટ ધર્મ સમાજની પ્રગતિ ભણી બળ મેળવો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચી સહનતા કુદ્રતી નહિ લક્ષ્યમાંહિ આવતી,
અનુભવતણી સ્ફુરણા અહો સહેજે જ તેહ જણાવતી. ૧૭૯

શુભ શક્તિયો લેવા અહો સાચી સહનતા ધારવી.
રક્ષણ કરે ના તેહવી કૃત્રિમ સહનતા વારવી.
પ્રતિપક્ષીઓ હારે જ જેથી તે સહનતા સત્ય છે,
સમજુ જનો એ આદરે સંસારમાં શુભ કૃત્ય છે. ૧૮૦

## મંજરી મોર.

### દુહા.

પોષ માસમાં પ્લેગથી, આવ્યા આંબા પાસ;
આંબે પ્રગટી મંજરી, કરતી જન ઉલ્લાસ. ૧૮૧

કેશર વર્ણા મોરની, આવે અધિક સુવાસ;
કુહુ કુહુ કોકિલ કરે, અમૃતસમ ધરી આશ. ૧૮૨

ચારે બાજુ આમ્રનાં, વૃક્ષો શોભે બેશ;
વસંત ઋતુ આવતાં, વિકસે વૃક્ષ હમેશ. ૧૮૩

શોભા સહકારોતણી, મુખથી કહી ન જાય;
મધુવૃક્ષો પુષ્પિત થયાં, નંદન સમ શોભાય. ૧૮૪

વિદ્યાપૂરની ભૂમિમાં, નન્દનવન અવતાર;
થયો જનો મન માનતા, દેખી વૃક્ષ અપાર. ૧૮૫

અનેક જાતિ વૃક્ષ પર, પુષ્પોતણી સુગંધ;
ભ્રમર ભોગી આકર્ષતી, મોદે ભ્રમરી વૃન્દ. ૧૮૬

મંજરીઓ મેહેકે ઘણું, પ્રગટી ડાળોડાળ;
સર્વ જાતિ પુષ્પોવિષે, શોભે પૂર્ણ રસાળ. ૧૮૭

આશા મંજરી સમ કહી, મીઠા રસની ખાણ;
ફળ પહેલાં આશા થતી, સમજે વિરલ સુજાણ. ૧૮૮

ઇચ્છા, આશા, વાસના, દૃઢસંકલ્પ' વિચાર;
આશાના પર્યાય છે, આકર્ષે નરનાર. ૧૮૯

મંજરી સમ આશા ફળે, કહે મંજરી એમ;
આશા યોગ ઉપાસના, કરતાં પ્રગટે ક્ષેમ. ૧૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા રસથી મંજરી, પ્રગટે મનમાં ખૂબ;
પછી બેસતી જાણવી, અમૃત ફળની લુંબ. ૧૯૧

અમૃત ફળને પામવા, ઇચ્છાયોગ મહાન્;
સર્વ યોગનું મૂળ તે, ભાખે છે ભગવાન્. ૧૯૨

આમ્ર મંજરી બોધતી, ધરો શુભાશા યોગ;
પ્રથમ શુભાશા યોગથી, અંતે છે ફલ ભોગ. ૧૯૩

## આશા, ઈચ્છાયોગ.

### ગીતિ.

ઇચ્છા યોગ પ્રકટતો, સર્વ જીવોના જીવનતણા હેતે;
ઇચ્છા જીવન મોટું, નૈસર્ગિક પ્રાણ સંકેતે. ૧૯૪

આશા જીવન મધુરૂં, નવ નવ રસથી રસીલું સોહંતું;
છે નિરાશા મૃત્યુ, અનુભવ બોધે સદાય બોધંતું. ૧૯૫

ઇચ્છાયોગ વિના કો, પુષ્પ ફળો નહિ ધરે કદા અંગે;
માટે ભવ્યો સમજી, રહો શુભાશાતણી સદા સંગે. ૧૯૬

ઇચ્છા યોગ પ્રવૃત્તિ, સર્વ જીવોમાં સદાય વસનારી;
દર્શન જ્ઞાન ચરણમાં, વસો શુભાશાએ નરનારી. ૧૯૭

પ્રેમ રાગ ઇચ્છાને, લગની આદિ છે શુભ આશા;
આત્મોન્નતિ ફળ હેતે, ધરો સદા ચિત્ત વિશ્વાસા. ૧૯૮

ચિત્ત ધરી શુભ આશા, કરો પ્રવૃત્તિ મંજરી રૂડી;
અમૃત ફળ પ્રકટાશે, ધરો દુરાશા નહીં કૂડી. ૧૯૯

પ્રગટ કરો શુભ આશા, શુભ ફલદાયક હૃદયવિષે સર્વે;
આશા સાગર ઉંડો, તરાય નહિ તે કદા ગર્વે. ૨૦૦

### શાંતિ સુહંકર સાહિબો એ રાગ.

ધર્મ પ્રવૃત્તિ મંજરી, પીત કેશર જેવી,
શુભફળને પ્રકટાવતી, મન આશા દેવી;
ઇચ્છા યોગને આદરી, કરો ધર્મ પ્રવૃત્તિ,
અમૃત ફળ અંતે લહો, એવી નીતિની રીતિ. ૨૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્વિક કર્મ કરો જના, શુભ આશ ધરીને,
સર્વ વિક્ષેપો વારીને, શુદ્ધ પ્રેમ વરીને;
શુભેચ્છા વણુ પ્રવૃત્તિ, મોંર પ્રગટે ન ક્યારે,
તમો રજોગુણુ વાસના, જીવ ભારે મારે. ૨૦૨

આમ્ર તરૂની મંજરી, દેખી કર્મને સેવો,
શુભેચ્છાકર્મયોગીઓ, બની બોધને લેવો;
પશ્ચાત્ નિષ્કામ યોગીઓ, અંતે જ થશો રે,
શિવફલ સ્વાદી નિર્મના, પ્રભુ ધામ જશો રે. ૨૦૩

પ્રવૃત્તિ મહા ધર્મ છે, નિષ્કામ થવાને,
નિષ્કામી બનીને જનો, શુદ્ધ સ્થાન જવાને;
કર્મ યોગીઓ ગૃહી બની, કરો કાર્ય સ્વફર્જે,
સ્વાત્માલંબન ગુણ લહો, રહો કોની ન ગર્જે. ૨૦૪

કર્મ કર્યાં વણુ જ્ઞાન તો, કદિ પકવ ન થાતું,
પ્રવૃત્તિ સેવ્યા વિના, ફળ નહીં પ્રગટાતું;
માટે પ્રવૃત્તિ આદરો, ત્યજો આલસ્ય ભૂંડી,
શ્રદ્ધા ઉત્સાહ ખંતથી, લહો મંજરી રૂડી. ૨૦૫

સર્વ કામના ત્યાગ તો, છે પૂર્ણ થવાથી,
પ્રથમ એ નહીં સંપજે, બાલ્યભાવપણાથી,
પાપેચ્છાઓ પરિહરી, પુણ્યેચ્છાઓ ધારો,
સ્વાધિકારે સહુ કર્મ તે, ધર્મ કર્મ વિચારો. ૨૦૬

સ્વાધિકારે સહુ કર્મમાં, પુણ્ય ધર્મ મનાયો,
સ્વાધિકાર કર્મો વિના, જીવ ધર્મ ન પાયો;
સ્વાધિકાર કર્મો ત્યજી, કોઇ હોય ન યોગી.
માટે શુભેચ્છા મન ધરી, થાવો શુભ ફલ ભોગી. ૨૦૭

પૂર્ણ જ્ઞાન પ્રગટયા પછી, નિષ્કામ દશાએ,
કર્મો કરે છે જ્ઞાનીઓ, અન્ય કો ન ઇચ્છાએ;
છેલ્લી દશા એ યોગિની, પહેલી ક્યારે ન આવે,
માટે પહેલી ન મૂકવી, ઇચ્છાયોગ સુહાવે. ૨૦૮

ઇચ્છા યોગના કાળમાં, ઇચ્છાયોગે સુકર્મો,
કરવાં સ્વાધિકારે તે, સર્વ જાતિના ધર્મો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાવત્ રાગ ને દ્વેષ છે, તાવત્ ઇચ્છાયોગે,
રહીને પ્રવૃત્તિ સેવવી, સર્વ સ્વાર્પણ ભોગે. ૨૦૯

આમ્રતરૂની મંજરી, પૂર્ણ રસથી ભરેલી,
દેખીને ભવ્ય માનવો, પામે પ્રેમની હેલી;
પ્રેમોત્સાહાદિ રસવડે, સર્વ કાર્ય પ્રવૃત્તિ,
થાય એ કુદ્રતી નિયમ છે, પ્રેમ ત્યાં નહીં ભીતિ. ૨૧૦

રસ વણુ મંજરી હોય ન, રસ મોંર સ્વરૂપે,
રસ સહુ અંગપણું ધરે, રસ ધર્મ, પ્રરૂપે;
રસનાં સ્થૂળ જે રૂપ છે, રસ ટળતાં મરંતાં,
અનુભવી સમજે સાનમાં, કર્મયોગ ધરંતાં. ૨૧૧

રાગાદિકરસ જાણવા, સર્વ સૃષ્ટિના સ્વામી,
હરિહર બ્રહ્મા તે અહો, વીતરાગ નિષ્કામી;
પ્રથમ સરાગીપણું ધરી, રાગી યોગી બનીને,
કાર્યો કરો સ્વાધિકારથી, મોહ ભાવ હણીને. ૨૧૨

અરિષ્ટનેમિને તાક્ષ્યશ્રી, પાર્શ્વનાથ વખાણે,
મહાવીર તીર્થંકર પ્રભુ, મહાયોગીઓ જાણે;
ઇચ્છા યોગને આધમાં, કહ્યા તેઓએ જ્ઞાને,
માટે શુભેચ્છા યોગથી, કરો કર્મ સુતાને. ૨૧૩

"કાળે કાળે પાકીને, સર્વ ઇચ્છાઓ ટળશે,
ત્યારે નિષ્કામતા ભરી, પૂર્ણ યોગીને મળશે;"
ભૂલો નહીં આ સુકતિને, રહો સંયમ રાગે,
શુભ પ્રવૃત્તિ આદરો, જેથી નિવૃત્તિ જાગે. ૨૧૪

લૌકિક લોકોત્તર સહુ, ધર્મ્ય પ્રવૃત્તિ ધારી,
સેવા જે શુભ તે સહુ, સ્વાધિકારે વિચારી;
કરતાં ચારિત્ર સદ્ગુણો, અંતે પ્રગટ થવાના,
અજ્ઞાનાદિક દુર્ગુણો, અંતે દૂર જવાના. ૨૧૫

સર્વ જાતીય ઉન્નતિ, સ્વાધિકારે કરોને,
સામાજીક સેવાવડે, દુઃખ સહુનાં હરોને;
દેશોન્નતિ સંઘોન્નતિ, ધર્મોન્નતિ કરવી,
શક્તિ પ્રદાયક ધર્મ જે, પ્રીતિ તેનીજ ધરવી. ૨૧૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલસ્યાદિક દોષથી, નહીં પ્રવૃત્તિ થાવે,
સંકુચિત દૃષ્ટિ ત્યજે, સત્ય ચિત્તમાં આવે;
જ્ઞાનીના સહુ આશયો; જ્ઞાની સમજે સ્વભાવે,
અજ્ઞાનીના હાથમાં, કાંઇ સત્ય ન આવે. ૨૧૭

જ્ઞાની પ્રવૃત્તિ ધર્મને, સ્વાધિકારે ન ચૂકે,
નિવૃત્તિનાં સાધનો, તેને ક્યારે ન મૂકે;
સર્વ જાતીયપ્રવૃત્તિઓ, જ્ઞાની કરતો સ્વભાવે,
ભક્તિ ઉપાસન પ્રવૃત્તિ, ધર્મ કર્મ સુદાવે. ૨૧૮

જ્ઞાની યોગ્ય પ્રવૃત્તિયો, કરતો શુભ દાવે,
ઇચ્છા યોગ સ્વભાવના, રહેતો શુભભાવે;
આમ્ર મંજરી દેખીને, શીખ ચિત્ત વિચારો,
બુદ્ધિસાગર શીખથી, આવે ભવ પારો. ૨૧૯

## મોરે કેરીઓનું ઉપજવું, વિણસવું, તે પરથી શિક્ષણ.

### હરિગીત.

આંબો છવાયો મોરથી કેશર સુવર્ણો થઇ રહ્યો,
બહુ મંજરીના ભારથી, લહકી રહ્યો શોભા વહ્યો;
એકેક મોરે બાજરી સમ કેરીઓ લાખો સહી,
એકેક મોરે કેરીઓ ઝીણી ગણત્રી તસ નહીં ૨૨૦

એ કેરીઓ બાઝી અહો જો તેટલી આંબે રહે;
સહુડાળ ભાગી જાય આંબો ભાર ના કેમે સહે,
હિમ વાયુ સાકરીયાથકી કેરી જ બાઝી વિણસતી,
કુદરતતણો એ કાયદો, ઉપજ્યું જ તેની નહિ છતી. ૨૨૧

સહકારનો જે મોર ને લેખું કલાસે જે થતું,
તે પાછલા દિવસોવિષે રહેતું છતું ના તે મતું;
આ વિશ્વમાં ઉપજ્યા સમી સહુ કેરીઓ મોટી બને—
એવું બને નહિ વસ્તુતઃ એમ સજ્જનો સાચું ભણે. ૨૨૨

### હંસકલ મનોહર એ રાગ.

એક આંબા કેરી, ઉપજી તેટલી થાય,
તસ ગોટલીઓના, પાછા આંબા થાય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ પરંપરા જો, થાય તદા નહિ માય;
એક જ આંબાથી, વિશ્વ બધું ઉભરાય ? ૨૨૩

પણ કુદ્રત નિયમે, ઉપજ્યું રહે નહિ સર્વ;
માટે જગ માનવ, કરો ન ક્યારે ગર્વ;
ઉપજ્યા વિણસ્યામાં, કુદ્રત નિયય સદાય,
એ નિયતિ જાણે, હર્ષ શોક નહિ થાય. ૨૨૪

મનમાંહિ વિચારો, શુભાશુભ બહુ થાય;
પણ રહે ન સર્વે, કાયમ તે ફલદાય;
કુદ્રત સહુ તોલી, કરે યથાસ્થિત ન્યાય,
કુદ્રતના નિયમો, સર્વ અગમ્ય જણાય. ૨૨૫

મોરે જેમ કેરી, રહે ન ઉપજી સર્વ,
તેમ સહુમાં એવું, કરો ન સુજ્ઞો ગર્વ;
તોપણ નિજ ફર્જે, કરવાં યોગ્ય જે કર્મ,
એ કુદ્રત નિયમે, ધરો સદા નિજ ધર્મ. ૨૨૬

પિંડે બ્રહ્માંડે, કાલ જ નિયતિ સ્વભાવ,
કર્મો ને ઉદ્યમ, કુદ્રત પાંચ સુદાવ;
એ પાંચેથી, ઉત્પત્તિ વ્યય થાય,
માટે એ પાંચે, કુદ્રતરૂપ ગણાય. ૨૨૭

કુદ્રતના આધીન, જીવાજીવ પદાર્થ,
મુંઝો નહીં ભવ્યો, સમજો તત્ત્વ યથાર્થ;
યુરોપી યુદ્ધે, કુદ્રત કૃત્ય ગણાય,
કોનું નહીં ચાલે, કુદ્રત આગળ ભાય. ૨૨૮

જીવોની કુદ્રત, કર્મરૂપ બોધાય,
એ અચલ નિયમને, સમજે તે સુખ પાય;
અભિમાન ધરે નહીં, અદા કરે નિજ ફર્જ,
સમભાવે જીવે, ધરે ન કોની ગર્જ. ૨૨૯

ન્હાની કેરીઓ, મરવા તેનું નામ,
એ નામ યથાર્થજ, સમજે છે ગુણધામ;
મરવા એમ કહેતા, મરવા ઉપજે સર્વ,
જન્મેલા જીવો, કદિ ન કરશો ગર્વ. ૨૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ હા હા કેવી, લીલા મોર સુહાય,
વાયુ ઝટ આવી, ભેટે મંજરી ભાય;
સુગંધી અહતો, ત્યાંથી ચાલ્યો જાય,
આકર્ષણ ગુણથી, સર્વ જીવોનું થાય. ૨૩૧

નિજમાં ગુણરાશિ, પ્રગટે જીવો પાસ,
આવીને બેસે, મોરે ભ્રમરી ખાસ;
બોલે નહિ મંજરી, આવો જીવો પાસ,
તોપણ જે અર્થી, આવે છે વિશ્વાસ. ૨૩૨

જેના જે અર્થી, પાસ તે તેની જાય,
કુદરતની નીતિ, કદિ નહીં ટળાય;
થાતાં સાકરીયો, બણબણજીવો થાય,
અર્થી દાનીનો, સદા સંબંધ સુહાય. ૨૩૩

જે કેશરીયાં કરી, પ્રગટે મોર સુપેર,
લાવી સહુ ફળને, વર્તે આનંદ લ્હેર;
નહિ મૃત્યુ ગણતો, કરી કેશરિયાં સાર,
તે ફળ પ્રગટાવી, પામે જગ જયકાર. ૨૩૪

કેરીના મરવા, ન્હાનોપણ બહુમાન,
પામે છે જગમાં, સમજે નહીં નાદાન;
જે મોટા થાવા, હામી થતા નરનાર
ન્હાના પણ તેઓ, પામે છે જયકાર. ૨૩૫

ન્હાના પણ જેઓ, પરમાર્થી નરનાર,
પરહેતે જીવે, ધન્ય ધન્ય અવતાર.
સફલા તે જન્મ્યા, લઘુવયમાં નિર્ધાર.
અમૃત ફલને તે, પામે છે સુખકાર. ૨૩૬

કેરીના મરવા, પ્રતિદિન મોટા થાય,
વાયુને તાપે, પોષંતા નિજકાય;
દૃઢ બિંટ કરીને, લુંબ બની લટકાય,
વાંઝીમાં પણ તે, દઢતાથી સોહાય. ૨૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શત્રુ સામે ટક્કર ઝીલવી.

નિજ અરિયો સાથે, ટક્કર ઝીલે જેહ,
મરવાની પેઠે, મોટા થાતા તેહ;
ટક્કર ઝીલ્યા વણુ, શત્રુ સાથે કોઈ,
જીવે નહીં પ્રાણી, જગમાં જોશો જોઈ.
અરિયોની સાથે, ગફલતથી રહે જેહ,
તે પડતી પામે, મૃત્યુ લહે છે તેહ;
જીવોના શત્રુ, ભક્ષક જન્મે સાથ,
ટક્કર ઝીલીને, ભજો ત્રિભુવન નાથ.

## કેરીમાં ગોઠલીનું બાઝવું તે પરથી બોધ.

કેરીમાં ગોટલી, મોટી થાતાં થાય,
એ ગોટલી મોટી, પાકી થઇ સોહાય;
તેમાંથી આંબો, પાછો જગ પ્રકટાય,
એ વંશપરંપર, વર્તે કુદરત થાય. ૨૪૦

માનવથી માનવ, પશુથી પશુઓ થાય,
પંખીથી પંખી, ફૂલમાં બીજ સુહાય;
નિજમાં નિજનું શુભ, વસી બીજ નિર્માય,
કુદરતની ઘટના, અકલ અગમ્ય ગણાય. ૨૪૧

આંબાથી ગોટલી, ગોટલીથી સહકાર,
કુકડીથી ઇંડું, પ્રગટે છે નિર્ધાર;
ઇંડાથી કુકડી, જન્મ પરસ્પર ધાર,
કર્તા એમાં કો ? કો ના પ્રથમ વિચાર ૨૪૨

એમ કાલ અનાદિ, બીજ પરંપરૂ થાય,
ઉત્પત્તિ વ્યય બે, હેતુ પરસ્પર ભાય;
વિદ્યાને જાણી, કુદત પ્રભુનો ન્યાય,
નિજમાં નિજ બીજો, સમજી રહો સદાય. ૨૪૩

જે મોટા થાતો, સાથે ધરતો બીજ,
અસ્તિત્વ જ તેથી, રાખે નિજનું નિજ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખે સહુમાં એ, વંશ બીજ સંતાન,
રક્ષો નિજ બીજો, વંશપરંપર માન. ૨૪૪

## વીર્યરૂપ બીજ ધારણ રક્ષા વિષે.

કેરી નિજ મધ્યે, રક્ષે ગોટલી સાર,
તેમ માનવ રક્ષો, વીર્ય બીજ નિર્ધાર;
આંબાની પેઠે, વંશ પરંપર હેત,
નિજ વીર્યસુરક્ષા, બ્રહ્મચર્ય સંકેત ૨૪૫

### હરિગીત.

જ્યાં વીર્ય રક્ષા નહિ થતી ત્યાં બ્રહ્મચર્યજ નામનું,
રક્ષે ન તાળુ પેટીને તો તાળુ એ શા કામનું;
જ્યાં વીર્યનો છે સ્રાવ ત્યાં તો બ્રહ્મચારી કો નહીં;
માટે સુરક્ષો વીર્યને બાળક અવસ્થાથી સહી. ૨૪૬

યુવક અવસ્થા આવતાં પ્રકટે જ વીર્ય સ્વભાવથી,
રક્ષા કરો તેની સદા તેના વિના ફળ કો નથી;
સ્વપ્નાદિમાં જો વીર્યનો પાતજ થયો તો હાનિ છે,
જે વીર્યરક્ષકગુરૂકુળો ઉપયોગિતા જ પિછાની છે. ૨૪૭

નિજ વીર્ય છે તે બ્રહ્મ એવું ચિત્તમાં જાણો સહી,
નિજ વીર્ય સ્રાવે જાણવી એ બ્રહ્મની હત્યા ખરી;
નિજ વીર્ય તે બ્રહ્મા અને મહાદેવ તે વિષ્ણુ લહો,
નિજ વીર્યમાં બ્રહ્માંડના અંશો સકળ વ્યાપક અહો. ૨૪૮

નિજ વીર્ય રૂપી બ્રહ્મને જાણેજ તે બ્રાહ્મણ ખરો,
નિજ વીર્યની રક્ષા કરે તે ક્ષત્રિયો જગ અનુસરો;
નિજ વીર્યના વ્યાપારથી વૈશ્યો બને માનવ અહો,
શૂદ્રો કહ્યા સેવાથકી એવુંજ સર્વે સદ્દહો. ૨૪૯

નિજ વીર્યની રક્ષાવડે ધ્યાતા સમાધિને વરે,
જે વીર્યની રક્ષા કરે તે કર્મયોગી થઇ તરે;
નિજ વીર્ય રક્ષા જે કરે તે દેવ દેવીપદ વરે,
નિર્વીર્ય જન શું ? જગ કરે મુડદાલ દુઃખે તે મરે. ૨૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચોપાઇ.

પિંડ વિષે વિષ્ણુ છે વીર્ય, રક્ષો તેને ભવ્ય સુધૈર્ય,
વીર્ય વિનાના લોકો ફોક, જગમાં પાડે ખોટી પોક. ૨૫૧

વીર્ય બિંદુ જસ પડે ન હેઠ, સર્વ યોગીમાં તે છે શ્રેષ્ઠ,
સર્વાંગોનું પોષક એશ, ધરો ખંતથી વીર્ય હમેશ. ૨૫૨

ઉર્ધ્વ સુરેતા જે નરનાર, તેનો સફલો છે અવતાર;
ભીષ્માદિક પેઠે નરનાર, બ્રહ્મચર્ય ધરો નરનાર. ૨૫૩

આંબે સાખ પડે નિર્ધાર, પાકે ગોટલી જગ જયકાર,
એ ગોટલીએ આંબો થાય, જાણો કુદ્રત્નો એ ન્યાય. ૨૫૪

પાકી ગોટલી પેઠે ભવ્ય, વીર્ય સુરક્ષણ છે કર્તવ્ય;
દેશાદિક રક્ષાને કાજ, ધરો સુરક્ષા લોક સમાજ ૨૫૫

પાકેપાકું કાચેકાચ, સમજો મનમાં સાચેસાચ;
કુદ્રત્ને ઉલ્લંઘે જેહ, વીર્યહીન થાતો જન એહ. ૨૫૬

કુદ્રત્ના જે સામો થાય, તે નર અંતે શર્મ ન પાય;
કુદ્રત્ કોપે સર્વ વિનાશ, સમ્યગ્ જ્ઞાને સમજો ખાસ. ૨૫૭

સૃષ્ટિવિરૂદ્ધ જે કર્મ ગણાય, તે સેવ્યાથી દુઃખો થાય;
વીર્ય સુરક્ષા જે અવગણે, મડદાથી તે હલકા બને. ૨૫૮

દેશ કોમને ધર્મ વિનાશ, વીર્ય સુરક્ષા વણુ તો ખાસ;
દેશ કોમની પડતીતણું, કારણ વીર્ય વિનાશ જ ભણું. ૨૫૯

જે જે રક્ષક ધર્મ ગણાય, વીર્ય સુરક્ષામાંહી સમાય;
જેણે વીર્ય સુરક્ષા કરી, પામે સિદ્ધિયો ગુણ ભરી. ૨૬૦

વ્યભિચારી કુકર્મી જેહ, દેશ કોમના ઘાતક તેહ;
વંશપરંપર કરે વિનાશ, બને ન ધર્મી સાચા ખાસ. ૨૬૧

વીર્ય સુરક્ષા આગળ અહો, રત્નાદિક ઢેફા સમ લહો;
વીર્ય જીવનનું જીવન જાણું, વીર્ય વિના જીવન નહિ માન. ૨૬૨

વીર્ય ગયું તો સર્વે ગયું, વીર્ય રહ્યું તો સર્વે રહ્યું;
વીર્ય વિના શુભ કર્મ ન થાય, બને ન યોગી કો જગમાંય. ૨૬૩

રૂપ રંગથી નહીં લલચાય, કામતણા વશમાં નહિ થાય;
કરી વીર્યનું રક્ષણ તેહ, દીર્ઘાયુ પામે જન એક. ૨૬૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્વ વીર્યથી શુભ સંતાન, તેથી દેશોદય મન માન;
સર્વ વ્રતોનો એ છે સાર, ધરજો પ્રેમે નરને નાર ૨૬૫

અજ્ઞાને મુંઝી નરનાર, કરતા વીર્યતણો સંહાર;
પામે પડતી તેમ વિનાશ, જગમાં જીવ્યાની નહિ આશ. ૨૬૬

કામે જીવનને નહીં હણો, પશુથી પણ હલકા ના બનો;
મંત્ર તંત્ર યંત્રાદિક સાર, વીર્ય સુરક્ષા છે નિર્ધાર. ૨૬૭

## દોહરા.

યોગ્ય નિયમને આદરી, વર્તે નરને નાર;
કામે મુંઝાએ નહીં, વીર્ય મહત્તા ધાર. ૨૬૮

બ્રહ્મચર્યના આશ્રમો, થાપો નરને નાર;
ધર્મ સંઘ પ્રગતિ ભણી, ખર્ચી વિત્ત અપાર. ૨૬૯

વંશ પરંપર ઉદયને, માટે સમજો એહ;
શીખ પ્રમાણે વર્તશે, તેનો સફળો દેહ. ૨૭૦

## આંબાની પાછળ ગોટલીથી સ્વાસ્તિત્વ.

આંબો ગોટલી ધારીને, રક્ષે છે સ્વાસ્તિત્વ;
તથા સદા સ્વાસ્તિત્વને, રક્ષો એ જ નીતિત્વ. ૨૭૧

ગોટલીઓ માંહી ધરે, લક્ષ કોટિ સહકાર;
યથા તથા નિજ પાછળે, વંશ પરંપર ધાર. ૨૭૨

એક આમ્રની પાછળે, લાખો આંબા થાય;
એવી રીતે ગોટલા, આંબો ધરતો ન્યાય. ૨૭૩

સર્વ ગુણોની પરંપરા, વંશ પરંપર તેમ;
ગચ્છ પરંપર સંતતિ, પાછળ મૂકો એમ. ૨૭૪

નિજ સરખા પાછળ થતાં, ધર્મ કોમ રક્ષાય;
દેશ સંઘ રક્ષાય તેમ, શુભસંસ્કાર પસાય. ૨૭૫

## કવ્વાલિ.

રહે સ્વાસ્તિત્વ પાછળથી, યથા તેવાં ધરો બીજો;
નિયમ કુદરતતણો એવો, નહીં તેના ઉપર ખીજો. ૨૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણી રાજા પછી રાજા, ગુણી પાકે યથા તેવો;
ઉપાયો તેહવા યોજો, તથા ધર્મીવિષે એવો. ૨૭૭

રહે પાછળ સ્વશક્તિયો, પરંપર વૃદ્ધિના માટે;
તથા વર્તો ઉપાયોથી, ફરજ છે શીર્ષના સાટે. ૨૭૮

કરોડો સદ્‌વિચારોની, પરંપરતા વહે પાછળ;
ધરો તેવાં હૃદય બીજો, ઉદય કરવો રહી આગળ. ૨૭૯

સદા નિજ પાછળે પાકે, હજારો લક્ષ જન મોટા;
તથા વર્તો સ્વફર્જોથી, રહે ના પાછળે ગોટા. ૨૮૦

પ્રમાદો સહુ થતા વારી, ગુણોને પૂર્ણ સંસ્કારી;
ગ્રહીને લાગી વર્ગો સહુ, ધરો સ્વાસ્તિત્વ નરનારી. ૨૮૧

પરંપરસંતતિયોમાં, વહે નિજ શક્તિયો ભાવે;
સમાજોમાં જ રાષ્ટ્રોમાં, ઉદયચક્રો વહે ભાવે. ૨૮૨

તથા કરવું ભલા ભાવે, કહ્યું એ ધર્મના દાવે;
શિખામણ ચિત્તમાં લાવે, પરંપર શક્તિને પાવે. ૨૮૩

ઘણાં રાષ્ટ્રો પડી ભાગ્યાં, ઘણી જાતિ ટળી ભાગી;
સદા સ્વાસ્તિત્વનાં બીજો, ધરી બનશો જ સોભાગી. ૨૮૪

રહે નિજ પાછળે મોટા, ગુણો ધારી જનો સારા;
તથા કુદ્રત્ થકી ફર્જે, ઉપાયો આદરો પ્યારા. ૨૮૫

અહો નિજ ધર્મી સંતાનો, રહે પાછળ ગુણોવાળા;
તથા સ્વાર્પણ કરીને સહુ, કરો નિજ પૂંઠ અજવાળાં. ૨૮૬

થએલા ને થતા દોષો–તણાં સહુ બીજ સંહારી;
ગુણો ને કર્મ સંસ્કારી, બનો સહુ દક્ષ નરનારી. ૨૮૭

સદા નિજ પાછળે મૂકો, ભલાં સંતાન ઉપકારી;
કથેલી શીખ ના ચૂકો, અમારી શીખ મન ધારી. ૨૮૮

ઘટ્યા જૈનો પ્રમાદોથી, બની પાછળ ઘણી હાનિ;
બનો સ્વાસ્તિત્વના રાગી, બનીને ધર્મ અભિમાની. ૨૮૯

રીવાજો હાનિકર ત્યાગી, સદા પાછળ વહે એવાં;
ધરો પ્રગતિતણાં ચક્રો, ઉદય વચનો ભલાં લેવાં. ૨૯૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે અજ્ઞાનીઓ જેઓ, કરે શું ? પાછળે તેઓ,
અવિદ્યાથી ન સમજાતું, ભલું ના પાછળે થાતું. ૨૯૧

થતા કુદરતતણા સામા, ધરે અજ્ઞાનના ભામા;
ભલા સ્વાસ્તિત્વને ચૂકે, ખરૂં ના પાછળે મૂકે. ૨૯૨

## દોહરા.

પ્રતિકૃતિ નિજ પાછળે, મૂકે નહીં જન મૂઢ;
શુભોન્નતિની પરંપરા, મૂકે જ્ઞાની ગૂઢ. ૨૯૩
અશોક રાજા સંપ્રતિ, કુમારપાલ ભૂપાળ;
અકબરનેજ શિવાજી સમ, થયા ન પાછળ જાણ. ૨૯૪

હેમચંદ્રની પાછળે, થયા ન બીજા હેમ;
નિજ સરખા પાછળ વિના, રહે ન શક્તિ તેમ. ૨૯૫

પાછળ નિજ સરખા જનો, શક્તિમંતો થાય;
તેવાં વિદ્યાપીઠને, સ્થાપો સત્યોપાય. ૨૯૬

ચારે વર્ણો ઉન્નતિ, પામે ત્યાગી તેમ;
ગુરૂકુલોને સ્થાપવાં, કરો પ્રવૃત્તિ એમ. ૨૯૭

ગુણકર્મોથી ઉન્નતિ, પાછળ સદા વહાય;
ધન મન તન શક્તિવડે, કરવા ક્રોડ ઉપાય. ૨૯૮

નિજ પાછળ મોટા જનો, સહુની પાછળ થાય;
પરંપરા તેવી વહે, કરો ધર્મ એ ભાય. ૨૯૯

સ્વાસ્તિત્વજ પાછળ વહે, સર્વ ઉપાયો ધર્મ;
માની કરતા યોગીઓ, ફરજે સર્વે કર્મ. ૩૦૦

## ભુજંગી.

કથી શીખ સાચી સદા ચિત્ત ધારો;
ખરો ધર્મ મૂકી વૃથા જન્મ હારો,
કલા સ્વોન્નતિ બીજના એજ બોધો;
સજી કર્મ જૂઠાં ભલાં એજ શોધો. ૩૦૧

ખરા કર્મયોગીતણા એજ પન્થો,
કથ્યા વાંચી જાણી ભલા ખૂબ ગ્રન્થો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદા સર્વ ધર્મોન્નતિ થાય એવા,
કહ્યા એ ઉપાયો ધરી પ્રેમ લેવા. ૩૦૨

નકામા થતા ખર્ચ તે દૂર વારી,
ધરો પાછળે સ્વાસ્તિતા પ્રેમ ધારી;
સદા ધર્મ એથી વધ્યો વિશ્વ જાશે,
કદી દુષ્ટ લોકોથકી ન ખળાશે. ૩૦૩

થતા રાગ ને દ્વેષ તે હેત સારા,
થતા અન્ય માર્ગેજ તે તો નઠારા
વહે પાછળે ધર્મી લોકો મઝાના;
કરો કર્મ એવાં સદા વિશ્વ શાણા. ૩૦૩

સદા ગોટલી પેંઠ સૌ શક્તિ બીજે,
ધરી સ્વાસ્તિતા હેત ચિત્તેજ રીઝો;
ધરો સદ્‌ગુણોનાંજ બીજે સ્વચિત્તે,
વહો પાછળે વંશ વૃક્ષો જ પ્રીતે. ૩૦૪

## આમ્રવૃક્ષ પર સાખ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ.

### દોહરા.

લોકોના સ્વાસ્તિત્વમાં, સત્ય ધર્મની વૃદ્ધિ;
આર્યો નિજ પાછળ કરો, ધાર્મિક શક્તિ સમૃદ્ધિ. ૩૦૫

સહકારે સાખો થતાં, પાકી કેરી ગણાય;
કેરીઓના પાકમાં, સાક્ષી સાખની થાય. ૩૦૬

પરિપૂર્ણ પાકયા પછી, થાય વૃક્ષપર સાખ;
તથા પાકીને સદ્‌ગુણે, માનવ ! ! ! પદ નિજ રાખ, ૩૦૭

પરિપૂર્ણ રસ પામતાં, ભાનુ કિરણ પ્રતાપ;
પાકે આંબે કેરીઓ, સાક્ષી સાખની છાપ. ૩૦૮

સંકટ તાપોને સહે, નહીં અધીરો થાય;
સદ્‌ગુણ રસને જે ગ્રહે, પાકો વિશ્વ ગણાય. ૩૦૯

ખાટી કાચી કેરીઓ, પાકે મીઠી થાય;
ગુણવણ કાચા માનવો, ખાટા રસ સમ ભાય. ૩૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક સદ્ગુણ જે ગ્રહે, અનુભવ સર્વે પાય;
દુઃખો સહી મોટો બને, મીઠો તે જગ થાય. ૩૧૧

સાખ સમા નિજ સદ્ગુણો, પાકી સાક્ષી થાય;
સાખ સમા જો તે બને, બાકી ત્યાં ન રહાય. ૩૧૨

## સદ્ગુણોથી પાકો.

### હરિગીત.

પાકો સદા નિજ સદ્ગુણે કાચા રહો નહિ માનવો,
ગુણકર્મથી પાકા બની કાર્યો મઝાનાં ઊઝવો;
પાકયા વિનાના માનવો મીઠાશ આપે નહિ અરે,
ચારિત્ર રસ વિદ્યાવડે, પાકે જનો સમજો ખરે. ૩૧૩

ચારિત્ર્ય વણ પરિપકવતા આવે નહીં કો જન વિષે,
કર્મો કર્યા વિણ તાપને પામ્યા વિના નહિ ઉલ્લસે;
દુઃખોતણા બહુ વાયરા વાયા ન જેના મનવિષે,
પામે ન વૃદ્ધિ તે કદા પાકે ન રસ અન્તર્ દિસે. ૩૧૪

વિદ્યા અને અનુભવવિષે કાચાતણી કિંમત નથી,
સહુ જાતિના અનુભવ કરો શિક્ષા મઝાની એ કથી;
કાચા રહ્યા જે બુદ્ધિમાં ને બળવિષે વ્યાપારમાં,
પરતંત્ર દાસો તે બને દુઃખો લહે સંસારમાં. ૩૧૫

શોખી ત્રિષયના મોજીલા ડરકુમિયાં જેવા બને,
તે દેશના નિજ ભૂમિના ભક્તો નહીં જ્ઞાની ભણે;
સહુ દોષ જીતી જિનપરે પાકા બને તે ધન્ય છે,
એવા જનો છે સાખ્યસમ યોગી ખરા કૃતપુણ્ય છે. ૩૧૬

જે તાપ વાયુ ના સહે તે જીવતા ના જગ રહે,
માટે જ પાકો માનવો સન્તો મહન્તો એ કહે;
સહુ શક્તિથી પાકા બની આવો જગત્ની આગળે,
સાખ્યો સમા જાહેરમાં આવે મહત્તા જગ મળે. ૩૧૭

સાક્ષી સ્વયં નિજના બનો સાખ્યો જ પેઠે માનવો,
કાં અન્યની સાક્ષી ચહો લુચ્ચાઇ દંભે ના લવો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાખો સમા પરમાર્થમાં બનતા રહો કુદ્રતથકી,
પરમાર્થી જન રસ સ્વાદશે આનંદ પામે એ વકી. ૩૧૮

## આમ્રરસ ભોગથી જનોની પુષ્ટિ.

### દોહરા.

આંબો ખાય ન કેરીઓ, પાકે પરને હેત.
નદી સ્વયં ના જલ પિયે, પરાર્થ તન સંકેત. ૩૧૯

સન્તોનું પરહેત સહુ, મેઘ સદા પરહેત;
ઉપકારી પરમાર્થમાં, મળ્યું સકળ નિજ દેત. ૩૨૦

### કવ્વાલિ.

કરે પુષ્ટિ મનુષ્યોની, નિવારે દેહના તાપો;
કરે સહકાર શીતળતા, ત્યજાવે પાપીનાં પાપો. ૩૨૧

કરે ઉદર હૃદય ઠંડું, સમર્પી મિષ્ટ રસ સારો;
પ્રતિ બદલો નહીં ઇચ્છે, થયો તેથી હૃદય પ્યારો. ૩૨૨

તપેલા તાપથી લોકો, મધુર શુભ સાખ્યને ચાખી;
શમાવે છે ક્ષુધા પાપી, મહત્તા આમ્ર !!! ત્હેં રાખી. ૩૨૩

યદા તું કેરીએ પાકે, તદા પર્ણો બહુ ધારી;
ધરે મર્યાદ મોટાઇ, ગણાયો શ્રેષ્ઠ અવતારી. ૩૨૪

ફળે મહુડો બની નિર્લજ્જ, ભલી મર્યાદ નહિ રાખે;
બને તેવો નહીં કયારે, મહન્તો આમ્રરસ ચાખે. ૩૨૫

ધરે અમૃત ફળો સારાં, સકળ જન ચિત્તમાં પ્યારાં;
નમે નીચો ફલો આવે, નમનતા વિશ્વ દર્શાવે. ૩૨૬

## ફળોથી નીચે નમવું.

ફળે ઉંચા નમી નીચા, વિનય નહિ મૂકતા ક્યારે;
નમી નીચા વહે સન્તો, સમૃદ્ધિ પામતા જ્યારે. ૩૨૭

નમે ના તાડની પેઠે, અરે દુર્જન ફળે ત્હોંયે;
શીખાવે પાઠ વિનયીનો, સકલવૃક્ષોવિષે સોહે. ૩૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફળો જ્યારે ઘણાં આવે, નમે નીચે તદા ભાવે;
રહે અક્કડ અહંકારી, જુઓ દૃષ્ટાંત નરનારી. ૩૨૯

પ્રકટ કરતો ફળો પાક્યાં, જીવોના એ ભલા માટે;
અહો ખાવો જીવો સર્વે, કરો ઉપકાર શુભ વાટે. ૩૩૦

### હરિગીત.

ડાળાં અને સહુ ડાળીઓ પર્ણો હલાવી જણાવતો;
આવો જનો મુજ પાસમાં લેશીજ ફળરસ લ્હાવતો.
આવો પશુઓ પંખીઓ ઇચ્છા પ્રમાણે લ્યો તમે;
પરમાર્થ માટે જીવન છે ફલ પાંદડાં લ્યો જે ગમે. ૩૩૧

આયુષ્ય પામ્યું વહી જશે ઉપકાર સાથે આવતો,
પરમાર્થ માટે જીંદગી પરમાર્થી ચિત્તે ભાવતો;
નીચા નમીને ડાળીથી પર્ણો હલાવી પ્રેમથી,
મૌનજ ધરી ફળ આપવાં સન્તોતણી એ નેમથી. ૩૩૨

અભિમાન ના ક્યારે કરો નીચા નમો શોભા વધે,
અક્કડપણાના ત્યાગથી કીર્તિ પ્રતિષ્ઠા સુખ વધે;
વિદ્યા અને સત્તા તથા ધન આદિથી મોટાઇએ,
ભૂલી ન ક્યારે ફૂલવું સુખ માનીએ છોટાઇએ. ૩૩૩

ઉંચો થયો નહીં શોભતો જે તાડવત્ અક્કડ રહે,
ઉંચો થયો એ શોભતો સહકારવત્ નમતો વહે;
વાહ વાહ !!! આંબા તાહરી લઘુતાઇએ શોભા ઘણી,
તેથીજ પામ્યો કાયને, આ વિશ્વમાં સોહામણી. ૩૩૪

## અમૃત ફલનો સદુપયોગ.

### દોહરા.

ઉપકારી જે અવતર્યા, મીઠાં ફલ ધરનાર;
તે સર્વેમાં શ્રેષ્ટ તું, અમૃત ફલ દાતાર. ૩૩૫

તવ ફલનો ઉપયોગ સહુ, કરતા નરને નાર.
જાયે પ્રભુ દરબારમાં, ફળથી ફળ નિર્ધાર. ૩૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોપટ ડાળે બેસીને, અમૃત ફળ રસ સ્વાદ;
કરતો આનંદી બને, કરે કોકિલા સાદ. ૩૩૭

ખીસ્ખોલીઓ ખોતરી, સાખ્યો ખાંતે ખાય;
જે જેની પાસે વસે, તે તેવું ફલ પાય. ૩૩૮

ચંચલ વાનર જાતિ પણ, ખાય કેરીઓ ખૂબ;
અપકારીને આપતો, સહેજે આંબા લૂંબ. ૩૩૯

અમૃત ફળની ઉપમા, તવ ફળને દે સર્વ;
તો પણ તું મકલાઇને, કરે ન ક્યારે ગર્વ. ૩૪૦

સદુપયોગી ફલ ધરે, ધન્ય ધન્ય અવતાર;
આંબા પેઠે પ્રેમથી, બનશો નરને નાર. ૩૪૧

## હરિગીત.

ઉપયોગ માટે જે મળ્યું તે તે જીવોને આપવું,
ઉપયોગમાં જીવન વડે સહુ વિશ્વમાંહી વ્યાપવું;
વિદ્યા વપુ ધન મન સહુ પરમાર્થના ઉપયોગમાં,
જે વાપરે તે ધન્ય છે મુંઝો ન સ્વાર્થિક ભોગમાં. ૩૪૨

ઉપયોગ માટે આમ્રનું જીવન મઝાનું જાણવું,
પરમાર્થના ઉપયોગમાં જીવન સદા નિજ આણવું;
પરમાર્થના ઉપયોગમાં જીવન ધનાદિક વાપરો,
પરમાર્થના ઉપયોગ વણ કાં જીંદગી જીવો ખરો. ૩૪૩

ઉપયોગ માટે છે જીવન પશુઓ અને પંખીતણાં,
વૃક્ષો સકલ પરમાર્થનાં ઉપયોગમાંજ સોહામણાં;
શ્રી વિક્રમે ઉપયોગમાં આયુષ્ય સત્તા વાપરી,
બાકી ન રાખો માનવો!!! આ વિશ્વમાંહી અવતરી. ૩૪૪

કંજુસ મખ્ખીચૂસ જે છે સ્વાર્થના કીડા જનો,
જીવતાં છતાં ના જીવતા સ્વાર્થી કદાપિ ના બનો;
એકેન્દ્રિ આંબાથી અરે માનવ બની મુંઝો નહી,
પરમાર્થના ઉપયોગમાં સેવા મઝાની છે સહી. ૩૪૫

તીર્થંકરો મુનિયો સકલ આ વિશ્વમાં પૂજાય છે,
નિજ જીવનના ઉપયોગથી લોકોવડેજ સ્તવાય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ન કાંઇ આવશે પરમાર્થનું જીવન ધરો,
ઉપયોગી જીવન હિત ભણી સાધુ સમાગમ ઝટ કરો. ૩૪૬
ઉપયોગમાં અમૃત ફ્લો જગમાં સદા આવે ખરે,
તેથીજ ભાવી વર્ષમાં લહેકે જ બહુ ફરી ફળે;
જે જે મળ્યું તેનો કરો ઉપયોગ નિષ્કામી બની,
વેદો અને સહુ આગમોનો સાર એ શિક્ષા ભણી. ૩૪૭

## કાચામાં કાઠિન્ય અને પાકામાં નરમાશ.

### દોહરા.

કઠીન કાચી કેરીઓ, પાકા રસવણ જોય;
પાકી થાતાં નમ્રતા, ઢિલાશતા અવલોય. ૩૪૮
નમ્ર થતાં છે મિષ્ટતા, કાચામાં ખાટાઇ;
કુદ્રત્તના એ નિયમની, સમજો મન મોટાઇ. ૩૪૯
કાચું તે પાકું બને, બને ન પાકું કાચ;
જ્યાં ત્યાં જગમાં જાણવી, કુદ્રત્ નીતિ સાચ. ૩૫૦
કાચા મનના માનવો, ધરે નહીં મીઠાશ;
પક્કા રસવણુ ગોટલો, ફ્ળ્યાતણી નહિ આશ. ૩૫૧
કાચી કેરી ગોટલી, ઉગી થાય ન વૃક્ષ;
પકવ ગોટલે પકવરસ, રહસ્ય સમજો દક્ષ. ૩૫૨
વિનય વિવેક ન નમ્રતા, અહંકાર અજ્ઞાન;
શુદ્ધ પ્રેમ વણુ ચિત્તમાં, કઠીનતા ગુણુહાણુ. ૩૫૩
ક્ષેત્ર કાલ જાણે નહીં, કર્મયોગ ગુણુ હીણુ;
નિષ્કામી જે નહીં બન્યો, કઠીનતાએ દીન. ૩૫૪
પાકામાંહિ રસ વધે, કાચામાં નહિ હોય;
પાકામાં રસ વૃદ્ધિથી, ઢીલાઇ ગુણુ જોય. ૩૫૫
જ્ઞાનકર્મથી પકવતા, અનુભવ આવે થાય;
આત્માનુભવ યોગથી, પકવ દશા સુખ પાય. ૩૫૬
આતમજ્ઞાની પકવતા, ગ્રહી રસે ઉભરાય;
અલખ દશામાં લીન થઇ, પરમ પ્રભુતા પાય. ૩૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાચા મનના માનવો, નિર્દય જૂઠા જાણ;
સ્વાર્થ કીર્તિના પૂજકો, જડતા મન અભિમાન. ૩૫૮

નાસ્તિક ગુરૂના નિન્દકો, લોપે ગુરૂના બોલ;
ઇર્ષ્યાળુ ને ચાડીઆ, કરે ન ગુણનો તોલ. ૩૫૯

અવિશ્વાસી વૈરિલા, કંજુસના શિરદાર;
તુચ્છહૃદયના માનવો, કાચા એ નિર્ધાર. ૩૬૦

ગુણ અવગુણ જાણે નહીં, માને નહિ ઉપકાર;
નગુરા નફ્ફટ માનવો, કાચા એ નિર્ધાર. ૩૬૧

ગુર્વાજ્ઞા માને નહીં, ક્ષોભ ધરે મન કોપ;
બટાટોપ રાખે ઘણો, ચિત્ત ધરે સંક્ષોભ. ૩૬૨

દાન સુપાત્રે ના દિયે, કરે કુસંગી સંગ;
નીચજનોની સંગથી, ધારે દુર્ગુણ રંગ. ૩૬૩

અલ્પબુદ્ધિના માનવો, ટુંક દૃષ્ટિ ધરનાર;
જન્મભૂમિગુરૂદ્રોહીઓ, કાચા મનના ધાર. ૩૬૪

કાચાઘટસમજલ ગુણો, ધરે ન નિજમાં તેહ;
કાચા મન વચકાયથી, લહે ન કીર્તિ એહ. ૩૬૫

માટે પાકા સહુ બનો, ધરી શક્તિ ગુણ બેશ;
બુદ્ધિસાગર બોધથી, આનંદ હોય હમેશ. ૩૬૬

કેરી પાકે રંગ ફરે છે, રક્ત વર્ણને પ્રાયઃ ધરે છે;
રક્ત વર્ણનો રસ તેહ ધારે, રૂપરસ તે પૂર્વના વારે. ૩૬૭

બદલે તે પૂર્વની કાયા, ધરે પાકયાની દેહ માયા;
રસરૂપાકૃતિ ફેરફાર, એક સરખું ન કો નિર્ધાર. ૩૬૮

કેરી દેખી શિખામણ લેવી, ભલી વાત જગતને કહેવી;
પાકા વિશ્વ બનો નરનાર, પરિપકવ દશા સુખકાર. ૩૬૯

ગુણ આવે અવસ્થા ફેર, રહે તેમાં નહીં અંધેર;
જે સદ્ગુણગણથી પાકે, તે વિશ્વવિષે નહીં છાકે. ૩૭૦

પાક્યાની જ કિંમત પૂરી, રહે કોઈ ન વાત અધૂરી;
પાક્યા જે નર અને નારી, તેની વિશ્વવિષે બલિહારી. ૩૭૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાકયા વણુ ભાંડ ન સારાં, પાકયા વણુ અહો અન્ન ન પ્યારાં;
પાકે લીંબોડી થાતી જ મીઠી, ઋતુ વણુ સહુ વાત અનીઠી. ૩૭૨

પકવ વીર્યથી સંતતિ થાય, વણુ પાકે અનર્થ ગ્રહાય;
પાકી રસવંતી સુખકાર, ગુણે પાકો નર અને નાર. ૩૭૩

પાકે બોરડી મન આકર્ષે, પાકે મેઘ મઝાનો વર્ષે;
વય પાકે અનુભવ આવે, સુખ દુઃખ અનુભવ થાવે. ૩૭૪

પાકયા જનની કિંમત થાય, કરો સંગત તેની સદાય;
પાકી કેરી શિખામણુ આપે, શીખ સજ્જન મનમાં વ્યાપે, ૩૭૫

પાકા આગેવાનો જ્યાં હોવે, સર્વજાતીય ઉન્નતિ જોવે;
પક્કા ગુરૂઓથકી ધર્મવૃદ્ધિ, પક્કા વ્યાપારીઓથીજ ઋદ્ધિ. ૩૭૬

સર્વ જાતિ કેળવણી પામે, તે શક્તિ વડે જગ જામે;
હોય કેળવણી જ્યાં ન પૂરી, હોય કચ્ચાઇ ત્યાં અધૂરી. ૩૭૭

સર્વ શક્તિવડે થાઓ પક્કા, રહો કોઇ ન વાતે કચ્ચા;
કાચા પાકાનો ભેદ વિચારો, ચિત્તે પક્કાઇના ગુણુ ધારો. ૩૭૮

દેશોદય ધર્મોદય માટે, પક્કા રહીને વહો શુભ વાટે;
પાકી કેરીના રસસમ મીઠા, બનો માનવ જગમાંહિ [1]જીઠા. ૩૭૯

સર્વ વિદ્યા સાપેક્ષાએ જાણે, પક્ષપાત ન મનમાં આણે;
બની કર્મયોગી કરે સેવા, સર્વ જીવોને ઉન્નતિ દેવા. ૩૮૦

કોઠિ ધૂર્તોથકી ન વંચાય, સર્વ દુર્જનથી ન હરાય;
કળિકાલના ધર્મે પ્રવર્તે, કરવા યોગ્ય કાર્યમાં વર્તે. ૩૮૧

આમરસમાં અભાવ ન થાવે, તેવા સદ્ગુણને જગ પાવે;
પાકી કેરીતણા ગુણુ લેવા, કરો યત્ન સદા ગુણુ કહેવા. ૩૮૨

પાકી કેરીઓ શિક્ષણુ આપે, તેને સજ્જન મનમાં થાપે;
તે સર્વોન્નતિ પદ પાવે, ગુણરાગી હૃદય એમ આવે. ૩૮૩

ધર્મ આંબાનો એવો મઝાનો, રહે ગુણથી કદાપિ ન છાનો;
બુદ્ધિસાગર ધર્મને ધારો, સત્ય સફળ કરો અવતારો. ૩૮૪

આંબો ધર્મ ધરીને ફળે છે, તેથી શિક્ષા સાચી મળે છે;
ધર્મ ધરીને વહે નિજ કાયા, સારી ધર્મતણી એક માયા. ૩૮૫

૧ મોટા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આર્યધર્મ અને તે પરથી ગ્રહાતું શિક્ષણ.

ધર્મના ભેદ જગમાં હજારો, તેનો ગણતાં ન આવે પારો;
ધર્મ લક્ષણ જુજૂવાં જાણો, લહી ગુરૂગમ ચિત્તમાં આણો. ૩૮૬

જેથી સત્યોન્નતિ સહુ થાવે, ધર્મ લક્ષણ તે ચિત્ત ભાવે;
સહુ દુઃખથી જેહ ઉગારે, આત્મોન્નતિ જેહ વધારે. ૩૮૭

સર્વ ફર્જમાં શક્તિ સમર્પે, સર્વજાતીય શક્તિ જે અર્પે;
તેવો ધર્મ ધરો નરનારી, મહાવીર પ્રભુ દિલ ધારી. ૩૮૮

જેથી નિર્બલતા બહુ આવે, તેવો ધર્મ ન ચિત્તે ભાવે;
બળ અર્પે તે ધર્મ વખાણો, દોષ જીતે તે મનમાં આણો. ૩૮૯

દોષ જીતાય ઉન્નતિ થાવે, વ્યાવહારિક ધર્મ તે ભાવે;
મનઃશક્તિ સુમાર્ગ વહાવે, સત્ય ધર્મ તે ચિત્ત સુહાવે. ૩૯૦

સ્વાર્થ છે વ્યાવહારિક ધર્મ, સ્વાધિકારે કરો તેહ કર્મ;
પરમાર્થ તે ધર્મ વખાણો. દયા સત્યાદિ મુખ્ય તે જાણો. ૩૯૧

દેશ સંઘોન્નતિ દેશકાલે, સ્વાધિકારે દયા ધર્મ પાળે;
વર્ણ ધર્મ જે સ્વાધિકારે, નિષ્કામી બની વ્યવહારે. ૩૯૨

સામાજિક કાર્યો કરંતો, આત્મોન્નતિ વેગે વહંતો;
જૈનોન્નતિમાં જિનધર્મ, જીતે તેવાં કરે ધર્મ્યકર્મ. ૩૯૩

ચારે વર્ણો સ્વધર્મ ન ચૂકે, સ્વાધિકારે કર્મ ન મૂકે;
એવી ધરતો વ્યવસ્થા સ્વભાવે, ધર્મ, વિશ્વમાં વ્યાપક થાવે. ૩૯૪

ધર્મ નામે વિધર્મીઓ મારે, અન્યાયે મનુષ્યો સંહારે;
યજ્ઞ નામે પશુઓને કાપે, ધર્મ ના તે એ ધર્મની છાપે. ૩૯૫

ધર્મ જૂનો નવો એમ ઝઘડો, કરીને કેમ મનને રગડો;
સર્વ જીવોનું શ્રેય વધારે, તેહ ધર્મ ખરો દુઃખ ટાળે. ૩૯૬

જૈન દેવે કહ્યો જિનધર્મ, તેનાં સત્ય કહ્યાં એ મર્મ;
જૈન દેવ શુદ્ધાત્મા જાણો, ઘટોઘટમાં સત્તા પરમાણો. ૩૯૭

જીતેતે જિન ચિત્ત વિચારો, શુદ્ધતાએ અનુભવ ધારો;
જેણે આત્મા સ્વચિત્તે જાણ્યો, તેણે શુદ્ધો ધર્મ પ્રમાણ્યો. ૩૯૮

દૃષ્ટિ દૃષ્ટિએ અંશે ધર્મ, સમજ્યા વણુ રૈ છે ભર્મ;
એવી લક્ષ્ય ધરે જિનવાણી, પામે શાશ્વત સુખ તે પ્રાણી. ૩૯૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ દેવનાં જૂદાં નામો, ત્યાં ઝઘડો કરો ન નકામો;
સહુ ધર્મ દયામાં સમાય, સત્ય કાંટે ધર્મ તોલાય. ૪૦૦

દાન શીયલ તપ અને ભાવ, ચાર ભેદ ધરો ગુણદાવ.
દાન દેતાં જ દુર્ગતિ નાસે, પાપ વાસના આવે ન પાસે. ૪૦૧

દાન ધર્મ પ્રથમ સહુ ધર્મે, સમજ્યા વણુ રહે જગ ભર્મે;
દાનના ભેદ લાખો હજારો, સર્વ સમજી યથાયોગ્ય ધારો. ૪૦૨

## ધર્મભેદ.

સાધુ સંતોની દાનથી સેવા, કરવા નિત્ય રાખો હેવા;
અન્ન વસ્ત્રાદિ દાનો દેવાં, સ્વર્ગ સિદ્ધિતણાં સુખ લેવાં. ૪૦૩

જ્ઞાનદાન સમું નહીં કોઇ, ધર્મશાસ્ત્રોને જોશો જોઇ;
જ્ઞાનદાન કરો નરનારી, સર્વ સ્વાર્પણતા દિલ ધારી. ૪૦૪

સર્વ તીર્થંકરો દાન દેતા, પછી ચારિત્ર ભાવે લેતા;
દાન દેવાથી ધર્મ વહે છે, તેથી વિશ્વમાં શાંતિ રહે છે. ૪૦૫

દાનસિદ્ધને શીયલ આવે, આવ્યું પાછું તે કદિય ન જાવે;
જ્યારે શીયલ સિદ્ધિ થાવે, ત્યારે તપની યોગ્યતા આવે. ૪૦૬

માટે પાળો શીયલ સ્વાધિકારે, તરે શીયલવંત ને તારે;
જેને શીયલ સિદ્ધિ સુહાવે, તે સહેજે તપ ગુણ પાવે. ૪૦૭

ઉત્તમોત્તમ શીયલને ધારો, તેથી આવે દુઃખનો આરો;
શીયલવંતના ગુણ ગણુ મોટા, તેથી આવે કદિ નહીં તોટા. ૪૦૮

મન વાણી અને શુભ કાયા, સર્વ યોગ વધે છે સવાયા;
મન કાબુમાં રાખે જેહ, તપ લક્ષણ જાણો તેહ. ૪૦૯

ધર્મ્ય કર્મમાં દુઃખોને સહેતો, તપ લક્ષણ તે જન લેતો;
સર્વ શક્તિ વધારે જ જેહ, તપ સાચું લહો જન તેહ. ૪૧૦

સ્વાધિકારે જે કર્મને કરવાં, તપ લક્ષણ તે મન ધરવાં;
સર્વ જાતીય શુભ પ્રવૃત્તિ, તપોલક્ષણની અનુવૃત્તિ. ૪૧૧

બૂરી ઇચ્છાનો રોધ જે થાય, તપ લક્ષણ તે કહેવાય;
સર્વ ફરજો અદા નિજ કરવી, તપ એ તપી શિવ વધૂ વરવી. ૪૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ જીવોએ તપ શુભ તપવું, ચિત્ત પ્રભુનું નામ શુભ જપવું,
નિષ્કામ દશા તપ મોટું, કામ્ય ભાવથી તપ થાય છોટું. ૪૧૩

જ્ઞાની ગુરૂ ગમથી તપ સૂઝે, કે વિરલા જનો તપ બૂઝે;
મન વાણીને કાય પ્રવૃત્તિ, સ્વાધિકારે તપઃ પદ વૃત્તિ. ૪૧૪

તપ તપશો સદા નરનારી, બની નિષ્કામ ફર્જ વિચારી;
લૌકિક લોકોત્તર ભેદે, તપ તપવો હૃદય વણ ખેદે. ૪૧૫

તપ તપતાં ભાવ જ આવે, ભવોભવના દુર્ગુણ જાવે;
રજોગુણ ને તમોગુણ ટળતો, શુભ સાત્વિક અનુભવ મળતો. ૪૧૬

ભાવે ભાવના શુભ મન ભાવે, પાપ કર્મો સકલ દૂર જાવે;
શુદ્ધ પ્રેમે ભાવ જ આવે, આધિ વ્યાધિ વગેરે હઠાવે. ૪૧૭

ચાર ભેદે એ ધર્મ વિચારો, ધરો દાનાદિકનો આચારો;
દ્રવ્ય ભાવથી ચાર પ્રકારે, ધરો ધર્મને શુદ્ધાચારે. ૪૧૮

સર્વ ધર્મનો સાર એ સાચો, તેમાં ભાવ ધરી જન રાચો;
સર્વ જીવોના શ્રેયમાં ધર્મ, કરો ધર્મતણાં શુભ કર્મ. ૪૧૯

સર્વ જીવોના હૃદયને ઠારો, સ્વાધિકારે ધર્મ ન હારો;
બુદ્ધિસાગર ધર્મ સવાયો, ધર્મથી સત્ય આનન્દ પાયો. ૪૨૦

## સ્વાભાવિક ધર્મ.

ધર્મ સ્વાભાવિક કહેવાય, તેમાં ફેરફાર નહીં થાય;
સાધન ધર્મ અનેક પ્રકારે, દ્રવ્ય ભાવથી સુજ્ઞો ધારે. ૪૨૧

નિવૃત્તિ પ્રવૃત્તિ બે ભેદે, વ્યવહાર નિશ્ચયથી વેદે;
પ્રવૃત્તિ ધર્મ ધારે યોગી, નિષ્કામ દશા ગુણ ભોગી. ૪૨૨

પ્રવૃત્તિ, નિવૃત્તિ અપાવે, ઉપકાર પ્રવૃત્તિએ થાવે;
ધર્મ કર્મ પ્રવૃત્તિને ધારો, મળ્યો માનવભવ નહિ હારો. ૪૨૩

આજીવિકાદિ લૌકિક ધર્મો, સ્વાધિકારે કરે જન કર્મો;
પ્રભુ હૃદયે ધરી સહુ કરતો, કર્મ યોગી પરંપદ વરતો. ૪૨૪

વર્ણ ધર્મ અને રાજ્ય ધર્મ, દેશ ધર્મ અને નીતિ ધર્મ;
ગૃહી ધર્મ અને ત્યાગી ધર્મ, સ્વાધિકારે કરો તે ધર્મ. ૪૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન ધર્મ તથા ક્રિયા ધર્મ, બેથી પામો શિવ પદશર્મ;
સ્વાધિકાર પ્રથમ તો વિચારો, પછી ધર્મ યથા યોગ્ય ધારો. ૪૨૫

પ્રભુમય થઇ જે સ્વાધિકારે, કરે કર્મ તે ધર્મને ધારે;
નિરાસકત્યા લેપાય ન કોઇ, જોશો અનુભવ જ્ઞાનથી જોઇ. ૪૨૭

ધર્મ ભેદમાં મુંઝો ન ભવ્યો, સ્વાધિકારે કરો કર્ત્તવ્યો;
ધર્મ સાધન જે જે વ્યવસ્થા, ધરો જાણીને નિજ અવસ્થા. ૪૨૮

સર્વ દુઃખો હરે સુખ આપે, ધર્મ જગમાં સદા તેહ વ્યાપે;
મેઘ પેઠે બને ઉપકારી, ધર્મ તેહ ગ્રહે નરનારી. ૪૨૯

જેથી આનંદ અતિશય થાવે, રંક રાયના મનમાં ભાવે;
સ્વાધિકારે સર્વે આરાધે, ધર્મ તેહ જગત્માં વાધે. ૪૩૦

પૂર્વે જૈન ધર્મ હતો એવો, રહ્યો પાછળથી નહિ તેવો;
આગેવાનો જ્યાં ધર્મના સારા, તેના નિર્મલ છે આચારા. ૪૩૧

ધર્મ રક્ષ્યાથી તે નિજ રક્ષે, ધર્મ દ્વેષથી તે નિજ ભક્ષે;
કરો ધર્મનો ઘાત ન ક્યારે, ધર્મ ઘાતથી તે નિજ મારે. ૪૩૨

ધર્મથી સહુ વિશ્વ વહે છે, ધર્મથી જગ શાંતિ રહે છે;
ધર્મથી વહે ચંદ્ર ને ભાનુ, હોય ધર્મથી શમ મઝાનું. ૪૩૩

ધર્મવશ સહુ દેવો રહે છે, ધર્મને સહુ જીવ ચહે છે.
સ્વાધિકાર ધર્મ ધરો પ્રાણુ, સર્વ વિશ્વ વ્યવસ્થા પ્રમાણે. ૪૩૪

બનો ધર્મ માર્ગ વિશ્વાસી. ધર્મે સહુ સિદ્ધિયો દાસી;
જેના ચિત્તમાં ઇશ્વર વાસો, તેહ ધર્મી બન્યો જગ ખાસો.૪૩૫

નહિ સ્વાત્માથકી ધર્મ ન્યારો, પ્રેમ વણુ નહિ ધર્મ વિચારો;
બને નિષ્કામી જે શુદ્ધ પ્રેમી, તેહ ધર્મી કહ્યો સત્ય નેમી. ૪૩૬

ધર્મ ભેદે લડો નહીં લોકો, જ્ઞાન વણુ નહીં પાડો પોકો;
માતા પિતા વૃદ્ધની સેવા, ધર્મ સાચો એ શિવપુર લેવા. ૪૩૭

દુઃખી દીનની હાય ન લેવી, શુભ શિક્ષા ગુણીજન દેવી;
સહુ ધર્મો દયામાં સમાતા, સ્વાધિકાર ધર્મથકી શાતા. ૪૩૮

સ્વાધિકારે વિચારો આચારો, તેમાં સ્વાધિકારે ધર્મ ધારો;
સ્વાધિકારથી ધર્મના ભેદો, ભિન્ન ભિન્ન જીવોમાં વેદો. ૪૩૯

સ્વાધિકારે ધર્મ જેહ જાણે, તેહ ધર્મ કરે સુખ માણે.
બુદ્ધિસાગર ધર્મો ધારો, લાગે ગુરૂગમથી મન પ્યારો. ૪૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રોધ કરવાથી ધર્મ ટળે છે, બુરૂં કરવાથી પાપ મળે છે;
સર્વ જીવોના સારામાં સારૂં, એવી ઇચ્છાથકી સુખ પ્યારૂં. ૪૪૧

દુઃખી જનનો કરવો ઉદ્ધારો, તેથી આવે દુઃખનો આરો;
દયામાં પ્રભુ દેવનો વાસ, એવો ધારો મન વિશ્વાસ. ૪૪૨

સર્વ તીર્થો દયામાં સમાતાં, પ્રભુ પ્રેમમાં ભજનો સમાતાં;
પ્રભુ દિલમાં ધરી કરો કાજ, પ્રભુ વિશ્વાસથી સુખ સાજ. ૪૪૩

ધર્મ ઢોંગ કદિ નહીં ધરવો, ધર્મ શક્તિ પ્રમાણે કરવો;
સત્ય વિષે છે ધર્મ સવાયો, પારતંત્ર્યે ન ધર્મ જણાયો. ૪૪૪

પાપ કર્મોથી પાછા હઠવું, ધર્મ કર્મોથી મનને મઢવું;
પ્રભુ, સદ્ગુણમાંહી વસે છે, તે તો દોષથી દૂર ખસે છે. ૪૪૫

ન્યાયપંથે પ્રભુને પમાય, ન્યાયરૂપ પ્રભુ પરખાય;
નહીં અન્યાયમાં પ્રભુ ક્યારે, જ્યારે જાણો પ્રભુ મળે ત્યારે. ૪૪૬

આત્મા બ્રહ્મ પ્રભુ નામ ભેદો, અલ્લા હરિ હર જિનવર વેદો;
નામ પ્રભુનાં લક્ષ કરોડો, નામ ભેદે ન ચિત્ત મરોડો. ૪૪૭

વીતરાગ પ્રભુ નિર્ધારી, દોષ રહિત પ્રભુ અવધારી;
પૂર્ણ પ્રેમે પ્રભુ મન ધારી, સહુ કાર્ય કરો મન ધારી. ૪૪૮

મહાવીર પ્રભુજી પ્રકાશે, જૈનધર્મ ગુણોએ વિલાસે;
અન્ય ધર્મોનો દ્વેષ ન કીજે, જે જે સત્ય તે સહુથકી લીજે. ૪૪૯

સત્ય ધર્મો સાપેક્ષ વિચારે, જ્ઞાની સમજીને મમતા ધારે.
સંઘ સામાજીક સહુ કાજે, ધરે પ્રેમ તે મુક્તિમાં છાજે. ૪૫૦

સ્વાધિકારે ધર્મ કરાય, નહીં તે વણ ચિત્ત સુહાય;
નિજ હૃદયમાં ધર્મ અનન્ત, સમજે પ્રભુ સાચા સન્ત. ૪૫૧

ભૂલે ભમતા ન બાહિર ક્યારે, જ્ઞાન પામે પછી નહીં ધારે;
માયામાં તે ધર્મ હણાતો, લોભે ધર્મ તે જાય તણાતો. ૪૫૨

નામરૂપના મોહે જે મુંઝે, તેને સાચો ધર્મ ન સૂઝે;
કલિકાલ પ્રમાણે ધર્મો, સ્વાધિકારે કરો સહુ કર્મો. ૪૫૩

ત્યાગ ધર્મ છે કાલાનુસારે, ગૃહી ધર્મ છે કાલ વિચારે;
થાય તેટલું કરીએ ભાવે, દંભ કરતાં સમૂળું જાવે. ૪૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધટાટોપે મન નહીં ધરીએ, આત્મ ચારિત્ર્ય તે મન વરીએ;
બાહ્ય અંતર ભેદ ન રાખો, હોય તેવું ખરૂં શુભ ભાખો. ૪૫૫

ચોરી જારી કુધર્મ છે ત્યાગો, પ્રભુ પ્રાર્થી ગુણો સહુ માગો.
નીતિધર્મ હૃદયમાંહિ ધરીએ, જે જે દુર્ગુણ તે પરિહરિએ. ૪૫૬

ધર્મ કથતાં ન આવે પારો, આવે ગુરૂગમથી તસ આરો;
જ્યાં ધર્મ ત્યાં ઇશ્વર પ્રગટે, મન ધર્મ ધરે દોષ વિઘટે. ૪૫૭

આત્મજ્ઞાને જે ધર્મ વિચારે, તેને ભેદ ખેદ નહીં કયારે;
આત્મામાંહિ ધર્મો સમાતા, એકમાંહી અનેક સુહાતા. ૪૫૮

એવી ગૂઢ સિદ્ધાંતની વાતો, સન્ત સાર તેનો દિલ પાતો;
આત્મધર્મને પ્રેમે નિહાળી, ધરો ધર્મ સદા નરનારી. ૪૫૯

નિજધર્મ સમજવો ન સહેલો, પણ કુદ્રતે સમજાય વહેલો;
બુદ્ધિસાગર ધર્મ ધરોને, સર્વ જીવોનાં દુઃખ હરોને. ૪૬૦

## અધ્યાત્મ બળ.

### દોહરા.

અધ્યાત્મબળ યોગથી, શોભે છે સહકાર;
સર્વાંગોએ જીવતો, સર્વ તરૂ શિરદાર. ૪૬૧

અરસપરસ અંગો સકળ, સંપી જીવે એશ;
સહાય પરસ્પર આપીને, ટાળે તનના કલેશ. ૪૬૨

[1]ઉપગ્રહેજ પરસ્પરે, સંપી વર્તે એક;
સર્વાંગોનો આમ્ર યૈ, વર્તે ધારી ટેક. ૪૬૩

બન્ને એકડા ભેગા જો થાવે, એકાદશ ગણું બળ સોહાવે;
સર્વ અંગો મળી એક હોવે, તેના બળનો પાર ન જોવે. ૪૬૪

સર્વ અંગો મળે એક અંગી, હોય તેહ બને ગુણ રંગી;
અન્તર રસ સર્વને સરખો, મળે અધ્યાત્મબળ ત્યાં પરખો. ૪૬૫

એવા અધ્યાત્મબળના પ્રકારે, આંબો સ્વાશ્રયી જીવન ધારે;
ધરે ધર્મો અધ્યાત્મ બળે તે, સર્વ શક્તિ થકી ઉછળે તે. ૪૬૬

---

1 ઉપકારવડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખી અધ્યાત્મબળ નરનારી, બળ તેવું ધરો જયકારી;
સપ્ત વીર્યાદિ ધાતુઓ મેળે, કાયા ઉભી રહે રંગ રેલે. ૪૬૭

દેશ પ્રગતિ અધ્યાત્મબળે છે, રાષ્ટ્ર પ્રગતિ સર્વાંગ બળે છે;
થાય સામાજિક બળ ભારે, કોય અરિથી ન કચરાય ક્યારે. ૪૬૮

સર્વ અંગો પરસ્પર મળતાં, પ્રતિપક્ષીતણાં બળ ટળતાં;
દેશ કોમની પડતી જણાતી, ટળે અધ્યાત્મબળ કળ ભાતિ. ૪૬૯

ટળ્યું અધ્યાત્મબળ બહુ જ્યારે, જૈન સંખ્યા ઘટી બહુ ત્યારે;
રાજ રજપૂતનાં બહુ વિણસ્યાં, કુળ આર્યોતણાં બહુ લપસ્યાં. ૪૭૦

જ્ઞાન વણ આધ્યાત્મિકબળની, આશ રાખો નહીં શુભ વળની;
મહાજન સંઘ શક્તિ હણાઇ, તેથી દુષ્ટ જાતિ હરખાઇ. ૪૭૧

ટળ્યું ગુર્જર રાજ્ય સવાયું, સર્વ ભારત દુઃખથી છાયું;
વધ્યું પારતંત્ર્ય હીન શક્તિ, પડી જૂદી એકેક વ્યક્તિ. ૪૭૨

જૈન કોમમાં ભેદો પડિયા, ગચ્છભેદે જ જૈનો લડિયા;
મળ્યું વીર્ય તે કલેશે ખવાયું, જૈન રાજ્ય અમૂલ્ય ગુમાવ્યું. ૪૭૩

જિહાં અકકલના છે વાંધા, બાર સાંધે તુટે તેર સાંધા;
આધ્યાત્મિક રાજ્યની શક્તિ, જૈનકોમથકી અરે વિઘટી. ૪૭૪

જૈન સામ્રાજ્ય તેથી હણાયું, રહ્યું બળ કંઇ ઘુંટું છવાયું;
માટે આધ્યાત્મિક બળ ધારો, પડયાં નિર્બળ અંગ સુધારો. ૪૭૫

દેશ રાજ્ય કોમ બળ માટે, ધરો ઐક્ય હૃદય શિર માટે;
કરો સ્હાય પરસ્પર સારી, ભેગી શક્તિ કરો નરનારી. ૪૭૬

દેશ કોમનો સ્વાર્થ છે સારો, રાજ્ય સંઘ સ્વાર્થ ધરો પ્યારો;
બળ એકઠું કરીને રહેવું, ધર્મ માટે સકલ દુઃખ સહેવું. ૪૭૭

પડયા ભેદ તે સઘળા સાંધો, દ્વેષ સ્વાર્થે ન પાડો વાંધો;
સર્વ સ્વાર્થનો હોમ કરીને, વહો અધ્યાત્મ બળ સંવરીને. ૪૭૮

સંઘ શક્તિ ધરો સહુ અંગો, રાખો પૂર્વજના સહુ રંગો;
એમ આંબાના ભાગ લેવા, પાછા અન્યજીવોને દેવા. ૪૭૯

આધ્યાત્મિક બળને વધારો, સર્વ અંગોની શક્તિ સુધારો;
કદિ આલસ્ય અંગ ન ધારો, એમ સજ્જન મન અવધારો. ૪૮૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જીર્ણ પત્રોનો ત્યાગ અને નવીન પર્ણોનું ગ્રહણ
## જીર્ણ ત્યાગ-નવીન ગ્રહણ.

જીર્ણ પર્ણોનો ત્યાગ કરે છે, નવ્ય પર્ણો પુનઃ તે ધરે છે;
એમ આમ્ર વૃક્ષ પ્રવૃત્તિ, શક્તિ ગ્રહણે ધરે છે નીતિ. ૪૮૧

શોભાકારક પર્ણો ધરે છે, ત્યાજ્ય પર્ણોને વેગે હરે છે;
નવ્ય જીવને જીવે સહકાર, તેમ માનવ શીખ અવધાર. ૪૮૨

શક્તિહીન જૂનું પરિહરવું, શોભાદાયક નવ્યને ધરવું;
દિન પ્રતિદિન નવ નવ શોભા, ધારે તેના રહે છે મોભા. ૪૮૩

શક્તિ શોભા નવી જે ન ધારે, તેહ શક્તિ જીવનને હારે;
દેખી સહકાર ને લ્યો શિક્ષા, વહો નવ્ય જીવનની દીક્ષા. ૪૮૪

શક્તિ હીન જીર્ણ પરિત્યાગો, નવા અંગ ધરીને જ જાગો;
નવ્ય અંગ ન આવે જેમાં, રહે શક્તિ ન શોભા તેમાં. ૪૮૫

માટે જીવન પ્રગતિ કરવા, શક્તિ અંગો સદા મન ધરવા;
કરો સત્ય સુધારા વધારા, નવ્ય શક્તિતણા અવતારા. ૪૮૬

પૂર્ણ જ્ઞાન વિના જે સુધારા, કરતાં લોકો હોવે નઠારા;
આદરિએ અને પરહરિએ, એવું જ્ઞાન વિના નહિ કરીએ. ૪૮૭

રાષ્ટ્ર શક્તિ નવાંગો ન ધાર્યાં, તેથી આર્ય કુલો બહુ હાર્યાં;
થયા ક્ષત્રિયો બાયલા જેવા, નવ્ય શક્તિ ગ્રહણ વણુ તેવા. ૪૮૮

નવી શક્તિ વિના જૈન લોકો, પડયા પાછળ પાડે પોકો;
નવી શક્તિ જેઓએ ધારી, થયા નિર્બલ તે નરનારી. ૪૮૯

દિન પ્રતિદિન શક્તિ વધારો, ત્યાજ્ય અંગોને પૂર્ણ સંહારો;
ધરો કુદરતની એહ રીતિ, તેથી આવે કદાપિ ન ભીતિ. ૪૯૦

જેહ કુદ્રત પ્રતિકુલ ચાલે, તેહ શક્તિ સદા નિજ હારે;
માટે નવ નવ અંગોને ધરવાં, એમ કુદ્રત અંગને વરવાં. ૪૯૧

જીર્ણહીનને આંબો ત્યજે છે, નવા અંગને આંબો સૃજે છે;
ત્યાગ ગ્રાહ્ય આંબા પેંઠ ધારો, રહી મૂઢ કાં જીવન હારો. ૪૯૨

કોમ ધર્મમાં નવ નવ શક્તિ, વધે એવી સુધારાની વ્યક્તિ;
ફરી જીવન જગમાંહિ રહીએ, સામાજિક બળથી ગહગહીએ. ૪૯૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળદાયક માર્ગ સુધારો, સર્વ અંગની શક્તિ વધારો;
શક્તિ હીન રહો નહીં કયારે, કોઇ આવશે નહીં નિજ વ્હારે. ૪૯૪

નિજ બળ વણુ કોઇ ન જીવે, વળે નહિ કંઇ પાડે રીવે;
વિદ્યા ક્ષાત્ર બલાદિક ધારી, ધરો દેશ દાઝ નરનારી. ૪૯૫

કોમ સંઘ દાઝ ધરો મનમાં, નવ્ય શક્તિ વહાવો તનમાં;
સર્વ વ્યાપાર શક્તિ સુધારો, પાછાં શોભાએ અંગ સુધારો. ૪૯૬

ધર્મ વર્ધક સર્વ ઉપાયો, ધરો શક્તિદાયક દરમાયો;
જીર્ણભેદ શક્તિહીન ત્યાગી, બનો શક્તિતણા જન રાગી. ૪૯૭

ભાવીભાવનો પક્ષ ન વહેવો, પુરૂષાર્થતણો પંથ લેવો;
પુરૂષાર્થે નવાં અંગ ધારો, સડયાં સર્વે અંગ સુધારો. ૪૯૮

આંબો આંતર ઉદ્યમ ધારે, જુઓ વૃદ્ધિ લહે જ્યારે ત્યારે;
પુરૂષાર્થે નવાંગો બને છે, દેખી આંબો જ્ઞાની ભણે છે. ૪૯૯

કથી શિક્ષા ઉદય હેત ધારો, તેથી આવે દુઃખનો આરો;
શોભા શક્તિ વધારો મઝાની, કથી શીખ હૃદય ધરે જ્ઞાની. ૫૦૦

## અપકારપર ઉપકાર.

બહુ કેરીઓની લુંબથી શોભી રહ્યો દાનેશ્વરી,
ડાળાંકરોથી અર્પતો અમૃતફ્ળો જગ અવતરી;
બહુ કેરીઓની લુંબથી નીચો નમ્યો જન દેખીને,
રક્ષક વિનાનો એકલો ફલદાયી જાતે પેખીને. ૫૦૧

ઝૂડે લકુટે જોરથી ભજવાડ કરતા સો ગણો,
તો પણ હૃદય આણે નહીં ઉપકારી તું સોહામણો;
બહુ પર્ણનો ઘાણ જ વળે ને ડાળીઓ ભાગે ઘણી,
અર્થી જનોના ઇષ્ટને આપે જ પ્રેમે ફલ ઘણી. ૫૦૨

કોને નકારો ના કરે ઉપકાર કરવા અવતર્યો,
મૌન બની અપકાર પર ઉપકાર ગુણગણથી ભર્યો;
મોટા ન મોટાઇ વદે નિજની તથાપિ અવસરે,
મોટાઇ દુનિયા જાણતી સ્વાર્પણ પ્રસંગે જગ ખરે. ૫૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળા વદનના વાનરા ને વાનરીઓ દોડીને,
ચડી જાય ત્હારી ઊપરે ખાતા ફળો ઝટ તોડીને;
કરતા હુકાહુક કૂદીને ડાળાં હલાવે ડાળીઓ,
તેથી ટપોટપ કેરીઓ પડતીજ એવો ભાળીઓ. ૫૦૪

ડાળાં અને બહુ પાંદડાં તોડે ન મનમાં શોચતા,
મોરો પડે પૃથ્વી ઘણુા વપુને નહીં સંકોચતા,
ખૂબ ખાઇને વળી મૂતરે વિષ્ટા કરે ચંચલ બની,
મસ્તી કરે મન માનતી આશ્રય ગ્રહી તવ સુખ ભણી. ૫૦૫

અપકાર તેઓના સહી ઉપકાર સામો તું કરે,
નિજ દેહ આદિ આપીને ઉપકાર કરતો જગ ખરે;
જય કર્મયોગી દ્રુમપતિ જય જય ભલે તું અવતર્યો;
આદર્શ જીવન આચરી અવતાર ત્હેં સારો ધર્યો. ૫૦૬

ત્હારા જીવનને ધન્ય છે ઉપકારના ઓઘે ભર્યો,
નિષ્કામ યોગી જન પરે તું પુણ્ય ભૂમેં અવતર્યો;
મંગલ સ્વરૂપી પાંદડાં ત્હારાં બન્યાં ઉપકારથી,
ગુણમય સકલ તવ અંગ છે, ઉગ્યો સકલ ગુણ ગણમથી. ૫૦૭

પરમાર્થ જીવનને ધરે સર્પાદિ આશ્રય આપતો,
સ્વાર્થી જનોના સ્વાર્થને પૂરી, વિપત્તિ કાપતો;
તો પણ અરે ગર્વે જરા લેપાય નહીં ફર્જે રહે.
ગુણ ગણભર્યો વર્ણાય ના રે કેટલું કવિયો કહે. ૫૦૮

જે જે ઘટે ઉપયોગ ત્હેને સર્વ જીવો આચરે,
ત્હારી દયા નહિ લાવતા રે સ્વાર્થીઓ શું ? ના કરે.
તો પણ અરે અપકાર પર ઉપકારમય જીવન ધરે.
તેથી અરે તું ધન્ય છે ઉપકારી શું ? ના આદરે. ૫૦૯

## દેશ પરદેશમાં અમૃત ફ્લોનો ઉપયોગ.

### દોહા.

ઉત્તમ ભૂમિ નીપજ્યો, ઉત્તમ કરતો કાજ;
તવ આશ્રય જીવોતણી, રાખે અંતે લાજ. ૫૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપુણ્ણીઓ જે દેશ છે, તેમાં તું નહીં થાય;
પુણ્ય ભૂમિમાં ઉપજે, ધરી પુણ્યમય કાય. ૫૧૧

અમૃત ફલને આપતો, ખાવે હેતે સર્વ;
વાહ વાહ લોકો ભણે, તો પણ કરે ન ગર્વ. ૫૧૨

અદા કરે નિજ ફર્જને, ફલ લાવી સહકાર;
સર્વ દેશમાં ફલ જતાં, ઉપયોગે નિર્ધાર. ૫૧૩

મિષ્ટ ફલોને સૌ ગ્રહે, હોંશે સહુ લઇ જાય;
સ્વદેશ કરતાં મૂલ્ય તો, પરદેશે બહુ જાય. ૫૧૪

આમ્રફલો જાણે નહીં, નિજ કિંમતનો સાર;
કિંમત ભોગીજન કરે, સમજો નરને નાર. ૫૧૫

મીઠી સારી વસ્તુનો, ભાવ હોય સહુ દેશ;
અમૃત ફલ શિક્ષા કહે, સમજ્યા વણ છે ક્લેશ. ૫૧૬

સન્ત તરૂ ફલ ને નદી, પરદેશે પૂજાય;
જ્યાં જેનો ભાવ જ નહીં, ત્યાં પગ પગ અથડાય. ૫૧૭

કેરી ફલ સમ સન્ત જન, પૂણ્ય ભૂમિમાં થાય;
પરદેશે ફરતા રહે, અધિક અધિક પૂજાય. ૫૧૮

વિદ્યાપૂરની કેરીઓ, પાટણ આદિ જાય;
ત્યાં કિમ્મત તેની ઘણી, એ સજ્જનનો ન્યાય. ૫૧૯

ગુણીજનની કિંમત ઘણી, પરદેશે ઝટ હોય;
તીર્થમાહાત્મ્ય પરદેશમાં, અધિકાંશે અવલોય. ૫૨૦

પાલીતાણાના જનો, અન્ય તીર્થમાં જાય;
દ્વારિકાના માનવો, કાશ્યાદિક ભટકાય. ૫૨૧

કાશીના વાસી જનો, દ્વારીકામાં જાય;
પરદેશે મહિમા ઘણો, સમજે મન સ્થિર થાય. ૫૨૨

જ્યાં જેનો ઉપયોગ છે, ત્યાં તેનું બહુ માન;
કોયલનું આંબાવને, પ્યારૂં લાગે ગાન. ૫૨૩

સ્વદેશ પરદેશે સદા, વિદ્વાનો પૂજાય;
ભક્ત સન્તને યોગીઓ, જ્યાં ત્યાં બહુ વખણાય. ૫૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વિદ્યા યોગ ગુણ, ધરીએ મનમાં બેશ;
જ્ઞાનદશા સંસ્કારથી, નાસે સઘળા કલેશ. ૫૨૫
ઉપયોગી બનશો સદા, જગમાં નરને નાર;
જીવોપયોગી જે બને, સફલો તસ અવતાર. ૫૨૬
જે સહુના ઉપયોગમાં, આવે અનેક પ્રકાર;
તેને સહુ ચાહે ઘણું, સમજો મન નરનાર. ૫૨૭

## આશ્રય દાતાર.

આશ્રય આપે સર્વને, સન્ત સમો સહકાર;
આશ્રય આપે પુણ્ય છે, ધન્ય ધન્ય દાતાર. ૫૨૮

### છપાયા છંદ.

આશ્રય આપે પુણ્ય પમાય, કરેલ પાપો સહુ વિણસાય;
સર્વ ગુણોમાં આશ્રય દાન, શ્રેષ્ઠ કહ્યું સમજે ગુણ જાણ,
માળો બાંધી પંખી રહે, ફલાદિકે જીવનને વહે. ૫૨૯

આશ્રયવણ જગ વધે ન કોઇ, આશ્રયવણ કો ઉચ્ચ ન જોય;
વાડ ગ્રહીને વેલો વધે, સાધનથી કારજ નિજ સધે;
ચીલ વધે બહુ આશ્રય લહી, સમજુ જન મન સમજો સહી. ૫૩૦

તન મન ધનથી આશ્રયદાન, કરવામાં રહેવું ગુલતાન;
વૃક્ષોનો આશ્રય જેમ મહી, આશ્રય દેવો મન ગહગહી,
હરાશ્રયે નાગો પૂજાય, દષ્ટાંતો બહુલાં જગમાંહ્ય. ૫૩૧

રહેવા આશ્રય આપે જેહ, સાધુ સન્તને તે ગુણગેહ,
વિત્તાદિક આશ્રય દાતાર, ધન્ય ધન્ય જગમાં નરનાર;
જગડુશા ભીમાશા પરે, વસ્તુપાલ પેઠે સુખ વરે. ૫૩૨

મોટાનો આશ્રય જે કરે, સુખ સંપત સહેજે તે વરે,
આશ્રયદાતા સમ ઉપકાર, કોઇ નહીં બીજો નિર્ધાર;
આંબા સમ જે આશ્રય દાન, આપે તે પામે નિર્વાણ. ૫૩૩

આશ્રય પામી જીવો ઠરે, શુભ આશીશ આપે શુભ પરે,
મોટાના શરણે સુખ મળે, અહંરાગ દ્વેષાદિક ટળે;
માટે આશ્રય આપો બેશ, ધર્મે શાંતિ હોય હમેશ. ૫૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્રય વણ કો ઉચ્ચ ન થાય, આશ્રય વણ નહિ શક્તિ ગ્રહાય,
આશ્રયથી ઉંચા જન થતા, આશ્રય વણ નીચા થઇ જતા;
આશ્રયની કિંમત છે ઘણી, આશ્રય આપે તે જન ધણી. ૫૩૫

સામો બદલો ઇચ્છે નહીં, આશ્રયદાતા સાચો સહી;
નિષ્કામી આશ્રય દાતાર, ધન્ય ધન્ય જીવન અવતાર;
આંબા પેઠે આશ્રય દાન, કરવામાં રહેશો મસ્તાન. ૫૩૬

સાધુને રહેવાનું સ્થાન, આપે તે પામે નિજ જ્ઞાન,
આશ્રયદાને શીયલ મળે, તપ જપ સંયમ પાળ્યાં ફળે;
દુઃખી દીનને આશ્રય દાન, આપે મળતા શ્રી ભગવાન. ૫૩૭

આશ્રય દાને સ્વાર્પણપણું, મન લાગે પ્યારૂં એ ભણું,
આશ્રય આપ્યા વણ જગ કોઇ, શોભે નહીં જોયું એ જોઇ;
આશ્રય આપીને નરનાર, ભક્તો સફલ કરો અવતાર. ૫૩૮

અરસપરસ આશ્રયતા અહો, જીવોને છે સમજી રહો,
આશ્રયદાને કંજુસ થાય, જીવ્યો તે નહિ વિશ્વ કહાય;
માગે તેને આપો તેહ, મુક્તિ પામો નિઃસંદેહ. ૫૩૯

હાય હાય જગમાં શું ? કરો, પામ્યાનો ઉપયોગ જ કરો,
મળ્યું તેહમાં સહુનો ભાગ, જાણી જ્ઞાને કર ગુણ રાગ,
આશ્રય આપો આંબા પરે, બુદ્ધિસાગર મંગલ વરે. ૫૪૦

## અમૃતરસ.

### દોહા.

અમૃતરસ છે સ્વર્ગમાં, પીતાં હર્ષ સદાય;
અમૃતરસ કેરીતણો, માનવ લોક સુહાય. ૫૪૧

નરનારી અમૃતરસે, પોષીને નિજકાય;
અમૃત સુખને ભોગવે, વર્ણન કર્યું ન જાય. ૫૪૨

અમૃતરસ આરોગતાં, મન તન ઠંડક હોય;
જ્ઞાનામૃત રસ પીવતાં, તાપ કદા નહીં જોય. ૫૪૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સવૈયા.

સન્ત હૃદયમાં જ્ઞાનામૃત રસ, પ્રેમે પીવો નરનારી;
આંબાના અમૃત રસથી પણ, જ્ઞાનામૃતની બલિહારી. ૫૪૪

આત્મજ્ઞાન વૈરાગ્યે પ્રગટે, ધ્યાને પાકે નિર્ધારી;
અમૃતરસની ચઢી ખુમારી, કદા ન ઉતરે સુખકારી. ૫૪૫

ગુરૂ ભકતોના ભાગ્યે આવે, નગુરા ભટકે બહુ ભારી;
અલખ નિરંજન પરબ્રહ્મરસ, પીતાં ઘટમાં ઉજીયારી. ૫૪૬

મન પ્યાલામાં પ્રેમ મશાલા, તેમાં અમૃતરસકારી,
મસ્ત બનીને પીવો સન્તો, જન્મ જરા દુઃખો હારી. ૫૪૭

મનનો તાપ સમાવે સઘળો, ઠંડક કરતો મન ભારી;
આત્માનુભવ રંગે રસિયા, પીવો જગમાં નરનારી. ૫૪૮

પ્રભુ ભક્તિમાં મસ્ત બનીને, દોષ ત્યજો નર ને નારી;
સન્ત ચરણ સેવાથી શિવફલ, અમૃત રસ ભવ ભય હારી. ૫૪૯

સન્ત સાધુના હૃદયે પેસે. અમૃત પામો નિર્ધારી;
સમતા અમૃત પાન કર્યાથી, સુખની ઘેન ચઢે ભારી. ૫૫૦

શુદ્ધપ્રેમને શુદ્ધ ભાવના, આત્મા અમૃત છે જાણો;
આત્મા સ્વર્ગ અને તે મોક્ષ જ, સામ્યભાવ મનમાં આણો. ૫૫૧

નિષ્કામી યોગીના ઘટમાં, અમૃતરસ ગંગા વહેતી;
ઘટમાં પેસી પીવો સન્તો, ભાવે તે સહુને કહેતી. ૫૫૨

નવરસમાંહી શાંત રસ જ છે, અમૃત રસ સાચો પીવો;
જ્ઞાન પ્રવૃત્તિ પકવ થયાથી, અમૃતરસ પી સહુ જીવો. ૫૫૩

નિરાસકત મન વૈકુંઠ જન્નત, સ્વર્ગ સિદ્ધ જે જે સ્થાનો;
આત્માનુભવ અમૃતરસ ત્યાં, આત્મજ્ઞાનથી તે માનો. ૫૫૪

સગુરાજન એમ સમજે શાને, નગુરાજન ભૂલા ભટકે;
શુદ્ધાત્મારસ પીતાં પ્રેમે, ભેદ ખેદ કંઇ નહિ જટકે. ૫૫૫

ગુરૂકૃપા વણ અમૃત રસને, પીવા નહીં કો અધિકારી;
ઇશ્વર ગુરૂ કૃપા જન પામો, લાગે જો લગની ભારી. ૫૫૬

જેના ધડપર શીર્ષ નહીં છે, એવા ભકતો તે પામે;
બુદ્ધિસાગર અમૃત પાને, ઠરીયો આનંદના ઠામે. ૫૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આમ્રપર્ણનાં મંગલ તોરણો.

### હરિગીત.

જય કર્મયોગી આમ્ર ત્હારાં પલ્લવો મંગલ કહ્યાં,
યોગી થવાના કારણે મંગલ પ્રસંગે એ લહ્યાં;
તવ પર્ણનાં તોરણ કરી ગૃહદ્વાર અગ્રે બાંધતાં,
યોગી થવાના સૂત્રને નરનારી ભાવે સાંધતાં. ૫૫૮

પરમાર્થ માટે અવતરી લીલાં રહી જીવ માત્રનું,
લીલું કરે એ કારણે પૂજન થતું શુભ ગાત્રનું;
પરમાર્થ વા વ્યવહારના મંગલ પ્રસંગે તોરણો,
બાંધે જનો લીલા થવા, પરમાર્થ, દિલમાં એ ભણો. ૫૫૯

શુભ આમ્ર પલ્લવ તોરણો, બાંધી જનો દિલ ઉચ્ચરે,
આંબાતણા ગુણ આવશે, શિક્ષા હૃદયમાં ઉતરે;
આંબાસમુ નિજ ઘર બનો નિર્દોષતા વ્યાપી રહો;
તોરણ મિષે ઘરબારીઓ એવું ચહે મનમાં અહો. ૫૬૦

શુભ હસ્તસમ છે પલ્લવો દાતારના હસ્તો ખરે,
એવું બનો અમઘર સદા સમજી હૃદયમાં ઉચ્ચરે;
દેવું જ શીખ્યાં પલ્લવો શુભ આમ્ર ફૂલને પ્રેમથી,
એવું બનો અમઘર સદા તોરણ રચે એ નેમથી. ૫૬૧

શુભ પર્ણની લીલાવડે આંબો સદા શોભી રહે,
મંગલ પ્રસંગો શોભજો એવું હૃદયમાં સૌ ચહે;
શુભ લગ્નની ચોરી વિષે તોરણ રચે છે માનવો,
કર્તવ્યકર્મો જે કરે તેનાજ ઉત્સવ ઉજવો. ૫૬૨

આંબાસમા જગ શોભજો પરમાર્થમય સેવાવડે,
યાચક જનોને આપશો એવુંજ નિજને સાંપડે;
પાછા પડો ક્યારે નહીં સ્વાર્પણ કર્યામાં જીંદગી,
સફળી કરો નરનારીઓ પાછળ થશે ના તે સગી. ૫૬૩

એમ આમ્ર તોરણ શીખવે પરમાર્થમાટે જીવવું,
પરમાર્થમાં મરવું ખરે સમભાવથી જીવન નવું;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ ધર્મનો એ સાર જેના ચિત્તમાં વ્યાપ્યો ખરે,
એ આમ્ર તોરણ શીખને ધરી અચલ સુખને વરે. ૫૬૪

જે મરણમાં ને જીવનમાં સમભાવ આનંદે રહે,
તે જ્ઞાનયોગી ભક્ત શૂર જ જાણવો શાસ્ત્રો કહે;
જે જે બને જે કાલમાં સમભાવ ત્યાં તે ધારતો,
પરમાત્મસ્વાધીન દેહને કરીને જીવન નિજ ઠારતો. ૫૬૫

પરમાત્મમય જીવન વિના ના અન્ય જીવન ઇચ્છતો,
પરમાત્મની પ્રીતિ વિના ના અન્ય પ્રીતિ પ્રીછતો,
સ્વાયત્ત સર્વે સર્વનું ત્યાં ગર્વ મમતા નહિ કશી;
એવા જનોના ચિત્તમાં શિક્ષા જ તોરણની વશી. ૫૬૬

## દેવોપર અને બાલકો તથા બાલિકાઓના શીર્ષપર મંજરીનું શોભવું.

જે મૂર્તિયો, દેવોતણી ને દેવીઓની હિતકરી,
તેના ઉપર ચઢીને અહો શોભે મઝાની મંજરી;
એ મંજરી એવું કહે જેનાં ફળો મીઠાં થતાં,
તેનાં જ સર્વે કારણો પૂજ્યો બની રહેતાં છતાં. ૫૬૭

શુભ રક્ત પીળા વર્ણની બહુ મંજરી શીર્ષે ધરી,
બાલા યુવાવય પૂર્વની શોભે જ દેવી સુંદરી;
સૌન્દર્ય જેનામાં રહ્યું તેને જ સર્વે આદરે,
એમ મંજરી સહુ લોકને શિક્ષા મજાની ઉચ્ચરે. ૫૬૮

જેનાં ફળો આ વિશ્વમાં મીઠાં સકલને લાગતાં,
જેનાં ફળો આ વિશ્વમાં ભક્ષ્યાથકી ભૂખ ભાગતાં;
તેનું જ પૂર્વે રૂપ હું શોભું ખરેખર મંજરી,
મુજ દેખતાં આશા થતી જગ લોકને ફલની ભલી. ૫૬૯

જે શ્રેષ્ઠ છે ઉપયોગી છે તે દેવના શીર્ષે ચઢે,
ઉપયોગિતા વણ શીર્ષથી સૂકાઇ જાતાં તે પડે;
ઉપયોગ છે ત્યાં પ્રેમ છે સૌન્દર્ય વણ ના કો ચહે,
સૌન્દર્ય ન્હાના બાલવત્ તેથી મ્હને લોકો ગ્રહે. ૫૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સર્વ માટે અવતરે તે બીજના શશીની પરે,
પૂજાય છે પ્રેમે સદા, દર્શન મધુરૂં સહુ કરે,
મંગલ જણાવે મંજરી પ્રકટી પ્રથમ નરનારને,
લાખો કરોડો હિત ધરૂં શુભ આમ્રફલ અવતારને. ૫૭૧

પ્રકટાઉં કેશર રંગથી જાણો જ કેશરિયાં કરી,
પાછી હઠું ના કોઇથી નિજ જીવવું જાણું મરી;
લાખો હજારો બીજમય હું વિશ્વ સઘળું વ્યાપવા,
અવતાર પામી, સર્વને સ્વાદુ ફલો શુભ આપવા. ૫૭૨

મરવાતણી પરવા નથી પ્રગટી જ સર્વ જીવાડવા,
માટે કહાઉં મંજરી આ વિશ્વને જ ઉદ્ધારવા;
શુભ મંજરી એવું કહી સાચી શિખામણ આપતી,
ઉત્સાહ ને શુભ ખંતથી સજ્જનતણા દિલ વ્યાપતી. ૫૭૩

સમ્યક્ત્વ ગુણ સમ મંજરી શુભકર્મ સરખી જાણવી,
શુભ ભાવના છે મંજરી આચારમાં તે આણવી;
શ્રદ્ધા મઝાની મંજરી સહુ કાર્ય પહેલી ધારવી,
શ્રદ્ધા ધરીને જ્ઞાનથી શિક્ષા હૃદય અવધારવી. ૫૭૪

શ્રદ્ધા વિના નહિ ફલ કદી આવે જ મનમાં માનવું,
પ્રીતિ વિના શ્રદ્ધા નથી ગુર્વાશ્રયે મન આણવું;
મન સાત્વિકી શ્રદ્ધા ધરી પ્રભુમય નિજાત્મા આદરી,
પ્રગટાવશો શુભ મંજરી જ્ઞાનાદિ ગુણ ગણતા ભરી. ૫૭૫

## આમ્ર વૃક્ષ પેઠે તે જન્મ્યા ભલા.

જે આમ્ર પેરે વિશ્વમાં ઉપકાર કરવા અવતર્યા,
જન્મ્યા જ તે જગમાં ભલા કરૂણાદિ ગુણગણથી ભર્યા;
મોંઘી મઝાની જીંદગી અર્પણ કરે પર કાજમાં,
સ્વાર્પણ કરે જે જે મળ્યું દુઃખી જીવોની સાજમાં. ૫૭૬

પ્રતિદાન યાચે નહિ કદા બોલી બતાવે નહિ કર્યું,
તેનું જ જીવન ધન્ય છે પરમાર્થી જીવન અનુસર્યું;
આંબા પરે પરમાર્થીની કીર્તિ પ્રતિષ્ઠા જામતી,
જીવો ભલે એ અવતર્યા જેની સદા છે સન્મતિ. ૫૭૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રાજાઓ.

રાજા ભલા એ અવતર્યા દુઃખો પ્રજાનાં ચૂરતા,
અન્યાયથી કર ના લિયે નીતિ પ્રજામાં પૂરતા;
વ્યભિચાર આદિ દોષથી દૂરે રહે સદ્ગુણ વરે,
રાજા મઝાના એ ખરે સહુ શક્તિને અંગે ધરે. ૫૭૮

નિજ દેશની દાઝે રહે અન્યાય કયારે ના કરે,
અભિમાન ના મનમાં ધરે સહુ દેખતા નજરે ફરે;
મદિરાદિ વ્યસનોને તજે પ્રભુને ખરા મનથી ભજે,
સ્વાત્મા સમા સહુને ગણે દેશોન્નતિ નિશદિન સજે. ૫૭૯

ક્ષાત્રાદિ અંગો કેળવે મન મેળવે સહુ સાથમાં,
અતિ શોખને વારે સદા રાખે જ અરિયો બાથમાં;
વિદ્વાન્‌ને પોષે સદા બહુ માન સંતોનું કરે,
સહુ ક્ષત્રિયોને પોષતો યુદ્ધાદિ શિક્ષણને વરે. ૫૮૦

પશુ પંખીનું રક્ષણ કરે હણવા ન ગાયો દે કદા,
સહુ જાતિના શિક્ષણ વડે નિજ દેશ પોષે સર્વદા;
ભૂખ્યો ન દુઃખ્યું કો રહે એવી વ્યવસ્થા આદરે,
રાજા જનો એવા સદા જય લક્ષ્મી સિદ્ધિને વરે. ૫૮૧

સત્સંગમાં માચી રહે ને દુષ્ટ જન દમતો રહે,
જીવે પ્રજાના કારણે દુઃખો પડે તે સહુ સહે;
નિજ ફર્જ સર્વે સાચવે આલસ્ય ના કયારે ધરે,
રાજ્યોપયોગી કૃત્યમાં પરમાર્થ માટે સંચરે. ૫૮૨

રક્ષક બને શુભ પ્રેમથી મોહાન્ધ થાતો નહિ કદા,
ગુણરાગને ધરતો રહે રાજ્યાદિ નીતિથી સદા;
ખાતાં નિહાળે જાતિથી નિજ રાજ્યમાં છાનો ફરે,
પોકળ સકલનાં સાંભળી અન્યાયને દૂરે કરે. ૫૮૩

પરમાર્થના સહુ કાર્યમાં સ્વાર્પણ કરે રાજા સહી,
આંબા પરે શુભ અવતર્યા કીર્તિ પ્રતિષ્ઠા ગુણલહી;
જગમાં ભલા એ અવતર્યા રાજા જનો ગુણથી ભર્યા,
કચરે પ્રજાને પીડતા એવા જ ખૂરા અવતર્યા. ૫૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા ખરે એ બાયલા જે ફાતડા પેઠે બન્યા,
વ્યભિચારના કીડા બન્યા ઉપકાર કીધા સહુ હણ્યા;
સંતાપતા નિજ રાજ્યના માનવ ગણોને દ્વેષથી,
કાચા સદા જે કાનના જીવન વહે છે ક્લેશથી. ૫૮૫

શીદને અરે એ અવતર્યા નિજ રાજ્યની પડતી કરે,
ન્યાયી જનોને પીડતા સાચું ન જે કાને ધરે;
ઘોરે અહો જે ઘેંનમાં નિજ રાજ્યને નહિ કેળવે,
જુલ્માટ અન્યાયે અરે લક્ષ્મી પ્રજાની મેળવે. ૫૮૬

પડતી કરે નિજ દેશની ને રાજ્યની ભૂલો કરી,
ક્ષાત્રાદિ શક્તિ વણુ અરે જીવ્યા નહીં તે અવતરી;
અભિમાન નહિ નિજ રાજ્યનું કે દેશનું મનમાં જરા,
રાજા અરે એ નામના શાને જગત્માં અવતર્યા. ૫૮૭

સહુ વર્ણને પોષે નહીં ને ધર્મથી દૂરે રહે,
સ્વાર્થે સદા રાચી રહે ને પાપમય જીવન વહે;
જે રાજ્યનાં અંગો સકલ તેની વ્યવસ્થા નહિ કરે,
રાજા અરે એ નામના જન્મ્યા જ નહિ જન્મ્યા અરે. ૫૮૮

જે રાજ્ય રક્ષણ નહિ કરે ને રાજ્ય અંગો સંહરે,
શાને અરે એ અવતર્યા નિજ જાતિના દ્વેષે મરે;
ઇર્ષ્યાથકી મનમાં બળે ઉપકારીની હિંસા કરે,
રાજા અરે એ નામના જન્મ્યા જ નહિ જન્મ્યા અરે. ૫૮૯

અધિકારી નહિ રાજા થવા સામર્થ્ય જેનામાં નહીં,
અજ્ઞાન શંકા મન ઘણી ભીતિ અરે મનમાં રહી;
અધિકારીઓનાં રમકડાં નાચે નચાવ્યાં જે ખરે,
રાજા અરે એ નામના જન્મ્યા જ નહિ જન્મ્યા અરે. ૫૯૦

વ્યાપારને વિદ્યાતણી જે ઉન્નતિ કરતા નથી.
લક્ષ્મી કઢાવે શક્તિથી ને યુક્તિની ઝાળો મથી;
જીવે પ્રજાના હિત વિના ફરિયાદ કાને ના ધરે,
રાજા અરે એ નામના જન્મ્યા જ નહિ જન્મ્યા અરે. ૫૯૧

જેની ગરીબો હરણલાંને મારવામાં શક્તિ છે,
જેની પવૈયા સમ અરે પ્રભુતા વિનાની ભક્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ્યાતણું નહિ માન ને પરમાર્થતા નહિ પરવડે,
રાજા અરે એ નામના જન્મ્યા જ નહિ જન્મ્યા અરે. ૫૯૨

રાજા તણો જે ધર્મ તેને જે સદા જગ અનુસરે,
જીવે પ્રજાહિત કારણે પ્રગતિતણાં અંગો ધરે;
ગુણકર્મથી રક્ષા કરે આંબા પરે સદ્ગુણ ધરે,
રાજા ભલા એ અવતર્યા કાર્યો પ્રજાહિતનાં કરે. ૫૯૩

## રાજ્યના અધિકારીઓ.

અધિકારીઓ સદ્ગુણ ભર્યા લાંચો ન લેતા જે કદા,
નિજ રાજ્યના ને દેશના પ્રેમી બન્યા જે સર્વદા;
પીડે પ્રજાને નહિ કદા ને પક્ષપાતો નહિ કરે,
અધિકારીઓ જગ અવતર્યા સારા સદા આંબા પરે. ૫૯૪

જૂઠું જીવન નહિ ધારતા ને હારતા નહિ સદ્ગુણો,
અન્યાય કરતા નહિ કદા અધિકારીઓ તે શુભ ગુણો;
રાજા પ્રજાના જીવનમાં જેનું જ જીવન જાય છે,
શિક્ષણ અહી સહુ જાતનું કેળવાઇ જે વખણાય છે. ૫૯૫

દેશોન્નતિ રાજ્યોન્નતિમાં જીંદગી જેની વહે,
લલચાય ના લક્ષ્મીથકી ને દુઃખ પડતાં સહુ સહે;
જે જીવ જાતાં ફૂટફાટો ના કરે ધર્મે રહે,
અધિકારીઓ તે જાણવા સાચું જ રાજાને કહે. ૫૯૬

જે હાજી હા કરતા નહીં ને પક્ષપાતે ના પડે;
નિજ દેશ પ્રગતિ કારણે ધર્માર્થ યુદ્ધો ને લડે;
જે રાજ્યદ્રોહી દેશદ્રોહી ના બને પ્રાણો પડે,
અધિકારીઓ એવા ભલા જન્મ્યા જ જગમાં પરવડે. ૫૯૭

જે ખાય તેનું ખોદતા અન્યાય કરતા દ્વેષથી,
જન્મ્યા નહીં જગમાં ભલા જીવન ગુજારે ક્લેશથી;
જે રાજ્યનાં અંગો બનીને જીવતા તે કારણે,
તે જીવતા જગમાં ભલા તેને જ જાઉં વારણે. ૫૯૮

પર રાજ્યની લાંચો વડે ફૂટે ન તે જીવ્યા ભલા,
નિજ જન્મભૂમિ દેશની દાઝેજ જીવ્યા પરવડયા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રિટીશ મહા સામ્રાજ્યની નીતિ હૃદયમાં ધારતા,
પરમાર્થ માટે જીવતા નિજ ફર્જ ને નહિ હારતા. ૫૯૯

અધિકારની ફર્જો સકલ વહેતા રહી જીવન ધરે,
અધિકારીઓ એવા અહો ત્યાં રાજ્ય પ્રગતિ છે ખરે;
જે રાજ્યના સ્તંભો બની રાજ્યાર્થ સ્વાર્પણ સહુ કરે,
અધિકારીઓ જ્યાં એહવા ત્યાં ઉન્નતિ છે સહુ ખરે. ૬૦૦

અધિકારીઓ આંબા પરે જીવન ગુજારે ધર્મમાં,
ધર્મોન્નતિ દેશોન્નતિ બાકી રહે ના શર્મમાં;
અધિકારીના જે સદ્ગુણો પ્રાણો પડે પણ ના ત્યજે,
તે રાજ્યની આંબા પરે ચડતી ભલાઇ સંપજે. ૬૦૧

## ક્ષત્રિયવર્ગ.

### ચોપાઇ.

યુદ્ધ કરીને જીવે જેહ, ક્ષત્રિયો જગમાં છે તેહ;
મુસલમાન રજપુત સહુ વર્ગ, ધર્મ્ય યુદ્ધથી પામે સ્વર્ગ. ૬૦૨

ધર્મ યુદ્ધને કરવા કાજ, ધર્મ યુદ્ધ કેળવણી સાજ;
સેતા ક્ષત્રિયો કહેવાય, ગુણ કર્મોથી એ સમજાય. ૬૦૩

### હરિગીત.

જે ક્ષત્રિયો અન્યાય ના સાંખી રહે યુદ્ધે ચઢે,
પ્રાણોતણી દરકાર ના દુષ્ટોતણા સામે લડે;
જે ધર્મ્ય યુદ્ધ વિના અરે હિંસા ન જીવોની કરે,
તે અવતર્યા આંબા પરે જગમાં ભલા જાણો ખરે. ૬૦૪

હિમ્મત નથી જેમાં જરા ને ભયથકી જે થરથરે,
દારૂડિયા વ્યભિચારીને અજ્ઞાન શંકાથી મરે;
ક્લેશે પરસ્પર દ્રોહી થૈ જે નાશ કરતા સર્વનો,
તે ક્ષત્રિયો શીદ અવતર્યા આશ્રય કરે જે ગર્વનો. ૬૦૫

નિંદા અને કુથલી કરે ને ક્ષાત્ર શિક્ષણ નહિ ગ્રહે,
ગપ્પાં તડાકા મારતા સંપી પરસ્પર ના રહે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાનથી બ્હેમાઇને શક્તિ ગુમાવ સાંપડી,
જે યુદ્ધ કર્મો સાંભળી જાતા હૃદયમાં તરફડી. ૬૦૬

ફૂલાઇ જાતા ફોક જે અભિમાન જૂઠો આદરી,
સાંપ્રત સમય નહિ ઓળખે જગમાં કરે શું અવતરી;
ગુણ કર્મ મૂકી દૂર જે જાતિ વખાણે આપણી,
તે ક્ષત્રિયો છે નામના રક્ષે નહીં આવી અણી. ૬૦૭

જે જન્મભૂમિ પ્રેમથી સ્વાર્પણ કરે જે જે મળ્યું,
પાછા હઠે ના યુદ્ધથી ને નીતિમય જીવન ભર્યું;
જે ટેક નેકે એક છે ને દેશ દાઝે જે રણા,
તે ક્ષત્રિયો જગમાં ભલા તે અવતર્યા ઉત્તમ કણા. ૬૦૮

દેશોન્નતિ કોમોન્નતિ સંઘોન્નતિ વિશ્વોન્નતિ,
સહુ જાતની જે ઉન્નતિ તેમાંજ ઉત્સાહી મતિ;
પ્રગતિતણા જે મંત્ર તંત્ર યંત્ર સર્વે આદરે,
તે ક્ષત્રિયો જન્મ્યા ભલા ધર્મોન્નતિ સાચી કરે. ૬૦૯

કાલાનુસારે શક્તિદા સર્વે ઉપાયો આચરે,
નિજ ધર્મને જિન ધર્મથી તન્મયપણું ફર્જે ધરે;
જે કાયિકાદિ શક્તિયે ઉપયોગ વૃદ્ધિ આદરે,
આંબા પરે તે ક્ષત્રિયો જીવ્યા ભલું સહુનું કરે. ૬૧૦

ગુણ કર્મથી જે ભ્રષ્ટ છે તે ક્ષત્રિયો દાસો સમા,
જે આત્મભોગી નહિ રહ્યા તેની ન રાખો કો તમા;
જે શૂદ્રભેદો તે સકલ ત્યાગી ગુણોને સેવતા,
તે ક્ષત્રિયો યુદ્ધે મરી ધર્મે બને છે દેવતા. ૬૧૧

જે દેશમાં નહિ ક્ષત્રિયો યોદ્ધા પ્રજાના રક્ષકો,
સ્વાતંત્ર્ય લક્ષ્મી નહિ અહો ત્યાં પ્રગટતા ગુણભક્ષકો;
પાકે ગુલામો ત્યાં ઘણા દારિદ્ર દુઃખી જન બને,
પ્રાચુર્ય વિદ્યાનું નહીં પરતંત્ર બોલો જન ભણે. ૬૧૨

જ્યાં ક્ષત્રિયો સાચા નહીં ત્યાં શકિતવાદો નામના,
સ્વાર્પણ વિનાના ક્ષત્રિયો જન્મ્યા અહો શા કામના;
સેવા કરે ના ક્ષાત્રની કર્મે રહી જે લોકની,
તે ક્ષત્રિયોની લોકમાં કિંમત ખરેખર પોકની. ૬૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ધર્મહીના ક્ષત્રિયો આસકિતએ છે દુર્બલા,
હણતા પશુઓ પંખીઓ અપરાધ વણ તે પાપિલા;
વિદ્યા વિનાના ઢોર સમ નિજ દેશદ્રોહી જે બને,
તે દેશ ધર્મ સમાજને સહુ જીવનાં જીવન હણે. ૬૧૪

સાચા સિપાઇ બહાદુરો અન્યાય કરતા નહિ કદી,
ચોખ્ખા હૃદયને ધારતા વહેતી યથા ગંગા નદી;
સાચા સિપાઇ રણુ ચઢે પાછા પડે ના ધડ લડે,
કુરબાન કરતા પ્રાણને ધર્માર્થ ને નીતિ બળે. ૬૧૫

નિજ દેશ પ્યારાં લાડકાં મારે ન સસલાં હરણિયાં,
નિજ માતૃભૂમિ રક્ષણે બનતા સદા જે મરણિયા;
દાતાર કર્ણાદિક મરે પ્રભુ ભકત થૈ જગ સંચરે,
આંબા પરે તે ક્ષત્રિયો વિશ્વોપયોગી છે ખરે. ૬૧૬

શૂરા સદા સમરાંગણે ભીરૂ બને ના કો સ્થળે,
નિજ દેશ સત્તા લક્ષ્મી આદિ રક્ષતા ક્ષત્રીબળે;
યુકિત પ્રયુક્તિ કળ બળે કાલાનુસારે સહુ કરે,
અર્જુન અશોકાદિક પરે નિજ ફર્જ માટે સંચરે. ૬૧૭

દુઃખો પડે સર્વે સહે પરવા ન રાખે પ્રાણની,
નિજ દેશ ધર્મ સમાજની મમતા ધરે નિજ માનની;
સહુ દેશની શસ્ત્રાદિ શુભ વિદ્યા ગ્રહે છે પ્રેમથી,
નિજ દેશ ભૂમિ રક્ષવા એ ધર્મ સાચો નેમથી. ૬૧૮

સહુ દેશના ઇતિહાસને વાંચે વિવેક ગુણ ગ્રહે,
બ્રિટીશ મહા સાંમ્રાજ્યની શક્તિવડે દિલ ગહગહે;
નિજ નામ કે વા રૂપથી સમરાંગણે મુંઝે નહીં,
સાચા સિપાહી ક્ષત્રિયોનો ધર્મ વર્ણ્યો એ સહી. ૬૧૯

નિજ ધર્મ ચૂકે ભ્રષ્ટતા પર ધર્મ સેવે પાપ છે,
ગુણ કર્મથી એ વર્ણના ધર્મે સદા સુખ છાપ છે;
આંબા પરે શુભ ક્ષત્રિયો સીપાહીઓ સ્વાર્પણ કરે;
પ્રભુ સન્ત સાધુ રક્ષણે યુદ્ધે મરી સુખને વરે. ૬૨૦

નિજ પાછળે નિજ સારીખાં સંતાન પાકે તે કરો,
શુભ ક્ષાત્ર શિક્ષણ આપવા કોટિ ઉપાયો આદરો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકી ન રાખો ક્ષત્રિયો બ્રિટીશ રાજ્યે ઉછરી;
કૃત્યો કરો આંબા પરે જગમાં ખરેખર અવતરી. ૬૨૧

## બ્રાહ્મણવર્ગ.

જે બ્રાહ્મણો આંબા પરે વિદ્યા વડે સ્વાર્પણ કરે,
ઉપકાર કરતા સર્વ પર શુભ અવતર્યા જગમાં ખરે;
દેશોન્નતિ કોમોન્નતિ ધર્મોન્નતિ શિક્ષણવડે,
પ્રગતિ કરે સહુ જાતની સાત્વિક જીવનતા ધરે. ૬૨૨

ભાષા સકલ જાણે અને ભાષા શીખવતા સર્વને,
મોહાય ના દ્રવ્યાદિમાં જૂઠો ધરે ના ગર્વને;
ગુણકર્મથી બ્રાહ્મણ બની પરમાર્થમાં રાચી રહે,
જે બ્રહ્મ જાણે તે ખરા વધતા જ બ્રાહ્મણ પદ લહે. ૬૨૩

જે સદ્વિચારે બહુ વધે આચારમાં વૃદ્ધિ કરે,
સાચું શીખવતા સર્વને તારે સકલ પોતે તરે;
ધર્માંધતા દૂરે કરી જે સત્ય પંથે સંચરે,
શ્રી જૈનધર્મ પસાયથી તે અવતર્યા જગમાં ખરે. ૬૨૪

ધર્મો શીખવતા સહુ અને જે સ્વાધિકારે સંચરે,
વ્યભિચાર આદિ દોષથી દૂરે રહે ગુણગણ વરે;
નિર્લેપ રહી કાર્યો કરે નિજ વર્ણ ધર્મ ન જે ત્યજે,
તે બ્રાહ્મણો જન્મ્યા ભલા પ્રભુને જ પ્રેમે જે ભજે. ૬૨૫

જૂઠું કહે ના લાલચે જે સત્ય તે માને ખરૂં,
અધિકારમાં નિર્મોહ તેની વર્ણના પ્રેમે કરૂં;
માગે ન ઘર ઘર ભીખડી મિથ્યાત્વ વહેમો પરિહરે,
તે બ્રાહ્મણો જન્મ્યા ભલા આંબા પરે શોભે ખરે. ૬૨૬

અન્યાય કરતા નહિ કદિ માધ્યસ્થ્ય દૃષ્ટિ ધારતા.
જે પક્ષપાત ન આચરે માનાદિદોષો વારતા;
આસક્તિ વણ કર્મો કર્યાનું તપ તપે અન્તર્ વિષે,
તે બ્રાહ્મણો જન્મ્યા ભલા ઔદાર્ય મત જેનું દિસે. ૬૨૭

જે દેશની દાઝે રહે ગાંધી અને તિલકપરે,
બેસન્ટ પેરે આત્મભોગે ધર્મ સેવા આચરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વક્તાતણા જે સદ્ગુણો તેને ખીલવતા પ્રેમથી,
ગ્રન્થો રચે શુભ દેશના કલ્યાણકારકનેમથી. ૬૨૮

પરમાર્થ ને સ્વાર્થોથકી પણ શ્રેષ્ઠ માની આચરે,
સન્માર્ગના ઉપદેશકો તે સામ્યભાવે સંચરે;
સર્વે પ્રમાદો પરિહરે આદર્શમય જીવન ધરે,
તે બ્રાહ્મણો જન્મ્યા ભલા ઉપકાર કરનારા ખરે. ૬૨૯

જે જ્ઞાન વિદ્યા શકિતઓ તે સર્વને પામે ખરે,
જ્ઞાનાદિ તત્ત્વાભ્યાસને કરતા જ અંતે જે મરે;
જે જ્ઞાન ભકિત સેવનાદિ યોગ સર્વે આદરે,
તે બ્રાહ્મણો જન્મ્યા ભલા ખોટા રીવાજો પરિહરે. ૬૩૦

નિન્દા અસૂયા કીટકો આસકિત દાસો જે બન્યા,
જે નિંદ્ય કર્મો આચરે તે બ્રાહ્મણો ન જગ સુણ્યા;
જે દેવ ગુરૂ ને ધર્મની સેવા કરે વ્રત સહુ ધરે,
આંબા પરે ઉપયોગી તે સહુ બ્રાહ્મણો જગ જય કરે. ૬૩૧

## વૈશ્ય વર્ગ.

હુન્નર કળા વ્યાપારથી આજીવિકા કરતા રહે,
કૃષિકર્મ ખેડુત જીંદગી વિશ્વોપયોગી જે વહે;
પશુઓતણું પાલન કરે પરમાર્થ જીવન આચરે,
વૈશ્યો ભલા તે અવતર્યા સહકાર સદ્ગુણને ધરે. ૬૩૨

વૈશ્યો વિનાના દેશમાં લક્ષ્મી વગેરે ના રહે,
ગુણ કર્મથી વૈશ્યો બને દેશોન્નતિ વેગે વહે;
વૈશ્યો વિનાના બ્રાહ્મણો ને ક્ષત્રિયો કશું ના કરે;
વૈશ્યો વિના સહુ શક્તિની વૃદ્ધિ નથી અનુભવ ખરે. ૬૩૩

વૈશ્યોતણી પડતીથકી સામ્રાજ્ય ચાલે નહીં કદા,
સહુ ધર્મ શોભે નહિ અરે વૈશ્યો વિનાના સર્વદા;
હુન્નરકળા વ્યાપારથી જગ ઉન્નતિ છે સર્વની,
પોષણ કરે તે વૈશ્ય છે જ્યાં વાત નહીં છે ગર્વની. ૬૩૪

કલિકાલમાં વૈશ્યો તણી ચડતીથકી સહુ જાતની;
ચડતી ખરેખર જાણવી છાપો ખરી એ ભાતની;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હુન્નર કલા વ્યાપાર ને કૃષિકર્મ ચઢતી જ્યાં નહીં,
ત્યાં ક્ષત્રિયો કે બ્રાહ્મણો છે નામના જાણો સહી. ૬૩૫

જે દેશમાં સ્વાતંત્ર્ય ને વિદ્યાભિવૃદ્ધિ છે ખરી,
ગુણકર્મથી ત્યાં વૈશ્યની છે ઉન્નતિ જગ જયકરી;
જ્યાં બ્રાહ્મણો ને ક્ષત્રિયો રાજા ખરા ગુણ કર્મથી,
વ્યાપાર આદિ ખીલતા સ્વાતંત્ર્ય ત્યાં છે શર્મથી. ૬૩૬

વ્યાપારીયો વ્યાપારથી પરદેશ લક્ષ્મી લાવતા,
હુન્નરકળામાં માનવો રાજ્યાદિ સામે ફાવતા;
કૃષિ કર્મની બહુ ખીલવણી દુષ્કાલ ક્યારે ના રહે,
વિદ્યાવિવેકી ખેડુતો કૃષિકર્મ વિદ્યાને લહે. ૬૩૭

બહુ તંત્ર યંત્રો મંત્રથી ખેતી કરે છે માનવો,
તે દેશની ચઢતી ખરી ઓપે સકળમાં તે નવો;
પશુઓ કપાતાં જ્યાં નહીં ઉપયોગિતા પશુઓતણી,
જે દેશમાં, તે દેશની છે ઉન્નતિ જગમાં ઘણી. ૬૩૮

આચારમાં ઉત્તમ ઘણા સારા વિચારો જે કરે,
વ્યસનો જ સર્વે પરિહરે સહુ ધર્મિની ભક્તિ ધરે;
કરૂણા કરે સહુ પ્રાણીની ને સાધુ સેવા આદરે,
વૈશ્યો ભલા તે અવતર્યા જે ધર્મકર્મ સમાચરે. ૬૩૯

આસક્તિ વણ કર્મો કરે અન્તર્ વિષે પ્રભુને ભજે,
સન્તોતણી સેવાવિષે જે પ્રેમથી સાધન સજે;
સંસારથી સરતો રહે ને ચિત્તમાં પ્રભુને ધરે,
વૈશ્યો ભલા તે અવતર્યા પરમાર્થમાટે સંચરે. ૬૪૦

કાલાનુસારે વૈશ્યનાં કર્મો કરે પ્રગતિપથે,
સહુ જાતનું શિક્ષણ ગ્રહી સર્વોન્નતિને જે મથે;
સ્વાતંત્ર્ય આદિ શક્તિયોમાં ધર્મ કર્મે પરિવરે,
વૈશ્યો ભલા તે અવતર્યા જે સ્વાધિકારદશા વરે. ૬૪૧

વ્યાપારીઓને ખેડૂતો પીડાય ધંધા વણ અરે
તે દેશની પડતી થતી જ્યાં કર ઘણા શીર્ષે પડે;
વ્યાપાર આદિ સહાય ને અધિકારીઓ ના આદરે,
વ્યાપારીઓ પાછા પડે ને અન્ય દેશો બહુ રળે. ૬૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજન પડે ના પેટમાં નિર્બળ બને અંગો અરે,
વૈશ્યો નથી જગ જાણવા વ્યાપાર આદિ વણુ ખરે;
પડતી ખરેખર બહુ બની છે બાલ લગ્નાદિકથકી,
જ્યાં બાલલગ્નો થાય છે ત્યાં દેશની પડતી વકી. ૬૪૩

પેઠા રીવાજો હાનિકર અજ્ઞાનતમ વધતું રહ્યું,
અભિમાન નહિ નિજ કોમનું માને ન જ્ઞાનીનું કહ્યું;
સંખ્યાઘટી વૈશ્યોતણી ને બુદ્ધિ સત્તા બહુ ઘટી,
આલસ વધી અવિવેકતા ને દુર્દશા ના કંઇ મટી. ૬૪૪

દિન દિન પ્રતિદિન શક્તિઓ ઘટતી જતી વૈશ્યોતણી,
પેઠા સડા જડ ઘાલીને વ્યાપાર શક્તિ બહુ ટળી;
ગુણ કર્મ ભૂલી જન ગયા હિંમત રહી નહિ એકતા,
વ્હેમો વધ્યા ધર્મોતણા અંધા ન આંખે દેખતા. ૬૪૫

ગુણકર્મ વૈશ્યોના ટળ્યા પરતંત્રતા વધતી રહી,
સહાયો પરસ્પર ના રહી નિર્માલ્ય જન સમજે નહીં;
એવી દશા જ્યાં વૈશ્યની એ વૈશ્ય શીદને અવતર્યા,
આંબા પરે ગુણ ના ધર્યા દોષો ઘણા મનમાં ભર્યા. ૬૪૬

જાગે જગાડે વૈશ્યને ગુણ કર્મથી જે માનવો,
એ કર્મયોગીજનતણો ઉત્સવ મઝાનો ઉઝવો;
જ્યાં પેટ ભૂખ્યું બહુ રહે ત્યાં જીવવાનું ક્યાં રહ્યું,
બહુ દુઃખીયાનું દુઃખ ના જાવે હવે તો ક્ષણ સહ્યું. ૬૪૭

વૈશ્યો કરી સ્વાર્પણ જીવન જો સ્વાશ્રયી જાતે બને,
ત્યારે ટકી રહે વિશ્વમાં એમ જ્ઞાનીઓ સાચું ભણે;
આંબા પેરે જીવન ધરો ઉન્નત થવા વૈશ્યો સદા,
શિક્ષા હૃદયમાં જે ધરે તે પામશે સુખ સંપદા. ૬૪૮

સ્પર્ધાતણા આ કાલમાં પાછા પડયા મુર્દાસિમા,
જાણો જગત્માં માનવો રાખો ન પર આશા તમા;
આંબાપરે ઉપયોગી જીવનને ધરી જગ સંચરો,
આંબાપરે જન્મ્યાતણું શિક્ષણ મઝાનું અનુસરો. ૬૪૯

નિજ દેશ ધર્મ સમાજના રાગે જ રસિયા થઇ જનો,
પરમાર્થમય જીવન ધરી આંબાપરે યોગી બનો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્ધાર નિજનો નિજથકી આ કાલમાં સહુ શક્તિયે,
શિક્ષા કથી નિજ ફર્જથી શુભ બુદ્ધિસાગર ભક્તિએ. ६५०

## શૂદ્રવર્ગ.

સેવા કરે જન વર્ગની જે નોકરી કરતો રહે,
શૂદ્રો કહ્યા ગુણકર્મથી તે ઉન્નતિ જ્ઞાને લહે;
વિદ્યા વિના નહિ ઉન્નતિ શૂદ્રોતણી ક્યારે અરે,
જ્યાં અવનતિ છે શૂદ્રની ત્યાં સર્વની પડતી ખરે. ६५१

વિદ્યા વિના લક્ષ્મી વિના શૂદ્રો ન ક્યારે સુખ લહે,
શક્તિ વિના પરતંત્રતા ત્યાં શૂદ્રતા સહુમાં રહે;
બ્રિટીશ મહા સામ્રાજ્યમાં શૂદ્રો હવે ચઢતા થયા,
બ્રિટીશ નૈતિક કર્મથી અધિકાર હક મળતા રહ્યા. ६५२

શૂદ્રો રહ્યા સહુ જાતમાં ગુણકર્મથી જગમાં ખરે,
પાદોસમા સેવા બળે માતા સમા કરૂણા વરે;
શૂદ્રો વિના ત્રણ વર્ણની સેવા ન કોઇ કરી શકે,
સદ્ગુણ વડે શૂદ્રો ચઢે ક્યારે ન માને જે છકે. ६५३

લઘુતા વિનયતા ને ક્ષમા માર્દવ સરલતા જ્યાં ઘણી,
સ્વાર્પણ કરે જે જીંદગી આલસ્ય દોષોને હણી;
પાદો પરે પૂજાય ને સ્પર્શાય પહેલો સહુ વડે,
આંબાપરે શૂદ્રો ભલા જન્મ્યા જગત્માં પરવડે. ६५४

નીચા ન ક્યારે તે થતા માતા પરે પૂજ્યો બને,
સેવા વિનાના માનવો નહિ ઐક્યના સૂત્રો ગણે;
સેવા વિના નહિ સાધુતા વૈશ્યાદિ પદવી કો લહે,
શૂદ્રો પ્રથમ સર્વે બને પશ્ચાત બીજાં પદ વહે. ६५५

નહિ સહેલ છે શૂદ્રો થવું નિષ્કામ નિર્ભયતા વિના,
સ્વાર્પણ કર્યાથી જીંદગી મુક્તિ કહે છે મહાજિના;
જે આત્મ ભોગી નહિ બન્યા તે સેવકો શા કામના,
સદ્ગુણ વિનાના સેવકો શકિત વિનાના નામના. ६५६

જે નમ્રતાને આચરે સહુ જાતની વિદ્યા પઢે,
સ્વાત્મા જુએ જે સર્વમાં વહેતો રહે સદ્ગુણ રટે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકારથી કર્મો વિષે નહીં નીચતા કયેમે જુવે,
સહુ કર્મમાં પ્રભુને જુવે તે પાપ દુનિયાનાં ધુવે. ૬૫૭

સત્યાગ્રહે પ્રેમે રહે સેવા કરે સહુ વર્ણની,
પરભવવિષે મોટા બને પૂજાય ધૂલી ચર્ણની;
અપમાન થાતું શૂદ્રનું તે દેશની પડતી થતી,
હક સર્વના જ્યાં સારીખા તે દેશની છે ઉન્નતિ. ૬૫૮

આંબાસમા શૂદ્રો પ્રભુને હૃદયમાં જો રાખશો,
સન્તોતણી સેવા કરી આભવવિષે સુખ ચાખશો;
જ્યાં શકિતયો પ્રગટે ખરે ત્યાં ઉચ્ચતા આવે અહો,
પરમાર્થ માટે જીંદગી ત્યાં સર્વજન સરખા લહો. ૬૫૯

દેશોન્નતિ સંઘોન્નતિ ધર્મોન્નતિ શૂદ્રોવડે,
જો થાય સાચા શૂદ્ર તો આંબાપરે જગ ઝળ હળે;
સહુ શૂદ્ર જનને જ્ઞાન વિદ્યા આદિથી બહુ કેળવો,
આંબાપરે શૂદ્રો બનો આચાર સારા મેળવો. ૬૬૦

## ધર્મગુરૂઓ.

જ્ઞાની પ્રમાણિક યોગીઓ છે ધર્મગુરૂઓ જાગતા,
તે દેશમાં તે કોમમાં પ્રગતિ નગારાં વાગતાં;
જે સત્ય તે મ્હારૂં સદા માની પ્રરૂપે સત્યને,
તે ધર્મના ગુરૂઓ ભલા ધન્ય ધન્ય તેના કૃત્યને. ૬૬૧

આલસ્ય નહિ અંગે જરા જે સર્વસિદ્ધાંતો ભણે,
સાચું શિખવતા લોકને આડંબરોને અવગણે;
આસક્તિ નહિ વિષયોતણી પરમાર્થમય જીવન ધરે,
જન્મ્યા ભલા તે જાણવા મિથ્યાત્વબુદ્ધિ પરિહરે. ૬૬૨

લોકોપયોગી ધર્મનાં કર્મો કરે ઉપયોગથી,
પ્રભુ ભક્તિમાં જે મસ્ત છે પાછા ફરે છે ભોગથી;
મુંઝાય નહીં જે મોહથી લક્ષ્મી વગેરેમાં કદા,
વ્યભિચાર આદિ દોષથી દૂરે રહે છે સર્વદા. ૬૬૩

ભક્તોતણી રક્ષા કરે ને દેશ સેવા આચરે,
રક્ષા કરે સહુ જીવની પ્રાણાદિને અર્પણ કરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપકારી પર ઉપકાર કરવા અવતર્યા આંબા પરે,
જે ક્ષુદ્ર ભેદો પરિહરે પરમાત્મમય જીવન ધરે. ૬૬૪

જે કાલમાં જે જે ઘટે તે ધર્મનાં કૃત્યો કરે,
ભક્તોન્નતિનાં કારણો સમજાવતા પ્રેમે ખરે;
વિદ્યા પ્રસારક હેતુઓ પ્રસરાવવા સર્વે કરે,
ધર્મોન્નતિ સંઘોન્નતિના કૃત્યમાંહિ પરિવરે. ૬૬૫

કદિ શોખીલા બનતા નહીં દિલમાં પ્રભુ ક્ષણુ ક્ષણુ સ્મરે,
સહુ ધર્મનાં જે તત્ત્વ તેને અભ્યસે ઉલટ ધરે;
જે સ્વાધિકારે ધર્મમાં સર્વે પ્રમાદો પરિહરે,
બૂરા કષાયો પરિહરે પ્રામાણ્યમય જીવન ધરે. ૬૬૬

નાસ્તિકતા અટકાવતા ધર્મે સુધારા શુભ કરે,
ધર્મે ચલાવે લોકને આચાર ઉત્તમ આચરે;
વ્યવહારનાં પરમાર્થનાં બહુ ધર્મ્ય કર્મ સમાચરે,
જન્મ્યા ભલા તે ધર્મના ગુરૂઓ જગતમાં જય કરે. ૬૬૭

વિષયાન્ધ મૂઢા આલસુ ઉપદેશ દે ના ધર્મનો,
વૈરાગ્ય ભક્તિ જ્ઞાન નહિ ને યોગ જેને કર્મનો;
વ્યસની જુગારી લંપટી વંઠેલ શઠને આપહી,
તે ધર્મના ગુરૂઓ નહીં જન્મ્યા જ શાને જગમહીં. ૬૬૮

નહિ તપ તપે કે જપ જપે ખાવે પીવે બહુ આથડે,
ઉંઘે ઘણું એદી સમા ને સજ્જનો સાથે લડે;
જે સાંકડી દૃષ્ટિ ધરે ને ધર્મ ઝઘડા આદરે,
તે દેશ કોમ સમાજનું જે ધર્મનું શું ? શુભ કરે. ૬૬૯

જે દેશ કોમ સમાજનું ને સંઘનું સારૂં કરે,
અષ્ટાંગયોગે જે રમી જે બ્રહ્મ જીવનને ધરે;
સર્વે કલાઓ જાણુતા જે મંત્ર તંત્રો ધારતા,
આંબાપરે જીવ્યા ભલ્યા તે પાપદોષો વારતા. ૬૭૦

જે ધર્મની વ્યાખ્યા કરે લોકોપયોગી સુખકરી,
લોકોપયોગી ધર્મનાં કર્મો કરે જે અવતરી,
જે ધર્મ શક્તિ વધારતા ને ધર્મનું સ્થાપન કરે,
પાખંડ ધર્મો છેદી તે ઉપદેશથી જગ ઉદ્ધરે. ૬૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા વગેરે સર્વને જે ધર્મપથે વાળતા,
જે ધર્મનાશક રાક્ષસો તેનેજ વેગે ખાળતા;
ઉદ્ધાર કરતા ઉદ્યમે બાકી ન રાખે બોધમાં,
પ્રગતિતણા સદ્ધેતુઓની જે રહે છે શોધમાં. ૬૭૨

જે સર્વ નયથી ધર્મને સાગર થકી મોટો કહે,
સર્વે સમાતા ધર્મ જ્યાં સ્યાદ્વાદતા પ્રેમે લહે;
તીર્થંકરોનો ધર્મ જે કાલાનુસારે સર્વને,
ઉપયોગી તેહ જણાવતા મિથ્યા વહે ના ગર્વને. ૬૭૩

જ્યાં ધર્મગુરૂઓ એહવા રાજાદિના શાસક થતા,
ત્યાં ધર્મના પન્થો વહે ને લોક ખાતા નહિ ખતા;
ધર્મી બનાવે વિશ્વને જે ધર્મગુરૂઓ ધર્મથી,
જન્મ્યા ભલા ગુરૂઓ ખરા વહેતા રહે શુભકર્મથી. ૬૭૪

કાર્યો કરે યુક્તિથકી મંત્રાકળાઓ કેળવી,
ધાર્મિક મહા સામ્રાજ્યમાં શક્તિ વ્યવસ્થા મેળવી;
ઔદાર્ય ધર્માચારમાં ને દેવ ગુરૂનાં લક્ષણે,
સ્વાર્પણ કરી વહેતા રહે જે સર્વધર્મપ્રરક્ષણે. ૬૭૫

આચાર્ય એવા જ્યાં થતા ત્યાં પૂર્ણ શાંતિ સદા વહે,
જે ધર્મસ્થાપક સદ્ગુરૂ તેનાવડે જીવ શિવ લહે;
રાત્રી દિવસ ગુરૂઓ સદા જે ધર્મમાં રાચી રહે,
તેના પ્રતાપે વિશ્વમાં સર્વે જનો શાંતિ લહે. ૬૭૬

ભેદો છતાં સંપી રહે ઔદાર્યદષ્ટિ બળવડે,
જે સર્વમાંહિ બ્રહ્મને દેખી ન ક્લેશે જે લડે;
જે દેશ ધર્મ સમાજમાંહી ઐક્યબળને ધારતા,
તે ધર્મગુરૂઓ જીવતા દોષો ઉપજતા વારતા. ૬૭૭

જે આત્મભોગી નહિ બન્યા તે ધર્મગુરૂઓ નહિ કદા,
જીત્સા વિના દુર્ગુણ અરે જૈનો ન હોવે સર્વદા;
આચાર્ય વાચક સાધુઓ ને ત્યાગીઓ શિક્ષા ગ્રહો,
આંબા પરે ઉપકારથી લોકોપયોગે ગહગહો. ૬૭૮

ગુરૂઓ જગતમાં સર્વથી છે શ્રેષ્ઠ અવતારી જનો,
વિદ્યા સુશક્તિ યોગથી સાચા ગુરૂઓ જગ બનો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાચા હૃદયના ભાવથી, શિક્ષા કથી પ્રગતિભણી,
જાગો કરો શુભ કાર્યને, અલમસ્ત થૈ મંત્રો ગણી. ૬૭૯

## આંબા પેઠે સાધુઓ સન્યાસીઓ ફકીરો, જન્મ્યા ભલા.

અલમસ્ત થૈ પ્રભુ પ્રેમમાં રાખે સ્પૃહા ના રાજની,
ક્ષોભાય ના મુંઝાય ના પરવા રહી ના કાજની;
યોગી બનીને મ્હાલતા આનંદથી ફરતા ફરે,
આસક્તિ ભૂરી ત્યાગીને ત્યાગીપણાના ગુણ વરે. ૬૮૦

મન વાણી ને કાયાથકી પાપો કરે ના મોહથી,
શયતાનના વશ નહિ રહે ભૂરૂ કરે ના દ્રોહથી;
જોગી બનીને અલખની ધૂને જગવતા સર્વને,
નહિ હર્ષ કે વા દિલગીરી મનમાં વહે નહિ ગર્વને. ૬૮૧

મર્યાદ નહિ ગુણ કર્મની જાતિતણી સન્યાસીને,
સહુ જાતનાં બંધન નહીં તોડી ઉપાધિરાશિને;
જગ સામ્યયોગે સંચરી આસક્તિવણ કર્મો કરે;
અધ્યાત્મજ્ઞાને મસ્ત થૈ નિર્મોહતાએ જગ ફરે. ૬૮૨

નહીં નામની આસક્તિ ને રૂપાદિ આસક્તિ તથા,
પરબ્રહ્મમાં તન્મય બને પૂર્વે મહર્ષિયો યથા;
સાચું કથે સહુ આગળે, નહિ ભય ધરે કોનાથકી,
ગાંભીર્ય ધારે મૌની થૈ મોહે ન જાતા તે છકી ૬૮૩

એવા સુસાધુ ત્યાગીઓ સન્યાસીઓ જન્મ્યા ભલા,
ઉપકાર કરવા દેહ છે આન્તર રહે છે નિર્મલા;
પ્રભુમય જીવન નિજનું કરી સહુનું કરે ફકિરી ધરી,
પરમાર્થમાટે જીંદગી શુભ શક્તિયો જેને ધરી. ૬૮૪

પ્રભુભક્ત જ્ઞાની યોગીને પરવા નથી કોની જરા,
શુદ્ધાત્મથી મસ્તો બન્યા જગમાં ભલા તે અવતર્યા;
દુનિયાથકી ન્યારા મતો છે સાધુઓના ત્યાગીના,
સામા પરસ્પર છે સદા પન્થોજ ત્યાગી રાગીના. ૬૮૫

પ્રભુવણ ગણે ના સાચું કો જગમાં ફકીરો ત્યાગીઓ,
ન્યારો ફકીરી પંથ છે ત્યાં શું સમજતા રાગીઓ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જણાવે પ્રેમથી પરબ્રહ્મમાં રંગાઇને,
આત્મા જગતમાં પ્રાપ્ય છે અલમસ્ત ઓલે ધ્યાઇને. ૬૮૬

નિશદિન સમાધિમાં રહે જગને સુધારે જ્ઞાનથી,
ધર્મ્યપ્રવૃત્તિ સેવતા સાચું પરીક્ષે જગમથી;
સન્તો ફકીરો સાધુઓ દર્શાવતા ઇશ્વર ખરો;
સતસંગતિ તેની કરો સેવા કરી સુખડાં વરો. ૬૮૭

સ્વાર્થી જગતના લોક છે પરમાર્થી સન્તો છે ખરે,
જે સાધુઓને નિંદતા તે પાપીઓ દુઃખે મરે;
સહકારથી પણ છે ઘણા આકાશસમ મોટા વિભુ,
સાધુ ફકીરોના દિલે વસતા કરૂણામય પ્રભુ. ૬૮૮

સેવા કરીને સાધુની સહકાર, સાધુ ગુણ લહો,
સંગત પ્રમાણે સદ્ગુણો પામી ઘણો શોભી રહો
સાધુ ફકીરો ત્યાગીઓને ભક્તિથી સેવો જનો.
ઉપકાર કરવા કારણે સ્વાર્પણ કરી તેવા બનો. ૬૮૯

ધન ધન્ય સાધુ ત્યાગીઓ કલિકાલમાં જન્મ્યા ભલા,
પ્રભુ વાસ તેઓમાં સદા પ્રભુમય ભલા તે અવતર્યા;
સાધુ ફકીરો યોગીઓ સન્યાસીઓની સંગતિ,
જગમાં મઝાની પ્રભુ સમી આપે હૃદયમાં સન્મતિ. ૬૯૦

શક્તિ વિનાના સાધુઓ આ વિશ્વમાં મડદાં અરે,
જ્ઞાનાદિ ગુણ જેમાં નહીં તે ભૂતવત્ ફરતા ફરે;
ગંજેરી જેહ અફીણીઆ આચારહીન ત્યાગીઓ,
એવાજ ત્યાગી લોકની સંગત કરો નહીં રાગીઓ. ૬૯૧

સમ્યક્ત્વને સંયમ નહીં સન્ન્યાસ કીધો નહીં ખરો,
મેલા હૃદયના સાધુઓ વિશ્વાસ ના એનો કરો;
પ્રામાણ્ય નહિ વર્તન ભલું શાસ્ત્રો ભણ્યાવણ જે ફરે,
આસક્તિયો નહિ ત્યાગી એવા ત્યાગીઓ જગ શું કરે. ૬૯૨

કજીયા અને કંકાસમાં જીવન વહે દુર્જનપરે,
ઉપકાર કરતા નહિ કશો મિષ્ટાન્ન ખાવાને ફરે;
આલસ્યમાં ગમગીન થૈ જે ડોળ કરતા નવનવો,
એવા કુસાધુ ત્યાગીથી કોનો ઉદય છે નહિ થવો. ૬૯૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા પ્રભુ જાણે નહીં ભક્તિમિષે વ્યભિચારતા,
કરતા રહે કાળાં ઘણાં દોષો ન પ્રગટ્યા વારતા;
દેશોન્નતિ ધર્મોન્નતિ એવા જનો ક્યાંથી કરે,
ધર્માદિ કેળવણી વિના ત્યાગી બને જગ શું ? વળે. ૬૯૪

આ કાળમાં પાંડિત્ય ને જ્ઞાનાદિના અનુભવ વિના,
બહુ શાસ્ત્રની જ્ઞપ્તિ વિના ત્યાગી થવાની છે મના;
ગીતાર્થનિશ્રા જે કરે તે ત્યાગીઓ સાચા બને,
એ ત્યાગીઓ મોની કરે કલ્યાણ જગ સન્તો ભણે. ૬૯૫

સંપી રહે ના ત્યાગીઓ સંન્યાસીઓ શુભ શું કરે ?
મહાવીરના જે સાધુઓ જ્ઞાન ક્રિયા સાધન વરે;
અધ્યાત્મજ્ઞાને મસ્ત થૈ ઉપદેશ લોકોને કરે,
સમભાવભાવી સાધુઓ જન્મ્યા ભલે શિવસુખ વરે. ૬૯૬

પ્રગતિ સુધારા સહુ કરે પુરૂષાર્થ ઉપયોગે વહે,
શુભ શક્તિયોને પામીને જીવન પ્રભુમય જે લહે;
ફરતા ફરે સહુ દેશમાં ઉપકાર કરવા કારણે,
એ સાધુઓ જીવ્યા ભલા જાઉં હું તેને વારણે. ૬૯૭

ઉપદેશ દે લોકોતણાં દુઃખો હરે નિજશક્તિએ,
વ્યસનો હઠાવે દેશથી રહેતા સદા પ્રભુ ભક્તિએ;
આચાર સારા શીખવે જગ લોકને કરૂણા ધરી,
સાત્વિક સાધુ યોગીઓ ઉપકાર કરતા અવતરી. ૬૯૮

ચારિત્ર્ય નિર્મલ ધારતા બોલેજ તેવું પાળતા,
મિથ્યાત્વ દોષો વારતા સર્વજ્ઞ વાણી ધારતા;
વ્યવહારથી વર્તે અને નિશ્ચય હૃદયમાં ધારતા,
એ ત્યાગીઓ પ્રગટ્યા ભલા મોહાદિ શત્રુ મારતા. ૬૯૯

આરાધતા ગુરૂદેવને પાળે દયા સહુ પ્રાણિની,
અષ્ટાંગ યોગ સુસાધતા સંગત કરે શુભ જ્ઞાનિની;
આચાર્યની આજ્ઞા ધરે ધર્માર્થ પ્રાણોને ત્યજે,
સ્વાર્પણ કરીને જીંદગી પ્રભુમય બની પ્રભુને ભજે. ૭૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્ત્રી વર્ગ–સાધ્વી ધર્મ.

સ્ત્રી વર્ગની જ્યાં ઉન્નતિ ત્યાં ઉન્નતિ સહુ જાતની,
સ્ત્રી વર્ગની પ્રગતિથકી પ્રગતિ થતી સહુ ભાતની;
કાયિક વાચિક શક્તિ ને અધ્યાત્મબળથી શોભતી,
તે દેશમાં લક્ષ્મી અને વિદ્યા સદા રહે ઓપતી. ૭૦૧

અધિકાર જે સ્ત્રી વર્ગના તેને બજાવે યુક્તિથી,
ચોસઠ કલાઓ કેળવે ચાલે જમાના નીતિથી;
તે દેશનાં સંતાનથી સામ્રાજ્યની ચઢતી થતી,
સહુ શક્તિયો પ્રગટાવવા તે દેશમાં વહેતી મતિ. ૭૦૨

સ્ત્રી વર્ગ આંબાની પરે સ્વાર્પણ સ્વભાવે જાગતો,
તે દેશની સતીઓથકી કંકાશ દૂરે ભાગતો;
જ્યાં દ્રૌપદી સીતા સમી સતીઓ પ્રગટતી ઘરઘરે,
તે દેશ સ્વર્ગાધિક કહ્યો સ્વાતંત્ર્ય શક્તિ તે વરે. ૭૦૩

સાધ્વી સમૂહો ભાષણો આપી સુધારા શુભ કરે,
કલ્યાણ કરવા સર્વનું નિજ ફર્જ પ્રેમે અનુસરે;
જન્મી જગત્માં તે ભલી તેજે શીયળના ઝળહળે,
ઉદ્ધાર કરતી દેશનો ને ધર્મનો જેઓ બળે. ૭૦૪

સહુ જાતના શિક્ષણ બળે જે સાધ્વીઓ જગમાં ફરે,
ખોટા રીવાજો છેદવા ભાષણ મઝાનાં જે કરે;
કર્તવ્ય કર્મો આચરે જે સ્વાધિકારે ધર્મથી,
ખોટા સુધારા નામથી વંઠેલ થાય ન કર્મથી. ૭૦૫

એવી સતીઓ સાધ્વીઓ શોભે ગુણોના બળ વડે,
ઘરઘર બને જ્યાં સ્વર્ગસમ અવતાર લીધો પરવડે,
શિક્ષા મઝાની એહવી રાખે હૃદયમાં સર્વદા,
તે દેશમાં તે કોમમાં નહિ દુઃખ વ્યાપે રે કદા. ૭૦૬

## વક્તાઓ અને લેખકો.

જે કર્મયોગી લેખકો ને ભાષકો પ્રગતિપથે,
ઉત્તમ વિચારે સંચરે ધર્મોન્નતિ કરવા મથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્વિક મતિને ધારતા ઉદ્ધાર કરવા સંચર્યા,
તે લેખકો ને ભાષકો જગમાં ભલા હો અવતર્યા. ७०७

દેશોન્નતિ ધર્મોન્નતિ સંઘોન્નતિ કરતા રહે,
જીવો જગાડે જ્ઞાનથી પરમાર્થમય વચનો કહે;
ખોટું ન બોલે ક્રોધથી વા માનથી લાલચથકી,
તે લેખકોથી ભાષકોથી ઉન્નતિની છે વકી. ७०८

બોલ્યા પ્રમાણે વર્તતા પ્રામાણ્ય મૂકે નહિ કદી,
જૂઠું કદાપિ ના વદે નિર્મળ હૃદય ગંગા નદી;
શૂરા અને પૂરા સદા અન્યાયપક્ષે ના રહે,
દુઃખીતણા પક્ષે રહે વિપત્તિયો કોટિ સહે. ७०९

સાચું પ્રરૂપે ભાષણે લેખો લખે નિર્ભયપણે,
સત્તાધિકારી ગરીબને ન્યાયે સદા સરખા ગણે;
ભૂલો જણાવી લોકને ઉન્નત થવાને પ્રેરતા,
સામ્રાજ્ય સર્વે જાતનાં તેમાં ધરે નિર્વૈરતા. ७१०

સહુ શક્તિયો વધતી રહે એવા ઉપાયો દાખવે,
કલેશો અશાંતિ યુદ્ધનાં વચનો કદાપિ ના લવે;
રાજા પ્રજા સહુ લોકમાં શાન્તિ પ્રસારે લેખકો,
સહુ શક્તિયોના વીર્યને પ્રગટાવતા શુભભાષકો. ७११

અધ્યાત્મ બળને ખીલવવા યુક્તિ કળાઓ દાખવે,
જે કર્મવીરો યોગીઓ પ્રગટ્યા જ તેને ઉઝવે;
સ્વાતંત્ર્ય સર્વે જાતમાં સામ્રાજ્યમાં નિશદિન વધે,
પરતંત્રતા દૂરે ટળે એવાં સદા સાધન સધે. ७१२

એવા સુભાષક લેખકો આંબાપરે જગ છાજતા,
ફર્જો અદા કરીને સહુ અધ્યાત્મ બળથી ગાજતા;
જન્મ્યા ભલા તે અવનીમાં પરમાર્થ સાચું ધ્યેય છે,
જન્મ્યા ભલા તે ગાયકો પરમાર્થ જેનું ગેય છે. ७१३

સંપી પરસ્પર સહાયથી જીવે ભલા તે માનવો,
તે ધર્મયોગી પ્રગટતા તેનાં જ કાર્યો સંસ્તવો;
આ કાલમાં આંબાપરે શક્તિવડે ઉભા રહો,
સહુ જાતિ શક્તિ મેળવો શક્તિ વિના મૃત્યુ લહો. ७१४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિ, પ્રભુનો કાયદો શક્તિ મઝાનો દેવતા,
શક્તિ મઝાનો ધર્મ છે તેને જ સબ્યો સેવતા;
શક્તિ વિનાનાં રાજ્ય તેનાં નામ ઇતિહાસે રહ્યાં,
સહુ શક્તિયોના ઐક્યથી મહારાજ્ય શોભાને લહ્યાં. ૭૧૫

શક્તિ ભલામાં વાપરો ઉપયોગ બૂરો ના કરો,
આંબા પરે જન્મ્યા ભલા કરૂણા જીવોપર બહુ ધરો;
સહુના ભલામાં છે ભલુ આંબાથકી શિક્ષણુ લહો,
નિર્ભેદ શિક્ષણુ સર્વને આપી સદા સમતા વહો. ૭૧૬

દુઃખીતણાં અશ્રુ લ્હુવો આશ્રય સકલને આપશો,
મીઠાં ફ્લોને ધારીને દુઃખો જીવોનાં કાપશો;
સહુના સકલ સરખા હકો લૂંટો ન હક કોના કદા,
ઇશ્વરતણો એ કાયદો તે પાળશો જન સર્વદા. ૭૧૭

તન મન અને દોલતવડે ઉપકાર કરશો પ્રેમથી,
ઉપકાર કરીને મૌનથી વર્તો સદા શુભ નેમથી;
સર્વે મુસાફર માનવો પ્રભુ પામવા જગ અવતર્યા,
સન્તોથકી ગુણને અહો ગુણરાગદષ્ટિ પરિવર્યા. ૭૧૮

એકેન્દ્રિ આંબો છે અને પંચેન્દ્રિ માનવ છો તમે,
આંબાથકી અધિકા બનો પ્રભુ સંતના બાળક અમે;
એવું હૃદયમાં ધારીને ચારિત્ર્ય સાચું ધારવું,
આદર્શથી અધિકા બની કેમે ન જગમાં હારવું. ૭૧૯

ઔદાર્ય, બહુ મતની ક્ષમા ધારો હૃદયમાં ઉલ્લસી,
ચારિત્ર્ય ધર્મો પાળશો સોના પરે મનને કસી;
આંબા નિમિત્તે એ કથી શિક્ષા જ કેળવણી ખરી,
આચારમાં એ મૂકશો મુજ બાંધવો જગ અવતરી. ૭૨૦

## એક ઠેકાણે આંબાનું રહેવું તે પરથી શિક્ષણ.

### દોહરા.

જાય નહીં અન્યત્ર કંઇ, ઠરી રહ્યો એક ઠામ;
તોપણ જીવે ભક્ષણે, ટેક વડી ગુણ ધામ. ૭૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે ન અજગર ચાકરી, કરે ન દોડા દોડ;
મુખમાં ખાણું આવતું, કર્મ સમી નહીં જોડ. ૭૨૨

દાણામાં જીવો વસે, હોય ન કાણું એક;
કર્મે જીવો જીવતા, ધરે જ કર્મે ટેક. ૭૨૩

ચલનારાને ચાલતાં, સ્થાવરને નિજ કામ;
જીવન વહેતું સર્વનું, કર્મતણાં એ કામ. ૭૨૪

આંબો બીજે જાય નહીં, તો પણ જીવે બેશ;
આવે અન્યો તે કને, ટાળે સ્વાર્થિક ક્લેશ. ૭૨૫

માલતી પુષ્પે આવતો, ભ્રમર કરી ઝંકાર;
ગુણ ત્યાં ગુણના ગ્રાહકો, આવે છે નરનાર. ૭૨૬

દેશ દેશાંતર ક્યાં ભમો, ગુણ દેવાને કાજ;
ગુણો નહીં ઢાંક્યા રહે, ગુણથી સફળો સાજ. ૭૨૭

## ચોપાઇ.

જેના મનમાં જેની આશ, તેની પાસે આવે ખાસ;
ધર મનમાં એવો વિશ્વાસ, અર્થી જન આવે છે પાસ. ૭૨૮

કરતો આંબો નહિ પોકાર, આવે પાસે નર ને નાર;
સ્વાર્થીઓ તે આવે સહુ, ખપ તેની કિંમત શું કહું. ૭૨૯

અર્થી જન કિંમતને કરે, સામો આવી લેતો ખરે;
બાવન ચંદન વૃક્ષો પાસ, સર્પો ગંધે આવે ખાસ. ૭૩૦

આવે લોકો સરવર પાસ, જલ પીવે ને ટાળે પ્યાસ;
સાગર તળિયે મોતિ રહ્યાં, અર્થીએ પેસી ત્યાં લહયાં ૭૩૧

ગુણને ધરશો નર ને નાર, ગુણના અર્થી જન નિર્ધાર;
સુગંધ પુષ્પો વનથી ગ્રહે, આવળ ફૂલો કો નહિ લહે. ૭૩૨

તીર્થે જાવે લોકો ખાસ, પણ તીર્થો આવે નહિ પાસ;
ગંધે મૃગ વનમાંહી ફરે, ભૂલ્યો ભમતો સુખ ના વરે. ૭૩૩

સત્યગુણો નિજ પાસે હોય, અર્થી સ્હામા જાવ ન કોય;
ગુણ શક્તિ આકર્ષણ કરે, વિશ્વાસી શિક્ષા મન ધરે. ૭૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયં ગુણોના બનવું ધામ, આંબા પેઠે ઠરવું ઠામ;
અંતે લોકો આવે પાસ, ધર એવો મનમાં વિશ્વાસ. ૭૩૫

ચંચળ વેળા મનમાં કરે, આંબાનું શિક્ષણ નહિ વરે;
ઢોર હરાયા પેઠે તેહ, લહે ન સાચી શાંતિ એહ. ૭૩૬

ધર્મી પોતે બનવું ખાસ, મનમાં પ્રભુ ધરી વિશ્વાસ;
અર્થી ભક્તો આવે પાસ, ધર્મ પામતા સુખ ઉલ્લાસ. ૭૩૭

પ્રભુ ટેકને હૃદયે ધરો, આંબા પેઠે ઠામે ઠરો;
જંગલમાંહી મંગલ થાય, ભાવ ધરો તેવું થઇ જાય. ૫૩૮

ટેક ધરો તેવું થૈ કર્મ, આપે અંતે તેને શર્મ;
કીડીને કણ હાથી મણ, ટેક કર્મથી સુખ દુઃખ મર્મ. ૭૩૯

## ન્હાના ગોટલા રૂપ બીજમાંથી આંબાનું મોટું થવું.

### દોહરા.

ન્હાના આંબા ગોટલા, મૂઠીમાંહી સમાય;
તેમાંથી આંબો થતો, ગગને લ્હેરો ખાય. ૭૪૦

ડાળાથી ફાલે ઘણો, મહાવૃક્ષ થૈ જાય;
ડાળે લાખો બીજની, લુંબ ધરે સુખદાય. ૭૪૧

ન્હાના બીજોમાં વસે, વૃક્ષોના મહાસ્કંધ;
પિંડ વિષે બ્રહ્માંડ છે, સમજે નહિ મન અંધ. ૭૪૨

ન્હાનાં બીજો દેખીને, કરો ન તિરસ્કાર;
ન્હાનામાં મોટાં વસે, બ્રહ્માંડો નિર્ધાર. ૭૪૩

શરીરબ્રહ્માંડો ઘણાં, હોય અનંત અપાર;
અનંત બ્રહ્માંડો રહ્યાં, બીજ વિષે મનધાર ૭૪૪

પ્રગટેલાં સહુ બીજથી, બ્રહ્માંડો જો થાય;
અનંત જાતિનાં લોકમાં, મવરાવ્યાં નહિ માય. ૭૪૫

દેહો બ્રહ્માંડો ઘણાં, સંખ્યાએ જ અનંત;
સૂક્ષ્મ બીજ છે તેહનાં, જાણે જ્ઞાની સંત. ૭૪૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્હાનાથી મોટા થવું, શિક્ષણ ગ્રહવું ન્યાય;
અનંત મોટી શક્તિનાં, બીજો છે નિજમાંહ્ય. ૭૪૭

જ્ઞાનાદિ સહુ સદ્‌ગુણો, સત્તાએ છે જોય;
વ્યક્ત થતાં તે સદ્‌ગુણો, થાય મહા અવલોય. ૭૪૮

અનંત શક્તિયોતણાં, બીજો આત્મામાંહિ;
પ્રગટાવો પ્રેમે જનો, અન્તરના ઉત્સાહિ. ૭૪૯

આત્મા તે પરમાતમા, શક્તિ વ્યક્તિથી થાય;
ચઉદરાજ રચના સમી, માનવ દેહ સુહાય. ૭૫૦

મનુજાત્મામાં સહુ વસે, શક્તિ બીજ નિર્ધાર;
વ્યક્ત કરી મોટા બનો, જગમાં નર ને નાર. ૭૫૧

જ્ઞાન ધ્યાન સમાધિથી, આત્મગુણો પ્રકટાય;
ન્હાનાથી મોટા બનો, જો મનમાં સમજાય. ૭૫૨

વીર પ્રભુએ ભાખિયું, આત્મા સિદ્ધ સમાન;
સત્તાએ સહુ જીવ છે, વ્યક્તપણે ભગવાન્ ૭૫૩

વ્યક્ત કરી નિજ શક્તિયો, આંબા પેંઠ મહાન્;
બનશો નર ને નારીયો, રહેશો નહિ નાદાન. ૭૫૪

અભ્યાસે શક્તિ વધે, આત્માની નિર્ધાર;
મન વાણી ને કાયને, કેળવશો જયકાર. ૭૫૫

આવરણો સર્વે ટળે, સદ્‌ગુણ થાય પ્રકાશ;
એવું મનમાં જાણીને, ધારો દૃઢ વિશ્વાસ ૭૫૬

અનન્ત શક્તિમય અહો, આત્મા વિશ્વ પ્રકાશ;
સર્વ લોકને કંપવે, એવો અનુભવ ખાસ. ૭૫૭

## રૂપદછંદ.

સુણશો સર્વે લોક અમારી શીખ મઝાની,
મીઠી અંતર વાત રહે ના તમથી છાની;
સર્વથકી મોટાઇ તમારી દિલમાં ધારો,
ખીલવશો મોટાઇ તદા જગ આવે આરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પ્રકારે શક્તિયો, વધે તમારી યુક્તિથી;
ન્હાનાથી મોટા થવા, વિશ્વાસી રહો ઉક્તિથી. ૭૫૮

જેવા ઇચ્છો બનો જ તેવા શક્તિ જ વ્યાપે,
ચિત્ત ધરો વિશ્વાસ સ્વયં નિજશક્તિ વ્યાપે;
નેપોલિયન થયો પ્રતાપી શક્તિ વધારી,
નિજમાં શક્તિ બીજ રહ્યાં છે જગ જયકારી.

તીર્થંકર ઋષિયો થવું, થવું વિશ્વ સુલતાન;
છે પોતાના આત્મમાં, સાધન સજે સુજાણ. ૭૫૯

કરો પ્રયત્નો કોટિ, જગત્માં થાશો મોટા,
ઇચ્છો તે તે મળે, નહીં છે કોના તોટા;
મેરૂથી પણ ત્રણ્ય હાથ છે ઉચ્ચ વધારે,
માનવ મોટો વિશ્વ તરે ને તે પર તારે.

માનવ ધારે તે કરે, તેની શક્તિ અનંત;
આધ્યાત્મિક બળ પામીને, થાવે લોક મહંત. ૭૬૦

કરૂં હું ધાર્યાં કાર્ય, હૃદયમાં નિશ્ચય રાખો,
વદો ન વચનો દીન; મહત્તા વચને ભાખો;
કરો શક્તિ અભ્યાસ, વધે છે શક્તિ વધારી,
સ્વાર્પણ કરીને સર્વ, ઉદયમાં વધશો ભારી.

આત્મા દેવો દેવીઓ, આત્મા સ્વર્ગ ને સિદ્ધિ;
આત્મા શક્તિ વિકાસીએ, તેમાં સર્વે ઋદ્ધિ. ૭૬૧

ભણો ન ઢીલાં વેણ અનુદ્યમ કેરાં જૂઠાં,
આત્મા વણ નહિ કંઇ, જગત્માં સાધન બૂઠાં;
આત્મા વણ નહિ કોઇ, જગત્માં જાણો મોટું,
દિલમાંહિ છે દેવ, ભટકવું જ્યાં ત્યાં ખોટું.

જે જે શક્તિ વિશ્વમાં, આત્માની તે સર્વ;
આત્મા નિજ દિલમાં વસે, એની શક્તિ સમગ્ર. ૭૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મશક્તિએ દેવ, દેવીઓ રાજા રાણી,
કવિયો યોગી ઇન્દ્ર અને જાણો ઇન્દ્રાણી;
અનંત જાતિની શક્તિ, આત્મમાં ભરી રહી છે,
જ્ઞાની કરે પ્રકાશ, સાધને સાધ્ય સહી છે.

ડરતા શાને અન્યથી, બનો નહીં પરંતત્ર;
શક્ત્યા માનવ સારીખા, સમાન સહુના મંત્ર. ૭૬૩

શક્તિનો ખજાનો સ્વયં, અન્ય કાં ભીખો માગો,
પર આશા ધરી વ્યર્થ, અન્યને પાયે લાગો;
ફેરવશો નિજ શક્તિ, જીવતા જગમાં રહેશો,
મોટા થવા ઉપાય, ગુરૂગમ સાથે લેશો.

દેશ કુટુંબ સમાજનો, આત્માથી ઉદ્ધાર;
સર્વ શક્તિ ભેગી કરો, જગમાં નરને નાર. ૭૬૪

શક્તિ બીજ વણ જન્મ, નહીં છે કોનો કયારે,
ખીલવશો કરી યત્ન, ધર્મ નિજ છે અધિકારે;
જે માટે અભ્યાસ, કરો તે મળશે નક્કી,
નહિ કાલાદિ દોષ, બનો નહિ આલસ સંગી.

કાળા ગોરા માનવો, ધરશો મનમાં શીખ;
બનશો સ્વાશ્રયી શક્તિથી, કદિ ન માગો ભીખ. ૭૬૫

સ્વાતંત્ર્યે રહો સર્વ, સ્વાર્પણે શક્તિ વધારી;
થાશો મોટા સર્વ, નિશ્ચયે નર ને નારી,
બુદ્ધિસાગર બેશ શિખામણ ભાવે આપે,
આંબાનું દ્દષ્ટાંત જ્ઞાનિના હૃદયે વ્યાપે.

અનંત આનંદમય સ્વયં, સર્વ શક્તિનું ધામ;
આત્મા સ્વયં વિચારીને, પરમ પ્રભુપદ પામ. ૭૬૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બાલ્યાવસ્થામાં આમ્રવૃક્ષ વાળ્યું હોય તેવું વળે છે અને કેળવ્યું હોય તેવું થાય છે.

### દોહરા.

કુમળો આંબો જેહવો, વાળ્યો તેવો થાય;
કેળવણી જેવી કરે, તેવો તેહ સુહાય. ૭૬૭

વળ્યો વળે છે ત્યાં લગી, યાવત્ છે કુમળાશ;
અતિ સુકોમળતા ટળે, વળે ન વાળ્યો ખાસ. ૭૬૮

આંબાથી શિક્ષણ ગ્રહો, ન્હાનાં બાલક વૃન્દ;
વાળ્યાં વળશે બાલ્યમાં, હોય પછીથી મન્દ. ૭૬૯

બાલક જેવાં કેળવો, તેવાં તે થૈ જાય;
કઠોરાઇ આવ્યા પછી, વાન વળે નહિ ભાય. ૭૭૦

સુવર્ણ યુકયા કેળવે, ઘાટ અનેક ઘડાય;
કેળવણી જેવી મળે, તેવા સહુ થૈ જાય. ૭૭૧

સદ્ગુણ પન્થે વાળવાં, પહેલાંથી નરનાર;
કઠિન થયા પછીથી અરે, પડે નહીં સંસ્કાર. ૭૭૨

કસરત આદિ ખેલમાં, બાલપણામાં અંગ;
વાળ્યાં વળતાં સહજમાં, થાય પછીથી તંગ. ૭૭૩

પશુ પક્ષીને કેળવો, વનસ્પતિનાં અંગ;
બાલ્યપણામાં વાળવાં, સદ્ગુણ આવે અંગ. ૭૭૪

મોટી ઉમર થાવતાં, વાળે તૂટી જાય;
સંસ્કારો બદલાય નહિ, સમજો મનમાં ન્યાય. ૭૭૫

કોમળ શુભ માટીથકી, વળતાં ઘટનાં અંગ;
કેળવણીથી કેળવો, જગમાં શોભે ચંગ. ૭૭૬

પાકે અંગ વળે નહીં, સહુમાં સમજો એહ;
પ્રગતિ શક્તિમયપથે, વાળો મન વચ દેહ. ૭૭૭

તન મન ધનની શક્તિથી, કેળવશો જન માત્ર;
પશુ પંખી પણ કેળવો, બનશે ધર્મી ગાત્ર. ૭૭૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ કોમ ને સંઘમાં, શુભ કેળવણી સર્વ;
આપો સર્વ પ્રયત્નથી, અયોગ્ય ટળશે ગર્વ. ૭૭૯

## ઝૂલણાછંદ.

સર્વને કેળવી વાળજો શુભપથે, સર્વથી એહ ઉપકાર મોટો;
હાનિકારક અરે સર્વ રીત્યો તજો, કયારે આવે નહીં તેથી તોટો. સર્વ. ૭૮૦

બાલ્યવયથી વળે બાળકો ધર્મમાં, નીતિમાં શક્તિમાં તેમ કરવું;
રાજાને કેળવો સર્વ સત્તાવડે, શક્તિ વધવાવિષે કેમ ડરવું. સર્વ. ૭૮૧

શક્તિમય નીતિમય શિક્ષણે કેળવો, યોગ્ય સ્વાતંત્ર્ય દેશે પ્રચારો;
ક્ષુદ્રભેદો ટળે શિક્ષણો તેહવાં, આપવા જ્ઞાનશક્તિ વધારો. સર્વ. ૭૮૨

દેશમાં કોમમાં સંઘમાં સુખ વધે, સર્વ સામાજિકી શકિત વાધે;
કેળવો ધર્મથી બાળકો લાડકાં, જેહથી કાર્ય ધારેલ સાધે. સર્વ. ૭૮૩

ક્ષત્રિયો કેળવો બ્રાહ્મણો કેળવો, ખેડૂતો કેળવો દેશ માટે;
વૈશ્ય વૈપારિયો કેળવો યુક્તિથી, શૂદ્રને કેળવો શીરસાટે. સર્વ. ૭૮૪

કેળવો સર્વ જાતિતણાં બાળકો, સત્ય વિદ્યાવડે પુષ્ટ થાવા;
બાલ-લગ્નો ત્યજો વીર્ય રક્ષા સજો, વૃદ્ધ લગ્નો ત્યજો સુખ પાવા. સર્વ.૭૮૫

ધર્મના પન્થ ભેદો વિષે સત્ય જે, તેહ લેઇ અસત્યો શમાવો.
ધર્મના નામનાં પાપ યુધ્ધો ત્યજો, વ્હેમ ને જૂઠ ભેદો હઠાવો. સર્વ. ૭૮૬

જ્ઞાનપીઠો કરો ધર્મ પીઠો ધરો, વિશ્વને સત્યના પન્થ વાળો;
સાંકડી દૃષ્ટિયો, જાતિ ભેદો ત્યજો, પાપ આચારના વેગ ખાળો. સવ. ૭૮૭

સ્વાત્મ સરખા ગણી સર્વ જીવો અરે, દુઃખીનાં અશ્રુ લ્હુવો સ્વધર્મે;
સ્વાધિકારે અદા સર્વ ફર્જો કરો, એક ટેકે રહો નિત્ય કર્મે. સર્વ. ૭૮૮

દુર્ગુણો ટાળશો સત્યવિદ્યા બળે, સર્વજાતીય વ્યસનો હઠાવો;
ટાળશો ભૂખ ભૂખ્યા જનોની અરે, એહ ઉપકારનો લ્યોને લ્હાવો. સર્વ.૭૮૯

રોગીઓના હણો રોગને ઔષધે, ઔષધાલય ઘણાં વિશ્વ સ્થાપો;
જે મળ્યું છે કમાવાથકી તેથકી, કાંઇ દુઃખી જનોને જ આપો. સર્વ. ૭૯૦

આત્મ ભોગે કરો કાર્ય પરમાર્થનાં, સ્વાર્થનાં કાર્ય કરવાં વિવેકે;
હૃદયમાં રાખીને દેવ અર્હન્ પ્રભુ, વર્તશો મોહવણ પૂર્ણ ટેકે. સર્વ. ૭૯૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વમાં સર્વ જીવોન્નતિ કાજમાં, ભાગ લેવો સદા સ્વાધિકારે;
દુઃખ આવે હઠો ના જરા પાછળો, લજવશો જનનીને ન કદારે. સર્વ. ૭૯૨

પૂર્ણ પ્રામાણ્યને પાળશો પ્રેમથી, નીતિને પ્રાણુ સમ પૂર્ણ પાળો;
ધર્મમાં પૂર્ણ શ્રદ્ધા ધરો માનવો, સ્વોન્નતિ હેતુઓ સહુ સુધારો. સર્વ.૭૯૩

સર્વ ધર્મોતણો સાર એ મન ધરો, આત્મશુદ્ધિ હૃદયમાં પ્રકાશો.
આત્મસમ દેખવા સર્વ જીવો સદા, આપવો વિશ્વ દુઃખી દિલાસો. સર્વ. ૭૯૪

સત્ય વિદ્યા અને જ્ઞાનથી લોકને, કેળવો બાલ્યકાળે સુધારે;
સર્વ ધર્મોન્નતિએ જનો કેળવો, ભવ્યજીવો ચઢો દુઃખી બ્હારે. સર્વ. ૭૯૫

વાળજો સદ્ગુણી માર્ગમાં બાળકો, એહ ઉદ્ધારનો માર્ગ સારો;
દેશને કેળવો સર્વ જાતિ તથા, કલેશ મતથી નહીં સત્ય હારો. સર્વ. ૭૯૬

મુંઝશો ના કદિ પન્થ મતભેદમાં, સર્વમાં સત્ય આત્મા વિચારો;
આત્મવણુ અન્ય દેખો નહીં ગુણીજનો, સદ્ગુણે આપને આપ તારો. સર્વ. ૭૯૭

ભેદ રાખો નહીં કેળવ્યામાં કદા, કેળવી સત્પથે વિશ્વ વાળો;
સત્ય શિક્ષા સદા ધ્યાનમાં રાખીને, પડતીથી દેશ લોકો ઉગારો. સર્વ. ૭૯૮

ઉન્નતિ શકિતમય શિક્ષણે કેળવો, આમ્ર દૃષ્ટાંત મનમાં ઉતારી;
બુદ્ધિસાગર સદા એમ હૃદયે વદે, પ્રેમથી શીખને માની સારી. સર્વ. ૭૯૯

## આમ્રમાં વિવિધતા અનેકતા.

### દોહરો.

આમ્ર વૃક્ષ વ્યક્તિ વિષે, વિવિધતા દેખાય;
ડાળાં પર્ણો સ્કંધના, વિવિધ છે પર્યાય. ૮૦૦

અનેક પર્યાયો થતા, એક બીજથી ધાર;
વિવિધતા તે અનેકતા, સૌન્દર્યજ શણગાર. ૮૦૧

એક અનેકાકારથી, વિલસે છે ભરપૂર;
નવ નવ પર્યાયે ખરે, વિલસે છે શુભ નૂર. ૮૦૨

વિવિધતા ન વિરોધતા, આંબામાં સામ્રાજ્ય;
દેખતાં આનન્દતા, દેખો આંબા રાજ્ય. ૮૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધતા જેમાં નહીં, નભે ન તે જગમાંહિ;
વિવિધ જ્ઞાનવણુ તુચ્છતા, સમજો સહુ મનમાંહિ. ૮૦૪

દેશ કોમ ને રાજ્યમાં, વિવિધતા આચાર;
વ્યક્ત વિચારે વિવિધતા, સંઘવિષે તેમ ધાર. ૮૦૫

અનેક મતદષ્ટિ થકી, ધર્મ વિવિધતા જોય;
ભેદોમાંહિ વિવિધતા, વિરોધતા નહિ હોય. ૮૦૬

મસ્તક મસ્તક ફેર છે, ભિન્ન મતિ નિર્ધાર;
ધર્મ વિચારો જુજવા, કુદ્રતની બલિહાર. ૮૦૭

ભિન્ન ભિન્ન છે જે મતો, વિવિધતા ત્યાં દેખ;
ભિન્ન ભિન્ન દર્શનવિષે, વિવિધતાને પેખ. ૮૦૮

અનેકતા ને વિવિધતા, વિણસે રહે ન કાંઇ;
વિવિધતા સહુદષ્ટિએ, નય સાપેક્ષે કથાઇ. ૮૦૯

અનેકતામાં જગ રહ્યું, અનેકતામાં સર્વ;
વિવિધતાને અનેકતા, રહે ન સમજે ગર્વ. ૮૧૦

અનેકતાથી સહુ જીવે, વિવિધમતે નિર્ધાર;
વિવિધાચાર વિચારથી, જીવે છે નરનાર. ૮૧૧

વિવિધતા ને અનેકતા, ટળતાં આત્મવિનાશ;
વ્યવહારે છે અનેકતા, નિશ્ચય એક વિલાસ. ૮૧૨

અનેકતાને એકતા, સાથે બેનો વાસ;
આત્મામાં બન્ને વસે, જાતિ વ્યક્તિથી ખાસ. ૮૧૩

આત્મા જાણ્યો તેહને, સર્વ ભેદ સમજાય.
વિરોધતા નહિ ભાસતી, મિથ્યામતિ અળપાય. ૮૧૪

પરસ્પરે વિરોધી પણ, દેહાંગોવત્ ધર્મ;
વિવિધતાએ અલંકર્યા, તથા જાણવાં કર્મ. ૮૧૫

સર્વ પ્રકારે અનેકતા, પણ નહીં તેથી વિરોધ;
વિરોધોમાં વિવિધતા, કર સાપેક્ષે શોધ. ૮૧૬

વિરૂદ્ધતા જે સર્વમાં, અજ્ઞાને દેખાય;
આત્મજ્ઞાન પ્રતાપથી, વિરૂદ્ધતા અળપાય. ૮૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ભિન્નતા દેખીને, અજ્ઞાનીને ખેદ;
ધર્મીને નહીં ખેદ છે, નય સાપેક્ષે વેદ. ૮૧૮

બુદ્ધિસાગર વિશ્વમાં, ભિન્ન ભિન્ન મત ધર્મ;
સહુમાં સત્ય વિવિધતા, દેખી કર શુભ કર્મ. ૮૧૯

અનેકાંતવાદે અહો, સર્વ તત્ત્વ સમજાય;
બુદ્ધિસાગર બ્રહ્મમાં, સર્વ સમાઇ સુહાય. ૮૨૦

## ચોપાઇ.

અનેકતા વિવિધતા જાણ, પણ વિરોધ નહીં મન આણ;
તત્ત્વાચારથકી સહુ ધર્મ, અનેક ભેદે છે ગુણ કર્મ. ૮૨૧

સર્વ ધર્મનો સમજો સાર, કોના પર નહિ દ્વેષ લગાર;
સહુ ધર્મોમાં નહીં વિરોધ, ભાસે એવો કરવો બોધ. ૮૨૨

ખંડન મંડન વાદ વિવાદ, અજ્ઞાનીના મન નિર્ધાર;
વિવિધતામાં સત્યો ઘણાં, ઊતરતાં ચઢતાં તે ભણ્યાં. ૮૨૩

નિંદા કરો ન કોની કદા, સર્વધર્મમાં સાચું સદા;
ખીર નીરનો હંસ વિવેક, કરતો એવી ધારો ટેક. ૮૨૪

સાપેક્ષે છે સત્યાસત્ય, સાપેક્ષે છે કૃત્યાકૃત્ય;
સાપેક્ષે છે ધર્માધર્મ, સાપેક્ષે છે કર્માકર્મ. ૮૨૫

સાપેક્ષે છે ખંડન તેમ, સાપેક્ષે મંડન છે એમ;
સાપેક્ષે છે જ્ઞાનાજ્ઞાન, સાપેક્ષે છે માનામાન. ૮૨૬

નયસાપેક્ષે વિવિધ જ્ઞાન, જ્ઞાની મનમાં નિશ્ચય જાણ;
ઉપશમ પામે સર્વ વિરોધ, અનેકાન્ત દર્શનનો બોધ. ૮૨૭

સમજે તેને શાંતિ વળે, નહીં સમજે તે ભટકયા કરે;
વિવિધતા પર્યાયે થાય, એકવિષે જ અનેક સુહાય. ૮૨૮

એક વિષે જ અનેક સમાય, જાણે જ્ઞાની તેહ સુહાય;
વિવિધતાના જ્ઞાને તેહ, પરમાનંદ લહે છે એહ. ૮૨૯

પરસ્પર વિરોધે જેહ, મુંઝે ના તે જ્ઞાની એહ;
વિરોધમાં દેખે જે સત્ય, કર્મયોગીનાં રૂડાં કૃત્ય. ૮૩૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ્રાંગો નહિ જાત્યા ભિન્ન, સમાઇ જાતાં તેમાં લીન,
અનેકતાને આત્મામાંહી, સમાવી અન્ય ન દેખે કાંઈ. ૮૩૧

જે જે રૂપે અંગો થયાં, આંબાથી ના અળગાં ગયાં;
આંબારૂપે સર્વ ગણાય, સર્વ ધર્મનો એ છે ન્યાય. ૮૩૨

જે જે ધર્મે આત્મા ભજે, તે રૂપે તે નિજને સજે;
જે જે ભાવે આતમ ધ્યાય, તે ભાવોને પોતે પાય. ૮૩૩

સત્તાભાવસ્વરૂપે એક, આત્મા પર્યાયે જ અનેક;
વ્યક્ત્યા વ્યક્તેશ્વર નિજરૂપ, આત્મા જાણો રૂપારૂપ. ૮૩૪

આત્માથી ધર્મો નહિ ભિન્ન, આત્મામાં થાવો લયલીન;
સદસદાદિ અનેક ધર્મ, આત્માના સમજે શિવ શર્મ. ૮૩૫

નહીં જીવથી જિનનો ભેદ, જાણે તે પામે ના ખેદ;
અનેક દેવો દેવી નામ, આત્મામાં તે જાણુ તમામ. ૮૩૬

વિવિધ દર્શન આત્મારૂપ, વિવિધ ગુરૂઓ પણ તદ્રૂપ;
આત્મા એક અનેક સ્વરૂપ, પૂર્ણપણે જાણે નહિ ધૂપ. ૮૩૭

દર્શન પંથો સામા લડે, આત્માથી નહિ જૂદા પડે;
અગમ્ય આત્મા જાણે જેહ, વિશ્વદેવ ગુરૂવરજી તેહ. ૮૩૮

તેના ચરણે કરીને વાસ, વિવિધતાને જાણો ખાસ;
વિવિધતાને પામે જેહ, સામ્યયોગી જગ થાવે તેહ. ૮૩૯

દેશોન્નતિ ધર્મોન્નતિકાર, પામે વેગે ભવનો પાર;
સર્વવિકલ્પોદધિને તરે, પ્રભુરૂપ થઇ પ્રભુને વરે. ૮૪૦

જ્ઞાની ગુરૂગમથી જે ભણે, આત્મજ્ઞાનથી દોષો હણે;
બુદ્ધિસાગર સમજે ભવ્ય, બની યોગી કરતો કર્તવ્ય. ૮૪૧

## વિવિધતા અનેકતાથી આમ્રવૃક્ષાંગો જેમ પરસ્પર યુદ્ધ કરતાં નથી તેમ મનુષ્યોએ પણ ધર્માંગોમાં પરસ્પર વર્તવું જોઇએ !

### હરિગીત.

જેમ આમ્રનાં અંગો સકળ સંપી પરસ્પર ચાલતાં,
વૈવિધ્યમાંહિ વિરોધવણ જીવન ધરીને મ્હાલતાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈષમ્ય અંગોએ રહ્યું તેમાં જ યુદ્ધ વિવાદ છે,
વૈષમ્ય અંગોમાં વહે જે મૂળ રસ આબાદ છે. ૮૪૨

વૈષમ્ય સમ સાપેક્ષથી સમજે ન ખેદો કંઇ રહે,
આંબા પરે આ વિશ્વમાં વર્તો મુનિવર સહુ કહે;
વૈષમ્ય કુદ્રત્ શક્તિ છે ને સામ્યતા કુદ્રત્પણું,
જે જે બને તે સહુવિષે મન માનજે તું સુખપણું. ૮૪૩

દૃષ્ટિવિભેદે વિશ્વમાં સહુ ધર્મ પન્થો જુજુવા,
સાચા અને જૂઠા તથા માનેજ જૂના ને નવા;
સહુના વિચારે જુજુવા સહુ બાબતોમાં જાણવા,
એ કર્મ કુદ્રત્ લીલ છે એમાં ન ખેદો માનવા. ૮૪૪

બહુ ધર્મભેદો દેખીને ઝઘડા વિવાદો ના કરો,
ઝઘડા વિવાદો બહુ કરો સાપેક્ષવણુ ભૂલા ફરો;
સાક્ષાત્ અનુભવજ્ઞાન વણુ સાચું ન સૂઝે કોઇને,
શાસ્ત્રો, વિરોધી જ્ઞાનવણુ ભૂલા ન ભમશો રોઇને. ૮૪૫

સહુ ધર્મમાંથી સત્યને શોધો ન રોધો કોઇને,
યુદ્ધો કરો ના ધર્મમાં શોધોજ સત્ય વલોઇને;
સહુ ધર્મીઓ સંપી રહે જૂઠું ન પોતાનું ગણે,[1]
એ દેશની ને કોમની છે ઉન્નતિ સન્તો ભણે. ૮૪૬

વૈવિધ્ય દેખી ધર્મીઓનું ખેદ ના મન લાવશો,
વૈવિધ્ય કુદ્રત્ ધર્મ છે સાચું હૃદયમાં ભાવશો;
વૈવિધ્ય વણુ જીવાય નહીં સ્વાસ્તિત્વ સહુનું ના રહે,
માટે મહન્તો યોગીઓ વૈવિધ્ય કુદ્રત્નું ચહે. ૮૪૭

ભૂલા ન ભમશો કો કદા વૈવિધ્યમાં સમતા વરો,
યુદ્ધો કરો ના માનવો મનમાં વિરોધે ના તરો;[2]
ચાલો હળી મળી સર્વની સાથે વિરોધો ના ગણો,
નિજ આત્મશુદ્ધિ આદરો એ શીખને ક્ષણુ ક્ષણુ ભણો. ૮૪૮

---

૧ માને-પોતાનું મંતવ્ય અસત્ય હોય તો પણ મમતાથી તેને માને નહીં અર્થાત્ સ્વીકારે નહીં. ૨ દુઃખ અવનતિને તરી શકો નહીં અર્થાત્ તેનો પાર પામી શકો નહીં, દૂર કરી શકો નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ વહો અનુભવ બળે સર્વે વિરોધો ઉપશમે,
નિજ ઉચ્ચ જ્ઞાન થયા પછી નહિ ભેદ ભાવો મન ગમે;
અધ્યાત્મજ્ઞાને સંશયો ટળતા જનોના જાણવું;
પ્રગતિપથે આત્મા વહે અધ્યાત્મબળ નિજ આણવું. ૮૪૯

પરમાત્મ પ્રીતિ ધારીને સમતા ધરો સહુ સાથમાં,
સહુ પ્રગતિનાં સૂત્રો કરો અનુભવ બળે નિજ હાથમાં;
સાચા અનુભવ આત્મજ્ઞાની સદ્ગુરૂ ગમ ધારજો,
અન્યાયના જે ધર્મ તેને સ્વાધિકારે વારજો. ૮૫૦

કર્તવ્યના અધિકારના જે ધર્મ નર ને નારીના,
નિર્લેપભાવે સહુ ધરે હલકો નહીં કો ભારી ના;
અંગો નિહાળી આમ્રનાં રાજા પ્રજા જન ધર્મીએ,
યાત્રા સકળ નિજ જીવનની કરવી ઘટે ગુણ કર્મીએ. ૮૫૧

## કુંમલાં પાનનું હસવું અને ખરતાં પાનની શિખામણ.

### દોહરા.

ખરતાં પાકાં પાદડાં, દેખી કુમળાં પાન;
હસતાં ખરતાં ને કહે, ગયાં ક્યાં નૂરનાં તાન. ૮૫૨

વાયુ વાતાં ઝટ પડો, થયું જ શાથી એહ;
પ્રત્યુત્તરમાં પાંદડાં, પાકાં કહે છે તેહ. ૮૫૩

બાલ્યાવસ્થા ઝટ ગઇ, વીજળીસમ ચમકાર;
યુવાઅવસ્થા સ્વપ્નવત્, જતાં ન લાગી વાર. ૮૫૪

વૃદ્ધાવસ્થા પાકી ગઇ, આયુષ્ય આવ્યો અંત;
તેથી ખરતાં પાંદડાં, જાણે મનમાં સન્ત. ૮૫૫

ત્રણ્ય અવસ્થા સર્વની, કોઇ ન કરશો ગર્વ;
પડતાંને હસશો નહીં, લહે અવસ્થા સર્વ. ૮૫૬

ઇન્દ્ર ચન્દ્ર નાગેન્દ્રને, કદી ન મૂકે કાલ;
ત્યારે શો અમ આશરો, તેનો કરશો ખ્યાલ. ૮૫૭

મેરૂને ડોલાવતા, સાગર પી જાનાર;
એવા પણ ચાલ્યા ગયા, ત્હારો ત્યાં શો ભાર. ૮૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશો શું અમને ચલકતાં, અમસમ તમ થાનાર;
ત્રણ્ય અવસ્થા સૂર્યની, થાય અહો નિર્ધાર. ૮૫૯

સત્તા ધન વિદ્યાદિનો, કરવો નહિ અહંકાર;
મુંઝાઓ ના મોહથી, અજ્ઞાને નરનાર. ૮૬૦

યુવક થઇ શું ચકચકો, બકો ન બૂરા બોલ;
વૃદ્ધાવસ્થા આવશે, કરજો તેનો તોલ. ૮૬૧

શક્તિ કીર્તિ ના સ્થિર રહે, લક્ષ્મી ચંચલ જાણ;
સદા ન કો સરખું રહે, જરા ન કર અભિમાન. ૮૬૨

અંતે સહુનું મૃત્યુ છે, જન્મ્યા તેનું જાણ;
જન્મ મરણ છે દેહ પર, જરા ન કર અભિમાન. ૮૬૩

કર્મે જન્મને મૃત્યુ છે, કર્મે સુખ ને દુઃખ;
કર્મે રાજા રંક છે, કર્મે લાગે ભૂખ. ૮૬૪

કર્મે છે સંસાર સહુ, કર્મે સહુ અવતાર;
અમે તમે સહુ કર્મથી, સમજો ચિત્ત મઝાર. ૮૬૫

કલકલ કરતાં રંગીલાં, દેખાઓછો હાલ;
પણ અમ સરખાં થઇ જશો, વેગે ઝડપે કાલ. ૮૬૬

સહુનો વારો આવતો, મત્સ્ય ગલાગલ ન્યાય;
આનન્દ વા શી દિલ્ગીરી, કરવી મનમાં ભાય. ૮૬૭

સૌન્દર્યે શોભી રહે, યુવાઅવસ્થા બેશ;
વૃદ્ધાવસ્થા વીર્યવણ, શોભે નહિ બહુ ક્લેશ. ૮૬૮

ઇત્યાદિ ઉપદેશ દે, પડેલ પર્ણો શાંત;
થયાં નવાં સમજ્યાં ખરું, ટાળી મનની ભ્રાન્ત ૮૬૯

રાજા ઠાકોરો અને, બ્યાપારી વિદ્વાન્;
મનમાં એવું જાણીને, કરો નહીં અભિમાન. ૮૭૦

સર્વ જીવોને આત્મસમ, ગણી કરો ઉપકાર;
ગર્વે સત્ય ન ભૂલજો, શિક્ષાનો લહી સાર. ૮૭૧

મરતાંની શિક્ષા ગ્રહો, કરો સફલ અવતાર;
બુદ્ધિસાગર ધર્મથી, પગ પગ મંગલ માલ. ૮૭૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આંબાને કાપનારા, તેનાં મોર, કેરી વગેરે લેનારાઓ પ્રતિ આંબાની ઉક્તિ.

### આશાવરી.

અમોને ગ્રહણ કરો નરનારી, પશુ પંખી નિર્ધારી—અમોને૦
ઉપયોગે આવું જે રીતે, તે રીતે લ્યો ભાવે;
તમ ઉપયોગે જન્મ હમારો, તેમ તમારો સુહાવે. અમોને૦ ૮૭૩

કાપો કાટો પર્ણો છેદો, ડાળ ડાળીઓ છેદો;
ચૂંટો કેરી સાખયો લ્યો સહુ, શસ્ત્રે અંગો ભેદો. અમોને૦ ૮૭૪

વંશપરંપર પરમાર્થે સહુ, જીવન જાય મઝાનું;
સર્વોપયોગી જીવન છે અમ, તે વણ શું જીવવાનું. અમોને૦ ૮૭૫

રક્ષણ ભક્ષણ નહીં જોવાનું, તેમાં નહીં રોવાનું;
કર્યા કરો જીવો જે ફાવ્યું, નહીં કોને કહેવાનું. અમોને૦ ૮૭૬

અમ પેઠે છે જીવન તમારૂં, કો નહીં ઉગરનારૂં;
કુદ્રત ધર્મ પ્રવર્તન એવું, થાય કદિ નહિ ન્યારૂં. અમોને૦ ૮૭૭

જન્મ મરણ ઘટમાળ ફરે છે, સહુ એમાં ફરનારા;
સમભાવે કર્તવ્યે જીવે, મૌનપણે મરનારા. અમોને૦ ૮૭૮

કરણી તેવી પાર ઉતરણી, વાવ્યું તેવું લણશો;
હણતાં અંગ અમારાં સ્વાર્થે, અંતે હણાઈ મરશો. અમોને૦ ૮૭૯

જીવે છે જીવો જ પરસ્પર, અંગ પરસ્પર ખાઈ;
એક બીજાની મદતે જીવે, કુદ્રત રચના ન્યાયી. અમોને૦ ૮૮૦

જેવું આપો તેવું લેશો, તેમાં નહીં અધિકાઈ;
કુદ્રત પ્રભુની અલખ છે માયા, નાચ નચાવે બાઈ. અમોને૦ ૮૮૧

જેહ અમારી તેહ તમારી, ગતિ અવસ્થા થાતી;
ચાલે નહિ ત્યાં કોનું ન કિંચિત્, હાથ રહે નહિ છાતી. અમોને૦ ૮૮૨

ઉપકારે વા અપકારે લ્યો, જે જેના અધિકારી;
સમભાવે કર્તવ્યે લે તે, યોગિની બલિહારી. અમોને૦ ૮૮૩

કુદ્રતપ્રભુ જીવાડે મારે, કર્મ ગતિ જગ ભારી;
તેના વશવર્તિ સહુ જીવો, ટળે ન રેખા ટાળી. અમોને૦ ૮૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે કાલે જેહ થવાનું, થાશે તે નિર્ધારી;
થયું થાય છે સાક્ષી તેમાં, યોગી બને જયકારી. અમોને૦ ૮૮૫

હર્ષ શોક નહિ જીવન મરણે, ભીતિ નહીં તલભારી;
સાક્ષી થૈ નિર્લેપપણાએ, જોઇ રહો નરનારી. અમોને૦ ૮૮૬

પ્રભુશરણ પ્રભુમય જીવન મુજ, એજ દશા અવધારી;
પ્રભુપથ પ્રભુપદ આત્મ ધર્મ એ, ચાહું ન અન્ય જરારી. અમોને૦ ૮૮૭

મારૂં તે સહુ પ્રભુનું માનું, અહં મમત્વ નિવારી·
બુદ્ધિસાગર ધર્મિજીવન, પરમ બ્રહ્મપદ ધારી. અમોને૦ ૮૮૮

## આંબાપર સાકરીયો આવવો.

### સવૈયા.

આંબામાંહિ રસ ઉભરાતો, મોંરોમાં છલકાઇ જાય;
હિમ આદિથી બચે નહીં તો, બહાર પડે સાકરીયો થાય. ૮૮૯

પર્ણોમાંહિ રસ ઉભરાતો, છલકાતાં રસ જે વહી જાય;
તે સાકરિયો વિકારી રસ, ઓછી તેથી કેરી થાય. ૮૯૦

પર્ણે મોંરની શક્તિ ટળતી, મોંરે લેખાં દેખ્યા માત્ર;
માનવમાં સાકરીયો વ્હેતાં, ક્ષય રોગાદિક ઢીલાં ગાત્ર. ૮૯૧

સાકરીયાથી નવીન પર્ણો, આવે જૂનાં વિણશી જાય;
રસ વિકારિક, પર્ણે ચઢતાં, ફ્લની આશા અલ્પ પરખાય. ૮૯૨

જેનો રસ જેમાં વહેતો તે, બીજે જો તે વહીજ જાય;
સાકરીયો પ્રગટે ત્યારે ને, ફ્લબીજો વ્હેલાં વિણશાય. ૮૯૩

ફ્લનો નાશ કરે સાકરિયો, નર નારીમાં તેમ જણાય;
વીર્યપણામાં થતાં વિકારો, સંતાનો પાછળ શું ? થાય. ૮૯૪

વસંતઋતુ ફ્લનું કારણ, સાકરીયો તે કાલે થાય;
ત્યારે ફ્લની આશા કમતી, નર નારીમાં તેમ જણાય. ૮૯૫

સાકરીયો આવે નહીં તેવા, કરો ઉપાયો વેગે સર્વ;
નહીં તો ઋતુ જશે નકામી, સમજી મનનો ટાળો ગર્વ. ૮૯૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યભિચાર હસ્તાદિક દોષે, દેહ વીર્યનો હોવે નાશ;
વિકાર થાતાં તેમાં બહુધા, સંતાનો થાવે નહીં ખાસ. ૮૯૭

બાલલગ્નથી દેહ વીર્યમાં, અનેક દોષો ઝટ પ્રકટાય;
ફલ બેસે એવા જે હેતુ, બાલમૈથુને વિણુસી જાય. ૮૯૮

સાકરીયો પ્રગટયાથી જેવી, આમ્રફલોની આશ રખાય;
તેવી સંતાનોમાં જાણો, વંશતંતુઓ વિણુશી જાય. ૮૯૯

સાકરીયાથી ઝેરી જંતુ, પ્રગટે તેવું વીર્યે જાણુ;
દેશ કોમ સંઘાદિક પડતી, સમજી સાચું મનમાં આણુ. ૯૦૦

સાકરીયા સામે ઉપાયો, તે કાલે સાચા લેવાય;
સત્ય સુધારો સહુના હેતે, સાકરીયા નામે કહેવાય. ૯૦૧

રાજ્ય સંઘ કોમાદિક પ્રગતિ, માટે શિક્ષા એ સુખકાર;
પાછળ પડતી થાય ન એવી, શિક્ષા માનો નર ને નાર. ૯૦૨

સાકરીયાના રોગે પીડિત, ઓછા વત્તા સહુ નર નાર;
ઉપાયો સ્હામા લ્યો સાચા, પાછળ શક્ત ફલો નિર્ધાર. ૯૦૩

બ્રહ્મચર્ય ગુરૂકુળને સ્થાપો, ઉર્ધ્વરેત બ્રહ્મચારી બેશ;
પ્રગટાવો આબાદી માટે, જેથી નાસે સઘળા કલેશ. ૯૦૪

સર્વ કોમમાં સર્વ જ્ઞાતિમાં, આચારે કેળવણી એહ;
બુદ્ધિસાગર સર્વોન્નતિમાં, સ્વાર્પણુ કરીને પામો તેહ. ૯૦૫

## સબળા–સપક્ષવાળા આંબાનું ઉભું રહેવું અને નિર્બલ પક્ષનું પડવું.

સ્કંધો આદિ પક્ષ સહિત તે, સબળો ઉભો રૂહે નિર્ધાર,
અન્ય વૃક્ષ ગણુપક્ષ વિના તો, વાંઝીએ પડવું નિર્ધાર. ૯૦૬

સબળાઓ જગમાંહી જીવો, નબળાનો થાતો સંહાર;
સાકરિયાથી યથા કેરીઓ, પડે વાયુથી થાય ન વાર. ૯૦૭

માટે વીર્યાદિક રસ રક્ષી, સબળા જગ થાવું નિર્ધાર;
સબળાપક્ષો સાથે રાખી, જીવંતાં ભય નહીં લગાર. ૯૦૮

સબળા રહેવું સર્વ વાતમાં, ધર્મ મઝાનો એ છે સાચ;
આગળ પાછળ સબળાપક્ષી, કદિ ન આવે ઉન્હી આંચ. ૯૦૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મચર્ય પ્રાણાયામાદિક, કરવાથી સબળા નરનાર;
તન મન શક્તિ ખીલવવાથી, જીવાતું જગમાં જયકાર. ૫૧૦

દેશ કોમને જ્ઞાતિ સંઘની, પ્રગતિ બળથી છે નિર્ધાર;
સબળા દેશો સબળી કોમો, ઉભી રહેતી પગપર ધાર. ૫૧૧

સઘળા સબળાપક્ષોવાળા, કરતા તે ન્યાય જ કહેવાય;
શત્રુ મધ્યમાં સબળા જીવે, નબળાને સબળા ખૈ જાય. ૫૧૨

વિદ્યા શક્તિ વ્યાપારાદિક, સબળાની આવે છે પાસ;
નબળાનું સબળા સૌ ખાતા, કુદ્રતની નીતે એ ખાસ. ૫૧૩

માટે વિદ્યાદિક સહુ શક્તિ, પામો વેગે નર ને નાર;
સબળાઇમાં ન્યાય ખરેખર, એ તો પામે કદિ ન હાર. ૫૧૪

સબળાઇ સબળા પક્ષોને, પામો સહુ યુક્તિ અનુસાર;
ક્ષાત્રાદિક અધ્યાત્મિક બળથી, શક્ત જનો ઉભા રહેનાર. ૫૧૫

શક્તિ એજ છે સત્ય કાયદો, નિર્બલતા જ અધર્મ વિચાર;
શુષ્કજ્ઞાનીઓ જડલોકોને, પડે નહિ સમજણ કંઇ સાર. ૫૧૬

શક્તિમંતનાં રાજ્યાદિક છે, સબળાપક્ષે થાતી જીત;
નિર્બલ નિર્બલપક્ષોવાળા, સબળાથી પામે છે ભીત. ૫૧૭

એવું જાણી જગમાં સર્વે, સબળા પક્ષો ધરજો એશ;
શક્તિ વિના જગ કોઈ ન જીવે; નિર્બલ નિર્પક્ષોને કલેશ. ૫૧૮

સબળાંનાં વહાલાં બહુ થાતાં, નબળા પાસે રહે ન કોઇ;
અનુભવમાં દૃષ્ટાંતો ઝાઝાં, જગમાં જોયું સઘળું જોઇ. ૫૧૯

વિદ્યા જ્ઞાનાદિક ગુણ ગણથી, સબળા પક્ષો કરવા સાર;
દેશ કાલ સબળાઇ સમજી, નિર્બલતા ટાળો નરનાર. ૫૨૦

આંબાની શીખામણ સાચી, જગમાં જીવ્યા માટે ખાસ;
સર્વ શાસ્ત્ર ને સર્વધર્મનો, સાર કથ્યો ધારો વિશ્વાસ. ૫૨૧

સબળાને સૂઝે છે સર્વે, સર્વ શક્તિયો પામે ભાઈ;
બુદ્ધિસાગર શક્ત જનોની, જગમાં સર્વે કરે સગાઇ. ૫૨૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શુદ્ધ હવા લેવાની અને અશુદ્ધ હવા કાઢીને જીવવાની આંબાની કળા શક્તિ.

શુદ્ધ હવા લેવાની શક્તિ, ધારણ કરતો જીવન કાજ;
શુદ્ધ હવાથી શરીર પોષી, ઝેરી હવાને કાઢે બાહ્ય. ૯૨૩

શુદ્ધ હવાથી જીવન પુષ્ટિ, ઝેરી હવાથી જીવન નાશ;
જીવન વધેને મૃત્યુ ભાગે, ગ્રહો ઉપાયો એવા ખાસ. ૯૨૪

શુદ્ધ હવાથી જીવો જીવે, એનો ભેદ લહો તે બેશ;
મૃત્યુકારક ઝેરી હવાને, બાહિર કાઢે ટાળે કલેશ. ૯૨૫

જીવન મૃત્યુ મંત્રો જાણ્યા, તેથી ચેતન તું કહેવાય;
ચારે સંજ્ઞાઓને ધારે, સંજ્ઞાએ જીવો ચિહ્નાય. ૯૨૬

અકળ કળા શક્તિ તુજમાંહિ, સર્વ પ્રકારે જીવ્યા હેત;
સમજાવે છે વિશ્વ જીવોને, ધારોને શિક્ષા સંકેત. ૯૨૭

જીવનના જે જે નિજ પ્રાણો, તેનાં પોષક તત્ત્વો જેહ;
ગ્રહો ઝેરીને દૂરે કાઢો, સર્વોન્નતિનું કારણ એહ. ૯૨૮

જીવનના સુધારા જે જે, જીવન હેતુઓ તાજા જેહ;
ગ્રહો તેહને બીજા ત્યાગો, સર્વોન્નતિ શિક્ષા ગુણ ગેહ. ૯૨૯

ઝેરી હવા સમ મૃતક વિચારો, નિર્બલતાકારક છે જેહ;
તેને ત્યાગો પૂર્ણોત્સાહે, શુદ્ધ હવાથી પોષો દેહ. ૯૩૦

શુદ્ધ હવા સમ સત્ય વિચારો, આચારો પ્રગતિમય જેહ;
ધારણ કરવા તેને પ્રેમે, જીવાતું જગમાં સુખગેહ. ૯૩૧

દેહજીવનને મનોજીવનના, હેતુઓ ગ્રહવા જયકાર,
દેશ કોમ ને રાજ્ય ઉદયના, જીવનના હેતુ લ્યો સાર. ૯૩૨

ધર્મ્ય વિચારો ને આચારો, ગ્રહવા યુકિતપ્રયુકત્યા સર્વ;
ઝેરી હવા સમ વ્યસનો દુર્ગુણ, તથા ત્યાગવો જૂઠો ગર્વ. ૯૩૩

શક્તિ વિનાના જેહ રીવાજો, જૂના પણ કરવા ઝટ દૂર:
શક્તિ સહિત જે નવા રીવાજો, ગ્રહો સ્વોન્નતિ બની હજૂર; ૯૩૪

જીવન માટે આંબા પેઠે, ગ્રહણ ત્યાગ શીખ્યા નહિ મંત્ર;
જડથી પણ તે બૂરાં મડદાં, સમ થાતાં તેમાં નહિ તંત્ર. ૯૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનના જે મંત્ર તંત્રનો, યંત્રો શક્તિ સમર્પક એશ;
તેઓને કાલાનુસારે, ગ્રહવા શીખો પાઠ હમેશ. ૯૩૬

આત્મકળા શક્તિવણુ લોકો, સર્વ જીવનને હારી જાય;
નિજને ખાઇ અન્યો જીવે, જાણે નહિ તે યુક્તિ ઉપાય. ૯૩૭

શક્તિ ગ્રહણથી આત્મ શક્તિયે, જીવાતું જગમાં નિર્ધાર;
દેશ કોમ ને રાજ્ય જીવનના, ઉપાયોને ગ્રહવા સાર. ૯૩૮

આજીવિકા આદિ જીવનને, સર્વેના જે સત્ય ઉપાય;
દેશ કાલ અનુસારે બળિયા, જીવાડે તે ગ્રહો સદાય. ૯૩૯

એજ ધર્મ છે જૈનોનો શુભ, ભારતવાસીઓનો શ્રેષ્ઠ;
શ્રેષ્ઠ બનો આચારે મૂકી, નહીં તો સહુથી થાશો હેઠ. ૯૪૦

વિદ્યાક્ષાત્ર બલાદિક મંત્રો, તંત્રો યંત્રો જીવન કાજ;
દ્રવ્યભાવથી ગ્રહણ કરીને, સ્વાતંત્ર્યે જીવો સુખ સાજ. ૯૪૧

નિર્બલ પરતંત્રાદિક હેતુ, તેનો શક્ત્યા કરો વિનાશ;
જ્ઞાન યોગીઓ ગુપ્ત રહસ્યો, ગ્રહો હૃદય ધારી વિશ્વાસ. ૯૪૨

રાજા મંત્રી બ્રાહ્મણ રજપૂત, મુસલમાન વ્યાપારી વર્ગ;
સર્વ જાતિના લોકો ગ્રહશો, સર્વોન્નતિનું સાચું સ્વર્ગ. ૯૪૩

## આંબાની પેઠે નવીન શક્તિયો ગ્રહવી.

### ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો એ રાગ.

નવનવ શક્તિયો જીવતી, દેશોદય કરનાર.
રાજ્ય કોમ સંઘ ધર્મની, ઉન્નતિ ધરનાર. નવ૦ ૯૪૪

આદરજો ભવ્ય બંધુઓ, વાર કરો ન લગાર;
વિદ્યા ધન બળ હેતુઓ, ક્ષેત્ર કાલાનુસાર. નવ૦ ૯૪૫

પ્રાચીન અર્વાચીન તથા, શક્તિમય શુભ કર્મ;
કરવાં જ નિરાસક્તિએ, એ છે સર્વનો ધર્મ. નવ૦ ૯૪૬

દુષ્ટ કુધારા જે પડ્યા, નાત સંઘ મઝાર;
રાજ્યાદિકમાં જે પડ્યા, ટાળો તે નિર્ધાર. નવ૦ ૯૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય ગ્રહી જૂઠ પરિહરો, કરી જ્ઞાન વિવેક.
સર્વ વિશ્વ સમાજમાં, સત્ય જીવનની ટેક. નવ૦ ૯૪૮

બાળ લગ્ન વૃદ્ધ લગ્નના, ત્યજો દુષ્ટ રીવાજ;
પરતંત્રાદિક હેતુઓ, ત્યજો દિલ ધરી દાઝ. નવ૦ ૯૪૯

પડતીના જે હેતુઓ, સાંકડા જે વિચાર;
ત્યાગી તેહને ધારજો, ચિત્ત શુભ સંસ્કાર. નવ૦ ૯૫૦

કુટુંબ જાતિ સુધારીએ, સંઘ દેશજ તેમ;
નવનવ જાતિની શકિતનાં, વિદ્યાપીઠો જ એમ. નવ૦ ૯૫૧

ત્યાગી કોમ સુધારીએ, દેશ કાલાનુસાર;
આચાર તેમ વિચારમાં, કરીને ફેરફાર. નવ૦ ૯૫૨

શકિત વિનાના જે થયા, હાલ જેહ આચાર;
તેમ નકાંમા જે થયા, ત્યાગો તેહ વિચાર. નવ૦ ૯૫૩

શક્તિ વિનાના જે સુધર્યાં, નામ માત્ર કહેવાય;
ધર્મ વિચારો જે નહિ ભલા, ત્યાગો તે નિર્માલ્ય. નવ૦ ૯૫૪

ચાલુ જમાનો ઓળખી, દેશાદિક ધરી રાગ;
વિવેક દષ્ટિ વિચારીને, કીજે ગ્રહણ ને ત્યાગ. નવ૦ ૯૫૫

બાયલા સુસ્ત નહીં રહો, બોલે બોર વેચાય;
અન્યોતણી સ્પર્ધા વિષે, શક્તિ વણુ ન જીવાય. નવ૦ ૯૫૬

યુક્તિ કળાઓ કેળવી, આત્મબળ ધરી બેશ;
જીવીએ ને જીવાડીએ, દેશ કોમ હમેશ. નવ૦ ૯૫૭

અજ્ઞાની તેહ આંધળા, દેખે નહીં સત્ય પન્થ;
માટે માનવ માત્રને, સત્ય સમજાવો ગ્રન્થ. નવ૦ ૯૫૮

સ્વાતંત્ર્યાદિક શકિતયો, ધર્મરૂપ ગણાય;
તેના વિના જ અધર્મ છે, ગ્રહો ધર્મ સહાય. નવ૦ ૯૫૯

પ્રવૃત્તિ પણ નિવૃત્તિ, કોઇ પામે ન સાચ;
પ્રવૃત્તિમય નિવૃત્તિ, ધારો મનમાં એ વાચ. નવ૦ ૯૬૦

સર્વ પ્રકારના જીવનની, શક્તિયોના ઉપાય;
બાહ્યાંતર તે ધર્મ છે, ધરજો ચિત્તમાંહ્ય. નવ૦ ૯૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ ક્લેશ નહિ કીજીએ, રાખો ચિત્ત ઉદાર;
બુદ્ધિસાગર શક્તિયો, સજો સર્વ પ્રકાર. નવ૦ ૯૬૨

## આંબાની ત્રણ અવસ્થા પરથી શિક્ષણ.

### મંદાક્રાન્તા.

બાલ્યાવસ્થા અતિ સુખમયી પ્રેમ શક્તિ ભરેલી,
સૌ કોને છે લલિતરસથી લાડકી પ્રેમ હેલી;
આંબા ત્હારી કલકલમયી બાલ્યભાવે ભરેલી,
શક્તિયો સૌ નયન સુખદા પૂર્ણ આશે ઠરેલી. ૯૬૩

બાલ્યાવસ્થા અતિશય સુખી સર્વની ઠામઠામે,
આંબા પેઠે જગત તલમાં પુણ્યથી પૂર્ણ જામે;
બાલ્યાવસ્થા નવનવ ભલા શિક્ષણે પૂર્ણ વ્યાપે,
ત્યારે ભાવી યુવક વયમાં શક્તિયો સર્વ આપે. ૯૬૪

ન્હાનામાંહી નવનવ રસે શક્તિયો સૌ ઠરે છે,
ન્હાનાઓને ગ્રહણ નહિ છે સૂર્યને સાંપડે છે;
બાલ્યાવસ્થા પ્રિય ગુણમયી સર્વની સર્વ કાલે;
આનંદો જે યુવકવયમાં ચિત્તમાં દુઃખ આલે. ૯૬૫

મોટો આંબો ફલ બહુ ધરે દાન આપે ફળોનું,
શોભા ધારે પરિકરવડે દુઃખ ટાળે જનોનું;
સારા માટે સફલ ધરતો સર્વ અંગો મઝાનાં,
તેવી રીતે સફલ ધરવાં કાર્ય કીજે ભલાનાં. ૯૬૬

### હરિગીત.

યૌવન અવસ્થા શક્તિથી ગાજે સકળ અંગો વિષે,
યૌવન અવસ્થા ધર્મનાં કૃત્યોવિષે જવલતી દિસે;
યૌવન અવસ્થા ફલમયી તેને ન એળે હારવી,
ડગ ડગ ભરી ડરતા રહો મદ અંધતા સંહારવી. ૯૬૭

સહુ અંગ વીર્યાદિકરસે છલકી રહે કાર્યો થતાં;
મન વાણી કાયામાંયથી કાર્યો ન ધાર્યાં રે થતાં;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યૌવન ગયું તો સહુ ગયું બાકી રહ્યું ના જગવિષે,
કામો કરો !!! પરમાર્થનાં યૌવન ન સ્થિરતામય દિસે. ૯૬૮

શુભ સ્વાર્થમાં, પરમાર્થનાં બીજો રહ્યાં યૌવનવયે,
સંસારી નર ને નારીઓ કરશે શું ? યૌવનવય ગયે;
યૌવન અવસ્થા યોગિની, શુભ કાર્યમાં યૌવન ભલું,
પામી મનુષ્યો પુણ્યથી હારો ન મોહે એ ખરૂં. ૯૬૯

સહકારનું યૌવન અહો શોભે મઝાનું ચળકતું,
સહુ ઋતુમાં નવરૂપી છે તેમાં વસંતે મલપતું;
યૌવનવયે શુભ મંજરી, આવે સુહાતો લખ ગુણો,
બહુ આમ્ર લુંબો મોટકી, થાતાં ન બાકી કૈં મુણો. ૯૭૦

યૌવનવયે રાજા પરે, મ્હાલી રહો ડોલી રહો,
મૌની બન્યો મુનિની પરે, ગંભીર સાગરવત્ થયો;
દાતાર તીર્થંકર પરે યોગી પરે ગુણગણ વહો,
આધાર વસુધાની પરે યૌવન વયે શોભા લહો. ૯૭૧

ઉંચો થયો છે સ્વર્ગમાં, જાવામિષે શુભ ભાવથી,
આકાશથી વાતો કરે અન્તરૂતણા શુભ દાવથી,
મોટા ન મોટાઇ ચહે મોટાઇ સહેજે થાય છે,
તવ પર ચઢીને પંખીઓ મોટાઇ ત્હારી ગાય છે. ૯૭૨

કલ્લોલ કરતાં પંખીઓ નવ નવ સ્વરોથી ગાવતાં,
શુભ ગાયનો પોપટ કરે યાચક બનીને આવતા;
એ પોપટોની આશને પૂરેજ સાખ્યો આપીને,
દાતાર આપે આશરો યાચક કવિ ગૃહથાપીને. ૯૭૩

કરતાં કળાઓ મોરડાં તે આમ્રડાળે બોલતાં,
આનંદની મસ્તી કરી મન મસ્ત ભાવો ખોલતાં;
મોરો ટહૂકા પાડીને તવ ટોંચ બેસી મ્હાલતાં,
રાત્રે સૂવે નિર્ભયપણે દિવસે ગમે ત્યાં ચાલતાં. ૯૭૪

શોભા વધારે તાહરી તવ પર ચઢી મયુરો ખરે.
આશ્રય મઝાનો દેખીને સ્વાર્થે જ આવે તે અરે;
માળા કરે છે પંખીડાં તુજને ગૃહો સમ માનીને,
ખીસકોલીઓ માળા કરે નિર્ભય જગો તવ જાણીને. ૯૭૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યૌવનવયે એમ સર્વના આશ્રયપણાથી શોભતો,
પ્રતિપક્ષીઓના જોરને અધ્યાત્મ બળથી થોભતો;
ડાળે કરી માળો ભલો રખવાળ આશ્રય તવ ગૃહે,
ડાળાં નવાં પ્રગટાવીને સ્વાશ્રયબળે ઉભો રહે. ૯૭૬

શક્તિ ઝરો યૌવનવયે વહીનેજ ધાને પૂરતો,
ડાળાં બનાવી નવનવાં નવપર્ણ રસથી ફૂલતો;
મદમસ્ત થૈ ને મોરથી આકર્ષતો જન વર્ગને,
કરતો વસંતોચ્છવ ભલો ભૂલાવતો હા સ્વર્ગને. ૯૭૭

યૌવનવયે અંગો સકલ રસ વીર્ય યોગે ઝળકતાં
સુવર્ણપેરે સ્નેહથી ચળકાટ ભારી ચળકતાં;
નરનારીની શોભા વધે યૌવન અવસ્થા આવતાં,
શોભા રહે ના તેહવી યૌવન નદી પૂર જાવતાં. ૯૭૮

તવ પર ચઢે સર્પો અને ઘૂકો નિશામાં બોલતા,
વર્ષાઋતુમાં કૃષ્ણવર્ણી મેઘ તુજ પર ડોલતા;
ઉંચા રહી તુજ પર ભલા મેઘોજ ચંદરવો કરે,
વિદ્યુત્ પ્રકાશે દાનીની શોભા મિષે ઉત્સવ વરે. ૯૭૯

ઉપકાર શોભા દેખીને મેઘોજ ગડગડ ગર્જતા,
વાજાં વગાડી તવ ઉપર મેઘોજ સૃષ્ટિ સર્જતા;
સન્માન મેઘો તવ કરે જળ વૃષ્ટિથી સજ્જનપરે,
વિદ્યુત્ મશાલો ધારીને શોભાવડે ઉત્સવ કરે. ૯૮૦

સન્માન કુદ્રતથી થતું ઉપકારી સજ્જન વર્ગનું,
આ ભવવિષે સન્માન ને પ્રતિદાન અંતે સ્વર્ગનું;
તવ સાથ સન્મૈત્રી કરી તવ અંગ સ્પર્શે વાયરો,
તુજને ઘણો શીતળ કરે દૂરે રહે છે કાયરો. ૯૮૧

મૈત્રી કરીને સજ્જનો સુખ દુઃખમાં સાથે રહે,
ઉન્હો બનેલો વાયરો તવ સંગથી ઠંડો વહે;
આપે સુગંધી વાયુને તેથી જનો વાયુ ચહે,
જે સદ્ગુણોને આપતા તે મિત્રપદ સહેજે લહે. ૯૮૨

શક્તિભર્યું યૌવન ઘણું નિર્દોષ ગાળે તે ભલો,
આયુષ્ય જ્યારે તે ઘણું પુણ્યે જ સોહે જગ ઘણો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહકાર યૌવન તાહરૂં વૃદ્ધા અવસ્થા આવતાં,
દિનદિન અરે ઘટતું જતું શક્તિ પ્રતિક્ષણ જાવતાં. ૯૮૩

વૃદ્ધા અવસ્થા આવતાં રસપૂર મંદુ વહી રહે,
ડાળાં થતાં ઓછાં ઘણાં શોભા ન પહેલાંની વહે;
સ્કંધો પડંતા વાયુથી છિન્ન ભિન્ન શાખા થૈ જતી,
બહુ ક્ષીણતા સ્કંધો વિષે રહેતી ન પહેલાંની સ્થિતિ. ૯૮૪

વર્ષાદની ઝડીઓ પડે ને ગુંજ વાયે વાયરો,
ઉખડી અરે મૂળથી જતો વા થાય ઠુંઠો ઠાયરો;
હોતો ન હોતો થૈ જતો ના જમ છતો જેવો હતો,
વૃદ્ધા અવસ્થા પાછળે મૃત્યુ લહે જમ થૈ છતો. ૯૮૫

## વૃદ્ધાવસ્થા મૃત્યુ.

### ચોપાઇ.

યુવા અવસ્થા એ કયાં ગઇ, વૃદ્ધાવસ્થા છાઇ રહી;
શીખામણ ધરજો નર નાર, પામ્યું અંતે સહુ જાનાર. ૯૮૬

યુવા અવસ્થા સરિતા પૂર, મોહે ના કર્તવ્યો ભૂલ;
જેવા વિજળીના ચમકાર, યુવક અવસ્થા તેવી ધાર. ૯૮૭

વૃદ્ધાવસ્થા પૂર્વે ભવ્ય, યૌવનમાં કરજો કર્તવ્ય;
શિથિલ ગાત્રો જ્યારે થાય, સર્વ શક્તિયો ઘટતી જાય. ૯૮૮

યુવક અવસ્થા સહુમાં સાર, પામી સફલ કરો અવતાર;
વૃદ્ધાવસ્થા આવે અરે, થાય ન કાર્યો ધાર્યાં ખરે. ૯૮૯

વૃદ્ધાવસ્થા શક્તિહીન, બળ બુદ્ધિ ઘટવાથી દીન;
સ્વાર્થસગાં સહુ અળગાં થાય, ઇન્દ્રિયો શિથિલ થૈ જાય. ૯૯૦

આંખે પૂરૂં ના દેખાય, કાને શબ્દો નહીં સુણાય;
દાંત પડે ને નહીં ચવાય, સ્વાદ પરીક્ષા નહીં કરાય. ૯૯૧

પગ ઢીલા ને નિર્બલ હાથ, દૂર થતો પોતાનો સાથ;
પચે નહીં ખાધેલું અન્ન, ક્ષીણ થતું નબળું નિજ મન. ૯૯૨

લાળ ચૂવે આંખો નીતરે, કહ્યું ન પુત્રાદિક જન કરે;
પડે ન કોઇ ઠામે ચેન, ઘડી ઘડીમાં આવે ઘેન. ૯૯૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સબળા પણ નબળા થૈ જાય, ઇચ્છે બીજા જનની સહાય;
ચાલે શ્વાસોશ્વાસ ભરાય, રોગો બહુ અંગે ઉભરાય. ૯૯૪

મરવાના ચાળા દેખાય, કર્યાં કર્મની યાદી થાય;
કરગરવું બીજાને પડે, દુઃખો પડતાં પોકે રડે. ૯૯૫

રૂપની છાયા રૂપ સમાય, ઇચ્છાઓ મનમાંહિ વિલાય;
રાજા રંકની સરખી ગતિ, વૃદ્ધાવસ્થા જૂદી મતિ. ૯૯૬

પશ્ચાત્તાપે મન ઉભરાય, પૂર્વાવસ્થા યાદી થાય;
વૃદ્ધાવસ્થા આવે અરે, ચાલે નહિ મન ધાર્યું ખરે. ૯૯૭

ધર્મોનાં કાર્યો ના થાય, નિવૃત્તિ મનમાંહિ સુહાય;
અરણ્યમાંહિ રૂચે વાસ, સમજો મનમાં સમજુ ખાસ ૯૯૮

મનવાણી કાયાનું જોર, નાસે તેના સબળા દોર;
ધર્મ કરો સમજીને એમ, પ્રભુ ભજનથી પામો ક્ષેમ. ૯૯૯

## સંગતથી આરામ.

વૃદ્ધાવસ્થા પામી ભવ્ય, કરજે સારાં જગ કર્તવ્ય;
પ્રભુ ભક્તિમાં રહે રંગાઇ, પશ્ચાત્તાપ કરી મન બાઇ. ૧૦૦૦

વૃદ્ધાવસ્થામાં સન્યાસ, આસક્તિનો કરવો નાશ;
શાન્તરસે મન નિર્મલ રાખ, આત્માનંદામૃતને ચાખ. ૧૦૦૧

પાપોનો કર પશ્ચાત્તાપ, શ્વાસોચ્છ્વાસે પ્રભુનો જાપ;
દેવ ગુરૂ પ્રીત્યા આરાધ, પૂર્ણોલ્લાસે ધર્મારાધ. ૧૦૦૨

ભવોદધિ તરવાને નાવ, વૃદ્ધાવસ્થા મનમાં ભાવ;
સર્વ જીવોને પૂર્ણ ખમાવ, દયા હૃદયમાં સાચી લાવ. ૧૦૦૩

સર્વ પાપને હણવા કાજ, વૃદ્ધાવસ્થા નિર્મલ સાજ;
મુક્તિપુરીમાં જાવા હેત, વૃદ્ધાવસ્થા છે સંકેત. ૧૦૦૪

વિષય કષાયી ફન્દો ત્યજો, પરમ પ્રભુને દિલમાં ભજો;
આત્મસમા સહુ જીવો ગણો, પ્રભુ વિના ના બીજું ભણો. ૧૦૦૫

પ્રભુ સકલનો છે આધાર, પ્રભુ વિના નહિ કોની બહાર;
મનવાણી પ્રભુમય થઇ જાય, વૃદ્ધપણામાં એહ સુહાય. ૧૦૦૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મે જાય છે પ્રભુની પ્રાપ્તિ, અન્તર્માં છે પ્રભુની વ્યાપ્તિ;
નિર્મલ મન કરવું એ સાર, વૃદ્ધાવસ્થામાં નરનાર. १००७

ધર્મવિવાદો કલેશો ત્યજી, સમતાનાં સાધન સહુ સજી;
પામો પરમ પ્રભુ ભગવાન્, કરી પ્રભુનું અનુભવ જ્ઞાન. १००८

પ્રભુ હૃદયમાં શોધે મળે, નામ રૂપની ભ્રાન્તિ ટળે;
દયા દાન દમમાં પ્રભુ વાસ, પરમાર્થિક કર્મોમાં ખાસ. १००९

સત્ય ન્યાયમાં પ્રભુ છે વ્યક્ત, બ્રહ્મ જીવનમાં પ્રભુ છે શક્ત;
પ્રભુ વિના નહીં ખાલી દીલ, શુદ્ધ હૃદયની સ્ફુરણા ઝીલ. १०१०

પ્રભુમય જીવન સર્વે ગાળ, વૃદ્ધાવસ્થા ગુણની ખાણ;
વૃદ્ધાવસ્થા નિર્મલ ઘણી, પામી પામો જિનવર ધણી. १०११

સર્વ વાસના દૂરે કરી, પામો પ્રેમે મુક્તિપુરી;
પ્રભુ શરણનો કર સ્વીકાર, તેથી તરશો નર ને નાર. १०१२

ખપમાં આવે સર્વે અંગ, મરણ પછી આંબાનાં રંગ;
મર્યા પછી નહિ ખપમાં આય, માટે ધર્મ કરો સુખદાય. १०१३

ઇંદ્ર સરીખા રાજા અરે, મર્યા પછી નહિ ખપમાં ખરે;
જ્યાં સુધી છેલ્લો છે શ્વાસ, ત્યાં સુધી કર ધર્મને ખાસ. १०१४

વૃદ્ધપણામાં શાન્તિરાજ, કરવાં તેવાં નિર્મલ કાજ;
દાન શીયલ તપ ને શુભભાવ, લે માનવ તેવા શુભ લ્હાવ. १०१५

વૃદ્ધપણામાં કર ઉપકાર, કદી ન માનવ ભવને હાર,
નરભવ સર્વ ભવોમાં શ્રેષ્ઠ, વૃદ્ધપણામાં કર નહિ હેઠ. १०१६

એક ઘડી નિષ્ફળ નહિ ગાળ, આત્મધ્યાનમાં મનને વાળ;
રાગ દ્વેષ જીતો જિનરાગ, કરતાં છેવટ સાચો ત્યાગ. १०१७

આંબા પાછળ આંબા થાય, નરભવ પાછળ તેવો થાય;
તેવા ધર્મો પ્રેમે ધાર, બુદ્ધિસાગર શિક્ષા સાર. १०१८

## આમ્રવૃક્ષની પાછળ સંતતિ.

### દોહરા.

આમ્રવૃક્ષની પાછળે, પરંપરા પરિવાર;
વધતો રહેતો બીજથી, લ્યો શિક્ષા નરનાર. १०१९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ વિચારો પ્રવૃત્તિયો, પરંપરા વહનાર;
બીજો પાછળ રાખીએ, ફર્જ એ જ નિજધાર. ૧૦૨૦

નિજ સરખાં નિજ પાછળે, પ્રગટ થવા નિર્ધાર;
કુદરતની રચના ભલી, સમજો નરને નાર. ૧૦૨૧

કુદરત્ અનુકુલ વર્તીને, પાછળ બળ કરનાર;
સર્વ શક્તિનાં બીજકો, મૂકો પાછળ સાર. ૧૦૨૨

પાછળ સંતતિ હેતુઓ, વહે તેવા ઉપાય;
ધારણુ કરવા ઉદ્યમે, કુદરતનો એ ન્યાય. ૧૦૨૩

નિજ પાછળ નિજ ધર્મનાં, સંતતિ બીજો જેહ;
કોટિ ઉપાયે રક્ષવાં, શિક્ષા સદ્ગુણુ ગેહ. ૧૦૨૪

ધર્મ વધ્યાથી પાછળે, થાય અધર્મ ન લેશ;
પાછળ ધર્મ પરંપરા, વહેતી રહે હમેશ. ૧૦૨૫

લોકાનુગ્રહ કારણે, નિષ્કામી જે સંત;
તે પણુ એ વ્યવહારને, આદરતા ગુણુવંત. ૧૦૨૬

કાર્યો કરતાં ફાયદો, હોય ન નિજને લેશ;
તો પણુ ફરજ અદા કરે, વહેવા ધર્મ હમેશ. ૧૦૨૭

કર્તવ્ય કર્મો ભલાં, કરવાં નિજ અધિકાર;
જાણી કર્મો કીજીએ, ફલ આશાવણુ સાર. ૧૦૨૮

પાછળ સંતતિ બીજકો, વહેતાં રહે સદાય;
એવાં કર્મો કીજીએ, નિજપ્રતિરૂપક ન્યાય. ૧૦૨૯

પોતાની પાછળ વહે, ધર્મ્યવિચારાચાર;
એવી શક્તિ જગાવીએ, આમ્રપરે નિર્ધાર. ૧૦૩૦

## એકના નાશમાંથી અનેકની ઉત્પત્તિ.

### દોહરા.

આમ્ર વૃક્ષના નાશથી, અનેકનો ઉત્પાત.
નિજ બીજોથી થાય છે. સહુ દેખો સાક્ષાત્. ૧૦૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ચોપાઇ.

એકની પાછળ થાય અનેક, કુદ્રત્‌ની મરજીની ટેક.
એક અનેક સ્વરૂપે થાય, મૃત્યુ ઉદ્દ્ભવરૂપ સુહાય. ૧૦૩૨

નિજની પાછળ થાય અનેક, ધારો એવો ટેક વિવેક;
ધર્મ્ય વિચારાચારે એમ, વ્યક્તિ અનેક જ એવી નેમ. ૧૦૩૩

એક વિનાશે થાય અનેક, પાછળ ત્યાં નહિ શોકોદ્રેક;
રાજ્યાદિક બાબતમાં એમ, વંશપરંપરકારક ક્ષેમ. ૧૦૩૪

વર્ણાદિક ધર્મીમાં એમ, સર્વાશ્રમમાં જાણો તેમ.
આત્મભોગીઓ પાછળ થાય, એવા સજવા સર્વ ઉપાય. ૧૦૩૫

શુભમાં એકવિષેથી અનેક, પ્રકટે એવો જાણ વિવેક;
સર્વ મનુષ્યો એવું ચ્હાય, ગુપ્ત રહસ્યો વિરલા પાય. ૧૦૩૬

પાછળનું બળ એવું ધાર, ધર્મ્ય પ્રવૃત્તિ એજ વિચાર;
અપ્પા પરમપ્પા ઝટ થાય, એવાં કાર્યો કર હિતલાય. ૧૦૩૭

પરંપરા પ્રગતિ સુખકાર, કરવો ધર્મ એ ફર્જ વિચાર;
આંબાની શિખામણ એમ, સમજી ધરવી નિશ્ચલ નેમ. ૧૦૩૮

## સજ્જનનું સર્વ, સારા ઉપયોગમાં આવે છે.

### દોહરા.

કાષ્ઠ વગેરે અંગસહુ, ખપમાં આવે જાણ;
સજ્જનનું સર્વે ભલું, નિશ્ચય મનમાં આણ. ૧૦૩૯

પૂર્વે જે જેવા હતા, પાછળ તેવા તેહ;
સજ્જન અંગ ન પાલટે, સમજો મનમાં એહ. ૧૦૪૦

પરમાર્થીની પાછળે, અંગ કરે પરમાર્થ;
રાખ વગેરે પરહિતે, આવે સુણ ભાવાર્થ. ૧૦૪૧

### સવૈયા.

સારાનું સહુ સારા માટે, પાછળ પણ જગમાંહિ જાણ;
શેલડી રસથી સાકર આદિ, થાવે છે મનમાંહિ આણ. ૧૦૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષની પાછળ વિષનાં અંગો, પાછળ પ્રગટે કુદ્રત નેમ;
કુદ્રતની છે એવી લીલા, સર્વ વિષયમાં સમજો તેમ. ૧૦૪૩

લીંમકાષ્ઠને બાળે આવે, ગંધવિષે જાણો કડવાશ;
સારાનું સહુ સારા માટે, મનમાં રાખો એવી આશ. ૧૦૪૪

મૃતક અંગપણુ આંબાનું સહુ, ઉપયોગે આવે છે જાણુ;
માનવ ત્હારૂં કાંઇ ન ખપમાં, મુવા પછીથી મનમાં આણુ. ૧૦૪૫

આંબા જેવો આત્મભોગી થૈ, જગમાં જીવન કર પ્રસાર;
સ્વાર્થો પરમાર્થે કરવા સહુ, જીવ્યાનો તુજને અધિકાર. ૧૦૪૬

દૃષ્ટિ સાંકડી દૂર કરીને, બહોળા કરવા ધર્મ વિચાર;
સૌના શુભમાં જીવન છે નિજ, એજ હૃદયમાં કર નિર્ધાર. ૧૦૪૭

જ્ઞાનાદિક શક્તિયો સૌમાં, સૌના માટે પ્રગટી જાણુ;
સહુમાં પ્રગટાવોને સંતો, ધર્મ ખરો એ મનમાં આણુ. ૧૦૪૮

માનવ જીનની પાછળ શુભ, જીવનની પ્રગટે ઘટ જ્યોત;
ધ્યાન ધારણા ધારો એવી, ચિદાનંદ પ્રગટે ઉદ્યોત. ૧૦૪૯

આમ્રવૃક્ષની શીતલ છાયા, તેમ જીવનની શીતળ છાય;
પ્રથમ આત્મની કરવી પ્રેમે, ધર્મ્યજીવનનો એહ ઉપાય. ૧૦૫૦

નિજ ઉપયોગી દેખી જીવો, નિજની પાસે આવે સર્વ;
છતી શક્તિયે માગ્યું આપો, કરવો ઘટે ન તેમાં ગર્વ ૧૦૫૧

આવે સાથે ખર્ચ્યું સર્વે, મર્યા પછી બીજાં ખાનાર;
માટે વાપર પામ્યું સર્વે, ઉપયોગી કર નિજ અધિકાર. ૧૦૫૨

ધર્મ્ય વિચારો ધર્મ્ય વિચારો, તેથી ભરવી સર્વે અંગ;
આગળ પાછળ જીવન વહેવું, જેવી વહેતી નદી સુગંગ. ૧૦૫૩

સ્વાંગો સર્વે ખપમાં આવે, એવો થાજે પૂર્ણ ઉદાર;
લક્ષ્મી સત્તા વિદ્યાદિકનો, શુભોપયોગી થા નિર્ધાર. ૧૦૫૪

ધર્માર્થે વાપરજે સર્વે, પાછળ પણ એવો ઉપયોગ;
કરજે માનવ શુદ્ધ ભાવથી, નિરાસક્તિએ કરવો ભોગ. ૧૦૫૫

સ્વાધિકારે ધર્મ ન ચૂકો, સ્વાત્મધર્મથી થા નહિ ભ્રષ્ટ.
દેશાદિક સેવા સહુ ધર્મો, તેથી થાજે કદિ ન ખસ્ટ. ૧૦૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરાસક્તિથી બંધ નહીં છે, આસક્તિથી થાતો બંધ;
નિરાસક્તિ પ્રગટે છે જ્ઞાને, અજ્ઞાને માનવ છે અંધ. ૧૦૫૭

આત્મજ્ઞાનથી સર્વે ધર્મો, નિજ પર ઉપયોગે વપરાય;
બુદ્ધિસાગર ઉપયોગી થૈ, માનવ પૂર્ણાનન્દી થાય. ૧૦૫૮

## અમર નામ, નામના.

### દોહરા.

અમર નામ જગમાં થયું, આમ્ર વૃક્ષનું બેશ;
કરો અમર નિજ નામના, ટાળી જગ જીવ કલેશ. ૧૦૫૯

### ભુજંગી.

કરી નામના દેશ કાજે ન જેણે, કરી નામના ધર્મ પ્રેમે ન જેણે;
હહા હારિયો જન્મ તેણે નકામો, લહે ના અરે તે કદી સિદ્ધ ઠામો. ૧૦૬૦

મળ્યું વિત્ત ના વાપર્યું લોક કાજે, રહ્યો ના અરે જે જરા દેશ કાજે;
વૃથા જન્મ ખોયો નહીં ધર્મ ધાર્યો, કરી નામના ના વૃથા જન્મ હાર્યો. ૧૦૬૧

કરી નામના ધર્મ કૃત્યો કરીને, કરી નામના દેશ દુઃખો હરીને;
કરી નામના સર્વને બોધ આપી, નિરાસક્તિ ભાવે પ્રભુ ચિત્ત થાપી. ૧૦૬૨

ભલો જન્મ તેનો મર્યો નામ રાખી, કરી કૃત્ય પરમાર્થનાં આત્મ સાક્ષી;
ભલા સાધુઓ યોગીઓ ધર્મરાગી, ભલા સજ્જનો દાનીઓ સ્વાર્થ ત્યાગી. ૧૦૬૩

ભલી કહેણી જેવી સદા રહેણી રાખે, ભલામાં ભલી વાતને નિત્ય ભાખે;
જીવ્યો તેજ જાણો મર્યો અન્ય જાણો, વિચારી ખરૂં ચિત્તમાં ભવ્ય આણો. ૧૦૬૪

કરી સ્વાર્પણો જે મર્યા ભાગ્યવંતા, કરી નામના તેજ જીવ્યા મહંતા;
બની કર્મયોગી કર્યાં કાજ સારાં, વિવેકી બની કાજ ત્યાગ્યાં નઠારાં. ૧૦૬૫

બની ભક્ત શૂરા કરી નામનાઓ, બની દાની ત્યાગી કરી કામનાઓ;
ભલામાં સદા ભાગ લેતા વિવેકે, કરે કામ સારાં સદા ટેકનેકે. ૧૦૬૬

રહ્યાં નામ તેનાં ચિરં લોકમાંહી, કર્યાં ના અરે પાપ જેણે ન ક્યાંહી;
થયા ધર્મથી ભ્રષ્ટ ના દુઃખ પામે, ભલાં નામ ત્હેનાં જગત્માં જ જામે. ૧૦૬૭

વિધર્મો ભજે ના સ્વધર્મો ત્યજે ના, કરે સ્વાધિકારે જ કર્મો મઝાનાં;
નહીં આશ રાખે સ્વકાર્યે ફળોની, નહીં ટેવ રાખે સ્વકાર્યે જળોની. ૧૦૬૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહો લોક એવા કરે કાર્યસિદ્ધિ, કરી નામનાઓ કરે શક્તિ વૃદ્ધિ;
રહે પાછળે નામ ત્હેનાં ગવાતાં, પ્રતિષ્ઠા સુકીર્તિથકી તે સ્મરાતાં. ૧૦૬૯

## ચોપાઇ.

ભકતો શૂરા ને દાતાર, અમર નામ ત્હેનાં રહેનાર,
નામરૂપથી નિરહંવૃત્તિ, ધારે વધતી ચેતન શક્તિ. ૧૦૭૦

સ્વાર્પણ કરતાં રહેતાં નામ, બનતાં યોગી મન નિષ્કામ;
રાખો માનવ જગમાં નામ, સ્વાધિકારે કરતાં કામ. ૧૦૭૧

ડરો નહીં કોથી તલભાર, સ્વાતંત્ર્યે સહુનો અધિકાર;
પરતંત્રતા દૂરે કરો, આત્મસમા સહુ જીવો ગણો. ૧૦૭૨

અપકારી ઉપર ઉપકાર, કરશો નિત્યે નરને નાર;
લક્ષ્મી સત્તા વિદ્યા ભોગ, સહુ માટે તેનો ઉપયોગ. ૧૦૭૩

કરવો એવું નિશ્ચય ધરો, દુઃખીનાં દુઃખો સહુ હરો;
નાતજાતનો ધરો ન ભેદ, ભિન્નધર્મી પર ધરો ન ખેદ. ૧૦૭૪

પ્રાતઃસ્મરણી થાઓ સંત, કરો દુઃખનો યત્ને અંત;
આત્મશક્તિ છે સહુનું મૂળ. તેના થાજો સહુ અનુકુલ. ૧૦૭૫

## સવૈયા.

જન્મ્યા જગમાં કોઇ ન જાણે, તો એ જન્મ્યાને ધિક્કાર;
જીવ્યું જગમાં કોઇ ન જાણે, તો એ જીવ્યાને ધિક્કાર. ૧૦૭૬

યૌવન જગમાં કોઇ ન શંસે, તો એ યૌવનને ધિક્કાર;
જ્ઞાની જગમાં કોઇ ન જાણે, તો એ જ્ઞાનીને ધિક્કાર. ૧૦૭૭

સત્તાવંતને કોઇ ન જાણે, તો એ સત્તાને ધિક્કાર;
લક્ષ્મીવંતને કોઇ ન જાણે, તો એને જગમાં ધિક્કાર. ૧૦૭૮

રાજાને સંશે નહિ દુનિયા, તો એ રાજાને ધિક્કાર;
અન્યાયે રાજા જો વર્તે, તો ભૂંડો તેનો અવતાર. ૧૦૭૯

પરતંત્રતા સહુને બૂરી, તેનો નાશક સજ્જન વર્ગ;
સર્વ શક્તિયો સહુના માટે, ખીલવતો તે પામે સ્વર્ગ ૧૦૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂંડાં કામ કરીને જેણે, લજવી નિજ માતાની કૂખ;
જન્મભૂમિનો દ્રોહી જે જન, અંતે પામે નહિ તે સુખ. ૧૦૮૧

પ્રાણ સમર્પે સહુના સુખમાં, ભૂખ્યાઓની ભાગે ભૂખ;
ચોરી જારી વ્યસન નિવારક, પામે છે તે અંતે સુખ. ૧૦૮૨

માતૃભૂમિ ઉજ્જવલ કીધી, દીપાવ્યો જેણે નિજદેશ;
કૂળદીપાવ્યું ધર્મ દીપાવ્યો, શોભે તેનું નામ હમેશ. ૧૦૮૩

જેને દુનિયા પાછળ સમરે, સાચો તેનો છે અવતાર;
અન્યાયી પાપી દુર્જનનો, જન્મ સફલ નહિ આ સંસાર. ૧૦૮૪

વિદ્વાનો શૂરાઓ દાની, સંતોથી શોભે છે દેશ;
હક્ક સરીખા સ્વાતંત્ર્યે ત્યાં, રહે ગુલામો નહિ ત્યાં કલેશ. ૧૦૮૫

ખીલવવા સહુ જાતિ શક્તિ, જન્મ્યા જગમાં નર ને નાર;
અરસપરસને સહાય કરે નહિ, ભૂંડો તેનો છે અવતાર. ૧૦૮૬

કરો નામના નર ને નારી, નિષ્કામે કરીને ઉપકાર;
આંખ મિંચાયા પહેલાં જે તે, સારાં કામ કરો નરનાર. ૧૦૮૭

ઇશ્વરનાં જીવો સહુ બાળક, જીવ્યાનો સહુને અધિકાર;
પ્રાણહરો ના કોના ક્યારે, દયાધર્મ જગમાંહિ સાર. ૧૦૮૮

અલ્પહાનિને લાભ બહુ તે, ધર્મ્ય કર્મ કરવા અધિકાર;
પરમબ્રહ્મમાં મનડું રાખી, બાહ્યથકી વર્તો નરનાર. ૧૦૮૯

કૃત્રિમ આડંબરને ત્યાગો, અધર્મ્ય રાગાદિનો ત્યાગ;
ધર્મ્ય કષાયો સ્વાધિકારે, ધારી અંતરમાંહિ જાગ. ૧૦૯૦

ખરી કમાણી ખરી નામના, પુણ્ય કરી લ્યો નર ને નાર;
સાધુ સંતની સેવા સાચી, કરતાં સફળ થશે અવતાર. ૧૦૯૧

ન્યાયમાર્ગમાં સર્વ શક્તિયો, ખર્ચો પ્રેમે નર ને નાર;
પ્રભુભક્તિ–સહુ જીવની સેવા, ધર્મ એજ નિજનો અધિકાર. ૧૦૯૨

કરો નામના સર્વ સ્વાપણે, આંબા પેઠે નર ને નાર;
આંબા કરતાં અનંત ગુણાધિક, થાતાં સફળ થશે અવતાર. ૧૦૯૩

આગળ પગલાં ભરી જીવો સહુ, રાખો નહીં મૃત્યુ દરકાર;
બુદ્ધિસાગર મંગલમાલા, પામો ધર્મે જયજયકાર. ૧૦૯૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આમ્રવૃક્ષ જન્મ ભૂમિના રાજા પ્રજા વગેરેને આશીર્વાદ.

## દોહરા.

સર્વે દેશ શિરોમણિ, ગુર્જર દેશ મહાન્ ;
તેમાં વિદ્યાપુર નગર, શોભે સ્વર્ગ સમાન. ૧૦૫૫

ગાયકવાડી રાજ્યમાં, ભૂમિ પૂર્ણ રસાલ;
વિદ્યાપુરની ભૂમિમાં, આંબાવૃક્ષ વિશાલ. ૧૦૫૬

## હરિગીત.

શ્રીમત્ સયાજીરાવ છે, નૃપતિ વિવેકી ગુણભર્યા;
દેશાભિમાની રવિસમા, નિજ તેજથી જ અલંકર્યા.
વિદ્યાપ્રચારક ભૂભુજોમાં, સર્વથી જે અગ્રણી,
સ્વાતંત્ર્યને પ્રસરાવવા, જેની પ્રવૃત્તિ શુભ ઘણી. ૧૦૫૭

વર્ણે અઢારો નીતિથી, ચાલે જ રાજ્ય પ્રતાપથી;
ન્યાયાલયોમાં ન્યાયને આપે સુનીતિ છાપથી.
નિજ જન્મભૂમિ દેશના રાજાવિષે છે ગુણ ઘણા;
રાજા સયાજીરાવમાં ગુણ ગણતણી ના કંઇ મણા. ૧૦૫૮

વર્ણો અઢારે પ્રગતિના પંથે વહે છે શક્તિથી;
સર્વે મનુષ્યો શાંતિમાં રહેતા પ્રભુની ભક્તિથી.
શ્રીમત્ સયાજીરાવપર પ્રેમે ભરેલી છે પ્રજા;
જેની કરૂણા દૃષ્ટિથી અપરાધિની ટળતી સજા. ૧૦૫૯

સર્વ પ્રજાની ઉન્નતિ શુભ ધર્મથી થાશો સદા;
આધિ ઉપાધિ વ્યાધિની નિવૃત્તિ હોશો સર્વદા.
શુભ શક્તિયોના પૂરથી શુભ માર્ગમાં વહેશો સહી;
રાજા પ્રજાના ઐક્યમાં સહુ જાતની પ્રગતિ રહી. ૧૦૦૦

રાજા પ્રજાના ઐક્યમાં પરમાત્મ શક્તિ ગર્જતી;
રાજા પ્રજાના ઐક્યથી શક્તિ પ્રભુતા સર્જતી.
રાજા પ્રજામાં ઐક્ય હો નહિ ભિન્નભાવ રહો કદા;
એવી પ્રભુને પ્રાર્થના સામ્રાજ્ય માટે સર્વદા. ૧૧૦૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા પ્રજામાં શાંતિ હો !!! દોષો ટળો સહુ જાતના;
આંબાપરે પરમાર્થીઓ પ્રગટો ખરા બહુ ભાતના.
સહુ જાતની પ્રગતિ વડે રાજા પ્રજા જન શોભશો;
નિર્બલ અને દોષી વિચારો આવતા સહુ થોભશો. ૧૧૦૨

અમ જન્મભૂમિ સાધુઓ યોગી ફકીરો ત્યાગીઓ;
નિજ આત્મશુદ્ધિ ઝટ કરો શાંતિ લહો વૈરાગીઓ.
બાળો યુવાનો વૃદ્ધ સહુ શાંતિ મઝાની પામશો;
ચઢતી કળાથી સહુ જનો પ્રગતિ શિરે સ્થિર ઝામશો. ૧૧૦૩

અમ જન્મ ભૂમિ દેશમાં પશુઓ ભલી શાંતિ લહો;
પંખી લહો શાંતિ ઘણી વનરાજીમાં શાંતિ રહો.
શુભ જ્ઞાનીઓ પ્રકટો ઘણા સાધુ મહન્તો યોગીઓ,
શુભ દાનીઓ પ્રગટો ઘણા શ્રી કર્ણ જેવા ભોગીઓ. ૧૧૦૪

કવિયો વડે શોભી રહો અમ જન્મ ભૂમિ જયકરી;
વિદ્વાન પ્રકટો ક્ષત્રિયો વૈશ્ય પ્રજાઓ સુખકરી.
નન્દન સમો શોભી રહો અમ દેશ ધર્મ્ય સમૃદ્ધિથી;
શુભ શકિતઓ પ્રકટયા કરો દૈવી જનોની વૃદ્ધિથી. ૧૧૦૫

વિદ્યાલયો સહુ જાતનાં પ્રકટો જ જેનો જયકરા;
અમ જન્મ ભૂમિ દેશમાં પ્રગટો ન લોકો ભયકરા.
અમ જન્મ ભૂમિ દેશ તું સહુ દેશ શિરપર ગાજજે;
અમ જન્મ ભૂમિ માત !!! તું લીલાભરી બહુ વાધજે. ૧૧૦૬

## આમ્ર વૃક્ષ પ્રતિ સ્વાત્મોદ્‌ગાર.

### દોહરા.

દ્રવ્ય ભાવ સહકાર તું, નિજથી ભિન્નાભિન્ન;
ઉપાદાન નિજ બ્રહ્મમય, આમ્રવૃક્ષ સુખપીન. ૧૧૦૭

ભિન્નાભિન્નપણે સ્તવ્યો, નિરખી ભિન્નાભિન્ન;
જ્ઞાનીના આશય ઘણા, સમજે નહિ મતિહીન. ૧૧૦૮

અનેક અર્થો પ્રકટતા, એક શબ્દના જાણ;
સાપેક્ષે સવળાપણે, અર્થ પરસ્પર માન. ૧૧૦૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હરિગીત.

શુભ બાલ્યવયમાં નિરખિયો, વિદ્યાપુરે સહકારને,
શોભા ભલી બહુ જાતની લાગે જ પ્યારી બાળને;
ઉપયોગ મન માન્યો કર્યો ત્હારો અવસ્થા ભેદથી,
ત્હો પણ અરે તવચિત્તમાં નિજ ફર્જવણ બીજું નથી. ૧૧૧૦

ક્રીડા કરી તવપર બહુ મન માનતી પૂર્વે અહો,
શાંતિ લહો સહકાર તું ઉપકારમય જીવન વહો;
ગુણ શિક્ષણો ત્હારાં સકળ જગમાં પ્રસરશે ઝળકતાં,
માનવમનો તેથી થશે ગુણગણવડે શુભ ચળકતાં. ૧૧૧૧

પુણ્યે બનો તવ ઉન્નતિ અવતાર સારા તવ થશો,
કૃતકર્મ નિર્જરણા થશો મિથ્યાત્વ દુર્ગુણતા જશો;
પરમાર્થમયતવ જીંદગી સહુને ઘણા ગુણ આપશો,
તવ શિક્ષણો જગલોકમાં વાયુપરે બહુ વ્યાપશો. ૧૧૧૨

ત્રણ માસ તવ હેઠળ વસી સાચી સમાધિ દિલવરી,
શુભ યોગ શિક્ષણ શીખવ્યાં ગુરૂકુલ શોભા પદવરી;
વ્યાખ્યાન આપ્યાં નવ નવાં પૂજા ભણાવી સુખ કરી,
પ્લેગ પ્રસંગે લોકને સંતોષીયા મન ભય હરી. ૧૧૧૩

અમ સાધુએ તવ છાંયમાં અભ્યાસ સૂત્રોનો કર્યો,
શુભ યોગ ગ્રંથો વાચીને ઉત્સાહ મનમાંહી ધર્યો;
રાત્રે કર્યું તવ હેઠળે પરમાત્મચિંતન પ્રેમથી,
નિમિત્ત આશ્રય તું બન્યો ગુણસંશના શુભનેમથી. ૧૧૧૪

શુભ શિક્ષણો અંગો વિષે જે જે નિહાળ્યાં તે સહુ,
વર્ણાય ના કયેમે કરી એકેકમાં શિક્ષણ બહુ;
બાળકતણી ચેષ્ટા કરી તવ શિક્ષણોના ગાનમાં,
મસ્તાન ગુણ લેવાવિષે તે ગાય સહુ નિજ તાનમાં. ૧૧૧૫

બાળક પ્રવેશી ગુણ ગ્રહે તે કાવ્ય શિક્ષણ હેત છે,
શુભ બાળ જીવો હેત છે આ કાવ્યનો સંકેત છે;
શિક્ષણ અને શુભ રહેણી વણ બાળક કહ્યા બૂઢા જનો,
આચારમાં જ્યાં શિક્ષણો તે જ્ઞાનીઓ જગમાં ગણો. ૧૧૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિશ્વમાં શિક્ષણુ મળે છે સર્વ વસ્તુ દેખતાં,
અવગુણુ મળે છે સર્વથી સહુ સદ્ગુણોને ઉવેખતાં;
આ વિશ્વમાં સહુ વસ્તુઓ શિક્ષણુ મઝાનું આપતી,
માટે જ સર્વે શિક્ષકો, શિક્ષા હૃદયમાં વ્યાપતી. ૧૧૧૭

સહકાર ભારત શિક્ષણે અધિકારયોગે શોભતો,
શિક્ષણું મઝાનાં આપીને તું અન્ય શિક્ષક થોભતો;
તવ શિક્ષણો આચારમાં લોકો યદા મૂકે તદા,
સર્વ પ્રકારે ઉન્નતિ ભારતતણી છે સર્વદા. ૧૧૧૮

અમ દેશ શુભ સહકાર ત્હારા નવ નવી લીલા ભલી,
શોભે મઝાનો કૃત્યથી શુભ અન્ય વૃક્ષે પરવરી.
સહકારવાળી ભૂમિમાં આનંદ સત્વો બહુ ભર્યા;
તે દેખીને અધ્યાત્મથી મનડાં અને નયણાં ઠર્યાં. ૧૧૧૯

જે જ્ઞાનીઓ કુદ્રત્ તણી લીલા નિહાળે જ્ઞાનથી,
તે દેખીને તવ રૂપને અનુભવ કરે છે તાનથી;
ત્હારા મનોહર રૂપમાં અનુભવ ઘણા વ્યાપી રહ્યા,
કહેવાય ના લાખો જીભે અંતર્ વિષે જે જે વહ્યા. ૧૧૨૦

દુઃખો સહી કોટિ ગમે સ્વાંગો સમર્પે લોકને,
શીતર્તુમાં ઠંડી સહે વર્ષતુ વૃષ્ટિસ્તોકને;
કુદ્રત્ પ્રભુ ઇચ્છા અનુકુલ જીંદગી નવ નવ વહે,
ઇચ્છે ન બીજું ફર્જવણુ ત્હારાં રહસ્યો કો લહે. ૧૧૨૧

કુદ્રત્ પ્રભુ ઇચ્છા અનુકુલ જીવવું જીવ માત્રને,
કુદ્રત્ પ્રભુ ઇચ્છા અનુકુલ વહન કરવું ગાત્રને;
કુદ્રત્ પ્રભુ ઇચ્છા વિષે ઇચ્છા જ સર્વ સમાવીને,
તું વર્તતો કર્મોવડે બીજું ન મનમાં લાવીને. ૧૧૨૨

ત્હારા જીવનની જ્યોતમાં કુદ્રત્ પ્રભુ વ્યાપી રહ્યા,
જે અલખ અકલતા વિશ્વમાં ભેદો સકલ તેના વહ્યા;
જ્યોતે મિલાવી જ્યોત ત્હારૂં ઐક્ય આત્મ સ્વભાવમાં,
દેખે ન બીજું દેખવું જે શુદ્ધ બ્રહ્મ સ્વભાવમાં. ૧૧૨૩

પિંડે અનુભવ જે કરે બ્રહ્માંડ તે સહુ જાણતો,
બ્રહ્માંડ સહુ ત્હારાવિષે તે જ્ઞેયભાવે આણતો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સર્વ બ્રહ્માંડોતણું શુભ ઐક્ય અનુભવ સાધતો,
ત્હારા અનુભવ સહુ કરી તે આત્મભાવે વાધતો. ૧૧૨૪

મારગ કરીને પૃથ્વીમાં નિજ મૂળીયાં ઉડાં કરે,
મકલાશ પામી ફાલતો શિક્ષા મઝાની આચરે;
મારગ કરી ઉડાં કરો નિજ મૂળીયાં શક્તિવડે,
નિજ શક્તિ જે નહીં વાપરે તેને ન જીવ્યું પરવડે. ૧૧૨૫

વાહ વાહ આંબા બળવડે વધતો રહે આશ્ચર્ય નહીં,
કુદરતતણો એ કાયદો નિજ શક્તિથી વધવું સહી;
શૂરા જીવે છે વિશ્વમાં કોટિ કળાઓ આદરી,
મડદાલ જીવે નહિ કદિ જાતા ઘણા જૂવો મરી. ૧૧૨૬

સાત્વિક લાયક ભૂમિમાં ઉગે ન ખારી મહીવિષે,
મીઠી મઝાની ભૂમિમાં અવતાર જ્યાં ત્યાં તવ દિસે;
સાત્વિક લાયક જન્મ ભૂમિ દેશ વહાલો શોભતો,
સાબરમતીનો કાંઠડો ગંગાસમો જગ ઓપતો. ૧૧૨૭

લીલાં રૂપાળાં પાંદડા તવ હસ્ત છે દાનેશ્વરી,
આમંત્રતા જગ લોકને હાલી થઇ નીચા જરી;
આવો અમારા આત્મસમ સર્વે જીવો રૂચ્યું ગ્રહો,
વાહવાહ તારી સભ્યતા વિનયપણું કેવું અહો. ૧૧૨૮

અમ ભૂમિનાં છે ભાગ્ય ત્હારો જન્મ ઉપકારી થયો,
દાતાર કવિ વિદ્વાન્ શૂરા ભોગી દેશે અવતર્યો;
વાહ વાહ આંબા તાહરી પ્રભુતા અને ગંભીરતા,
ક્ષત્રી સમી છે શૂરતા દુઃખો પ્રસંગે ધીરતા. ૧૧૨૯

કલિકાલમાં અમૃતફલોને આપતો દીઠો ખરો,
કુદરત્ તણા શુભ બાગમાં મંગલ મઝાનાં બહુ વસો;
સરકાર રાજા શેઠિયા ઠાકોર રક્ષા તવ કરો,
આંબા ન કાપો કોઇ જગ એવી પ્રતિજ્ઞાઓ ધરો. ૧૧૩૦

ઉપદેશ રક્ષા કારણે દેતા રહીશું જગવિષે,
વૃક્ષોતણી મનમાં દયા ઉપદેશ વાણી ઉલ્લસે,
કાજૂમિયાનો આમ્ર છે જે ક્ષેત્ર શેલડિયા દિસે,
તેના તળે આશ્રય કરી કાવ્યો કરે મન વિકસે. ૧૧૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તવ જાત સર્વે મીઠડી રૂડી રૂપાળી છે મહી,
તવ વર્ણને સહુ વર્ણનો કીધાં હૃદય ભાવે સહી;
થોડાં કવન કીધે ઘણાં કવનો કર્યાં એમ માનજે,
શુભ શિક્ષણો થોડાં કથે પૂરાં કથ્યાં મન આણજે. ૧૧૩૨

આત્મા સ્વરૂપી આમ્ર તું જ્ઞાનાદિ સ્કંધોએ વડો,
પરમાત્મ પરમાનંદ ફલ યોગે સુહાતો પરગડો;
મેં આત્મરૂપે સંસ્તવ્યો નિશ્ચય થકી આત્મપ્રભુ,
આત્મા જ પરમબ્રહ્મ છે જ્યાં ત્યાં અલખ વ્યાપક વિભુ. ૧૧૩૩

વ્યાપક અને તું વ્યાપ્ય છે જ્ઞાનાદિ વ્યક્તિ જગ ધણી,
જગદીશ શ્રી વીતરાગની છે જ્યોતિ પૂર્ણ સોહામણી;
આત્મા અનાદિ શક્તિમય સહકાર સાચો દિલવિષે,
ધ્યાને રહે જે ધ્યાનીઓ તેને હૃદયમાં તું દિસે. ૧૧૩૪

અધ્યાત્મજ્ઞાને હૃદયમાં અધ્યાત્મ આંબો જાણવો,
અધ્યાત્મ પૂર્ણ સમાધિથી આનંદ દિલમાં માણવો;
બહુ વ્યાપ્તિઓને લક્ષણે લક્ષાય ના પૂરો પ્રભુ,
પરમાત્મ આંબા તત્ત્વ તું આનંદમય ચેતન વિભુ. ૧૧૩૫

બાળો નિહાળે બાહ્યમાં અંતર્ નિહાળે જ્ઞાનીઓ,
નિમિત્ત બાહ્ય સુવ્યક્તિથી અંતર્ નિહાળે ધ્યાનીઓ;
જે બાહ્યથી અંતર્ વિષે આંબો નિહાળે નિજ વિભુ,
તે પામતો પ્રેમે ખરે શક્તિ અનંતી ગુણ પ્રભુ. ૧૧૩૬

ભારત મહા સહકાર તું નવનવ રસે શોભી રહ્યો,
ભારત મહા સહકાર તું સર્વોન્નતિ વાહન વહ્યો;
સહકાર ભારત દેશની અદ્ભૂત લીલા નવનવી,
કાવ્યો કરી પ્રગતિતણાં તેની વિભૂતિ ઉઝવી. ૧૧૩૭

સ્વાતંત્ર્ય સર્વે જાતનું કુદ્રત્ બળે તાજું રહો,
સહુ જાતની પ્રગતિ વડે તવ આંગણું શોભા લહો;
તવ આશ્રયે જે જીવતા લોકો ત્હને જો ના ચહે,
તે લોક મૂવા છે ભલા તવ હેત પ્રાણો ના વહે. ૧૧૩૮

ભારત મહા સહકારના સેવક રસીલા જન બની,
ભારત તણી પ્રગતિતણા સહુ ગાયનો પ્રેમે ભણી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહકાર ભારત ભવ્યતા પ્રગતિ વિષે સ્વાર્પણ કરો,
એ ધર્મ સાચો જાણવો સહુ ભારતીઓ મન ધરો. ૧૧૩૯

સહકાર ભારત મંત્ર ને જે તંત્ર યંત્રો છે ભલાં,
આરાધના તેની કરો સહુ ઐક્યભાવે ઉજ્જવલા;
જે ઐક્ય આધ્યાત્મિક ગતિ વ્યષ્ટિ સમષ્ટિ શક્તિતા,
તન્મય બનો તેમાં જનો તેથી તમારી ઉચ્ચતા. ૧૧૪૦

સહુને ચહો સહુને મળો દેખો અરસ્પરમાં પ્રભુ,
આપો પરસ્પર સ્હાયને એ રહેણીથી થાશો પ્રભુ;
ભારત મહા સહકારનાં મીઠાં ફ્લોને ચાખશો,
શકિત સકલ પ્રગટાવીને નિજ નામ જગમાં રાખશો. ૧૧૪૧

આ દેહનાં જે પંચભૂતો તત્ત્વ ત્હારાં જાણવાં,
ત્હારાં જ ત્હારી ભકિતથી તુજમાંહિ તેહ સમાવવાં;
ત્હારાં હૃદય ને દેહ ને વાચા વગેરે શકિતયો,
સ્વાર્પણ સકલ તુજને કરી જે જે જ પ્રગટી વ્યકિતયો. ૧૧૪૨

નવનવ રસોના જોરથી સહકાર ભારત જગ જયો,
સહુ દેશમાં શિરોમણિ અધ્યાત્મ ગુરૂપદને લહ્યો;
બહુ બ્રહ્મજ્ઞાની યોગીઓ તીર્થંકરોથી શોભતો,
સહકાર ભારત સાત્વિકી શકિતવડે જગ શોભતો. ૧૧૪૩

જૈનો રહ્યા તવ છાંયમાં નિજ ધર્મ કર્મ અલંકર્યા,
મહોમદેન હિંદુ પારસી ખ્રીસ્તિ સ્વશકત્યા પરિવર્યા;
સહકાર ભારત પદકજે ભૃંગોસમા નિજ ગુણ વર્યા,
સહકાર ભારતવાસીઓ સત્યાદિ ગુણ ગણથી ભર્યા. ૧૧૪૪

હસ્તો પરસ્પર મેળવી હૃદયો પરસ્પર મેળવી,
વિદ્યાદિ શકિત મેળવી અનુભવ પરસ્પર ભેળવી;
કરી ઐકય ભારતવાસીઓ સહકાર ભારત ઉઝવો,
પ્રગતિ તણાં કાર્યો કરી કયારે ન કોને દૂહવો. ૧૧૪૫

સહકાર ભારત સર્વ દેશોને સહાયી થઇ પડો,
પરમાર્થ કહેણી રહેણીથી ઉપકારી જગ થાશો વડો,
સહકાર ભારત ધન્ય તવ અંગો પ્રદેશો ગુણમયી,
અધ્યાત્મ વિદ્યા યોગથી તવ ઉન્નતિ વેગે વહી. ૧૧૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારત મહા સહકારને પ્રતિપક્ષીઓથી રક્ષવો,
છેદો નહીં ભેદો નહીં ક્યારે ન તેહ ઉપેક્ષવો;
અંગો ઉપાંગો ખીલવવા કોટિ ઉપાયે કેળવો,
સહુ જાતનાં બળ એકઠાં કરીને જ તેમાં ભેળવો. ૧૧૪૭

જેના તળે આશ્રય ગ્રહી જીવો વિલાસો બહુ કરી,
ક્રીડા કરો બહુ જાતની જેના કહાવો છો વળી;
દ્રોહી બનો ના તેહના સ્વાર્પણ તદર્થે સહુ કરો,
નિજ ધર્મ એવો જાણીને તેને ન ક્યારે પરિહરો. ૧૧૪૮

જેના રહીને આશ્રયે જીવન ગુજારો સુખવિષે,
તેનાં ન મૂળ ઉખેડશો એવું પ્રબોધો મહીવિષે;
સહુ ક્ષુદ્ર ભેદો ભૂલીને એકો કરી સ્વાર્પણ કરી,
સહકાર મહાભારતતણી સેવા કરો ફરજે ધરી. ૧૧૪૯

## ભારતરૂપ સહકાર.

સહકાર ભારત સ્કંધને પાડો ન જૂદા મત કરી,
શુભ ઐક્યરસ વહેતો રહે સર્વાંગ શક્તિયો ભરી;
અંગો ઉપાંગો એહવાં ત્યાં શક્તિયો સહુ ઉલ્લસે,
સહુ દેશધર્મ શિરોમણિ સહકાર ભારતતા દિસે. ૧૧૫૦

ભારત મહા સહકારનો ઉચ્છેદ થાતો જેથકી,
તે ધર્મ વા ધર્મો નહીં સિદ્ધાંત એ જાણો વકી;
સહકાર ભારત સર્વના માટે અને તે સર્વનો,
અભિમાની એવા જે બન્યા નહિ દોષ તેને ગર્વનો. ૧૧૫૧

બ્રિટીશ મહા સામ્રાજ્યથી સહકાર ભારત ક્ષેમ છે,
બ્રિટીશ મહા સામ્રાજ્યપર તેથી પ્રભુની રહેમ છે;
સહકાર ભારત સેવકો સહુ જાતિના લોકો બનો,
સહકાર ભારત ઉન્નતિકારક ઉપાયો સહુ ભણો. ૧૧૫૨

સહકાર ભારત પ્રેમમાં સહુ ધર્મનાં રક્ષણ રહ્યાં,
સહકાર ભારત પ્રેમવણ મડદાસમાં માનવ કહ્યાં;
ભારત મહા સહકારના પોષક બનો નર નારીઓ,
તત્પ્રેમવણ સમજો અરે નિજ જન્મ મિથ્યા હારિયો, ૧૧૫૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોષો હૃદયના પ્રેમથી સહકાર ભારતને સદા,
વિદ્યા ધનાદિ શક્તિથી શોભાવશો તેને મુદા;
તત્પ્રેમ સ્વાર્પણ ભાવવણ નહિ જીવતા નિજને ગણો,
બ્રિટીશ મહા સામ્રાજ્યની ભક્તિતણાં ગાનો ભણો. ૧૧૫૪

સહકાર ભારત સ્વાર્પણે મૃત્યુ ન મનમાં લાવવું,
સહુને ગણી નિજ આત્મસમ પરમાર્થ જીવન ભાવવું;
સહકાર શીતલ છાંયથી તાપો નિવારી ઉદ્ભવ્યા,
સહકાર ત્હારી ભક્તિએ ઉત્સવ ગુણોના ઉઝવ્યા. ૧૧૫૫

તવ સાત્વિકી શક્તિ ભલી ઉપકાર કરતી સર્વને,
સહુ દેશ ઉપકારી થતો તો પણ વહે ના ગર્વને;
સહકાર ભારત સર્વતઃ શક્તિ ભર્યો છે સર્વદા,
અધ્યાત્મ શક્તિ બીજકો ધારી રહે છે તું સદા. ૧૧૫૬

અંગે ઉપાંગે રોમ રોમે શક્તિ નવલી વાધતી,
એ શક્તિયો સહુ લોકનાં પરમાર્થ કાર્યો સાધતી;
ભારત સ્વરૂપી આમ્ર પર શુભ ધર્મ કોયલ ટહૂકતી,
આનંદ ક્રીડા દાખવી આનન્દમોંઝે ઝુકતી. ૧૧૫૭

## આદર્શ યોગી.

સહકાર કર્તવ્યો ભલાં આદર્શ જીવન ગુણ ભર્યાં,
અંગો ઉપાંગો નવનવારૂપે મઝાનાં અવતર્યાં;
આદર્શયોગી જગજયો ઉપકારીમાંહિ શિરોમણિ,
અવતાર ત્હારો ધન્ય છે પરમાર્થ જીવનતા ધણી. ૧૧૫૮

ઉષ્ણર્તુમાં સહકારના અમૃત ફળે તાપો ટળે,
ચિન્તા વિનાશક સુખ ભર્યું જીવન ખરૂં તુજથી મળે
અધ્યાત્મ જ્ઞાને આત્મમાં વ્યવહારમાં બાહ્યે રહ્યો,
નિજ વૃત્તિ ભેદે નવ નવા આકારથી એમ સંસ્તવ્યો. ૧૧૫૯

આ વિશ્વમાં ગુણદષ્ટિએ ગુણ શિક્ષણો લેવાવિષે,
સ્તવના સકલની સંઘરે પ્રભુતા ગુણોની જ્યાં દિસે;
ગુણ ગ્રહણ કરવા કારણે ઉપયોગ સારો ધળનો,
ગુણ શિક્ષણે ઉપયોગ છે ઝેરી દ્રુમોના મૂળનો. ૧૧૬૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નય દૃષ્ટિ-ગુણ દૃષ્ટિ.

ગુણરાગ દૃષ્ટિ એહવી ત્યાં સર્વમાં ગુણગણ દિસે,
ગુણ દૃષ્ટિએ આત્મિક ગુણો આવિર્દશાએ ઉલ્લસે;
વિરોધિની નય દૃષ્ટિયો સાપેક્ષ ભાવે સત્ય છે,
ઉપયોગિતા જે દૃષ્ટિની તેનુંજ ત્યાંય મહત્વ છે. ૧૧૬૧

જેને જ જે ઉપયોગિની દૃષ્ટિ અહો વ્યવહારમાં,
તેને મહત્તા તેહની તેને વહે આચારમાં;
ત્યાં દોષ નહીં સાપેક્ષ દૃષ્ટિ ધર્મ કર્મ સમાચરે,
કર્મે વિચારે ભેદ પણ નહીં દોષ જગમાં વ્યવહરે. ૧૧૬૨

નય દૃષ્ટિયો એવી ઘણી ઉપદેશ તેનો જે કરે,
સાપેક્ષ ભાવે તે અહો ગીતાર્થ પદ્દી અનુસરે;
ગીતાર્થ ને સહુવાતનો ઉપદેશ દેવો સંઘટે,
વિવેક કારણ શિક્ષણો આપે જ શંકા સહુ મટે. ૧૧૬૩

શંકા કરો ના જ્ઞાનીના ઉપદેશમાં ગુણને ગ્રહો,
અજ્ઞાની નહિ સમજે કશું તે ભ્રાન્તિમાં ભૂલે અહો;
અજ્ઞાનીઓ પશુ સારીખા આશય ન જાણે જ્ઞાનિના,
ગુરૂ ગમ અને વિશ્વાસ વણ જાણે ન આશય વાણીના. ૧૧૬૪

સહકાર શિક્ષણ કાવ્યનો ઉપદેશ લાયક જન પ્રતિ,
ગુણ રાગીઓના હેત છે સવળું ગ્રહે જેની મતિ;
સહકાર શિક્ષણ કાવ્યને વાંચે સુણે ગુણદૃષ્ટિએ,
સહુ જાતની પ્રગતિ કરી મ્હાલે પ્રભુની સૃષ્ટિએ. ૧૧૬૫

## આમ્ર વૃક્ષાદિની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના.

જય જય પ્રભુ સુખકર પરમ આનંદકર,
જગ જયવંતા જિનરાજા;
સર્વ શાંતિકર પ્રરમપ્રભુ તું,
સર્વ શક્તિમય ગુણતાજા. જય૦ ૧૧૬૬

બહુનામી પ્રભુ નિત્ય અનામી,
અગમ અલખ મહિમા ભારી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ શકિત નિયંતા નિર્મલ;
માયાપતિ મંગલકારી. જય૦ ૧૧૬૭

પરમ પ્રભુ પરમાતમ જગદીશ,
અશરણુ શરણુ શુભ અવતારી;
અલ્લા ખુદા રામ રહિમ વિભુ,
વ્યાપક વ્યાપ્ય શુભ જયકારી. જય૦ ૧૧૬૮

સાગરમાં સહુ નદીઓ પેઠે,
સર્વ ધર્મ તુજમાં વર્તે;
અનંત નામ ત્હારાં ગુણુ વાચક,
મહાવીરમાં વર્તે શર્તે. જય૦ ૧૧૬૯

હરિહર બ્રહ્મા પરમ બ્રહ્મ તું,
સર્વ જ્યોતિનો તું સ્વામી;
સર્વ જીવોના રક્ષક ત્રાતા,
ભોગી અભોગી નિષ્કામી. જય૦ ૧૧૭૦

નામ રૂપોમાં જ્યોતિમય તું,
ભાવંતાં ભ્રમણા ભાગે;
તવ શક્તિને સહુમાં ધ્યાવે,
પૂજે શક્તિપણે જાગે. જય૦ ૧૧૭૧

પુરૂષોત્તમ તું પુરૂષ પુરાણી,
અરિહંત કેવલજ્ઞાની;
તીર્થેશ્વર જ્યોતિર્મય જિનજી,
રત્નત્રયી લક્ષ્મીદાની. જય૦ ૧૧૭૨

સહુ જીવો સહકાર ગણીને,
સહુનું રક્ષણુ ઝટ કરજે;
હૃદય પ્રાર્થના શુભ ઉદ્ગારો,
જાણી દુઃખો સહુ હરજે. જય૦ ૧૧૭૩

રાજ પ્રજા સાધુ સંતોમાં,
પૂર્ણ શાંતિને ફેલવજે;
પશુ પંખી માનવ જાતિમાં.
આનન્દ હેલી રેલવજે. જય૦ ૧૧૭૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ જીવો આત્મા સમ ગણુવા,
બળ એવું દિલમાં ભરજે;
સર્વ પાપની ક્ષમા કરીને,
સર્વ જીવોને ઉદ્ધરજે. જય૦ ૧૧૭૫

સાગર માન કરે કેમ બિન્દુ;
જીવો તુજને શું ? જાણે;
તો પણ ચિતિ એમાં એક રસથી,
સહજાનન્દ અનુભવ આણે. જય૦ ૧૧૭૬

જ્ઞાનાનન્દી પરમ બ્રહ્મ તું,
હું તું ભેદ નહીં ભાસે;
તત્ત્વમસિ વાચાથી ન્યારો,
સ્વયં સ્વયંને પરકાશે. જય૦ ૧૧૭૭

સદસત્ જ્ઞાતાજ્ઞેય સ્વરૂપી,
નિરાકાર ને સાકારી;
પૂર્ણ જ્ઞાન વણુ દોષ પ્રકટતા,
માફી દે સહુ હિતકારી. જય૦ ૧૧૭૮

ઉત્પત્તિ લય સહુ પર્યાયો,
તુજમાં સ્થિરતા પદ ધારી;
ગુણુ પર્યાયો ને સહુ દ્રવ્યો,
તુજમાં સમાતાં એક તારી. જય૦ ૧૧૭૯

એક અનેક સ્વરૂપી પરબ્રહ્મ,
વ્યક્તાવ્યક્ત દશા ત્હારી;
આવિઃ તિરોભાવ અનંતા,
સમય સમય વિલસે ભારી. જય૦ ૧૭૮૦

નય ભંગોને સર્વ નિક્ષેપા,
નિર્વિકલ્પથી છે ન્યારા;
નિર્વિકલ્પ પરમાનંદ પોતે,
ભકતોના છો આધારા. જય૦ ૧૧૮૧

તર્ક વિતર્કે વાદ વિવાદે,
કોઇ ન પામે તવ પારો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિકલ્પ ભક્તિ રસ પ્રગટે,
અન્તર્ હોવે ઉજિયારો. જય૦ ૧૧૮૨

મનોવૃત્તિયો ગ્રહે ન તુજને,
શક્તિ સદા અપરંપારો;
સર્વ દર્શનો દેખાડે કંઇ,
મતિ જ્ઞાનાદિક આધારો. જય૦ ૧૧૮૩

જગન્નાથ જગદીશ્વર સ્વામી,
સિદ્ધબુદ્ધ અન્તર્યામી;
ત્હારી ગતિ તું જાણે પોતે,
સેવક જાણે તુજ પામી. જય૦ ૧૧૮૪

તવ અનુકુળા મન ને કાયા
પ્રવૃત્તિ-ભક્તિ થાશો;
કર્મયોગ એવો એ સ્વીકારો,
બુદ્ધિસાગર સુખ પાશો. જય૦ ૧૧૮૫

## અંતિમ નિવેદન.

### ચોપાઇ.

ભાવે રચિયું શિક્ષણ કાવ્ય, ભવ્ય લોકને નિશદિન શ્રાવ્ય;
ભણે ગુણે તે મંગલ માલ, પામે ઋદ્ધિ પૂર્ણ વિશાલ. ૧૧૮૬

સજ્જનને સહુ ગુણ દેખાય, દુર્જનને દોષો પેખાય;
જ્યાં ત્યાં સદ્ગુણ દેખો ભવ્ય, કરવાં કર્મો સહુ કર્તવ્ય. ૧૧૮૭

જ્ઞાન ભક્તિ શ્રદ્ધા બળ વડે, જીવો ઉન્નત શિખરે ચઢે;
ઉદાર સત્યો ગ્રહવાં બેશ, કદાગ્રહો ના કરવા ક્લેશ. ૧૧૮૮

ઉત્સર્ગ અપવાદ જ ધર્મ, સાપેક્ષાએ કરવાં કર્મ;
આપત્કાલે આપદ્ ધર્મ, કર્મ કરંતાં પ્રગતિ શર્મ. ૧૧૮૯

માટે જ્ઞાની અનુમતિ ગ્રહી, પ્રગતિ પન્થે જાવો વહી;
પ્રગતિકારક ધર્મો સહુ, આદરશો ગુણ શિક્ષા કહું. ૧૧૯૦

નીતિ આદિક જે જે ધર્મ, તેનાં જે કાલે જે કર્મ;
અનાસક્તિથી કરીએ તેહ, કર્મયોગીનાં લક્ષણ એહ. ૧૧૯૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાસક્તિથી થાય ન બન્ધ, અનાસક્તિએ મોક્ષ ન અન્ધ,
અનાસક્તિએ યોગ આરાધ, સ્વાધિકારે સર્વે સાધ. ૧૧૯૨

જ્ઞાન સહિત કર્મો જે કરે, અનાસક્તિએ શિવપદ વરે;
સત્કર્મોનો કરો ન ત્યાગ, જો હોવે પ્રભુપદનો રાગ. ૧૧૯૩

તરતમ યોગે સારાં કર્મ, કરવાં માનવનો એ ધર્મ;
ગુણ પ્રકટાવી યોગી બનો, શિક્ષા દિલમાં ધારો જનો. ૧૧૯૪

જ્ઞાન વિના નહીં યોગી કોઇ, જોશો જગમાં સર્વે જોઇ;
જ્ઞાન કર્મ બેથી છે મુક્તિ, સમજે જ્ઞાની એવી યુક્તિ. ૧૧૯૫

ઉપાસના સેવા શુભ ભક્તિ, કર્મયોગિની જેહ પ્રવૃત્તિ;
અનાસક્ત જ્ઞાને છે સત્ય, કરશો સ્વાધિકારે કૃત્ય; ૧૧૯૬

સર્વ શાસ્ત્રનો ભાખું સાર, સત્કર્મો કરશો નરનાર;
છંડી તર્કો વાદવિવાદ, કર સત્કર્મો ત્યજી ઉન્માદ. ૧૧૯૭

સર્વ ધર્મમાં વર્તે સત્ય, સમજી કરશો સારાં કૃત્ય;
અનેક નામે પ્રભુને ભજે, સત્કર્મે શિવપદને સજે. ૧૧૯૮

મુસલમાન હિંદુ ને જૈન, પારસી ખ્રીસ્તિ બૌદ્ધ અદીન;
અનાસક્તિએ કરતા કર્મ, સામ્ય ભાવથી પામે શર્મ. ૧૧૯૯

જૈન ધર્મનો એ ઉપદેશ, વીર પ્રભુનો જગ સંદેશ;
વીર પ્રભુ શરણે સહુ તરે, નિર્મોહે શિવ પદને વરે. ૧૨૦૦

સ્વાધિકારે જેહ કરાય, સત્કર્મો તે કૃત્ય ગણાય;
જ્ઞાનદૃષ્ટિઓ ભેગી કરી, સત્કર્મો કરશો ગુણવરી. ૧૨૦૧

કાવ્ય પ્રમાણે વર્તે જેહ, સર્વોન્નતિને પામે તેહ;
એમાં નહિ સંદેહ લગાર, સમજો મનમાં નરને નાર. ૧૨૦૨

સર્વ યોગનો કર્યો સમાસ, ગુરૂગમથી સમજો મન ખાસ;
સર્વ યોગનો છે એ સાર, વર્તી પામો શિવ જયકાર. ૧૨૦૩

રાજા પ્રજા ધર્મી જન હેત, કાવ્ય કર્યાનો છે સંકેત;
વાંચી સુણીને કરશો ધર્મ, પ્રગતિ પ્રદ લક્ષણ છે મર્મ. ૧૨૦૪

સેવા ધર્મ હૃદયમાં ધરી, ઉપદેશક શક્તિ ગુણવરી;
સ્વાધિકારે કાવ્યો કર્યાં, પ્રગતિકારક શિક્ષા ભર્યાં. ૧૨૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાબરમતી ગુણુ શિક્ષણુ કાવ્ય, આમ્ર કાવ્ય તેવું છે શ્રાવ્ય;
કથ્યા પ્રમાણે વર્તે તેહ, મંગલમાલા પામે તેહ. ૧૨૦૬

દોષ ભૂલની કરશો માફ, સત્યોદ્દેશે મુજ મન સાફ;
ગુણુ ગ્રાહક સજ્જન નરનાર, ગુણુદષ્ટયા સફલો અવતાર. ૧૨૦૭

## આશીર્વાદ.

નાત જાત ધર્માદિક ભેદ, તેનો ટાળી સઘળો ખેદ;
કાવ્ય ભણીને ગુણુને ગ્રહો, ધર્મ કથ્યા સહુ દિલમાં વહો. ૧૨૦૮

સત્ય સુધારા સર્વે ભજો, દૃષ્ટિ સાંકડી જલ્દી તજો;
સર્વ વાતમાં ચિત્ત ઉદાર, કરી પ્રવર્તો નર ને નાર. ૧૨૦૯

આમ્ર વૃક્ષ યાદી ગુણુ ભણી, સહુની થાશો પ્રગતિ ઘણી.
સેવા સહુની થાશો સદા, બુરૂ ન કોનું હોશો કદા;
સર્વ જીવોને પ્રભુની સહાય, હોશો ટળશો સહુ અન્યાય. ૧૨૧૦

સર્વે દોષો ટળશો દૂર, સહુમાં પ્રગટો પ્રેમ સનૂર.
આધિ ઉપાધિ વ્યાધિ ટળો, સહુ જીવોને શાંતિ મળો. ૧૨૧૧

સત્યાનન્દી મેળા મળો, ઐક્ય ભાવમાં જીવો ભળો;
સર્વ જાતિનાં દુઃખો ટળો, સહુની પ્રગતિ વેળા વળો. ૧૨૧૨

સદ્ગુણનું વર્તો સામ્રાજ્ય, અરસ્પરસને કરશો સાજ;
અરસ્પરસ ઉપકારી બનો, જ્ઞાની યોગી થાવો જનો. ૧૨૧૩

સહુમાં દેખો બ્રહ્મ સ્વભાવ, ઉપકારક સહુ બનો બનાવ;
આશીર્વાદો દીધા ફળો, મનવાંછિત શુભ મેળામળો. ૧૨૧૪

જેવું લીધું તેવું દીધ, પરસ્પરે ઉપકાર પ્રસિદ્ધ;
ફર્જ થકી નહિ અધિકું કીધ, અંતર્ તેવું બાહિર્ દીધ. ૧૨૧૫

ઓગણીશ ચુંવોતેરની સાલ, ચૈત્ર સુદિ પંચમી સુખકાર;
પૂરૂં કાવ્ય કર્યું જયકાર, આંબા હેઠળ હિત કરનાર. ૧૨૧૬

આમ્રવૃક્ષનો પ્રતિ ઉપકાર, વાળ્યો કાવ્ય કરીને સાર;
પ્રતિ ઉપકારો કીધા વિના, જગમાં સજ્જન નહીં છે જના. ૧૨૧૭

પ્રતિ ઉપકારો વાળે સહુ, આર્યોની શોભા છે બહુ;
ભક્ત શૂર દાની આચાર, ધર્મ કર્મનો એ વ્યવહાર. ૧૨૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દોહરા.

આંબાવાડિયે પ્રેમથી, માસ રહી એ બેશ;
સહજાનન્દી અનુભવ્યો, નાઠા સર્વે ક્લેશ. ૧૨૧૯

યોગતણાં અંગો ભલાં, કીધા તસ અભ્યાસ;
અનુભવ આવ્યો ચિત્તમાં, સહજાનંદ વિલાસ. ૧૨૨૦

શશી ભાનુ ઉદધિ મહી, યાવત્ તાવત્ કાવ્ય;
પ્રગતિકારક વિશ્વમાં, હોશો સહુને શ્રાવ્ય. ૧૨૨૧

નેમિસાગર ગુરૂવરા, રવિસાગર ગુરૂરાય;
સુખસાગર દીક્ષા ગુરૂ, તપાગચ્છ સુખદાય. ૧૨૨૨

સાગરગચ્છે મુનિવરા, શોભે સન્ત હમેશ;
બુદ્ધિસાગર સૂરિ શુભ, ભાખે છે ઉપદેશ. ૧૨૨૩

નપૂર સં. ૧૯૭૪ ચૈત્ર સુદિ ૫ ॐ अर्हं शान्तिः ३

समाप्त.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only